## નૂતન વર્ષાભિનંદન

અમારા ગ્રાહકો, શુભેચ્છકો અને સ્નેહીઓને
નવું વરસ મુબારક હો

## વરરાજાનું
વ્યક્તિત્વ વધારતાં

○ બનારસી સાફા
● કલાભરી કલંગી

તેમજ

## વરઘોડાની
શોભામાં વૃદ્ધિ કરતા

○ ઘોડા ○ સાજ ○ છત્રી

○ બે ઘોડાની ગાડી વિગેરે વ્યાજબી દરે નીચેના સ્થળે પુછવાથી ભાડે મળી શકશે.

...... ...... ......

લલનાઓના લલીત શણગાર
પુરા પાડી લાલીત્યને લહરાવતી

## બનારસી
સાડીઓ, બોર્ડરો, બ્લાઉઝ પીસીસ,
જરીજ્યોર્જેટ, બ્રોકેડ્ઝ...... વીગેરે

ઉપરાંત રેશમી, ઈંગ્લીશ, અમેરીકન
કાપડની વિવિધતાઓ આપને મળી શકશે.

## ગંગાવન
મજબૂત બાંધણીની નરમ કેશની કાળી તથા બ્રાઉન મળી શકશે.

છુટક તેમજ જથ્થાબંધ મેળવવા માટે નીચેને સ્થળે લખો ...... ....

❀ રજતપટ ❀ રંગભૂમિ
❀ ગેધરીંગ્સ ❀ ગરબા મંડળીને
વરસોથી આવશ્યક સામગ્રી
પુરી પાડતી મુંબઈની
આગેવાન સંસ્થા.

એક વખત
મુલાકાત લ્યો :

# ઓધવજી મુલજી ડ્રેસવાલા

ભુલેશ્વર, સુખડ નં. ૨. — ટેલીફોન: ૨૩૩૫૯

ભારતના કિશોરવૃંદને
અમારી નવી સાલની
હાર્દિક શુભેચ્છાઓ—

દેસાઈ
## ભાઈશંકર ગૌરીશંકર
કોટન એક્ષ્ચેંજ સામે, કાલબાદેવી, મુંબઈ, ૨.

⊛ ચોકખું દૂધ ⊛ દહીં
⊛ લસ્સી ⊛ ફરાળી ચીજો

માટે વરસોથી મુંબઈની જનતામાં
એકી અવાજે સંતોષ સંભળાવતાં

બે સ્થળો—ઉપરનું કાલબાદેવીનું
નીચેનું સી. પી. ટેન્કનું

દૂધના ઓર્ડરો માટે નોંધી રાખો

: પ્રાર્થના :

અમારા અસંખ્ય ગ્રાહકો, ગ્રાહકોનાં કુટુંબીજનો અને શુભેચ્છકોને અમે દિવાળી તથા નવા વરસનાં અભિનંદન પાઠવીએ છીએ તથા નવા વરસમાં શુદ્ધ અને પૌષ્ટિક દૂધની ભારતમાં નદીઓ વહો એમ પ્રાર્થીએ છીએ.

# દેસાઇ આરોગ્ય મંદિર
સી. પી. ટેન્ક રોડ.... .... .... .... .... .... ....મુંબઇ, ૪.

દૂધ અને દૂધની બનાવટો માટે મુંબઈમાં
નિર્ભેળ અને પુષ્ટિકારક માલ પૂરો પાડતી દુકાન

# ❋ દક્ષિણ ધ્રુવ પર ચઢાઈ કરનાર ❋

બરફના રણ જેવા દક્ષિણ ધ્રુવના પ્રદેશને સર કરવા માટે જે સાહસિકોએ પોતાનાં બલિદાન આપ્યાં છે, તેમાં રોબર્ટ સ્કોટનું નામ પણ ભૂલાય તેવું નથી. દક્ષિણ ધ્રુવ પર પહોંચવા માટે તેણે અને તેના સાથીઓએ કરેલી જીવસટોસટની મુસાફરીની આ સાહસભરી વીર કથા છે. આ કથાના લેખક શ્રી. વનરાજ માલવી મુંબઇની ગાંડીવ સાહિત્ય મંદિરના સંચાલક છે.

# રોબર્ટ ફાલ્કન સ્કોટ

લેખક :
શ્રી. વનરાજ માલવી

**ત**મને કઇ ઋતુ ગમે! શિયાળો, ઉનાળો કે ચોમાસું? સૌ કહેશે કે શિયાળો. શિયાળો સૌને ગમે. ઉનાળાનો બાળી નાંખે એવો તાપ, છી, એ કોને ગમે? અને ચોમાસું! ચોમાસું તો ભારે તોફાની. વરસાદ ધોધમાર પડતો હોય તો ન બહાર જવાય કે ન ઘરમાં ગમે. શિયાળો જ સારો.

પણ શિયાળો ય ક્યાં ઓછો હેરાન કરે છે? ખૂબ ઠંડો સુસ કરતો પવન વાય, પાણી હિમ જેવું ઠરી જાય ને દાંત કડકડ બોલે એવી શિયાળાની ઋતુ પણ કેટલીક વાર તો ત્રાહિ પોકરાવે છે. હાથ પગ તો એવા ઠરી જાય કે ન પૂછો વાત. વળી રસ્તે ચાલતાં કંઇ ઠેસ વાગે તો એવું સખત વાગે કે પા અડધો કલાક સુધી મટે જ નહિ.

પણ એ તો શું, એથી યે હજાર ગણી ભયંકર ઠંડી સહન કરવાની હોય તો? એની કલ્પના જ કેટલી ભયંકર છે! માનો કે એક પ્રદેશ છે. તેમાં ચારે બાજુ બરફ છે. બીજું કશું જ નહિ, ને ફક્ત બરફ.

પૂર્વમાં બરફ ને પશ્ચિમમાં બરફ. ઉત્તરમાં બરફ ને દક્ષિણમાંય બરફ. ન એક ઝાડ, ન એક મકાન, ન એક છોડ કે ન એક જીવ. તમે હાથમાં બેત્રણ મિનિટ બરફ પકડી રાખો તો કેવું સખત દઝાય છે? તો આવા બરફના રણ જેવા દેશમાં જવાનું હોય તો? કોઇ જઇ શકે ખરું!

હા, જઇ શકાય. પણ એ માટે સાહસ જોઇએ, હિંમત જોઇએ, બહાદુરી જોઇએ. દક્ષિણ ધ્રુવનો પ્રદેશ, આગળ કહ્યો તેવો જ, બરફના રણ સમો જ છે. ત્યાં ઉનાળામાં પણ હાડકાં ગાળી નાખે એવી ભયંકર ઠંડી પડે છે. એ દક્ષિણ ધ્રુવને સર કરવા અનેક સાહસિકોએ બલિદાન આપ્યાં છે. આ વાત પણ એવા જ એક સાહસિકની છે, તેનું નામ છે રોબર્ટ. પૂરું નામ કેપ્ટન રોબર્ટ ફાલ્કન સ્કોટ.



વૈજ્ઞાનિક અને શોધક કેપ્ટન સ્કોટ પોતાની ડાયરી લખે છે

રોબર્ટ મૂળ ઇંગ્લાંડનો વતની હતો. તેની જીવનની એક માત્ર ઇચ્છા હતી અને તે દક્ષિણ ધ્રુવ પર પહેલવહેલો પગ મૂકવાની. નહોતી તેને દોલત જોઇતી, નહોતા તેને બંગલા જોઇતા. પરંતુ તેનો એક જ મનોરથ હતો

ને તે બરફથી છવાયેલા દક્ષિણ ધ્રુવ પર જીત મેળવવાનો.

એણે બે વાર દક્ષિણ ધ્રુવ પર જવાનો પ્રયત્ન કર્યો. પણ નસીબે યારી ન આપી કંઇક ને કંઇક કારણસર તેની મુરાદ બર ન આવી. એક મુસાફરીમાં દક્ષિણ ધ્રુવથી લગભગ સો માઇલ છેટે રહીને પાછો ફર્યો હતો, બંને મુસાફરીમાં તેના કેટલાક સાથીદારો બરફ પરથી લપસીને મૃત્યુ પામ્યા હતા.

સામાન ઉંચકવામાં મદદ થાય તે માટે કૂતરાઓ અને ટટ્ટુઓ લઇ ગયેલો. તે લપસીને, ટાઢથી અકળાઇને, બરફમાં ગરકી જઇને તમામે જીવ ગુમાવ્યો હતો. ખોરાક તદ્દન ખલાસ થઇ ગયો હતો. બરફના સખત તોફાનો નડયાં અને સંજોગવશાત્ પાછું ફરવું પડયું.

પણ તેથી રોબર્ટ નિરાશ ન થયો. તે તો કોઇ પણ હિસાબે પોતાની ઇચ્છા પૂરી કરવા માગતો હતો. તેને તો દક્ષિણ ધ્રુવ પર જવું જ હતું. તેને ભય ન હતો ભયંકર ટાઢનો કે ભૂખમરાનો. માત્ર એક જ ચિંતા હતી–દક્ષિણ ધ્રુવ પર ક્યારે જવાય?

તેણે ફરી વાર પોતાની ટોળી તૈયાર કરી. આ વખતે ખૂબ ખૂબ સાધનો લીધાં. વરસ ચાલે એટલો ખોરાક લીધો. અને ૧૯૧૦ની સાલના જૂન મહિનામાં જીવનની છેલ્લી મુસાફરી આરંભી. 'ટેરા નોવા'. નામના વહાણમાં બેસી તેઓ નીકળ્યા.

ને થોડા જ વખતમાં સંકટોની હારમાળા શરૂ થઇ. દરિયો તોફાને ચડયો. પાણીનાં મોજાં રોબર્ટના વહાણને, રબરનો દડો ઉછળે તેમ ઉછળતાં. દરિયાનાં પાણીથી વહાણ ભરાતું. રોબર્ટ ને તેના સાથીદારો પાણી ઉલેચી દરિયામાં નાખતા. ક્યારે વહાણ દગો દેશે તે કહી શકાતું નહોતું. એથી આવી અસહ્ય સ્થિતિ દિવસો સુધી ભોગવી.

પણ હજી તો રોબર્ટ સ્કોટની મુશ્કેલીઓની શરૂઆત જ થઇ હતી. તેઓ રાસના સમુદ્રના અખાતમાં દાખલ થઇ રોસના બેટ પર જઇ પહોંચ્યાં. વહાણની મુસાફરી પૂરી થઇ. હવે તેમને બરફના રણમાં ચાલતાં ચાલતાં દક્ષિણ ધ્રુવ પર પહોંચવાનું હતું. આ વખતે તેમણે ખૂબ સામાન સાથે રાખ્યો.

તે ઉંચકવામાં મદદ થાય એટલા માટે ખાસ ટટ્ટુઓ અને કૂતરાઓ લીધેલા. આ ટટ્ટુઓ જેવા-તેવા ન હતા. સાઇબિરિયા દેશની ભયંકર ટાઢ ખાઇ રીઢા બન્યા હતા. કૂતરાઓ પણ શિકારી જાતના હતા. પણ રસ્તામાં ટટ્ટુઓ નકામા નીવડયા.

દક્ષિણ ધ્રુવની અસહ્ય ટાઢ સામે ટકી શકયા નહિ. વળી વખતોવખત બરફનો વરસાદ પડતો તે સહી ન શકયા. થોડા જ દિવસમાં માંદા પડયાં. તેમનો ખોરાક પણ ખૂટવા આવ્યો. એનો બીજો શો ઉપાય થઇ શકે. તમામ ટટ્ટુઓને ગોળીથી ઉડાવી દીધાં.

હવે ટટ્ટુઓનો બોજો તેમના પર આવી પડયો. કૂતરાઓ તો એટલો બોજો કેમ ખેંચી શકે? એટલે પચ્ચીસ પચ્ચીસ મણની વજનદાર સ્લેજ ગાડીઓ રોબર્ટે અને તેના સાથીઓએ ખેંચવા માંડી. આ કામ એટલું બધું મુશ્કેલ હતું કે આવી ભયંકર ઠંડીમાં તેઓ પરસેવાથી નહાઇ ઉઠતા, ને થાકીને એવા લોથપોથ થઇ જતા કે દહાડામાં માંડ ૫ સાત માઇલ ચાલી શકતા.

ને જેમ જેમ આગળ ગયા તેમ ટાઢ વધુને વધુ પ માંડી. અલબત્ત, હવે પછી તેમનો રસ્તો વધુ સરળ હ બરફ વધારે સપાટ હોઇ ચાલવ મુશ્કેલી ઓછી નડતી. ને પં કરતાં ઝડપથી ચાલતાં રોજ સહેલાઇથી પંદરવીસ મા કાપી શકતા.

આમ ને આમ છ મહિ ખેંચ્યા. રસ્તામાં અનેક મુશ્કેલી આવી. તેનો એક સાથીદાર બરફ ચિરાડમાં ફસાઇ ગયો. બ નાની નાની તો અસંખ્ય મુ લીઓ આવી કે જે ગણાવ પાર જ ન આવે.

શરૂઆતમાં તેણે બાર માણ લીધેલા. જ્યારે તે દક્ષિણ ધ્રુવ એકસો સિત્તેર માઇલ દૂર હ ત્યારે તેની ટોળીમાં ફ. ચાર જ જણ હતા!

જાન્યુઆરીની સોળમી તારી તેઓ દક્ષિણ ધ્રુવથી ફકત વીસ માઇલ દૂર હતા ત્યારે તેમ આનંદ માતો ન હતો. તેમ આશા હતી કે હવે માત્ર ચોવીસ કલાકમાં દક્ષિણ ધ્રુવ પહોંચ જવાશે. તેના જીવનની એકમા મુરાદ હવે સિધ્ધ થશે. ઇતિહાસ દક્ષિણ ધ્રુવ પર પહેલવહેલો પ મૂકવા માટે રોબર્ટ સ્કોટ નામ લખાશે!

પણ...રોબર્ટની કમનસીબ ઓછી ન હતી. થોડા જ વખ પછી દૂર દૂર એક કાળું ધાબ દેખાયું. એ શું હશે? તેઓ આશ્ચર્ય પામ્યા. સૌને કુતૂહ થયું. તેવામાં રસ્તા પર કૂતરા અને માણસનાં પગલાંની છા

દેખાઇ. જરૂર આ રસ્તે. કોઇ આવી ગયું હોવું જોઇએ.

આગળ ચાલતાં માલૂમ પડયું કે કાળું ધાબું એ તો તંબુ હતો. તેઓ તંબુ નજીક - આવી પહોંચ્યા. જોયું તો નોર્વેના એક બીજા જ મુસાફરનો ખાલી તંબુ હતો. તેણે દક્ષિણ ધ્રુવની ખોજમાં અહીં સુધી મુસાફરી કરી હતી।

તંબુમાં એક ચિઠ્ઠી પડી હતી. એનો લખનાર હતો એમંડસન. તે અહીં એક જ મહિનો અગાઉ આવી ગયો હતો! રોબર્ટ સ્કોટ નિરાશ થઇ ગયો. તેની ઇચ્છા બર ન આવી.

તેણે ધારેલું કે દક્ષિણ ધ્રુવ પર તે પોતે જ પહેલવહેલો પગ મૂકશે. પણ તે પહેલાં તો એમંડ-સન આવી પહોંચ્યો હતો. તેનું કર્યું કારવ્યું ધૂળમાં મળ્યું. તેને ખૂબ દુઃખ થયું. તેની વર્ષોની મહેનત અને સંકટો, મુશ્કેલીઓ, વિપત્તિઓ વ્યર્થ ગયાં. ને તે પણ ફક્ત પાંચ અઠવાડિયા ખાતર! પાંચ અઠવાડિયા પહેલાં જ એમંડ-સન અહીં આવી નોર્વેનો ધ્વજ ફરકાવી ગયો હતો.

ને નિરાશ વદને સૌ પાછા ફર્યા, પાછા ફરતાં અનેક વિટંબ-ણાઓ અનુભવી. તેમના હાથ પગ ને દાઢી લાકડાં જેવાં અક્કડ બની ગયાં. રસ્તે ઠેસ વાગતી. ગબડી પડતાં દરેક વખતે શરીરને ઘા થતો. અને દરેક ઘા તેમને મૃત્યુની નજીક લઇ જતો હતો.

એવામાં એક બીજો કરુણ બનાવ બન્યો. ઇવાન્સ નામનો તેમનો સાથી સૌથી મજબૂત અને કદાવર હતો. સૌથી વધુ સહન કરી શકે એટલો શક્તિશાળી હતો. પણ તે લપસ્યો .અને બરફની ટાદી સાથે સખત અથડાયો. તેની ખોપરી તૂટી ગઇ. ને થોડા જ વખતમાં તરફડિયા મારી પ્રાણ ખોયા.

પછી બીજો સાથીદાર કેપ્ટન ઓટ્સ માંદો પડયો. તેના પગે ચાલવાની સાફ 'ના પાડી. તેને લાગ્યું કે તેના મિત્રો પોતાને લીધે ખોટી થાય છે. તેણે પોતાના સાથીદારોને વિનવ્યા કે 'તમે મને મૂકીને ચાલ્યા જાવ. મારે ખાતર તમે પણ જાન ગુમાવશો.' પણ તેના સાથીદારો કંઇ માને?

કેપ્ટન ઓટ્સ પાસે બીજો ઇલાજ ન હતો. તેણે વીરતાભર્યું મરણ સ્વીકારી લીધું. તેઓ તંબુ નાંખીને પડયા હતા. ત્યારે બહાર બરફનું સખત તોફાન હતું. કેપ્ટન ઓટ્સ જાણી સમજીને તોફાનમાં બહાર ગયો ને પ્રાણ ખોયા. તેને બહાર જતો અટકાવવા સ્કોટે ખૂબ સમજાવ્યો. પણ તે એકનો બે ન થયો.

અને દક્ષિણ ધ્રુવ . છોડયાને પચાસ દિવસ પછી તેમણે છેલ્લો તંબુ નાંખ્યો. તેમની પાસે બે કપ ચા બને તેટલું બળતણ હતું.

બે દિવસ ચાલે તેટલો ખોરાક બાકી રહ્યો હતો.

ઓગણત્રીસમી માર્ચનો દિવસ તેમની મુસાફરીનો અને જીવનનો, છેલ્લો દિવસ હતો. અઠવાડિયાથી બરફનું તોફાન ચાલુ હતું. તે દિવસે તો પવન પણ જોરશોરથી ફૂંકાવા માંડયો. બરફના ગચ્ચિયા હવાને કાપતા ઉડવા મંડયા. એની સામે કોનું જોર ટકી શકે?

એમાંથી બચવાનો ઉપાય પણ શો? હા, એક નજીવો ઉપાય હતો. તેમની પાસે અફીણ હતું, તેઓ અફીણ ખાઇને ઉંઘી શકયા હોત. તો તેમને તોફાનની વેદના સહન ન કરવી પડત. પણ તેઓ વીર હતા. એવી રીતે દુઃખ ભૂલ-વામાં તેમને બહાદુરી ન લાગી. તેમણે અફીણ ન જ લીધું ને સામી છાતીએ મૃત્યુને વધાવી લીધું.

જીવનના છેલ્લા કલાકે રોબર્ટે પોતાના એક મિત્ર ઉપર કાગળ લખ્યો. એમાં તેણે પોતાની છેલ્લી આફતોનો ઉલ્લેખ કર્યો. મૃત્યુ તેમની સામે ઘુરકિયા કરતું હતું. છતાં સ્કોટે લખ્યું: "જીવનની છેલ્લી ઘડી ગણીએ છીએ. પણ અમારા તંબુમાં હજી ઉત્સાહની માત્રા ઘટી નથી."

૭ મહિના બાદ, ઉનાળાની શરૂઆત થઇ ત્યારે સ્કોટની તપા-સમાં એક ટુકડી દક્ષિણ ધ્રુવના બરફો ખૂંદતી નીકળી ત્યારે આ ત્રણે વીરોના શબ હાથ લાગ્યાં. આજે તે જગાએ એક મોટું પિરામિડ આકારનું પથ્થરનું સ્મારક હયાત છે.

જિંદગી જીવી જાણી, એવા વીર સાહસિક મુસાફર રોબર્ટ સ્કોટ અને તેના બહાદુર સાથી-દારોને કોટિ કોટિ પ્રણામ કરીએ.

હમેશાં રંગીન માસિક

# છબી વાંચો અને ખુશ રહો

જેમાં શ્રીમતી નીરૂપા રોય સવાલના જવાબ આપે છે. ઉપરાંત રસમય વાંચન

છુટક બે આના. વાર્ષિક લવાજમ રૂા. દોઢ. પરદેશ રૂા. ત્રણ. દરેક ન્યુઝ એજન્ટ તેમજ વ્હીલર રેલવે સ્ટોલ પર મળે છે ન મળે તો પોણા ત્રણ આનાની ટીકીટ બીડો. છબી કાર્યાલય, ૬૬, મીરઝા સ્ટ્રીટ, મુંબઈ ૩

મુંબઈમાં સાચા ઘીનું મથક

## શ્રી ગ્રામ સેવા મંદિર

ખેતવાડી મેન રોડ, પાન બજાર, મુંબઈ, ૪.

કોમળ ચામડીના વાળ કાઢવા માટે

## બાદશાહી

સાબુ પાવડર લોશન

સી.સી.મહાજન કું. મુંબઈ

મગજ ને ઠંડક આપી વાળ વધારવા માટે

## ગાંધી બ્રાહ્મી તેલ

* સફેદ વાળ કાળા બનાવી ખરતા અટકાવે છે.
* વાળને લાંબા, ચમકદાર તથા સુંવાળા બનાવે છે.

બનાવનાર:

સી. સી. મહાજનની કું.

મુંબઈ ૨

[ઝંડા છાપ • ૨૭૭૨૮૮]

# ★ પુત્રનાં લક્ષણ

## અને તે ઉડીને ગયો.




[પ્ર]સાદ વ્યાસ

થોડી વારમાં જ રમેશને બન્ને બાજુએ પાંખો ઉગી ગઇ! રમેશ ખૂબ ગેલમાં આવી ગયો. તેણે બન્ને પાંખ ફફડાવી જોઇ.

રમેશના ઢગ જોઇ પરી હસી પડી. તેણે કહ્યું, "રમેશભાઇ, ચલો. આપણને મોડું થાય છે.

બધો ખુલાસો પછીથી કરીશ."

રમેશ તૈયાર થઇ ગયો. અગાશીમાં જ એ સૂઇ રહેતો, એટલે તે અને પરી બન્ને જણ અગાશીમાંથી ઉંચે ઉડ્યાં.

રમેશને પોતાને નવું નવું લાગવા માંડ્યું. આવું ઉડી શકાતું હોય તો કેવી મઝા પડે!

તે બોલ્યો, "પરી બહેન. બધાં માણસોને આવી પાંખો હોય તો કેવું સારું! બધાં

સને પણ ઊડવાનું મન થયું અને તેની
। જેમ તે પણ ઊંચે ઊડવા માંડ્યો, છાં
તમને પાંખો હોય તો કેવી મઝા? રમેશને
પાંખો ઉગાડી અને પછી પાંખોના પ્રદેશમાં
નો પાર ના રહ્યો. રમેશના આવા અદ્ભુત
યાસ 'બકોરપટેલ'ના લેખક તરીકે પ્રખ્યાત છે.

હુડી ઉડીને કામે જતાં હોય. તે જોવાની ભારે મઝા આવે."

પરીએ જવાબ આપ્યો. "રમેશ ભાઇ, હું તમને એવા જ દેશમાં લઇ જાઉં છું. ત્યાં દરેક જણને પાંખો છે. નાનાં. મોટાં, બાળકો, ઘરડાં બધાં જ પાંખોવાળાં!"

"વાહ વાહ! ત્યારે તો બહુ મઝા પડશે!"

"હા. ત્યાં તમારા જેવડો જ અશોક નામનો એક છોકરો છે. તેને ત્યાં તમને મૂકી જઇશ ત્યાં તમે રહેજો. તેનાં બા અને બાપુજી મને ઓળખે છે. બિચારા બહુ સારા સ્વભાવનાં છે."

આમ વાતો કરતાં કરતાં બન્ને જણ ઘણે દૂર નીકળી ગયાં, એમ કરતાં કરતાં આઘે એક શહેર દેખાવા માંડયું. પરીએ આનંદમાં આવી જઇ કહ્યું. "આપણે આવી પહોંચ્યાં, રમેશ ભાઇ."

બન્ને ઊડતાં ઊડતાં શહેરમાં દાખલ થયાં સવાર થયું હતું એટલે થોડાંક માણસો આમતેમ ઉડતાં જતાં હતાં. રમેશ તો બાઘા જેવો બનીને જોઇ જ રહ્યો!

થોડીવારે બન્ને જણ અશોકના મકાન પાસે આવીને ઉતર્યાં. તેમને જોઇ અશોક દોડતો દોડતો આવી પરીને બાઝી પડયો ને બોલ્યો, "પરીબહેન આવ્યાં! પરીબહેન આવ્યાં!"

અશોકનાં બા કહે, "આવો પરીબહેન, લો આ દૂધ."

પરી કહે, "ના જી, મારે ઉતાવળ છે. હું જાઉં છું પણ આ રમેશભાઇને મૂકતી જાઉં છું. એમને તમારો પ્રદેશ જોવો છે. રાત્રે એમને પાછા લઇ જઇશ. અશોક, આ ભાઇબંધને બધું બતાવજે."

આમ કહીને પરી ફરરરરર દઇને ઊડી ગઇ. રમેશ તો મોઢું પહોળું કરીને બધું જોયા જ કરતો હતો! અશોકના મકાન પાસેથી કોઇ સ્ત્રી ઊડતી ઊડતી જતી હતી. વળી કોઇ માણસ ઊડતો ઊડતો આવતો હતો. બે સ્ત્રીઓ વાતો કરતી કરતી ઊડતી જતી હતી. રમેશને આ બધું જોવામાં ખૂબ રસ પડયો.

એટલામાં અશોકનાં બા આવ્યાં ને તેને બરડે હાથ ફેરવી બોલ્યાં: "ભાઇ, રમેશ, ચાલ દૂધ તૈયાર છે. તે પી લે."

રમેશ અંદર ગયો. બધાને જયજય કર્યા. પછી તેણે દૂધ પીધું. ત્યાર બાદ અશોકે તેની પાસે આવી કહ્યું, "ચાલ રમેશ, મેડે મારો વાચનખંડ છે. હું તને મારાં પુસ્તકો બતાવું."

બન્ને જણ ઉપર ગયા અશોકે પોતાની શાળાનાં પુસ્તકો બતાવ્યાં ચિત્રકામ પણ બતાવ્યું.

થોડીવારે તેની બાએ નીચેથી બૂમ પાડી, "અશોક, બજારમાંથી બશેર બટાકા લઇ આવ. રમેશને પણ સાથે લેતો જજે."

"વારુ, બા." અશોકે જવાબ આપીને રમેશને કહ્યું: "ચાલ રમેશ, શાક લઇ આવીએ. જરા ફરતા પણ આવીએ. રમેશને એટલું જ જોઇતું હતું. બહાર જવાનું નામ સાંભળી



થોડી જ વારમાં રમેશને પાંખો ઊગી ગઇ

તે ખુશખુશ થઇ ગયો. બન્ને મિત્રો બારી વાટે ઊડતા ઊડતા બહાર ઉપડ્યા.

રસ્તામાં તેમને જીવકોર કાકી ઉડતાં ઉડતાં સામાં મળ્યાં. કાકીએ ખબર પૂછવા માંડી.

"કેમ અશોક, બધાં સારાં છે ને?"

"હા, કાકી. ચાલોને ઘેર!"

"ના ભાઇ, અત્યારે જરા દર્શન કરવા નીકળી છું. બપોરે આવીશ. તારી બાને ખબર પૂછજે."

આમ કહી કાકી દર્શન કરવા ઉડ્યાં. શાકવાળાની દુકાન નજીક જ હતી. અશોક અને રમેશ ત્યાં નીચે ઊતરી પડ્યા. શાક જોખાવીને બન્ને જણ પાછા ઘર તરફ ઊડવા લાગ્યા. ઘર પાસે આવીને નીચે ઉતરી તેમણે શાક આપ્યું.

પછી મેડે આવી બન્ને મિત્રો વાતોએ વળગ્યા. અશોકે કહ્યું, "આજનો દિવસ નિશાળમાંથી રજા લેઇ લઇશ. તને બધે ફેરવીને બધું બતાવું."

રમેશ બોલ્યો, "હા, હા એવું કરજે. પણ નિશાળે રજા લેવા તું જવાનો?"

"હા."

"ત્યારે હું પણ સાથે આવીશ. આપણે બન્ને જણ સાથે જઇશું."

આમ વાત ચાલતી હતી, એટલામાં દૂધવાળો ભૈયો ઊડતો ઊડતો આવ્યો. બારી નજીક આવતાં તેણે બૂમ પાડી, "અશોકભાઇ, દૂ......ધ!"

"ઉભો રહે" કહી અશોક દોડતો જઇ પાટિયેથી તપેલી લઇ આવ્યો. ભૈયાએ તેમાં દૂધ રેડ્યું. પછી "દૂ......ધ!" જ બૂમ પાડતો બાજુને ઘેર પહોંચ્યો. તેણે કમ્મરે એક પટો બાંધ્યો હતો. તેમાં આંકડીઓ હતી. એ આંકડીઓમાં દૂધની મોટી બરણી ભેરવીને તેણે લટકાવી હતી.

આ બધું જોઇ રમેશ અજાયબીમાં ગરકાવ થઇ ગયો લાગતો હતો. અશોકે હસીને કહ્યું, "શું વિચાર કરે છે, રમેશ?"

"કંઇ નહિ, મને આ બધું નવું નવું લગે છે!"

"તને લાગે એમાં નવાઇ નથી. અમે તો ટેવાઇ ગયા. રોજ મારી બેઠક અહીં બારી પાસે. અહીં બેઠો બેઠો વાંચ્યા કરું. એટલે દૂધવાળો ભૈયો અહીંથી જ ઉડે અને દૂધ આપતો જાય! દૂધ લેવાનું મારે માથે છે. વહેલી સવારે દૂધ આવે છે તે થોડું આવે છે. બાકીનું આની પાસેથી લઇએ છીએ."

તેઓ આમ વાતો કરતા બેઠા હતા. બહાર રસ્તા ઉપર ફેરીઆઓ જાતજાતની બૂમો પાડતા ઉડતાં પસાર થતા હતા. "લ્યો રે મીઠાં જાંબુ!", "દહીં લેવું છે કે દહીં!" "આ મલાઇ કેળાં આફ આને ડઝન!" વગેરે બૂમો પડતી હતી. રમેશ બાઘા જેવો બની આ બધું જોઇ રહ્યો હતો.

પછી બન્ને જણે ખૂબ વાતો કરી. એટલામાં નીચેથી અશોકની બાએ બૂમ પાડી, "અશોક, તમે બન્ને જણ ચાલો, જમવાનું થઇ ગયું છે."

બન્ને જણ નીચે ગયા અને જમવા બેઠા. જમતાં જમતાં અશોકે કહ્યું, 'બા, આજનો દિવસ હું નિશાળમાંથી રજા લેવાનો છું. આજે હું રમેશને બધે ફેરવીશ."

"ભલે." બાએ જવાબ આપ્યો.

અશોકે કહ્યું, "જમીને અમે બન્ને જણ સાથે નીકળીશું. નિશાળમાંથી રજા લઇને અમે બારોબાર ફરવા જઇશું. ઘેર નહિ આવીએ. માટે તું ફીકર ના કરતી."

"વારું, એમ કરજે." બાએ જવાબ આપ્યો.

જમી રહ્યા પછી બન્ને જણ તૈયાર થઇ ગયા. અશોકની નિશાળ બહુ દૂર ન હતી. ઘેરથી ઉડીને થોડીવારમાં જ તેઓ નિશાળે પહોંચી ગયા.

નિશાળે પહોંચ્યા ત્યારે વર્ગ શરૂ થઇ ગયો હતો. બન્ને જણ ઉડતા ઉડતા બારી વાટે ગયા. તેઓ બારોબાર મેડે વર્ગમાં જ દાખલ થઇ ગયા. અશોકની સાથે રમેશને જોતાં જ ગુરૂજીએ પૂછ્યું, "કેમ, અશોક?"

અશોક "નમસ્તે" કરી બોલ્યો, "ગુરૂજી, આજનો દિવસ મારે રજા જોઇએ છીએ. મારો ભાઇબંધ આવ્યો છે. તે એક દિવસ રહેવાનો છે. તેની સાથે જરા ફરવા જવું છે."

"વારું, જા. આજે તારી રજા પૂરીશું."

"જી" કહી "જય જય" કરી અશોક પાછો વળ્યો. તે અને રમેશ પાછા બારીએથી જ બહાર ઉડવા લાગ્યા.

રસ્તામાં ઘણાં માણસો ઉડતાં ઉડતાં આમતેમ જતાં હતાં. રસ્તે ચાલતાં ચાલતાં જનારાં તો બહુ થોડાં જ જણ હતાં.

રમેશે પૂછ્યું: "અશોક અહીં ભાડાની મોટરબસ ફરે છે કે નહિ?"

અશોકે હસીને જવાબ આપ્યો, "નહિ, રમેશ! અહીં તો પંખો એ જ ભાડાની બસ! અહીં મોટરબસ, રિક્ષા, ટ્રામ વગેરે માત્ર અજાયબઘરમાં જ છે. સાઇકલનું તો નામનિશાન પણ નથી!"

"હેં !" રમેશની આંખો પહોળી થઇ ગઇ.

"હા ! એક પણ નહિ ! માત્ર હાથ-લારીઓ અને મોટરના મોટા ખટારા છે. માલસામાન એક જગાએથી બીજી જગાએ લઇ જવો હોય ત્યારે તેમની જરૂર પડે છે."

"ત્યારે તો પોલીસનું કામ ઘણું ઓછું થઇ ગયું કહેવાય."

"હા, પરંતુ અહીં ઉપર પોલીસનું કામ વધે છે તો ! ઉડનારાં માણસો એકબીજા સાથે અથડાઇ ના પડે તે માટે પોલીસને વ્યવસ્થા જાળવવી પડે છે. જો, પેલો પોલીસ ઉભો !"

ચાર રસ્તા આવ્યા. ત્યાં આગળ વ્યવસ્થા જાળવવા પોલીસ હાજર હતો. એક ખૂબ ઉંચા થાંભલા ઉપર કઠેરા જડેલું પાટિયું હતું. પાટિયા ઉપર ઉભો રહીને તે અવરજવરનું નિયમન કરતો હતો !

"એને માટે આટલો બધો ઉંચો થાંભલો રોપવામાં આવ્યો છે ?"

"હા, તેને લીધે એ ઘણો દૂર નજર નાખી શકે છે. દરેક ચાર રસ્તે આવા થાંભલા છે. વળી આપણે માટે ઝાડ જેવાં આરામસ્થાન પણ છે. આગળ જઇશું એટલે બતાવીશ."

"આરામસ્થાન ? એ કેવાં ?"

"આપણે ઉડતાં ઉડતાં થાકી જઇએ, ત્યારે આરામ તો લેવો પડે. નો ! અહીં અધ્ધર ક્યાં આરામ લઇએ ? તેથી ઝાડના ઘાટનાં આરામસ્થાન ઘણી જગાએ બનાવ્યાં છે. મોટો થડ જેવો થાંભલો, ને તેની આજુબાજુ ડાળીઓની પેઠે જુદાં જુદાં પાટિયાં. એ પાટિયાં ઉપર બેસી જવાનું. જો, આ આરામસ્થાન આવ્યું. આવ, આપણે જરા થાક ખાઇએ."

રમેશે જોયું તો આરામસ્થાને ઘણાં માણસો બેઠાં હતાં. ઉડતાં ઉડતાં થાકે કે પાટિયે બેસી જાય. થોડીવાર રહીને પાછાં ઉડે ! રમેશ તથા અશોક પાટિયાં ઉપર જઇને બેઠા.

થોડીવારે અવાજ સંભળાયો: "ચિનાઇ સીં...ગ ! ખા...રી ચિનાઇ સીં...ગ !"

બન્ને જણ ચાધરની અગાશીમાં ગોઠવાયા.

રમેશે જોયું તો સીંગ વેચનારો એક ફેરીઓ આરામસ્થાનની આજુબાજુ ગોળગોળ ઉડતો હતો. તેની કેડે એક ઝોળી લટકાવેલી હતી. તેમાં સીંગનાં પડીકાં હતાં. અશોકે પણ થોડી સીંગ લીધી. બન્ને જણ સીંગ ખાઇને પાછા ઉપડ્યા.

"અશોક, મને પાણીની તરસ લાગી છે. અહીં પાણી મળશે ?"

અશોકે જવાબ આપ્યો: "આવ, ચા ચાધરમાં જઇએ."

ચાધર પાસે જ હતું. જણ ચાધરની અગાશીમાં ગોઠવાયા. નીચે માળ ઉપર પણ ચાધર ચાલુ હતું. જેને અગાશીમાં બેસવું હોય તે અગાશીમાં બેસતું. મકાન ઉપર મોટું લંબચોરસ ધાબું હતું. ત્યાં મેજ અને ખુરશીઓ ગોઠવી દીધેલાં હતાં. ઘણા ઘરાકો ત્યાં કંઇ ખાતાપીતા બેઠા હતા. રમેશે ત્યાં પાણી પીધું. પછી બન્ને જણ લીંબુનું શરબત પીને પાછા ઉપડ્યા.

રમેશ આખો દિવસ અશોક સાથે ખૂબ ફર્યો. તેને ખૂબ મઝા પડી. તેને થયું કે ભગવાન આવી રીતે બધાંને પાંખ ઉગાડે તો કેવું સારૂં !

મોડેથી તેઓ ફરતા હતા, ત્યાં એક મકાન પાસે શોરબકોર થતો સંભળાયો. રમેશે જોયું તો મકાનની બારીઓમાંથી છોકરાઓ ઉડી ઉડીને બહાર નીકળતા હતા.

"આ શું છે ?" તેનાથી પુછાઇ ગયું.

"નિશાળ છૂટી," અશોક બોલ્યો: "છોકરાઓ ઘેર જાય છે."

રમેશને છોકરા છૂટતા જોતાં બહુ આનંદ આવ્યો. દરેકે પોતાની કમ્મરે દફતર લટકાવી દીધાં હતાં. સૌ ઉડતાં ઉડતાં ઘેર જતા હતા !

આગળ ચાલતાં રમેશ બોલ્યો, "અશોક ! તને થાક લાગ્યો હશે. હવે આપણે ઘેર પાછા જઇએ."

અશોક બોલ્યો, "હા. હવે પાછા જઇએ છીએ. પણ તે પહેલાં ચાલ, તને મેચ બતાવું."

"બોલબેટની મેચ ?"

"હા."

"ચાલ ત્યારે-મેચ જોવાનો મને

બહુ શોખ છે." થોડી વારે બન્ને જણ ખુલ્લા મેદાનમાં આવ્યા.

મેચની રમત ચાલુ હતી. તંબૂઓ ચીકાર ભરાઈ ગયા હતા. કોઈ કોઈ રડ્યાખડ્યા માણસો બાધેનાં ઝાડ ઉપર પણ બેઠા હતા. તેઓ ત્યાંથી મેચ જોતા હતા.

એકાએક બેટવાળાએ ફટકો લગાવ્યો અને દડો અધ્ધર ઉડ્યો.

"ઓહ! સરસ કેચ થશે!" રમેશથી બોલાઈ ગયું. એટલામાં તો એક ખેલાડી પાંખો ફફડાવીને ઊંચો ઉડ્યો ને તેણે દડાને ઝીલી લીધો. ચારે બાજુએ તાળીઓનો ગડગડાટ થઈ ગયો. રમેશને તો ખૂબ અજાયબી લાગી.

"આવી રીતે કેમ કરી શકાય?"

"હા. કેમ નહિ? દડાને અધ્ધર પકડી લેવાય છે ને!"

રમેશ રમત જોવા માંડ્યો. દડાને ફટકો વાગે કે ખેલાડી ઉડીને પકડવા જાય! દડો નીચે ગબડતો ગબડતો જાય તો પણ ખેલાડી ઉડીને તેને પકડવા દોડે! આ જોઈને રમેશને તો ખૂબ હસવું આવી ગયું!

મોડેથી રમત પૂરી થઈ. બધા વિખરાયા. અશોક અને રમેશ પણ ઘર તરફ વળ્યા. પણ ત્યાં ભારે ગમ્મત થઈ ગઈ. એકદમ બધા છૂટ્યા એટલે ભીડ બહુ હતી. તેમાં રમેશ ઉડવા ગયો ને એક બાળિયા સાથે ખૂબ જોરથી અથડાઈ પડ્યો! તેને તમ્મર આવી ગયાં. ઉપરથી તે ધબાક દઈને નીચે પડ્યો.

પણ આ શું! રમેશની આંખો ખુલી ગઈ. તેણે જોયું તો ના મળે અશોક કે ના મળે મેચ! ભાઈસાહેબ પોતાને ઘેર જ હતા અને પાસું ફેરવતાં ફેરવતાં ખાટ-લામાંથી નીચે અગાશીમાં પડ્યા હતા!

## આ તે બંગાળી છે કે ઊંધું?



'રમકડું'ના સંપાદક ઉપર તેમના એક ચિત્રકાર મિત્રનો પત્ર આવેલ છે. પણ મુશ્કેલી એ ઉભી થઇ છે કે પત્ર કઇ ભાષામાં લખ્યો છે તે સમજાતું નથી. એટલે ન છૂટકે એ પત્ર ઉકેલવાનું કામ 'રમકડું'ના ચતુર બાલમિત્રોને સોંપીએ છીએ. હવે તમે આ પત્ર ઉકેલીને સંપાદકને જણાવશો.

## નવા વરસનાં અભિનંદનો

અમારા માનવંતા ગ્રાહકો, શુભેચ્છકો અને સ્નેહિઓને દિવાળીની શુભેચ્છા તથા આવતા નવા વરસના હાર્દિક અભિનંદનો.

લિ.
ધાણાદાલના
ખાસ
બનાવનારાઓ :

રોજબરોજ તાજી બનતી

# ધાણાદાલ

તેમજ ❁ જીરા ગોળી ❁ હીમેજ
❁ કોળાનો મગજ ❁ વરીયાળીની દાળ
❁ સુવાની દાળ ❁ અજમાની દાળ
❁ ખારી ખાટી સૂંઠ ❁ ખારી ખાટી
પીપર વિગેરે પેકબંધ બાટલીમાં મળશે

— મશુરાના —
તમામ જાતનાં ચૂર્ણ માટે
નિચેના સ્થળે મુલાકાત લ્યો

જથ્થાબંધ માલ માટે વ્યાપારીઓએ પુછપરછ કરવી

# ઠા. મણીલાલ હરજીવન
## સોપારીવાલા

દાદીશેઠ અગીઆરી લેન, જી. ટી.
હાઈસ્કૂલની બાજુમાં, મુંબઈ ૨.

## દિવાળી મુબારક

આપનાં બાળકોને શુધ્ધ ઘીમાં બનતીજ મીઠાઈ ખવરાવવાની નવા વરસમાં પ્રતિજ્ઞા લ્યો: આવી મીઠાઈઓ તથા હલવાઓ માટે દાદરનું જાનું અને જાણીતું સ્થળ

# એમ. મણિલાલ
## મીઠાઈવાલા

મેઈન જમશેદજી રોડ, રૂપાળા સિનેમા સામે
દાદર બી. બી.
શાખા: રાનડે રોડ, કોર્નર સ્ટેશન, પોસ્ટ ઓફિસની બાજુમાં, દાદર (બી. બી.)

૫૦ વર્ષથી હિંદુસ્તાનમાં પ્રખ્યાત

# ગરુડછાપ
# "ગુલાબી મલમ"

રજીસ્ટર્ડ

નાના છોકરાઓને હેરાન કરતાં ચામડીના દર્દો જેવા કે ખસ, ખુજલી, ચાંદા, જખમ વિગેરે પર લગાડવાથી જાદુની માફક ઠંડક આપી તરત જ રૂઝ લાવે છે.

એક જ વખત વાપરવા ભલામણ

બનાવનાર :
## શિણાઈ કેમીકલ વર્કસ
૧૦, ખીપીચાલ, મુંબઈ-૨.

# કમાવા નીકળેલા ભાઈબંધોની કસોટી કરતી કથા

થાપણ એટલે મૂડી-પૂંજી. ત્રણ ભાઈબંધોએ પોતાની થાપણ એક ગામને કુવાકાંઠે પાણી ભરતી ત્રણ બહેનોને સોંપી કમાવા ગયા. ત્રણ બહેનોએ વહેંચીને પોતાના ઘરની નિશાની આપી. છ મહિને પછી ભાઈબંધો પાછા ફર્યા ત્યારે મૂંઝાઈ ગયા. બહેનોનાં ઠેકાણાંની ખબર જ ન હતી. પછી તો એક વાણિયો તેમની મદદે આવ્યો અને તેમની મૂંઝવણ ઉકેલાઈ. તમારી બુદ્ધિને બરાબર કસે એવી આ કોયડાકથાના લખનાર શ્રી. મોંઘીબહેન બધેકા બાળકો માટે લખનારાં જાણીતાં લેખિકા છે. ભાવનગરના દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં તેઓ કામ કરે છે.



ત્રીજો કહે: "હું પણ તમારા મતને મળતો છું આપણે કમાઇને લાવ્યા છીએ એનું શું કરવું ? એને ક્યાંક થાપણ મૂકવા જોઇએ એટલે આપણને ચિંતા નહિ."

નદીને કાંઠે કૂવો હતો. ચાર પાંચ બેનો પાણી ભરતી હતી. એને જોઇને એક જણે કહ્યું: "આ બેનોને ત્યાં થાપણ મૂકીએ. છ મહિના પછી લઇ જઇશું."

ત્રણે જણ કૂવે ગયા ને પૂછ્યું: "બેન! અમારી થાપણ રાખશો?"

"હા ભાઇ, મૂકી જાઓ ને."

ત્રણે મિત્રોએ ત્રણ બેનોને પોતાની થાપણ સોંપી.

એક બેને કહ્યું: "ભાઇ તમે થાપણ લેવા આવો ત્યારે જેના પેટમાં દાંત હોય ત્યાં આવજો."

બીજી બેન કહે: "ભાઇ, તમે થાપણ લેવા આવો ત્યારે જેના પેટમાં પાણી હોય ત્યાં આવજો."

ત્રીજી બેન કહે: "ભાઇ, તમે જેના પેટમાં મૂછ હોય ત્યાં આવજો."

હરખમાં ને હરખમાં ત્રણે ભાઇબંધો વધારે પડપૂછ કર્યા વિના ચાલી નીકળ્યા.

હરખમાં ને હરખમાં ત્રણે ભાઇબંધો વધારે પડપૂછ કર્યા વિના ચાલી નીકળ્યા. છ મહિના પછી જે પૂનમ આવે તે દિવસે મળવાનું નક્કી કરી ત્રણે છૂટા પડયા.

વળી પાછા છ મહિના પૂરા થયા. પૂનમને દિવસે નક્કી કરેલે સ્થળે પહોંચવા સૌ આવી નીકળ્યા. સવારના પહોરમાં નદીકાંઠે સૌ ભેગા થયા. સૌએ પોતાના છ મહિનાની અને કેટલું કમાણું એવી વાત કરી. પછી કહે ચાલો આપણે આપણી થાપણ લઇ આવીએ."

એક કહે: "હા ચાલો, પણ ક્યાં જશું? મને તો એમ કીધું છે કે જેના પેટમાં દાંત હોય ત્યાં આવજો. પણ કોઇના પેટમાં તે દાંત હોતા હશે?"

બીજો કહે: "હા ભાઇ હાં, આપણને બનાવ્યા લાગે છે. મને કહે 'જેના પેટમાં પાણી હોય ત્યાં આવજો.' પાણી તો બધાના પેટમાં હોય. કોને ત્યાં જવું?"

ત્રીજો કહે: મને પણ એવું જ કીધું છે કે જેના પેટમાં મૂછ હોય ત્યાં આવજો. પણ પેટમાં મૂછ તે ક્યાંય હોય? આપણે જવાની ઉતાવળમાં ઠામ ઠેકાણું યે ન પૂછ્યાં ચાલો ગામમાં જઇએ."

એમ કહી ત્રણે ગામમાં આવ્યા. ગામમાં એક છેડાથી બીજા છેડા સુધી આંટા મારવા કરે પણ કોને ત્યાં થાપણ લેવા જવું તે કાંઇ ન સમજાય. આવી વાત કોઇને કરે તો મૂરખ ગણશે, એ બીકે કોઇને પૂછે પણ નહિ. બપોર થયો ભૂખ પણ લાગી. લાંબો પંથ કરીને આવેલા એટલે થાકેલા પણ ખરા.

ગામ વચ્ચે એક વાણીઆની દુકાન. વાણીઓ સવારનો જોયા કરે કે આ છોકરાઓ અજાણ્યા

લાગે છે ને સવારના ગામમાં આંટા માર્યા કરે છે. લાવને પૂછું એને કોનું કામ છે? બિચારા થાકયા પાકયા લાગે છે. વાણીઆએ પાસે બોલાવીને પૂછયું; "તમારે કોનું કામ છે? સવારના હું તમને ફરતાં જોઉં છું"

ત્રણે મિત્રો કહે: "શેઠ, અમે આ ગામમાં થાપણ મૂકી છે. અમારે એ લેવા જવું છે પણ કયાં જવું એ સમજાતું નથી એટલે સવારના ગામમાં આંટા માર્યા કરીએ છીએ."

"કેમ કાંઈ ઠામઠેકાણું આપ્યું નથી?"

"અમે તો કાંઈ પૂછયું નથી ને એણે કીધું છે એમાં કાંઈ સમજાતું નથી."

એવું તે શું કીધું છે?"

"એક બેને પેટમાં દાંત હોય ત્યાં આવવા કહ્યું છે, પણ પેટમાં દાંત કાંઈ હોય? બીજાએ પેટમાં પાણી હોય ત્યાં આવવા કીધું છે પણ પાણી તો બધાના પેટમાં હોય ને? ત્રીજાએ વળી પેટમાં મૂછ હોય ત્યાં આવવા કીધું છે. હવે અમારે કોને ત્યાં જવું?"

વાણીઓ સમજુ હતો. છોકરાઓની મુશ્કેલી સમજી ગયો. એણે કહ્યું. "એમાં મુંઝાવાની જરૂર નથી. જુઓ અમારા આખા ગામમાં એક જ દાડમડી, એક જ નાળિયેરી ને એક જ આંબાનું ઝાડ છે. જેને પેટમાં દાંતનું કીધું છે તે જેના ફળિયામાં દાડમડી હોય ત્યાં જાય, જેને પેટમાં પાણીનું કીધું છે તે જેના ફળિયામાં નાળિયેરી હોય ત્યાં જાય, અને જેને મૂછનું કીધું છે તે જેના ફળિયામાં આંબો હોય ત્યાં જાય. જાઓ, તમારા પૈસા મળી જશે."

ત્રણે જણ ઉપડયા.

એક ગયો દાડમડીનું ઝાડ હતું ત્યાં ને કહ્યું: "બેન મારી થાપણ?"

"હા ભાઇ, તમારી થાપણ સોનામહોર જેવી પણ અત્યારે હું નવરી નથી. રાજા મરે ને પ્રધાન ગાદીએ બેસે ત્યારે આવજો."

છોકરો તો પડી ગયેલે મોઢે પાછો ફર્યો. ક્યારે રાજા મરે ને ક્યારે પ્રધાન ગાદીએ બેસે. આને તો થાપણ ઓળવવી લાગે છે."

બીજો ગયો નાળિયેરીવાળાને ઘેર ને કહ્યું: "બેન મારી થાપણ!"

હા ભાઇ, થાપણ સોનામહોર જેવી પણ અત્યારે હું કામમાં છું. લોઢાની થાળીમાં, સોનાની મેખ બેસે ત્યારે આવજો જાઓ."

એ છોકરો પણ પાછો ફર્યો ને મનમાં વિચારવા લાગ્યો. લોઢાની થાળીમાં સોનાની મેખ બેઠી કમાય ભાળી છે? પૈસા આપવા નથી એટલે ખોટા બાના કાઢે છે."

ત્રીજો ગયો આંબાવાળીને ત્યાં અને કહ્યું: "બેન મારી થાપણ!"

"હા ભાઇ, થાપણ દહીંદૂધમાં બોળીને લઇ જાઓ પણ અત્યારે મને વખત નથી. એમ કરો લાકડાને ઘોડે લોઢાના ચોકડા ચડે ત્યારે આવજો"

અને એ છોકરો પણ વીલું વીલું મોં લઇ પાછો ફર્યો. બધા ગામમાં એક જગ્યાએ ભેળા થયા ને પૂછવા લાગ્યા:

"કાં, થાપણ મળી!" સૌએ પોતપોતાની વાત કરી, પેલા વાણીઆની દુકાન પાસે આવ્યા. બધાનાં પડી ગયેલાં મોઢાં જોઇ

"લાકડાને બારણે લોઢાની સાંકળો અને સોગળો દેવાય છે."

વાણીઆએ પાસે બોલાવી પૂછ્યું : "કેમ ભાઈ, ઢીલા ઢીલા કેમ લાગો છો ? થાપણ મળી કે નહિ ?"

"ના રે ભાઈ, થાપણ તો અમારી એ.ળવી લાગે છે એટલે આપતાં નથી ને ખોટી ખોટી વાત કરે છે."

"કેમ ના પાડી આપવાની ?"

"ના તો નથી પાડી પણ ઈ ના પાડવા જેવું જ."

"શું કીધું ઈ તો વાત કરો."

"આ એક કહે કે રાજા મરે ને પ્રધાન ગાદીએ બેસે, ત્યારે આવજો. બીજી કહે લોઢાની થાળીમાં સોનાની મેખ બેસે ત્યારે આવજો. ત્રીજી કહે લાકડાને ઘોડે લોઢાના ચોકડા ચડે ત્યારે આવજો. આમાં છે કાંઈ થાય એવું ! ક્યારે રાજા મરે ને ક્યારે પ્રધાન ગાદીએ બેસે. એવું કોણ હોય કે લોઢાની થાળીમાં સોનાની મેખ બેસાડે અને ગાંડો હોય એ જ લાકડાને ઘોડે લોઢાના ચોકડા ચડાવે ને ! અમારા તો પૈસાના પૈસા ગયા અને ઉજાગરા એ વધ.ગનું."

વાણીઓ ચતુર હતો. એ તરત જ સમજી ગયો કે આ એનો આ છોકરાઓની બુદ્ધિની કસોટી કરે છે ને આને કાંઈ સમજણ પડતી નથી.

વાણીઓ કહે : "જુઓ ભાઈ, અમારા ગામમાં કોઈ કોઈની થાપણ ઓળવતું નથી. તમારી થાપણ તો મળશે જ. આ તો તમારી પરીક્ષા થઈ રહી છે. તમારી થાપણ તમને રાતના બાર વાગ્યા સુધીમાં મળી જશે સમજ્યા. જુઓ, હું કહું એમ કરો. આજે પૂનમ છે ને એટલે એક જણ સૂરજ આથમે ને ચાંદો ઉગે ત્યારે થાપણ લેવા જાય. સૂરજ રાજા અને ચાંદો પ્રધાન સમજી ગયા. બીજો દીવો થાય ને તરત જાય. લોખંડનો ડબો ને ઉપર પીળી પીળી દીવાની ઝાગ ઝગ મગતી હોય તે લોઢાની થાળીમાં સોનાની મેખ સમજ્યા અને ગામના દરવાજા બરાબર બાર વાગ્યે બંધ થાય છે ત્યારે લાકડાને બારણે લોઢાની સાંકળો ને ભોગળો દેવાય છે એટલે લાકડાને ઘોડે લોઢાના ચોકડા ચડયા કહેવાય. ત્રીજાએ દરવાજે બંધ થાય ત્યારે થાપણ લેવા જવું. જાઓ હવે ખાઈ પીને વિસામો લ્યો."

ત્રણે છોકરાઓ રાજી થતા થતા નદીએ ગયા અને ખાઈ પી ઝાડ નીચે સૂઈ ગયા.

સાંજ પડી. સૂરજ આથમ્યો ને ચાંદો ઉગ્યો એટલે પેલો છોકરો તો ઊપડયો થાપણ લેવા ને કહ્યું :

"બેન મારી થાપણ !"

"હા ભાઈ, લઈ જાઓ." એમ કહી એણે પૈસા આપી દીધા.

દીવા વખત થઈને બીજો છોકરો ઉપડયો ને કહ્યું : "બેન, મારી થાપણ !"

"હા ભાઈ લઈ જાઓ." એમ કહી એણે પણ પૈસા આપ્યા.

બારના ડંકા પડયા ને ગામના દરવાજા ધડાધડ બંધ થઈ ગયા. ત્રીજો છોકરો ઝડપ કરતો બેઠો થયો ને બારણું ઉઘડાવી કહ્યું : 'મારી થાપણ !'

"હા ભાઈ લઈ જાઓ. એમાં કાંઈ ના પડાય છે. તમારી થાપણ મોના મનોરંજ્ઞ. હવે દ્રમમાં બોળીને લઈ જાઓ." એમ કરી એણે પૈસા આપી દીધા. ત્રણે ભાઈઓ રાજી થયા અને વાણીઆનો ઉપકાર માની પોતાને ગામ જવા નીકળ્યા.

## વાંદરાનું વાહન શોધી કાઢો

આ વાંદરાભાઈ શેના ઉપર સ્વારી કરી બેઠા છે તે તમારે જાણવું હોય તો, એકથી તે બેંતાલીશ ટપકાં જોડો એટલે ખબર પડી જશે

# 'બપોરનો મદારી'

ચિત્રકાર :                                                       : શ્રી. રવિશંકર પંડિત

# સાલની શુભેચ્છા

અમારા માનવંતા ગ્રાહકો, શુભેચ્છકો, સહાયકો, સ્નેહીઓ અને સંબંધીઓને દિવાળીની શુભેચ્છા દર્શાવીએ છીએ તથા નવી સાલમાં સહુને સંપત્તિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય એમ પ્રાર્થીએ છીએ.

# લે. નારાયણ ડાહ્યાભાઈની કંપની

## લોખંડ, સ્ટીલ તથા હાર્ડવેરના વ્યાપારી

કરનાક બંદર, લોખંડ બજારમાં, મુંબઈ.

ટેલીફોન નં. ૨૦૫૬૯ (ઓફીસ) ૯૯૩૩૫ (રહેઠાણ) ટેલીગ્રામ "કર્મવીર" Karmavir

### અમારે ત્યાંથી

બીલ્ડીંગને લગતી હાર્ડવેરની સામગ્રીઓ જેવી કે તારખીલા, ચપટા ખીલા, સ્ક્રુ, કાનસો વિગેરે હોલસેલના ભાવે મળે છે.

કૂતરાને તે કાંઇ ગણતરી કરતાં આવડે? તમે કહેશો ના, પણ ચંપુના ચ્યાંઉને તો સડસડાટ ગણતરી કરતાં આવડે છે! ચંપુએ ચ્યાંઉને એ કેવી રીતે શીખવ્યું તેની આ વાત છે અને તેના લખનાર છે 'ગાંડીવ'ના તંત્રી વિભાગમાં કામ કરતા શ્રી. ખંડેરાવ પવાર. વાંચો અને તમે કૂતરો પાળ્યો હોય તો તેને પણ આ રીતે કેળવો.




ચંપુને ગલુડિયાં ઘણાં વહાલાં લાગતાં. તેથી તેણે પોતાના મહોલ્લામાંની કૂતરીનું એક ગલુડિયું પાળ્યું. તે તદ્દન નાનું તેથી તે ભૂખ્યું થાય ત્યારે 'ચ્યાંઉ' 'ચ્યાંઉ' કરે. તેથી ચંપુએ તેનું નામ 'ચ્યાંઉ' પાડયું.

ચ્યાંઉ 'ચ્યાંઉ ચ્યાંઉ' કરે કે તેને દૂધ પાય – પેટ ભરાય ત્યાં સુધી પાય. તેની બેઠક રાખેલી પહેલા માળની બારી આગળ. ગાદીવાળી ખુરશીથી ઉપર એટલે તેની નજર બારી બહાર પડે. રસ્તે આવતાં જતાંની નજર તેની ઉપર પડે.

ચ્યાંઉ દેખાવડું યે બહુ. તેના કપાળ વચ્ચે કાળું ઊભું ટીલું, બે કાન અડધા કાળા અને પૂંછડી છેડેથી અડધી કાળી. તેની પીઠની ઉપર વચલે ભાગે કાળા વાળ પથરાયેલા. જાણે પીઠ પર કાળું જીન–ઘોડાની પીઠ પર નાખેલું હોય, બસ તેવા ઘાટનું–સહાયને માટે શણગારી રાખેલું ન હોય!

તેની સુંદરતા એટલી તો આકર્ષક કે જતાં આવતાં તેને બેઘડી જોયાં કરે!

ચંપુ ચ્યાંઉને નવું નવું શીખવે. ચ્યાંઉ ઝટ શીખી પણ જાય. ચંપુ શિખવવે ખંતીલો ને ચ્યાંઉ શીખેલું યાદ રાખવે ખંતીલો. ચંપુએ તેને શીખવી શીખવીને પાકો ગણતરીબાજ બનાવ્યો.

એ વાત ચંપુના મિત્રોએ જાણી. તેમને ચ્યાંઉની પરીક્ષા કરવાનું મન થયું અને સૌ ભેગા મળી, ગયા ચંપુને ઘેર.

મટુ કહે: "ચંપુ, તારો ચ્યાંઉ સાચ્ચી ગણતરી કરી બતાવે છે, ખરી વાત?"

ચંપુ કહે: "હા, ખરું છે."

મટુ કહે: "તો અમે અહીં કેટલા જણ આવ્યા છીએ તે એ કહેશે?"

ચંપુ કહે: "કહેશે, કેમ નહિ કહે? એ તેટલીવાર ભસી બતાવશે."

કનુ કહે: 'એમ? બોલાવો ચ્યાંઉને જોઉં."

ચંપુએ 'ભલે,' કહી 'ચ્યાંઉ, ચ્યાંઉ' કહી ચ્યાંઉને હાંક મારી. ચ્યાંઉ દોડતો ચંપુ પાસે આવી ઊભો, પૂંછડી પટપટાવવા લાગ્યો ને ચંપુ સામે જોઇ રહ્યો. જાણે હુકમ સાંભળવા તત્પર હોય ને!

ચંપુના મિત્રો આવ્યા હતા સાત.

ચંપુની સામે જોઇ રહેલા ચ્યાંઉ સામે ચંપુએ જોયું કે તરત જ ચ્યાંઉએ ભસવા માંડયું. તે બરાબર સાત વાર ભસ્યો કે તરત જ ચંપુએ નજર ખસેડી કનુને કહ્યું: "કેમ, બરાબર છે ને? સાત વાર ભસી બતાવ્યું ને?"

મટુ નવાઇ પામીને કહે: "હા યાર, તમારો ચ્યાંઉ તો પાકો ગણતરીબાજ!"

કનુ કહે: "તારો ચ્યાંઉ તો ગજબનો અજબ!"

મટુ કહે: "પણ ભાઇ ચંપુ, તમે ગણતરી કરતાં એને શીખવ્યો શી રીતે?"

કનુ કહે: 'હા અલ્યા, એ પણ જાણવા જેવું છે."

મટુ કહે: 'જાણવા જેવું શું, એ તો શીખવા જેવું છે. મૂંગા પ્રાણીને શિખવવું એ કંઈ નાનુંસૂનું કામ નથી.

ચંપુ કહે: 'ખરૂં છે ભાઈ, એમાં બુધ્ધિ, ખંત ને ધીરજ જોઈએ. મેં કેવી રીતે ગણી બતાવતાં ચ્યાઉંને શીખવ્યું તે સાંભળો.”

પહેલાં તો મારી મરજી પ્રમાણે ભસતાં શીખવ્યું. જ્યારે એ ભૂખ્યો થતો, ત્યારે વાડાના ઉંબરા બહાર હું એનું ખાવાનું મૂકતો ને ઘરમાં અંદરની બાજુએ એને સાંકળ વતી બાંધી રાખતો., તે એને મૂકેલો ખોરાક જુએ, પણ ત્યાં એનાથી પહોંચાય નહિ. ભૂખ તો એને કકડીને લાગી હોય અને ખોરાકને પહોંચાય નહિ! ત્યાં પહોંચવા ખૂબ ખેંચાખેંચ કરે, પણ કંઈ સાંકળ તૂટે?

પાછલા બે પગ પર ઊભો યે થઈ જાય અને આગલા બે પગ હલાવી જાણે “આવ, આવ” કરે, પણ એમ તે કંઈ ખોરાક તેની પાસે આવે? અંતે થાકે અને ખૂબ ખીજવાય ત્યારે જોર જોરથી ભસે. મારો હેતુ એને ભસતાં શીખવવાનો હતો એટલે તે ભસે કે તરત તેની સાંકળ છોડી નાખતો. પછી ચ્યાઉં ભાઈ એક છલંગે ખોરાક પાસે પહોંચી જઈ તેને ચપાટી જતો.

પણ મારે તેને 'ભસ' શબ્દની તેના કાનને ટેવ પાડવી હતી, તેથી તેની સામે તેનો ખોરાક મૂકતો. ત્યારથી તે ભસે ત્યાં સુધી વારંવાર 'ભસ, ભસ' એમ મારે બોલ્યા કરવું પડતું, ને તેની સામે જોયા કરવું પડતું.

એક દિવસ તો મેં ચ્યાઉંને અડધો જ ખોરાક મૂકયો. મેં કહ્યું: “ભસ.” તે મારી સામે જોઈ ભસ્યો પણ ખરો, એટલે તેને છૂટો કર્યો. તેણે મૂકેલો ખોરાક ખાધો, પણ અડધે ખોરાકે કંઈ તેનું પેટ ભરાય? પાછો તે મારી સામે જોઈ ભસ્યો. એટલે મેં તરત જ બીજો અડધો ખોરાક મૂકી દીધો.

આથી ચ્યાઉંને ભાન થતું ગયું કે મારી સામે જોઈ ભસવાથી ખાવાનું મળે છે.

પછી તો ખાવાનું લાવ્યા સિવાય હું એને બોલાવું કે તરત દોડતો તો આવે, પણ ખોરાક મળે નહિ, એટલે એ મનમાં ને મનમાં સનનમી રહે. એ મારી સામે જોયા કરે; પણ હું એની સામે જોઉં જ નહિ. તેમ તેમ એને અકળામણ થાય. પણ, મારી નજર એની નજર સામે મેળવું કે બસ થઈ રહ્યું. તરત ભસવા જ મંડી જાય. જ્યાં સુધી મારી નજર એની નજર સામેથી ફેરવાય નહિ ત્યાં સુધી એ 'ભસ, ભસ' કર્યા જ કરે. નજર ફેરવું તો જ ભસતો બંધ થાય. પણ એટલું ખરૂં કે પછી એને કંઈ ને કંઈ ખાવાનું આપવું પડે.

જ્યાં સુધી હું એની સામે જોઉં નહિ—અમારી બંનેની નજર એકબીજા સામે મળે નહિ ત્યાં સુધી એ જરાય ન ભસે. આટલે સુધી તો મેં એને કેળવ્યો છે.

આજે તમે સાત જણ આવ્યા એટલે ચ્યાઉંને બોલાવી મેં એની સામે જોયું. એ સાત વાર ભસ્યો ત્યાં સુધી મેં એની સામે જોયા કર્યું. પછી તરત, મેં મારી નજર ફેરવી એટલે એ ભસતો ચૂપ રહી ગયો.

કોઈ પણ વસ્તુ એની પાસે ગણાવવી હોય તો હું એની સામે જોઉં એટલે એ ભસવા માંડે. જેટલી વસ્તુ હોય તેટલી વાર મારી સામે જોઈ ભસે કે તરત મારી નજર ફેરવી લઉં એટલે એ ભસતો બંધ પડી જાય.

“કેમ, છે ને મારો ચ્યાઉં પાકો ગણતરીબાજ?”

ચંપુની વાત સાંભળી સૌ મિત્રો નવાઈ તો પામ્યા જ, પણ પોતપોતાના કૂતરાને કંઈ ને કંઈ શિખવવાના ઉમંગમાં ને ઉમંગમાં પોતપોતાને ઘેર જવા ઉપડયા.

ચંપુએ સૌને પાછા બોલાવ્યા અને કહ્યું કે મેં ચ્યાઉંને ગણતાં કેળવ્યો તેથી મને એક મોટો લાભ થયો એ વાત તમારે સાંભળવા જેવી છે. સાંભળો:

ચ્યાઉં મારી સાથે તો હળી ગયો હતો જ, પણ મારા ઘરનાં સર્વ સાથે હળી

ગયો હતો. એક વાર મારા બાપુજી ગામ જવાના હતા. સાથે ચ્યાંઉને પણ લઈ જવાના હતા. મેં કહ્યું: "ભલે લઈ જાઓ, પણ સંભાળજો."

બાપુજીએ પોતાની ને ચ્યાંઉની ટિકિટ કઢાવી. આગગાડી રેલમથકે ક્યારની આવી ચૂકી હતી, તેથી બાપુજી આગગાડીમાં બેસી જઈ ચ્યાંઉને અંદર લેવા જાય છે એટલામાં ગાડી ઊપડી ગઈ! આગગાડી હતી વીજળીની તે તો સડસડાટ જ ઊપડે ને? ચ્યાંઉ પડ્યો એકલો, આભો બની ગયેલો. તેને એક શેઠિયાએ જોયો. જોતાં શેઠિયાને ચ્યાંઉ ગમી ગયો. પછી તો તે ભાઈ સાહેબ ચ્યાંઉને ઉપાડી પોતાની મોટરમાં લઈ બેઠા, અને સીધા ઘેર પહોંચી ગયા.



'ચ્યાંઉને ભાન થતું ગયું કે મારી સામે જોઈ ભસવાથી ખાવાનું મળે છે.'

બીજે દિવસે બાપુજી આવ્યા ત્યારે મને ખબર પડી કે ચ્યાંઉ ખોવાયો છે. પછી તો હું ને બાપુજી આખા શહેરમાં તેને ખોળી વળ્યા, પણ પત્તો નહિ જ લાગ્યો!

આમ બેએક મહિના વીતી ગયા. હું એક દિવસ શહેરના ધોરી માર્ગ પર થઈ જતો હતો. તેવામાં કોઈ શેઠિયાની મોટરમાં ચ્યાંઉને અછડતો જોયો. મને હિંમત આવી. હું તે મોટરની પાછળ "મોટર ઊભી રાખો, મોટર ઊભી રાખો" એમ જોરજોરથી બૂમ પાડતો દોડ્યો. મારી બૂમ સાંભળી સડક પર ઊભેલા પોલીસે મોટર અટકાવી.

મેં અંદર બેઠેલા શેઠિયાને અને ચ્યાંઉને જોયા. મેં શેઠિયાને નમ્રતાથી કહ્યું: "મહેરબાન, આ કૂતરો મારો છે, મને સોંપી દો."

આ સાંભળી પોલીસ અને શેઠિયો મારી સામે જોઈ રહ્યા.

શેઠિયાએ મને ધમકાવીને કહ્યું: "જા, જા, તારા જેવા ગળેપડુ ગોકળદાસ બહુ જોયા."

મેં શેઠિયાના ઘણાયે કાલાવાલા કર્યા, પણ તેણે તો મને ગણકાર્યો જ નહિ!

મેં પોલીસને કહ્યું: "મારી વાત સાચી છે, છતાં આ શેઠિયો એના પૈસાના તોરમાં મારો કૂતરો આપતો નથી. માટે તમે એ શેઠિયાનું નામઠામ ને મોટરનો નંબર લખી લો. મારે એના પર ફરિયાદ માંડવી છે. તમાસાને કંઈ તેડું હોય? જતા આવતાં સૌ ટોળે મળ્યા. પણ હું જે કહું તેને સૌ હસી જ કાઢે. કેટલાક તો એમ પણ બોલતા હતા કે આ છોકરો તો ગાંડો દેખાય છે. લોકો પણ કેવા? પૈસાદારની ખોટી વાત ખરી માને ને મારા જેવા ગરીબની સાચી વાત ખોટી માને! પોલીસ એટલો ડાહ્યો કે શેઠિયાને અષ્ટમપષ્ટમ સમજાવી તેનું નામ ઠામ વગેરે લખી લીધું.

ઘેર આવી મેં બાપુજીને વાત કરી. તેમણે પણ શેઠિયા પર કેસ કરવાની હિંમત આપી ને મેં ન્યાય માગવા અદાલતે અરજ કરી પણ.

ઠરાવની તારીખે હું અને પેલો શેઠિયો અદાલતમાં હાજર થયા. અદાલતે શેઠને ફરમાવ્યું હતું કે જે કૂતરાની બાબતમાં તકરાર છે તે કૂતરા સાથે હાજર થવું. તેથી ચ્યાંઉં પણ ત્યાં આવ્યો હતો.

ચ્યાંઉંએ મને જોતાંની સાથે જ પૂંછડી હલાવવા માંડી ને મારી પાસે આવવાને ફાંફાં માર્યાં. પણ સાંકળે બાંધેલો છૂટે ત્યારેને ?

મેં ન્યાયાધીશને કહ્યું : "જુઓ સાહેબ, આ કૂતરો કોઈની સામે ન જોતાં મારી સામે જોયા કરે છે ને મને જોઈ રાજી થયા બદલ પૂંછડી હલાવે છે. માટે એ કૂતરો મારો છે."

ન્યાયાધીશ કહે : "કૂતરાની જાત ગમે તેની સામે જુએ, એટલે કંઈ તેનો થઈ જાય? એ ન મનાય. કોઈ ચોકસ પુરાવો રજૂ કરો."

મેં કહ્યું : "સાહેબ, એ કૂતરાને સાંકળથી છૂટો કરાવો. પછી હું મારો પુરાવો આપીશ."

ન્યાયાધીશે કૂતરાને છૂટો કરાવ્યો. ચ્યાંઉં છૂટો થતાં વેંત જ દોડી આવ્યો મારી પાસે અને પાછલા બે પગે ઊભો થઈ મને વળગી પડયો !

ન્યાયાધીશ અને ત્યાં બેઠેલા સૌને લાગ્યું જ કે ખરેખર આ કૂતરો આ છોકરાનો જ છે !

મેં કહ્યું : "સાહેબ, આટલો પુરાવો બસ નહિ હોય તો બીજો પુરાવો આપું."

ન્યાયાધીશની આમ ખાતરી તો થઈ જ ગઈ હતી, છતાં હું બીજો પુરાવો આપવા તૈયાર છું, એ જાણી તેમણે મારી પાસે બીજો પુરાવો માંગ્યો.

મેં સાહેબને સમજાવ્યું કે હું એને જે પૂછીશ તેનો જવાબ એ તેટલીવાર ભસીને આપશે.

પછી મેં મારી યુક્તિ પ્રમાણે ચ્યાંઉં જોયું ને પૂછયું : "ચ્યાંઉં, કહે. આ ટેબલને કેટલા પાયા છે ?"

ચ્યાંઉં ભસ્યો નહિ મને ધ્રાસ્કો પડયો કે આટલા દિવસના ગાળામાં એ ભૂલી ગયો કે શું.

મેં ફરી એની નજર સાથે નજર મેળવી એનું એ જ પૂછયું એટલે એ બરાબર ચાર વાર ભસ્યો. એ સાંભળી સૌ ખડખડાટ હસી પડયા. પછી મેં પૂછયું : "ન્યાયાધીશ સાહેબના જમણા હાથને કુલ કેટલાં આંગળા છે ?"

ચ્યાંઉં બરાબર પાંચ વાર ભસ્યો. પછી મેં પૂછયું એ જ સાહેબને ડાબે હાથે કેટલા અંગૂઠા છે ? તે પણ બરાબર એકવાર જ ભસી બતાવ્યું.

ન્યાયાધીશે કહ્યું : "બસ, બંધ કર, તારો પુરાવો સચોટ છે. અને આ કૂતરો તારો જ છે. માટે શેઠિયા, આ સાંકળ સાથે આ કૂતરો એને હવાલે કરો."

શેઠિયાએ સાંકળ આપી ને હું ચ્યાંઉંને બાંધી રસ્તે પડયો.

થોડી વાર પછી એ જ શેઠિયાની મોટર મારી પાછળ આવી.

મને બોલાવી મોટર ઊભી રાખી મને તથા ચ્યાંઉંને મોટરમાં બેસી જવા કહ્યું.

મેં કહ્યું : "ના, મારા પગ સલામત છે."

શેઠે કહ્યું : "મેં તને હેરાન કર્યો તે માટે હું દિલગીર છું."

મેં કહ્યું: "હું પણ એટલો જ દિલગીર છું કે એક કૂતરાને ખાતર તમારા જેવા શેઠિયા જૂઠું બોલે છે."

શેઠે કહ્યું : "હવે એ વાત નાંખ કોથળે. હું તને વિનવીને કહું છું કે મારે પણ કૂતરો પાળવો છે. તેને તું તારા કૂતરાની જેમ કેળવી આપશો ?"

મેં કહ્યું : "પાળો તો ખરા, જોયું જશે."

'રોબીન'ની
સર્વોત્તમ
પીપરમીંટ
બોઈલ્ડ ગુડ્સ
ટોફીઝ
જુજબ્સ
સર્વશ્રેષ્ઠ
બનાવટોના
ઉત્પાદકો
માર્શ મેલો
ચુઈંગ ગમ
ઑલ સ્ટાર લાઈન્સ
લોઝેન્જીસ
પેન ગુડ્સ
ધી
રોબીન
કન્ફેકશનરી મેન્યુફેકચરીંગ કંપની
૧૧૪-૧૧૬, ખાંડ બજાર મુંબઈ-૩.
ટેલીફોન: ૨૦૦૦૪ તથા ૭૧૨૮૦

આકૃતિમાં ટપકાવાળી લીટી દોરી છે તે ભાગ કાપી નાખો એટલે આ. નં. ૨૮ પ્રમાણે થશે. હવે આ. નં. ૨૮ માં ટપકા કરીને બતાવી છે તે જગ્યાએ બોખું ચીટકાવી દો અને તેજ પ્રમાણે આ. નં. ૨૯ માં બતાવ્યા પ્રમાણે બીજી બતક ચીટકાવી દો અને તેને પણ તમારા મનગમતા રંગો વડે રંગી નાખો. આવી રીતે આ. નં. ૨૯ માં બતાવ્યા પ્રમાણે તમને જોઇએ તેટલાં ૪, ૫, ૬ જોડકાં બનાવી દો. હવે આ. નં. ૩૦ માં બતાવ્યા પ્રમાણે આઠથી દશ ઇંચના (વ્યાસ) માપનું એક ગોળ પૂંઠું લો અને આ. નં. ૩૧ માં બતાવ્યા પ્રમાણે પૂંઠાના માપ કરતાં અડધો ઇંચ વધારે હોય એવો તમને મનપસંદ કાગળ લો. હવે પૂંઠા પર લાહી લગાડી તે કાગળની પછવાડેનો ભાગ તેની હદ સુધી લગાડી દો ત્યારપછી આ. નં. ૩૨ માં બતાવ્યા પ્રમાણે (અડધા ઇંચનો વધારાનો ભાગ છે તે) તેના પર એ જ આકૃતિમાં ડાબી બાજુ પર બતાવ્યું છે તે પ્રમાણે કાતર વડે કાપા મૂકી જાવ. ત્યાર પછી તેને લાહી લગાડી એ જ આકૃતિમાં જમણી બાજુ પર બતાવ્યું છે તે પ્રમાણે વાળીને ચીટકાવી દો અને તેને ઊંધું કરીને આગળના ભાગમાં આ. નં. ૩૩ માં બતાવ્યા પ્રમાણે ૬ (અથવા ચાર, પાંચ, જેટલાં ખોખાં લેવાં હોય તેટલાં) ખોખાંની જગા નક્કી કરો અને વચમાં કાણું પાડો. ત્યાર પછી આ. નં. ૩૪ માં બતાવ્યા પ્રમાણે પ્લાસ્ટીકની વાડકી અથવા માટીનું નાનું કુંડું લઇ તેને વચમાં કાણું પાડો. (માટીના કુંડાને ભીનું કરવાથી કાણું સહેલાઇથી પાડી શકાશે) જો આ બેમાંથી એક પણ ન બની શકે તેમ હોય, તો આ. નં. ૩૫ માં બતાવ્યા પ્રમાણે ૬ ઇંચના માપનું એક ચોરસ પૂઠું લઇ તેમાં બે બે ઇંચના ખાનાં પાડો. હવે આ. નં. ૩૬ માં બતાવ્યા પ્રમાણે દરેક ખૂણા પરથી એક એક ઇંચ જગા છોડીને એ જ આકૃતિમાં કાળો રંગ ભરેલો છે તે ભાગ કાપી નાંખો એટલે તે આ. નં. ૩૭માં બતાવ્યા પ્રમાણે તૈયાર થશે. હવે આ. નં. ૩૭ માં બતાવેલી ટપકાંવાળી લીટી પર ચપ્પુ ફેરવીને પૂંઠાને તેની ઉંધી બાજુ પર વાળો અને તેના બે બાજુ પરના સાંધા ભેગા થાય તે રીતે આ. નં. ૩૮ માં બતાવ્યા પ્રમાણે કુંડા જેવો આકાર તૈયાર કરો. અને તેના ચાર સાંધાઓને તે જ આકૃતિમાં બાજુએ બતાવી છે તેવી બ્રાઉન પેપરની પટ્ટી લઇ ચોંટાડી દો અને તેના પર તમને મનગમતા રંગથી રંગો અથવા કોઇપણ કાગળ કુંડાના આકાર પ્રમાણે કાપી ચીટકાડો એટલે આ. નં. ૩૯ પ્રમાણે તૈયાર થશે. આ રીતે તૈયાર થયા પછી વચમાં કાણું પાડો.

હવે આ. નં. ૪૦ માં બતાવ્યા પ્રમાણે 'આયલેટ' (જો શક્ય હોય તો) આ. નં. ૩૩ અને ૩૯ માં કાણાં પાડયાં છે ત્યાં લગાડી દો. હવે આ. નં. ૩૩ માં બતાવ્યા પ્રમાણેની જગ્યાએ આ. નં. ૨૯ પ્રમાણે તૈયાર કરેલા જોડકાં ચોંટાડી દો અને તેને આ. નં. ૩૯ માં તૈયાર કરેલી બેઠક ઉપર મૂકી બે કાણાં ભેગાં કરી આ. નં. ૪૧ માં બતાવ્યા પ્રમાણે પેપર ફાસનર (બે પાંખિયાવાળી પીન) લઇ ઉપરથી નાંખીને બેઠકની અંદરના ભાગમાં બે પાંખિયા પહોળાં કરી નાંખો. એટલે આ. નં. ૪૨ માં બતાવ્યા પ્રમાણે ફરતી પાનદાની તૈયાર થશે.

## મારી હોડીમાં ફૂલ

જોને પેલા ઝરણાં વહી વહી જાય
ઓ...રે...ધીમા વહો ગીત ગૂંજી ગૂંજી.
મૂકયા કાગળની હોડીમાં ફૂલો ગૂંથી;
ફૂલોને લઇ ચાલો અવનવા દેશ,
નવલા કો દેશ
તમે ધીમા વહો ગીત ગૂંજી ગૂંજી.

તીરે તીરે ડોલે તરૂવર અધીર,
મારી ફૂલોની હોડીને નમતાં લગીર;
મંદ મીઠો વહે મંદ હસતો સમીર,
નાચે હોડી ને નીર
તમે ધીમા વહો ગીત ગૂંજી ગૂંજી.

મારી હોડી તરે એવા સપનાનાં દેશ,
જ્યાં રમતાં સૌ ખેલ, કોઈ મનમાં ના મેલ;
એવા પ્રેમના એ દેશ વહે હોડી ને ફૂલ,
તરે હોડીમાં ફૂલ
તમે ધીમા વહો ગીત ગૂંજી ગૂંજી.

કુ. આરતી શુકલ

અમારા ગ્રાહકો, સ્નેહીઓ
અને મીઠાઈરસિક જનતાને

# દિવાળી મુબારક

શુભ
અવસરોએ મહેમાનો
અને મિત્રોનાં મનની મીઠાશને પણ
વધુ મીઠી કરે અને મીજલસો તથા
મહેફીલોમાં મનોરંજનની હેલી ચઢાવી
દે તેવી મીઠાઈઓ અને સાથે નવા
વરસની ઉષાના ઉદયનો અનેરો ઉલ્લાસ ઉપજાવે તેવો અવનવો,
અનેરો આઇસ્ક્રીમ

## આ બન્ને માટે નીચેના સ્થળની મુલાકાત લ્યો

અણીશુધ્ધ ઘીની
**માદક મીઠાઈઓ**
એ
'આદર્શ'ની
આદર્શ સિધ્ધિ છે
અને વિવિધ પ્રકારની
મીઠાઈઓ મળી શકશે

તેમજ

મીઠાઈઓને
પણ ઓપ
આપે તેવો
સાથે
**મધુ**
આઇસક્રીમ એક અનેરી
લહાણ અને લીજ્જત છે

આપના ઓર્ડરો અગાઉથી નોંધાવો

# આદર્શ મીઠાઇ મંદિર

નાના ચોકને નાકે
૩૦૯, તારદેવ રોડ, મુંબઈ, ૭


ભીમભાઈ
નાં પરાક્રમ
ભીમભાઈ આ શું છે?
આને પેલા ભારકસને પાઠ ભણાવવો છે તમે તમારે જોયા કરો!
લે ખાતો જા તારા માટે ખાસ છે!
એ ગયો!!
ભીમભાઈ દોડો... દોડો!
ભીમભાઈ ભૂસકો મારો!


વાહ! વાહ!
ભીમભાઈ— ઠોકો, એને!
જો જો એની મજા હવે!
વાહ રે...ભીમભાઈ!
લેતો જા તોફાની!
હિંમત રાખો! ભીમભાઈ!
ચાલો, આપણે ઘેર જઈએ! ભીમંભાઈ!

પોષક તત્ત્વવાળા
ખોરાકની તંગીના
સમયમાં
સ્વાદિષ્ટ—શક્તિવર્ધક

# ઝંડુ
# કેસરીજીવન

વાપરી
શરીર અને મગજ
સશક્ત રાખો

ધી ઝંડુ
ફાર્માસ્યૂટીકલ વર્કસ લી.
મુંબઈ નં. ૧૪

દુકાન: ભાટિયા મહાજનવાડી, કાલબાદેવી રોડ, મુંબઇ ૨



દોસ્તો !

હું નથ્થુભાઇ! હમેશાં
"પસનલ" ની

# ટોફી

અને

# પીપરમીન્ટ્સ

ખાઉં છું–તમે પણ ખાઓ–
બહુજ મઝાની છે.

બનાવનાર–
પસનલ પ્રોડક્ટસ

વિલેપાર્લે
[illegible] એજન્સી
૩૮૨–૮૪, મથાબજાર, મુંબઇ ૯



૨૫ વર્ષોથી વપરાતી બાળકોના
દરેક દર્દો માટે
સર્વોત્તમ

# બાળસાથી

બાળકોની
વરાધ-વાવળી, સસણી,
તાપ, હાંફરો, ઉધરસ, રતવા,
આંચકી. પેટ ચઢવું વી. તમામ
દર્દો ખાત્રીબંધ મટાડે છે.

દરેક દવાવાળા બાળસાથી વેચે છે.

મળો અથવા લખો:
વૈદ્ય જગાભાઈ પી. જી. વરાધ ઑફિસ નડીઆદ

આપણે આપણા જાનમાલનું રક્ષણ કરવા માટે બુધ્ધિના પ્રતાપે અનેક હથિયારો બનાવ્યાં છે અને બીજી વ્યવસ્થા કરી છે. પ્રાણીઓમાં પણ એકબીજા પર ભય ઝઝૂમે છે રક્ષણ માટે કુદરતે તેમને પણ સાધનો આપ્યાં છે. શરીરનો એકાદ ભાગ— શિંગડાં, પગ, વાળ અને રંગ તેમનાં રક્ષણનાં સાધનો છે. પ્રાણીઓ પોતાનું રક્ષણ કેવી રીતે કરે છે તેની રસિક વાતો લખી મોકલી છે, શ્રી. શિવુભાઈ ત્રિવેદીએ. બાળકો માટે સરળ અને સહેલી ભાષામાં આવા માહિતી ભરપૂર લેખો લખવા માટે તેઓ જાણીતા છે.

# પ્રાણીઓ પોતાનું રક્ષણ કેવી રીતે કરે છે?

: લેખક :
શ્રી. શિવુભાઈ ત્રિવેદી

**મા**ણસ માણસનો વેરી હોય છે. વેરીને હરાવવા, હણવા અને જાનનું રક્ષણ કરવા માણસે બુધ્ધિના પ્રતાપે તલવાર, ભલો, બરછી અને તીર જેવાં હથિયારો બનાવ્યાં છે. દારૂગોળો અને એટમ-બૉમ્બ જેવાં દારુણ શસ્ત્રો શોધ્યાં છે.

પ્રાણીઓમાં પણ એક ઉપર બીજાનો ભય ઝઝૂમે છે. તેમને ખોરાક મેળવવા માટે અને જાનનું રક્ષણ કરવા માટે લડવું પડે છે. આ માટે કુદરતે તેમને સાધનો આપ્યાં છે. શરીરનો એકાદ ભાગ હથિયાર તરીકે કામ આપે છે. દાંત, શિંગડાં, પગ, વાળ અને શરીરના રંગ તેમના સંરક્ષણનાં સાધનો છે.

બીજો ભય ઘાતકી પશુઓનો છે. ઘાતકી પશુઓ માંસભક્ષક છે. તેઓ ઘાસ ખાનારાં અને ઉંદર, ખિસકોલી જેવાં કોતરી ખાનારાં પ્રાણીઓ ઉપર જીવે છે. વિજ્ઞાનીઓ કહે છે કે તેમની સંખ્યા અંકુશમાં રાખવા કુદરતે આવી યોજના કરી છે.

❋

આથી ઘાસ ખાનારાં પ્રાણીઓ અને હિંસક પશુઓ જેવાં કે સિંહ, વાઘ, દીપડા, ચિત્તા, વરુ, રણશિયાળી, લોંકડી, રીંછ, ઝરખ વગેરે વચ્ચે કાયમનો વેરભાવ છે. શિકારને શિકારીનો તો ભય રહે જ ને! શિકારીમાં ચતુરી બળ સામનો કરે એવાં પણ છે. તેમના રક્ષણનું સાધન શિંગડાં અને પગ છે. ચોપગાં પ્રાણીઓને શિંગડાં બેયોનેટ જેવાં છે. તેનાથી પોતાનું રક્ષણ કરે છે.

શિંગડાંથી પ્રાણી ભપકાદાર અને ભયાનક પણ લાગે છે. તે પોલાં હોય છે માથા ઉપરના નાનકડા હાડકા ઉપર ટોપી જેવાં આવેલાં છે. નહોર અને આંગળીના નખ જેવા બનેલા છે તેનાં બનેલાં છે. ખરાં શિંગડાં તો જંગલી ભેંસોના અને પાડાના. તે દુશ્મનના પાંસળે અને હુમલો કરવાનું પણ કામ કરે. સિંહ-વાઘના પેટમાં અણીદાર શિંગડાં ખોસી દઈ તેના પ્રાણ હરે.

## પ્રાણીઓને રક્ષવાની કુદરતની અજબ યોજના!

ખોરાક માટે પ્રાણીઓ પણ માણસોની પેઠે આપસઆપસમાં લડે છે. ખોરાક પડાવી લેવા માટે કૂતરાં, બિલાડાં અને કૂકડાને લડતાં આપણે ક્યાં નથી જોતાં? આ રીતે ભૂખ સમાવવા માટે બીજાં પ્રાણીઓ પોતાની જાતનાં સાથે લડે છે કોઈવાર તો લડતમાં ખરો રંગ જામે છે. જાણે કે બે યોધ્ધાઓ આખડી પડ્યા. આમાં બીજાને મારી નાંખવા સુધી વાત જતી નથી. બેમાંથી એક જણ નમતું આપે એટલે લડાઈ બંધ થાય છે.

અને સાહસ છે તો શિકારમાં જીવ બચાવવા માટે કુદરતે આપેલાં સાધનો છે.

જીવ બચાવવાનું સૌથી સરળ સાધન તો દોડી જવાનું છે. ઘાસ ખાનારાં ઘણાંખરાં પ્રાણીઓ ભારે ઝડપથી દોડી જીવ બચાવે છે. સસલાં, હરણ અને ઘોડા આમ દોડનારાં પ્રાણીઓ છે. જીવ ઉપર આવી પડે ત્યારે બકરાં, ભેંસ, ડાંગર જેવાં કદાંગાં પ્રાણીઓ પણ ઝડપથી દોડે છે.

દોડી જનારાં પ્રાણીઓમાં પોતાક ભય નજદીક આવી પડે ત્યારે

ઢોરના ટોળા ઉપર સિંહ તૂટી પડે ત્યારે મોટાં અને સશક્ત ઢોર ગોળાકારમાં ગોઠવાઇ જઇ નાનાં અને નબળાં ઢોરોને વચમાં રાખે છે. ઢોર માથાં નીચાં, રાખી હુમલાનો સામનો કરવાની તૈયારી રાખે છે. મજબૂત શિંગડાંની હરોળમાં નાનાં ઢોર સહીસલામત રહે છે.

જીવ બચાવવાનું બીજું સાધન સંતાઇ જવાનું છે. સસલાં દરની નજીકમાં ફરે છે. જરા જેટલો ભય જણાતાં તરત દોડી જઇ દરમાં ભરાય છે. તેની ધોળી પૂંછડી દરમાં ગઇ એટલે તે સહીસલામત છે.

અગશિયું તો દરમાં જ પૂંછડી રાખી બાકીનું શરીર બહાર કાઢી ચારો ચરે છે. પગલાંથી જરા પણ ધરતી ધ્રૂજે કે તરત જ દરમાં ઉતરી જાય છે; લાંબા કરેલા રબ્બરના પટ્ટાને મૂકી દેતાં સંકોચાઇ જાય તેટલી ઝડપથી.

ભુંડ, હાથી, દરીઆઈ–હાથી અને મગરના દાંત

કેટલાંક પ્રાણીઓને કુદરતે શરીરના રંગ આપી રક્ષણ કર્યું છે. જે જગ્યામાં પ્રાણીઓ વસતાં હોય તેને આબેહૂબ મળતા તેમના શરીરના રંગ હોય છે. ધરતી અને વનસ્પતિના રંગ સાથે પ્રાણીઓનાં શરીરના રંગ એવા તો મળી જાય છે કે તે ઓળખાવાં મુશ્કેલ થઇ પડે છે.

માટીનાં ઢેફાં અને ઘાસની અંદર શરીર દબાવીને બેઠેલાં સસલાં દુશ્મનની નજરે નથી પડતાં. સાબરનો રંગ પથ્થરના રંગ સાથે મળી જાય એવો છે. પથ્થરવાળી ટેકરીઓમાં તે ફર્યા કરે છે. એટલે આસપાસના રંગ સાથે તે એકરંગી થતું હોવાથી ઝટ નજરે નથી પડતું. બારાશીંગા, ચીતલ, રણપ્રદેશનાં ગધેડાં, હિમપ્રદેશના વરૂ, સસલાં અને લોંકડીનું એમજ છે.

✠

પંખીઓનાં પીંછાંના રંગ તો ચળકતાં હોય છે. પણ તેતર જેવાં જમીન ઉપર રહેનારાં પક્ષીઓના રંગ સાદા અને કાબરચીતરા હોય છે. તેતરનો પીછો પકડો. થોડે દૂર દોડી જઇ તે જમીન ઉપર બેસી જશે. જરા પણ હાલ્યાચાલ્યા વિના. તેના શરીરનો રંગ આસપાસની જમીન અને ઝાડ–ઝાંખરાં સાથે એવો તો મળી જાય છે કે તે નજર બહાર રહી જાય છે.

✠

નીલકંઠનું પણ આવું જ. બેઠાં હોય ત્યારે ધૂળમાં ભળી જાય એવો એમનો રંગ હોવાથી ઓળખાતાં નથી ઉડે ત્યારે લીલી પાંખો ચમકી ઉઠે.

આજુબાજુની વસ્તુ સાથે મળી જાય એવા રંગ અને આકાર તો કુદરતે જંતુઓને બક્ષ્યા છે. પાન કે ફૂલના રંગ જેવાં પતંગિયાં હોય છે. ખડમાકડી જોઇ છે? લીલા પાન જેવો તેનો રંગ છે. ડાળખી જેવો તેનો આકાર છે. પાન પીળાં થાય ત્યારે તેનો રંગ પણ પીળો બદલાય. પક્ષીઓની આંખો છેતરાય છે.

વાહ રે કુદરત! જંતુઓને રક્ષવા તેં કેટલી યોજના કરી છે! આ તરકીબ માનવીએ ઉપયોગમાં લીધી છે. સપાટ પ્રદેશમાં વસતા સૈનિકો ઓળખાઇ ના જાય તે માટે તેમનો પહેરવેશ ખાખી રંગનો હોય છે.

કોક જંતુ શરીરમાંથી દુર્ગંધ કાઢે છે. ચોમાસામાં આવાં જીવડાં આપણાં ઘરોમાં આવે છે. ગરોળી બીજાં જીવડાંને ચપોચપ ખાઇ જાય છે પણ સાપને તો અડકતી જ નથી.

પ્રાણીઓમાં જબાદ બિલાડાં અને બીજાં પ્રાણીઓ પોતાનો બચાવ દાંત અને નહોરથી કરે છે. ખરા બચાવનું છેલ્લું સાધન ગંધ મારતું પ્રવાહી છોડવાનું છે. નેમ તાકી દુશ્મનની આંખમાં પડે એવી રીતે પ્રવાહી છોડે છે. આથી દુશ્મનની આંખો બંધ થાય. વળી તે દુર્ગંધથી મૂંઝાય. આ અરસામાં જબાદ નાસી છૂટે છે.

જે પ્રાણીઓ ચાલમાં ધીમાં અને કઢંગાં છે તેમને કુદરતે પીઠ ઉપર જાડી અને ઢાલ જેવી કઠણ ચામડી આપી છે. કાચબા, મગર અને દક્ષિણ અમેરિકાના આર્માડીલો પ્રાણીની પીઠ ઘણી જાડી અને પથ્થર જેવી સખત હોય

છે. કુહાડાનો ઘા પણ પાછો પડે. સિંહ કે જંગુરના દાંત કે નહોર જરા જેટલી પણ ઇજા ના કરી શકે.

કાચબા અને આર્માડીલો ભય વખતે શરીરના બીજા ભાગો સંકોચીને ઢાલની અંદર સંતાડી દઈ સ્થિર પડી રહે છે. ન હાલે કે ન ચાલે. જાણે કે શીલા પડી! કાચબાની પીઠનો આપણે ત્યાં ઢાલ તરીકે ઉપયોગ થતો હતો. રજપૂત યોદ્ધાઓ તલવારનો ઘા ઝીલવા તેને હાથમાં રાખતા હતા. ઘોડા, ગધેડા, જિરાફ અને કાંગારૂને સંરક્ષણ કાજે નથી દાંત કે નથી શિંગડાં. તેમના પગ બચાવનું સાધન છે. જિરાફને શિંગડાં છે ખરાં પણ ટૂંકાં. હથિયાર તરીકે નિરુપયોગી. જિરાફની ખાંધ ઉપર સિંહનો પંજો પડે તો તે ઘેટાની જેમ ભોગ થઈ પડે છે પણ સિંહનો ઘા ચૂકવી જિરાફ છટકવા પામે તો એ સિંહને પૂરું પાડવા સમર્થ છે. તેના સોટા જેવા સુક્કલકડી પગમાં અખૂટ જોમ પુરાય છે. લાતો મારવી શરૂ કરે છે—ફટાફટ અને ધડાધડ. જાણે કે કડીઆળી ડાંગ લઈ મરણિયો રજપૂત બચ્ચો દુશ્મનના કટક વચ્ચે ઘૂમી રહ્યો હોય!

'લાતો ગધેડા જેવી નહીં કે દસ પંદર ફટકામાં બંધ પડે. આ તો ટપોટપ પગ ઉપડયા જ કરે. અવિરત અને એકધારી બેસુમાર લાતોના મારથી સિંહ ક્યાંય છૂ થઈ જાય છે. કાંગારૂ પણ પાછલા પગની સખત લાતો મારે છે.

✠

કુદરતે વાળને પણ હથિયાર તરીકે બનાવ્યા છે. રીનોસીરોસના નાક ઉપર શિંગડુ હોય છે. તે એકઠા થયેલા વાળનું બનેલું છે. શાહુડીનાં પીંછા વાળ છે. જેથી એવાં તો અણીદાર હોય છે કે ચામડીમાં વાગે તો ઉંડો ઘા પડે



શીંગડાં–લડવાનું અને બચાવનું હથિયાર

ભય વખતે શાહુડી ચામડી ખેંચીને સખત કરે છે. આથી પીંછાં ઉંચાં અને સીધાં થાય છે. દુશ્મન અણીયાળાં પીંછાં ભોંકાય એટલે દૂર ભાગે છે. તે ઉડીને ચામડીમાં ભોંકાય છે તે હકીકત ખોટી છે. જૂનાં થાય તેમ ખરી પડે છે.

માંસભક્ષક પ્રાણીઓમાં દાંત સબળ હથિયાર છે. પ્રાણીઓનાં બીજાં સાધનો કરતાં આ પણું અસરકારક કામ કરે છે. બિલાડીના દાંત જુઓ. વળેલા અને તીણા હોય છે. બચકું ભરે તો માંસનો લોચો બહાર કાઢે

બિલાડીના વર્ગનાં મોટાં પ્રાણીઓ (સિંહ–વાઘ)ના દાંત સૈનિકની તલવાર જેવા નહીં પણ શિકારીની છરી જેવું કામ કરે છે. જંગલી ભૂંડના દાંતનું જોર જાણ્યું છે! લડાઈમાં મોટા અને વિકરાળ પ્રાણીને પણ ચીરી નાખે એવા દાંત હોય છે. હાથીના દંતશૂળ પણ લડવાના કામના છે. એના ઉપર હુમલો કરનારને દંતશૂળથી ચીરી નાખે છે.

ઝેરી દાંત તો સાપના. જાણે કે મોતનું જ બચકું! ઝેરી સાપના આગલા ઉપલા દાંત પોલા હોય છે. દાક્તરની ઈન્જેક્શન આપવાની સોય જોઈ લો. માથાની બન્ને બાજુએ આવેલી ઝેરની કોથળી સાથે તે જોડાયેલા છે. દાંત દ્વારા ઘામાં ઝેર પડે છે.

આફ્રિકાનો નાગ કરડતો નથી પણ ઝેર થૂંકે છે. કેટલીયે વાર દૂર પડે. આંખ ફૂટે. સાપના દાંત સ્વ-રક્ષણ માટે છે. તે ભાગ્યે છંછેડાય તો જ કરડે છે.

દાંતની ખૂબી તો મગરમાં. બન્ને જડબામાં થઈ કુલ ૪૨ દાંત હોય છે. દરેક દાંત નીચે બીજો દાંત હોય છે. ઉપલો દાંત ઘસાઈ જાય એટલે તેને ધકેલી નીચલો દાંત ઉપર આવે છે. આની નીચે વળી ત્રીજો દાંત પણ હોય છે.

મગરના દાંત શિકારને પકડી રાખવાનું કામ કરે છે. શિકારમાં પૂંછડી મોટો ભાગ ભજવે છે. શિકાર ઉપર એવા તો જોરથી પૂંછડીનો ફટકો મારે છે કે એક જ ફટકો ખેગું તે પાણીમાં ઉછળીને પડે છે.

મગરની પૂંછડીમાં જોર છે તો વળી વીંછીની પૂંછડીમાં કુદરતે ઝેરની થેલી મૂકી છે. તે દબાય કે ડંખ મારે, જાણે કે



આર્માડીલો

અંગારો ચંપાયો! ડંખ એટલે દાકતરની ઇન્જેકશન આપવાની પિચકારીને (સિરીંજ) જેવી લોને! ભમરી અને મધમાખના ડંખ પણ આવા જ હોય છે.

પ્રાણીઓના દાંત, શિંગડાં, પગ, વાળ અને શરીરના રંગ રક્ષણ અને ભક્ષ્ય મેળવવાના સાધન તરીકે પ્રકૃતિએ વિશિષ્ટ અંગ જેવાં બનાવ્યાં છે અને તેમનો ઉપયોગ કરતાં પણ કુદરતે તેઓને શીખવ્યું છે.

## એ બાળા કોણ હતી?

એક હતી નાની બાળા. એના માથે કાળા ભમ્મર વાળ. તેમના મકાન સામે એક સુંદર બગીચો હતો. એ બગીચામાં તરેહતરેહનાં ફૂલના છોડ હતા. બાલિકા રોજ એના બાપુ સાથે એ બગીચામાં જાય. આકાશમાં સૂરજનારાયણ આથમવા જતા હોય, ત્યારે એ જોઇ રહે.

એક દિવસ તે બાપુ સાથે બગીચામાં ગઇ. સૂરજનારાયણ પશ્ચિમ દિશામાં ડુબકી મારવા જતા હતા. એવામાં તેના બાપુનો અવાજ સંભળાયો: "ચૂપ, સહેજ પણ હાલવી-ચાલવી નહિ."

એ તો બાપુની વાત સાંભળીને તરત જ ત્યાં બેસી ગઇ. એક મોટો મણિધર નાગ આવીને તેના માથે ફેણ



માંડીને ઊભો રહ્યો. થોડીવારે પોતાની મેળે જ ચાલ્યો ગયો. પરંતુ નવાઇની વાત તો એ હતી કે પેલી છોકરીને નાગે કંઇ પણ કર્યું નહિ.

છોકરીના બાપુ થોડે દૂર ઊભા રહીને એ બધું જોતા હતા. નાગ ચાલ્યો ગયો, એટલે તેઓ નજીક આવ્યા અને છોકરીને છાતી સરસી ચાંપી લઇને બોલ્યા: મારી દીકરી ખૂબ મોટી થશે. આખા દેશમાં એની જોડ નહિ મળે.

પિતાની ભવિષ્યવાણી ખરે-ખર સાચી પડી. તે દિવસની નાનકડી છોકરી આજે કેવડી મોટી બની ગઇ છે. આખા દેશમાં એની જોડ નથી. એનું નામ તમે જાણો છો?

એ આપણા વડા પ્રધાન જવાહરલાલ નેહરૂના બહેન વિજયાલક્ષ્મી પંડિત! હાલમાં તેઓ ભારતના રાષ્ટ્રદૂત તરીકે પરદેશ ગયાં છે.

# બાળકો!

મોહનલાલની

## મી
## ઠા
## ઇ
## ઓ

માટે આગ્રહ રાખો

- યાદ રાખો કે તમો આવતી કાલના નાગરીકો છો. રાષ્ટ્રને પ્રગતિના પંથે લઇ જવામાં તમારે અગત્યનો ભાગ ભજવવાનો છે.
- પણ દેશ હિતનું કોઇપણ કામ પુરા ખંતથી તમો કયારે કરી શકો? જ્યારે તમો શરીરે નીરોગી હો ત્યારે. તે કયારે બની શકે? જો તમારી બાલ્યાવસ્થાથી જ શરીરની પુરતી સંભાળ રાખો તો.
- શરીરની તંદુરસ્તી વધારે તેવી શુધ્ધ ઘીની મીઠાઇઓ દીવાળીના તહેવારોમાં આરોગજો અને તમારા બાપુજીને કહેજો કે ભળતી સળતી મીઠાઇઓ ન લાવતાં ખાસ 'મોહનલાલ'ની જ મીઠાઈઓ લાવે.

# મોહનલાલ એસ. મીઠાઇવાલા

| ભૂલેશ્વર | હેડ ઓફીસ | ગ્રાન્ટરોડ |
|---|---|---|
| | ઝવેરી બઝાર, મુંબઇ ૨ | |
| ટે. નં. ૨૧૯૫૫ | ટે. નં. ૨૧૯૭૮ | ટે. નં. ૭૧૮૩૧ |

# ★ ફટાકડાઓનું જંગી સેલ! ★

આ જાહેરાતનું પાનું દિવાળી સુધીમાં લાવનારને
રૂપીએ અરધો આનો વળતર મળશે.

# જોઈતારામનો શ્લોક

લેખકઃ શ્રી મહેન્દ્ર જ. [illegible]

વીરપુર નામે નાનું ગામ,
તેમાં વસતી વરણ તમામ,

બ્રાહ્મણનાં પણ તેમાં ધામ,
સૌ કોઈ કરતાં કૈં કૈં કામ.

પણ ભાઈ, આ જોઈતારામ,
એનું તો ભૂંડો રે નામ!
બૈરીએ દીધા બહુ ડામ,
તોય ન રળવા જાયે દામ.

બૈરી કહે: "જુઓ આ બાળ,
એની કુણ કરે સંભાળ!
ખાવાપીવા હૈયે, નથી,
ને તમને કૈં પડીયે નથી!"

જોઈતો કહે: "કહે, હું શું કરું?
કોનાં પેટ ને કયાંથી ભરું?
ક્યાંક કહે તો પાડું છીંડું,
(પણ) એ આવડવામાંયે મીંડું!

તું મારી ડાહી છે નાર,
તું પાડે પાસા પોબાર,
તું કહે તે કરવું હાર,
એમાં ના ઢળવું તલભાર."

બૈરી છે ડાહી ને શાંત,
કાઢીને થોડી નિરાંત,
એવો શ્લોક લખી દીધો,
જોઈતાએ તે મોઢે કીધો.

'રમકડું'માં તમે ઘણી વાર્તાઓ વાંચો છો. એ વાર્તાઓ ગદ્યમાં લખેલી હોય છે. આ વાર્તા પદ્યમાં લખાઈ છે એટલે તેને કથાકાવ્ય કહી શકાય. તેના લેખક મુંબઈની જયહિન્દ કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે.

બૈરીએ કીધું કે, "જાઓ,
રાજાજીની પાસે જાઓ,
જઈને ત્યાં ગાજો આ શ્લોક,
રાજા રીઝશે, રીઝશે લોક.



દેશે એ નાણાં મોકળ,
ગાડું એમ ગબડશે કાંક!"

જોઈતો ચાલ્યો રાજા પાસ,
શ્લોક ગોખતો ચાલે ખાસ,

રસ્તામાં આવે એક નદી,
ભૂખ લાગી એવી કકડી!
જોઈતો બેઠો કરીને હાશ,
ચાલી ચાલી થૈ ગયો ત્રાસ.

ખાધું કાઢી, પૂર્યું પેટ,
પીધું પાણી: થી આ વેઠ!
સરજ્યું આવું શું ભગવાન,
નાહક તેં દીધો છે જાન.

ખોબા જેવું નાનું પેટ,
તે ભરવાને આ ઉકવેડા!
જોઈતો કરતો આમ વિચાર,
તરંગની ચાલી વણજાર,

ને એવામાં કેવું બન્યું!
ભૂલ્યો બધું ઘરથી ભણ્યું.

એવામાં એક કૌતક થયું,
જોષીતાનું મન એ પર ગયું,

જળકૂકડી એક નદીને તીર,
ખોદી રહી'તી ધરીને ધીર.
જોષીતાને જાણે કોઈ કહે:
'ખડબડ ખડબડ ખોદત હૈ!'

ખડબડ ખડબડ ખોદત હૈ,
ખડબડ ખડબડ ખોદત હૈ,
જોષીતો બોલે વારંવાર.
સાદ સુણે કૂકડી તે વાર

લાંબી ડોક કરીને ખાસ,
જોવા લાગી ચારે પાસ,
એ જોઈને જોષીતો કહે:
'લાંબી ડોકે જોવત હૈ!'

ફરી અરે, આવ્યો આ સાદ,
જળકૂકડી લપાઈ તે બાદ,
અને જોષીતો મનમાં લહે:
'કૂકડમૂકડ બેઠત હૈ.'

'લાંબી ડોકે જોવત' હૈ,
કૂકડમૂકડ બેઠત હૈ.'
કૂકડીને લાગી ગૈ ચોટ,
પાણીમાં મૂકે છે દોટ,

જોષીતો પણ બોલી ત્યાં રહે,
'દડબડ દડબડ દોડત હૈ.'
બેરીનો ભૂલ્યો છું શ્લોક,
તેથી કૈં ના થાતું ફોક.

એક ભૂલ્યો છું, છોને આજ,
બીજાથી સરશે મુજ કાજ.
એક ભૂલાપો કેવો યાર,
બીજો ગોખું વારંવાર.

'ખડબડ ખડબડ ખોદત હૈ,
લાંબી ડોકે જોવત હૈ,
કૂકડમૂકડ બેઠત હૈ,
દડબડ દડબડ દોડત હૈ.' (૨)

આખો રસ્તો ગોખાગોખ,
ફેરો નહીંતર થાશે ફોક.
એમ કરતાં આવ્યું શહેર,
થઈ ગઈ'તી ઝાઝી દેર,

તોય ગયો નૃપને દરબાર,
ભભકો ત્યાં ભઈ બારોબાર.
રાજાએ કીધો સત્કાર,
જોષીતો પામ્યો હર્ષ અપાર.

લંબાવીને જમણો હાથ,
શ્લોક ઉચર્યો મોંથી સાથ.
(૩) 'ખડબડ ખડબડ ખોદત હૈ,
લાંબી ડોકે જોવત હૈ,

કૂકડમૂકડ બેઠત હૈ,
દડબડ દડબડ દોડત હૈ.'
કેવો શ્લોક ને કેવો ભાવ,
અચરજમાં ડૂબે સૌ સાવ.

બેસાડયો ના બેસે અર્થ,
માથાઝીક બધીએ વ્યર્થ.
રાજા કહે: "હે બ્રાહ્મણરાજ,
તમે કીધા છે અમને વાજ.

ભલે સુખેથી અહીંયાં રહો,
કરજો જે કૈં મનમાં ચહો.
અમે શ્લોકનો સમજી ભાવ,
દઈશું તમને ખૂબ શિરપાવ."

રાજાએ સૂવાને સ્થાન,
જ્યાં પડતુ નિજ સત્વર ધ્યાન,
ત્યાં આ શ્લોક લખાવ્યો ભાઇ,
રાતે ઊઠી વિચારે કાંઇ.

એક રાતરે આવ્યા ચોર,
ચાર હતા – ચાળીસનું જોર,
આવી ઉભા મહેલની પાસ,
ખોદકામ પણ કીધું ખાસ.

વાગ્યા હતા બરાબર બાર,
પહેલા ચરણ તણો વિચાર.
રાજા મોટે બોલી રહેઃ
'ખડબડ ખડબડ ખોદત હૈ!'

ચોરોને ચમકારો થયો,
છાતીમાં ધમકારો થાયે,
જાણ થઇ છે નક્કી કાંક,
મળી નથી રાજાની આંખ

પણ છે પાકી કેવી વાત,
નક્કી તે કરવા સાક્ષાત,
ચડી બારીએ ઊભો કોક,
જંખાવીને વાંબી ડોક.

'ખડબડ ખડબડ ખોદત હૈ,
વાંબી ડોકે જોવત હૈ!'
રાજાનો આવ્યો ત્યાં સાદ,
ચોર લોકના ધ્રૂજ્યા પાદ.

ઝટપટ નીચે ઊતરી ગયો,
દઇ નિસાની બેસી ગયો.

થઇ ગયા સહુ ચૂપ ને ચાપ,
લોહી ન નીકળે મૂકયે કાપ.

ત્યાં તો પેલું ત્રીજું ચરણ,
પડયુ જઇ ચોરોને કરણઃ
'ફૂકડમૂકડ બેઠત હૈ'
રક્ષા કરજો ગણપતિ હે!

વીતી ગઇ ત્યાં પળ બે ચાર,
નાસી જવા કર્યો વિચાર,
હવે જશું નક્કી પકડાઇ,
છૂટવાની જગ્યા ન કયાંય.

એમ કરીને મૂકી દોટ,
ત્યાં લાગી શબ્દોની ચોટઃ
'દડબડ દડબડ દોડત હૈ'
'દડબડ દડબડ દોડત હૈ.'

નાઠા સૌ કોઇ લઇને જીવ,
મુખથી જપતા હે શિવ, શિવ!
ચોરને મન એ રહ્યો ભરમ,
ને રાજાનો ના ઉકલ્યો મરમ.

આ ચોરો તે કોણ હતા!
દિવસના જે મોટા 'સતા'
જે કરતા'તા ચોકી ખાસ,
રાતે તે ચોરીના દાસ.

રાજાના મોટા દરવાન,
દાનતના કેવા શયતાન!

રોજ રોજ જામે દરબાર,
નૃપ સલામી લે તે વાર.

આજ નથી દરવાનો કેમ!
પોતે તો છે હેમ ને ખેમ!
સાજું માંદુ ઘરમાં કોઇ!
નથી મળતાં સગવડ ને સોઇ!

દરવાનોને દીઠા નહીં,
ને નૃપે પૂછયો પ્રશ્ન સહી.
સિપાઇઓ તેડાવ્યા તેર,
કહ્યું: "જાવ, એઓને ઘેર.

જઇને તેડી લાવો આમ,
એમનું તો છે રોજનું કામ.
હશે દુ:ખી તો કરશું સહાય,
સાચો રાજા ધરતો ભાવ."

ગયા સિપાઇ, આવ્યા ધુર્ત,
એમાં નહોય જોવાનું મુહૂર્ત.
દરવાનો આવ્યા દરબાર,
કીધી સલામો દસ ને બાર.

રાજાએ મોં સામે જોયું,
દરવાને દીધું - ત્યાં ખોયું!
ધ્રૂજતા ધ્રૂજતા બોલ્યા બોલ:
કરો 'ક્ષમા, દઇએ છે કોલ

બુધ્ધિ કેમ થઇ જ હરામ?
ફરી નહીં કરશું આ કામ."
એમ કહીને આખી વાત,
બની હતી જે કાલે ગત.

આંખે આંસુ ભરી ભરી,
કહી દીધી સહુ ડરી ડરી.
રાજાને - અચરજ જો થયું,
આ તે કેવું કૌતુક બન્યું!

મને નથી આની કંઈ ભાળ,
આ તે શી જાદુની જાળ!?
"હાં હીં, હાં હીં, શ્લોકનો જાપ,
કરતો'તો તેનો પરતાપ.

બ્રાહ્મણની વિદ્યા તો વડી,
સાચી વાત ને સાદી કડી.

છતાં ભર્યો છે કેવો અરથ,
આપો આપો પૂરું ગરથ.



જોષતાને તેડયો તત્કાળ,
માનપાન, મોતીની માળ,

સારો શો દીધો શિરપાવ,
ભલો શ્લોક ને, ભારે ભાવ.

રાજાએ દેખાડયો ચાહ,
સહુ કોઇ બોલ્યા વાહ રે વાહ!
જોષતો ના સમજે આ કશું,
મનમાં તોય થાય હસું હસું.

બબ્બે નાણી ઝોળી ચાર,
ચારેમાં સોનાનો ભાર,
શ્રી બુધ્ધને મોટી ગણી,
જોષતો ચાલ્યો વીરપુર ભણી.

## કહેવત શોધી કાઢો




આ એક ચિત્રમાં જાણીતી કહેવત છુપાયેલી છે. તે તમારે શોધી કાઢવાની છે. પહેલાં તો જે ચિત્ર હોય તેનું નામ શોધી તે નામના અક્ષરોમાંથી આપણે જે અક્ષર જોઈએ તે લેવો અને જે ઉપયોગી નથી તે તો છેકી નાખેલો છે. અને વધતાના નિશાન પાસે જે માત્રા છે તે ઉમેરવાનો છે. બસ, હવે બાકીનું બધું તમારે કરવાનું રહે છે. જરા અઘરું છે, પણ પ્રયત્ન કરો તો જડી જશે.

[ ચિત્રકાર : શ્રી. મનહર શાહ ]

અમારા ગ્રાહકો અને શુભેચ્છકોને આ દિવાળી
સુખમય નીવડો તથા નવું વરસ વધુ
યશ અને આબાદી પ્રાપ્ત કરો એ શુભેચ્છા

## નૂતન વર્ષાભિનંદન

શ્રેષ્ઠ
સુવાસિત
ધૂપસળી

* દરેક જગ્યાએ મળે છે

# જલચમેલી સુગંધી વર્કસ

ભાતબજાર........મુંબઈ-૯.

અમારી અન્ય મશહુર બનાવટો:

- જલચમેલી સ્પેશીયલ નં. ૧.
- હાથ બ્રાન્ડ કપુર.

◆ એજન્સી માટે ◆
પત્રવ્યવહાર કરો.

# બાંધાયેલી આંખો

લેખક: શ્રી. ગિરીશ

મજાની એક નદી હતી. એ નદીને કાંઠે બહુ નાનું નહિ એવું એક ગામ. નદીને કાંઠે ગામલોકોએ જાંબુ, પીલુ અને બોરસલીના ઝાડ રોપેલાં. નાનું એવું વન બની રહેલું. ઝાડ પર કોયલો ટહુકે. નદી-કાંઠે મોર ફરતા હોય અને ગોવાળ ઢોર ચારતા ગાતા હોય, વાંસળી વગાડતા હોય, ઘણા પંખીઓ માળા બાંધે, ગીતો ગાય અને વનને જાગતું રાખે

એ ગામની આસપાસ બધે નાના ડુંગરાઓ અને એ ડુંગરાની ... ો એ ગામ જાણે ટેકરીએનું ... ન હોય એવી રીતે એ ગોઠ-વેલ અને એ કમળોમાં આ ...મ આવેલું.

એ ગામમાં શેખર, એની બેન ...ના અને એમની બા એમ ... જણાનું કુટુંબ રહે શેખરના ...પા તો શેખરના જન્મ પહેલાં ગુજરી ગયેલા. શેખરના બાપા થોડી મિલકત મૂકતા ગયેલા, તેમાંથી એ લોકો ચલાવે.

વંદના શેખરથી મોટી. આમ જુઓ તો એ લોકો સુખી કહી શકાય. વંદના અને શેખર બન્ને બાનું મન ન દુઃખવા દે. બા પણ શેખર અને વંદનાને શું ગમશે, શું નહિ ગમે એનો જ વિચાર કર્યા કરે. વંદના શેખર કરતાં સાત વરસ મોટી. એણે તો કોલેજનું ભણવાનું પણ પૂરું કરેલું.

અને શેખર? શેખર! આવો સોહામણો, નિર્મલ અને મધુર કુમાર! શેખર બુધ્ધિશાળી પણ ખુબ પણ એ કશું ભણી ન શકયો, કારણ કે શેખર જન્મથી અંધ હતો. 'દૃષ્ટિ' શું કહેવાય એ શેખર જાણતો જ નો'તો.

> વિચાર કરી જુઓ કે તમને આંખો ન હોય તો? આંખ વિના તમારી દુનિયામાં અંધારૂં અંધારૂં થઇ જાય. શેખરની દુનિયા આવી અંધારી હતી. તેની સાથે તેની આંખ જેવી વહાલસોયી બા અને પ્રેમાળ બહેન હતાં. એક ડોકટરે તેની આંખોનું ઓપરેશન કર્યું અને તેના સદ્ભાગ્યે તે દેખતો થયો. પહેલવહેલી જ વાર તેણે પ્રકાશ જોયો, પણ વળી પાછો અંધકાર આવી ઊભો. પણ આ અંધકાર આંખોનો ન હતો. પ્રકાશ અને અંધકારના અનુભવનું આબેહુબ ચિત્ર ખડું કરતી આ વાર્તાના લેખક શ્રી. ગિરીશ, બાળકો માટે લખનારા જાણીતા લેખક છે

વંદનાએ અને બાએ ઘણા વૈદ, ડોકટર અને જડીબુટ્ટીવાળાની દવા કરેલી પણ કોઇ શેખરને દેખતો ન કરી શકયા.

શેખરની ઇચ્છા અંધશાળામાં જઇ બધું શીખવાની, ભણવાની, જ્ઞાન મેળવવાની હતી. પણ શેખરના બાને તે દૂર જાય એ ન ગમતું એટલે શેખરે એ વિચાર પડતો મૂકયો. અને એટલે જ આટલો બુધ્ધિશાળી હોવા છતાં, જ્ઞાનની તરસ હોવા છતાં તેને નિરૂપાય બનવું પડેલું. શેખરની બહેન વંદના તેને રોજ ચોપડીઓ વાંચી સંભળાવતી અને શેખર એ રીતે થોડીઘણી જ્ઞાન-તરસ છિપાવતો.

પણ શેખરના બાને એક જ ચિંતા હતી. તેમના ગયા પછી શેખરનું કોણ? વંદના તો સાસરે જવાની. અને આ વિચાર આવતાં ત્રણે રડી પડતાં. અને એટલે જ તો વંદનાએ નક્કી કરેલું કે પોતે પરણશે જ નહિ. ભાઇ પાસે જ રહેશે અને તેને બધું વાંચી સંભળાવશે, કહી દેખાડશે. ઘણી વાર વંદના કહેતી: "ભાઇ, મારી આંખ એ તારી જ આંખ છે ને? હું બધું તને વર્ણવી દેખાડીશ નદી, પર્વત, સવાર, સાંજ, તારાભર્યું આકાશ, પંખીઓ, બધું તને કહીશ—તારા બદલે જોઇશ. તારે જોવું હશે ત્યારે જ હું જોઇશ અને નહિ તો આંખો બંધ કરીને બેસીશ."

અને શેખરને હર્ષનાં આંસુ આવતાં. પણ આવી સુંદર બહેન પોતાને ખાતર બીજું બધું મૂકી પોતાની પાસે જ રહે એ વાત, શેખરને જ ગમે નહિ. સવાર, સાંજ અને રાત્રીનાં વર્ણનો

❖ એને જોવી હતી વિચિત્ર રૂપભરી દુનિયા ❖

સાંભળીને તો શેખર વધુ મુંઝાઇ જાતો. બહેન કેશુંક સરસ જુએ અને વર્ણવી દેખાડે ત્યારે એ વર્ણન સાંભળતાં તો તેની આંખોમાં ઉંડે ઉંડે સળવળાટ થતો, કશુંક ઉંડે ઉંડે જાગતું, સપાટી પર આવતું અને પાછું આંખમાં અંધારૂં અંધારૂં થઇ જતું. અને શેખર અંદર અંદર રડી લેતો. બા અથવા વંદનાને પોતના દુઃખથી ઓછું ન આવે એની શેખરને ખૂબ કાળજી હતી.

ત્યાં ગામમાં સંભળાયું કે પાસેના શહેરમાં વિદેશથી આંખના નિષ્ણાત કોઇ ડૉક્ટર આવ્યા છે. ખૂબ કુશળ છે ઘણાનો અંધાપો દૂર કર્યો છે. વંદના કહે, "ભઇ, આપણે ત્યાં જઇએ. અથવા ડૉક્ટરને જ અહીં બોલાવીએ." બા તો ડૉક્ટરને બોલાવવા અધીરા જ થઇ ગયાં. પણ શેખર તો હવે દવા કરવાથી પણ કંટાળી ગયો હતો. કોઇપણ ડૉક્ટર તેની દૃષ્ટિ પાછી લાવી શકશે એમ તેને લાગતું નહિ. તેણે કહ્યું, અંતે તો નિરાશા જ છે ને

"વિધાતાના શું કે પો શું, કોઇથી કશું થવનું નાહકની આશા થાય કે સારી થશે, દેખતા થવાશે અંતે તો પાછું અંધાર અંધારૂં."

વંદના અને બા બન્ને પડ્યાં. શેખરની વાત પણ બેઠી નહોતી છેલ્લા બે વ



શેખરની [વં]દના તેને રોજ ચોપડી વાંચી સંભળાવતી.

કોઈને આંખ બતાવેલી નહિ. શેખર બાને અને બહેનને દુઃખ ન લાગે એટલે જ આંખ તપાસાવતો.

હવે કોઈની પાસે આંખ બતાવવા જેટલી તેનામાં ધીરજ નો'તી રહી. તે કહેતો કે વારેવારે દવા કરવાનું યાદ કરવાથી તો "હું વધુ દુઃખી થઈ જઉં છું." પણ શેખરની બાને દર વખતે થતું કે હવે આ છેલ્લો પ્રયત્ન કરી જોઈએ. વખત છે ને દવા અસર કરે પણ ખરી! અને બા અને બહેનના આગ્રહને લીધે જ શેખર ડોક્ટરને બોલાવવા સંમત થયો અને ડોક્ટર ખાતરી આપે કે દ્રષ્ટિ આવશે તો જ દવા કરવી એમ નક્કી થયું.

ડોક્ટર આવ્યા. આંખ તપાસી. અને પછી કહે, "તમે જન્મથી જ અંધ છો? પહેલેથી જ દ્રષ્ટિ નથી કે કશાય અકસ્માતથી ગુમાવી છે?"

શેખર કહે: "મેં મને દ્રષ્ટિ હોય એવું નથી અનુભવ્યું" અને પછી ડોક્ટરે શેખરના બાને પૂછ્યું, "તમે કહી શકશો. જન્મ પછી થોડીવાર, અરે માત્ર એક બે ક્ષણ પણ શેખરને દ્રષ્ટિ હતી કે નહિ?" અને શેખરના બા વિચારમાં પડી ગયા. જન્મ પછી બે કલાકે ખબર પડેલી કે શેખરની આંખ બંધ રહે છે—શેખર અંધ છે પોતે તો બેભાન હતા. નર્સે વંદનાને ખબર આપેલા. શેખરે જન્મ પછી પ્રકાશનો અનુભવ કર્યો હતે કે નહિ એ નક્કી થઈ શકે એમ નો'તું.

ડૉક્ટર વિચારમાં પડી ગયા. કહે કે, "જન્મ પછી, થોડી વાર અરે એકાદ ક્ષણ પણ જો આંખ ખૂલી હોય—દ્રષ્ટિ હોય તો મારી દવાથી દેખતા થવાશે. પણ જો દ્રષ્ટિ હશે જ નહિ તો મને કહેતાં દુઃખ થાય છે શેખર, પણ તો હું કંઈ નહિ કરી શકું."

બધા વિચારમાં પડી ગયા. શેખરે કહ્યું કે, "ના એ રીતે પ્રયોગ કરવો જ નથી." વંદના અને બા બન્ને મૂંગાં થઈ ગયાં.

ડૉક્ટર કહે: "કાલે ફરી વાર આંખ તપાસીશ."

ડૉક્ટરે આંખો ફરી તપાસી કહ્યું, "શેખર, તારી આંખો પાછી આવશે. તું દેખતો થઈ શકશે. પણ તે માત્ર થોડાક કલાક માટે. ત્રણ ચાર કલાક માટે. પછી તરત જ તારી દ્રષ્ટિ ચાલી જશે. એક વખત દેખતા થયા પછી, આ વિચિત્ર, રૂપભરી દુનિયા જોયા પછી, અંધારા ખંડમાં પાછા જવું પડશે એ આઘાત તારાથી સહન થશે, ભાઈ?"

અને શેખર તૈયાર થયો. ગમે તે થાય. એકવાર તો જોઈ શકાશે ને?

બીજે દિવસથી ઉપચાર શરૂ થયા. શેખરની આંખ પર દવાના મિશ્રણના પાટા બંધાયા. તેણે હલ્યા ચલ્યા વગર સૂઈ રહેવાનું હતું. એ જ સ્થિતિમાં આઠ દિવસ પસાર કરવાના અને આઠ દિવસ પછી સાંજે સાત વાગે પાટા છોડવાના ત્યારે એ દેખતો થશે—ફક્ત થોડા કલાક માટે.

ડૉક્ટર પણ શેખર પાસે રહે છે—તેના જ ઓરડામાં. તેમની ફી પણ તેમણે લઈ લીધી છે. એક દિવસ સવારે વંદના શેખરના ઓરડામાં ગઈ ત્યારે ડોક્ટર નહિ. વંદના તો સ્તબ્ધ થઈ ગઈ. ટેબલ પર ચીઠ્ઠી હતી:

વંદનાબહેન,

અગત્યના બીજા કેસને અંગે મારે જવું પડે છે. હવે મારું કશું કામ પણ નથી રહેતું. આવતી કાલે સાંજે સાત વાગે પાટો છોડજો દ્રષ્ટિ જરૂર પાછી ફરી હશે. ફી તો મને મળી ગઈ છે. અચાનક ચાલી જવા માટે માફ કરશો.

ડૉ. નીલ

વંદના તો આશ્ચર્યમાં પડી ગઈ. તેને થયું કે નક્કી ડોક્ટર છેતરી ગયો. શેખરને તો આ વાતની ખબર પડવા ન દેવાય. બાને વાત કરી. બા કહે: "જોઈએ શું થાય છે!"

આજે છેલ્લો દિવસ. સાંજે તો પાટા છોડવાના, પણ શેખર હવે આકળો થઈ ગયો હતો. વારેવારે ડોક્ટરને સાદ પાડે; ઊભો થવા જાય. વંદનાએ અને બાએ માંડમાંડ રોક્યો.

સાંજ પડી. બા કહે, "હું અહીં હાજર નહિ રહું." વંદના અને શેખર બે જ હતાં. સાડા છ પોણા સાત થયા. વંદના કહે, "લાવ, ભાઈ પાટા હું છોડું, જો તારા હાથ ધ્રૂજે છે." શેખરે ના પાડી. કહે "વંદના એમ કર મને પાસેની કેબીનમાં લઈ જા. ત્યાં હું જ પાટા ઉખેડીશ પછી તેને સાદ પાડીશ." શેખરની ઈચ્છા હતી કે પાટા દૂર

કશુંક ઊંડે ઊંડે, આંખમાં જાગતું અને પ... અંધારું અંધારું થઈ જતું.

થાય અને પોતાની દ્રષ્ટિ પાછી ન ફરી હોય તો વંદનાની આશા ન ભંગાય. એને દુઃખ ન થાય.

શેખર કેબીનમાં પુરાયો. બારી પાસે જ ખુરશી મૂકી હતી. ધીમે ધીમે પાટા દૂર કર્યા. આંખના પોપચા ઉંચકાયા...અને...આહ ...પ્રકાશ! શેખરને ઝાંખુ ઝાંખુ દેખાતું હતું. અંધાર દૂર થતો હતો. ઘડીભર શેખર આશ્ચર્યમાં ડૂબી ગયો. તે પહેલાં તો સમજી જ ન શકયો કે પોતે કઇ દુનિયામાં છે. પ્રકાશ, પ્રકાશ! વસ્તુઓ આકાર લેવા લાગી અને શેખર આનંદમાં તરવા લાગ્યો.

વંદના બહાર બારણા પાસે જ બેઠી હતી. તે વિચારે છે: "હજી કાં, ભાઇ સાદ ન પાડે?"

શેખર તો આશ્ચર્યમુગ્ધ થઇ ગયેલો. કેબીનની બારી એણે જોઇ. "આ શું! અરે આ બધું મને શું દેખાય છે?" વંદનાએ વર્ણવેલા જ એ પંખીઓ શું આકાશમાં ઉડતા હતા. તે પખી દૂર દૂર ગયું અને દેખાતું બંધ થયું ત્યાં સુધી જોઇ રહ્યો.

પછી તો શેખરે દૂર વહી જતી નદી જોઇ, ડુંગરાની હારમાળા જોઇ, ન જોયેલા આકાશના રંગો! એ બધું જોઇ ખૂબ જ હર્ષમાં આવી ગયો. થેડીવાર તેણે હાથ આંખ પર ઢાંકયા અને પાછો એ જ અંધાર! ઘડીભર તેને થયું હવે ન દેખાય તો આ અંધાર દૂર નહિ થાય તો? આંખે હાથ ફેરવ્યો તરત આંખ ન ઉઘડી. વળી પછી ઉઘડી, "હાશ હવે તો આંખ બંધ જ ન કરું નો!" તે પાછો કેબીનની અંદરની વસ્તુઓ જોવા લાગ્યો. "આ શું?" ખુરસી પાસે ગયો. ત્યાં વળી એક ચિત્ર જોયું. "શું આ? અરે આ તો છબી!" કહેતોક ને પેલી આરામખુરશીમાં પરેલાની ટેવ મુજબ બેસી ગયો. "અરે આ તો ખુરસી! પેલા આંધ ર-જીવનમાં મને કેવી વિશ્રામરૂપ બની હતી!" એક પછી બધી વસ્તુઓને જોઇ ને ઓળખીને હર્ષમાં આવી ગયો

"આહ! કેવી સુંદર દુનિયા છે! પવન, પાણી, ફૂલ! આ...કાશ. બસ, મજા મજા!" તે આનંદમાં નાચી ઉઠયો.

'આ શું? મને બધું દેખાય છે! આ સ્વપ્ન તો નથી ને?' શેખરે પૂછયું.

નવા વરસની નવલી પ્રભાતે—

અમે આપની સેવામાં

ખાસ રજૂ કરીએ છીએ—

# વનસ્પતિ દંત મંજન

એનું નિયમિત સેવન આપને સારાય
વરસ દરમ્યાન કોઈ પણ પ્રકારના દાંતના રોગથી
મુક્ત રાખશે અને આરોગ્યની ખાત્રી આપશે

## સાલ મુબારક

અમારા અસંખ્ય ગ્રાહકો,
શુભેચ્છકો અને સ્નેહિઓને
અમારી દિવાળીની
શુભેચ્છાઓ તથા
સાલ મુબારક

દાંતુ મનજી પદમશી સુરમાવાળા

સચા મોતીના સુરમાઓના
સુપ્રસિદ્ધ બનાવનારા.
પાલાગલી, મુંબઈ ૯

ટેલીફોન
૭૦૫૬૬

તાર: MOTISURMA
Bombay / Bandra

# જાદુના ખેલ

અત્યાર સુધી તમે ઘણા ખેલ શીખી ગયા. આ અંકમાં એક [illegible] નવો ખેલ આપ્યો છે. અજમાવી જોજો

# જાદુઈ કેળાંનો ખેલ

**આ** ખેલ કરવાનો બરાબર યોગ્ય સમય. જ્યારે જમવા બેઠા હોઈએ, તે વેળાનો છે. ટેબલ પર ચા નાસ્તા સાથે ઘણે ભાગે કેળાં દ્રાક્ષ, ચીકુ વગેરેનો ઉપયોગ થાય છે. તે વખતે આ ખેલ કરવાથી સહુ અચંબો પામી જશે. મોટા મોટા સાહેબો પણ આ ખેલ જોઈ મોઢાંમાં આંગળાં નાખી જશે.

સહુ ટેબલ પર જમવામાં મશગૂલ હોય તે વેળા જાદુગર કહે: 'સાવધાન, આપને હું એક નવીન ખેલ દેખાડું છું. આ કેળાંનો ખેલ તમને નવાઈ પમાડશે.' કહી એક કેળું હાથમાં ઊંચકીને કહે: 'બે કટકા!' પછી ઉપરની છાલ ખોલતાં જ કેવું આશ્ચર્ય! કેળાંના બે ટુકડા થઈ ગયા હશે. એ રીતે એક બીજું કેળું લઈને કહે: 'ત્રણ ટુકડા!' અને પછી છાલ ઉખેડતાં જુઓ તો અંદરના કેળાંના ત્રણ ટુકડા થયેલા જણાશે. આવી રીતે બે, ત્રણ, ચાર, પાંચ ટુકડા જાદુગર કરી બતાવશે. સહુ નવાઈ પામી જશે.

આ ખેલ કેવી રીતે કરવો તે જણાવું છું. ખેલ શરૂ કરતાં પહેલાં જ થોડી ચાલાકી કરી લેવી જોઈએ. એક કેળાંના બે ટુકડા, બીજાના ત્રણ, ત્રીજાના ચાર, એવી રીતે કાપી રાખવા જોઈએ. એ ટુકડા કેમ કરવા એ બતાવું.




સાથેના ચિત્ર પરથી તમને થોડી કલ્પના આવશે. એક સોય હાથમાં સંતાડી રાખીને કેળાંની છાલમાં છિદ્ર પાડવું. છિદ્રમાં સોય પરોવીને અંદરના ગર્ભમાં ફેરવવી. જેથી અંદર ટુકડો થઈ જશે, પણ ઉપર તો એક સોયની અણી જેટલું જ છિદ્ર હોવાથી કોઈ પણ માણસની નજર જશે નહીં.

પણ અંદર ખીલાળાં કેળાંમાં સહેજ મુશ્કેલી પડશે. ખાસ કરીને વસઈનાં કેળાં આ ખેલ માટે ઘણાં ઉત્તમ છે અને આપણે ત્યાં એ કેળાં જ વપરાય છે.



આ ખેલ જેટલો સરળ છે, તેટલો જ આશ્ચર્ય પમાડે તેવો છે. જો ન જાણતા હોય, તે તો આ ખેલ જોઈને આભા જ થઈ જશે.

# PLATO

## TORPEDO



"પ્લેટો" એન્ડ ફાઉન્ટન પેનો, ફાઉન્ટન પેન માટેના ખાસ ઉત્તમ પ્લાસ્ટીકમાંથી તૈયાર કરવામાં આવે છે કે જેની ઉપર ઋતુમાનની તેમજ શાહીની કંઇ માઠી અસર થતી નથી.

"પ્લેટો" વાપરનારાના શાહીથી હાથ બગડતા નથી. લખતી વખતે પેન ઝાટકવાની જરૂર પડતી નથી. "ઇરીડીયમ" નીબ હોવાને કારણે વર્ષો સુધી ટાંક તેવીજ રહે છે.

જુદા જુદા પ્રકારના આકર્ષક રંગોમાં નીચે દર્શાવેલી જાતોમાં મળે છે.

જુદી જુદી જાતો

* પ્લેટો પ્લેકન * પ્લેટો ટોરપીડો
* પ્લેટો મેટલ કેપ * પ્લેટો બોલ ક્લીપ

બનાવનારા :—
મહાત્રે પેન એન્ડ પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ
વધુ માહીતી માટે નીચેને ઠેકાણે લખો :

**બેસ્ટ ફાઉન્ટન પેન ડીપો**

આનંદ ભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

આજની પરિસ્થિતિમાં

**સાત્વિક ખોરાક**

માટે

મુંબઇનું માનીતું મથક

અમારા માનવંતા ગ્રાહકોને દિવાળીની શુભેચ્છા

સાથે અમારા નવા વરસના હાર્દિક અભિનંદનો

શ્રી

# નાગર વિજય

## હિન્દુ લોજ

બીજો ભોઇવાડો, ભૂલેશ્વર, મુંબઇ ૨

ગમે તેવી
દરાજ
ખસ
ખુજલી
અને
ચામડીના
દરદપર
અકસીર
દવા

# રિંગોઝોન

લોશન અથવા મલમ.

બનાવનાર: પીઝોન કેમીકલ કું. મુંબઇ

# ખજાનાની શોધ

લેખક : શ્રી. રવીન્દ્ર ઠાકોર

માણસમાં કૂતરા જેટલી ચંચળતા કેમ નથી, આકાશના એક તારાને ધૂમકેતુ કેમ કહે છે અને કૂતરાં જમીન કેમ ખોદ્યા કરે છે, એવાં ત્રણ કૌતુકનો ઉત્તર આ પરીકથામાં તમે વાંચશો. આ પરીકથા ગુજરાતીમાં ઉતારનાર છે શ્રી. રવીન્દ્ર ઠાકોર. "રમકડું"માં અવારનવાર તેમણે કવિતા લખી છે. અમદાવાદના રેડીઓ-મથકના એક વિભાગમાં તેઓ કામ કરે છે.

દાદાજીએ પોતાના બાપદાદાના ધંધાથી વિરૂધ્ધ જઈને બેકરીની દુકાન ખોલી હતી. જો કે એમનાં આ પગલાંથી ઘણાંને નવાઈ તો લાગી જ હતી, છતાંય એ તો એમની જિંદગીમાં મસ્ત હતા. નાની શી લારીમાં થોડા બ્રેડના કે પાઉંના ટુકડા લઈ એ વેચવા નીકળતા અને લોકોનો આરો ઉતરાવતા ત્યારે તો જોવા જેવું દ્રશ્ય બનતું. પણ તે વખતે અમારો મોતિયો (અમારો કૂતરો, લોકો એને મોતિયાના નામથી ઓળખતા) હંમેશા તેમની સાથે જતો.

એની ચમક ચમક થતી આંખો ચારે બાજુએ ફરતી જાણે કે બધાંની જ જવાબદારી એના પર ન હોય એમ લાગતું. છોકરાઓ એની પાછળ દોડતા પણ એને ડર ન હતો. શરૂઆતમાં તો બીજા ફળિયાના કૂતરા એની સામે ઘુરકતાં ગે ખરાં. પણ મોતિયાએ પોતાનું પરાક્રમ બતાવી દીધું હતું. હવે તો કોઈ પણ મહોલ્લાના છોકરાની જીભે એનું નામ રમતું જ હતું.

લોકો અને છોકરાઓ એની દરરોજ રાહ જોતાં. પેલી લારીની આગળ મોતિયો દોડી જતો અને લોકો સમજતાં કે લારી આવી પહોંચી છે.

પાઉં અને બ્રેડ! છોકરાનાં મોંમાં પાણી લાવતાં

અને મોતિયાને પોતાનાં આગમનની ખબર આપતાં ય આવડતું. એનો ભસવાનો અવાજ પણ એનો પોતાનો હતો. એ અવાજથી જ લોકોને એના આગમનની ખબર પડી જતી. પણ એક વખત એવો હતો કે જ્યારે મોતિયાને ભસતાં યે નહોતું આવડતું. એનાં દાંત એ કે ત્યારે મોટા હતા. એણે દાદાજીના જોડા કાતરી ખાધા હતા. એ તો દાદાજીને મોતિયો જડયો ત્યારની વાત.

❂

એક વખત દાદાજી ફરીને આવતા હતા ત્યારે એમના પગને કશુંક અથડાયું. અંધારું હતું. એમણે નીચે હાથ લંબાવ્યા અને એક ગરમ, નાનું, ગોળ દડા જેવું મુલાયમ શરીર હાથ લાગ્યું. જેવું એને હાથમાં લીધું કે એ થથરવા માંડ્યું. અને દાદાજીની આંગળીઓને મધની જેમ ચાટવા માંડ્યું. "આને તો મારે ઘર લઈ જ જવું પડશે." કહી દાદાજી એને ઘર લાવ્યા. દાદીમા એમની રાહ જોતાં હતાં.

"લો તારે માટે કૈંક લાવ્યો છું." કહી દાદાજીએ એ ભેટ દાદીમાને આપી. દાદીમા ખુશ-ખુશ થઈ ગયાં.

પેલું ટાબરિયું તો થથરતું જ હતું.

"એની મા વિના એ મરી જશે એની તમને ખબર નથી?" દાદીમાએ કહ્યું.

"અરે, હા એ તો હું ભૂલી જ ગયો, લે એને દૂધ પા અને પેલો પાઉં." દાદીમા બંને વસ્તુ લઈ આવ્યાં. પાઉંને દૂધમાં બોળી કૂતરાની આગળ ધર્યું. એ તો લપ લપ કરતો સ્વાહા કરી ગયો.

"પણ આ ઠંડીમાં એ મરી જશે તેનું શું?" દાદીમાએ કહ્યું.

પણ દાદાજીની અક્કલ ક્યાં ગઈ હતી? એમણે તો મોતિયા માટે વ્યવસ્થા કરવા માંડી! ફાટી-તૂટી ગોદડી પાથરી એના પર એને સુવાડ્યો અને પછી ગરમ કકડા એને ઓઢાડ્યા.

અને આમ ને આમ ભાઈ સાહેબ ટાબરિયામાંથી કૂતરો બન્યાં. પણ હજી ય એને ભસતાં નહોતું આવડતું. દાદીમાને આ વિચાર વહેલો આવ્યો. અને ત્રણ દિવસના મંથન પછી એમણે દાદાજીને કહ્યું: "મોતિયો કેમ ભસતો નથી?"

દાદાજીએ પણ આ પ્રશ્નનો વિચાર કર્યો, પણ કશો જવાબ ન મળ્યો. એમણે એમના મિત્રને કહ્યું. બધાં એક જ સવાલનો વિચાર કરતાં હતાં "મોતિયો કેમ ભસતો નથી?"

પણ એક દિવસ આનો જવાબ મળી ગયો. દાદીમા વેચાણના પહેલવહેલા પૈસા ગણવા બેઠાં અને એમાં એમણે ભૂલ ખાધી. દાદાજીએ કહ્યું: "તને ગણતાં આવડી ગયું."

"તે તમે કોઈએ ગણતા શીખવાડ્યું છે?" દાદીમાએ સામો જવાબ આપ્યો,

બસ. દાદાજીને મોતિયાના ન ભસવાનું કારણ જડી ગયું.

'જો આ મોતિયાને કોઈએ ભસતાં શીખવાડ્યું નથી એટલે ભસતો નથી' એમણે કહ્યું.

અને પછી પોતે મોતિયાને ભસતાં શીખવાડવા બેસી ગયા.

"હા–ઉ–ઉ–હા–ઉ–ઉ" પહેલાં તો મોતિયાને આમાં કશી સમજણ ન પડી. પછી તો એ મીઠું સંગીત સાંભળી એણે પણ શરૂ કર્યું.

" હા...ઉ...ઉ...હા...ઉ...ઉ...!"

શરૂઆતમાં જો કે એમાં કચાશ હતી. પણ પછી તો એ પાવરધો બની ગયો. પહેલીવાર જ્યારે એ લારી સાથે બહાર નીકળ્યો ત્યારે એ આખો દિવસ ભસતો જ રહ્યો, સંપૂર્ણ રીતે શીખ્યાનો એને આનંદ થતો હતો.

પણ લારી સાથે ફરવાનું જ એનું કામ નહોતું. એ બીજાં ઘણાં ઘણાં કામ કરતો. સવારે અને સાંજે બેકરીમાં જઈ બધું બરોબર છે કે નહીં તેની ચકાસણી કરતો. અને પછી રાતે દાદાજી સામે ઉભો રહી, તીણી નજર કરી જોતો અને પૂંછડી હલાવતો જાણે કે કહેતો હોય "તમે સૂઈ જાવ. હું બધાની દેખરેખ રાખીશ."

દાદાજીએ હાથ નીચે લંબાવ્યો અને એક ગરમ, નાનું, ગોળ દડા જેવું સુલાયમ શરીર હાથ લાગ્યું.

પણ એક દિવસ વિચિત્ર બન્યું. દાદાજી એમના મિત્ર સાથે જરાક ચા પીવા હોટલમાં ગયા. આજે તો બીજા કામસર નીકળ્યા'તા લારી નહોતી. માત્ર મોતિયો જ સાથે હતો. એ બહાર બેસી રહ્યો. અંદરથી આવતી પેલી ફરસાણની વાસ એના મોંમા પાણી લાવતી. એને થતું "આમાંથી કૈક મળે

તો?" પણ ચૂપચાપ એ બેસી રહ્યો, વખત વીતતો હતો. દાદાજી તો ધૂનમાં ને ધૂનમાં ભાઈબંધની સાથે નીકળી ગયા.

'બધાં માણસો બહાર આવ્યાં. એમાં દાદાજીને ન જોઈ મોતિયાએ હોટલમાં જઈ તપાસ કરી. "જો એ તો અમ ઘર ગયા." મોતિયાને ઓળખતા હોટલ માલિકે આંગળી ચીંધી રસ્તો બતાવ્યો મોતિયો સમજી ગયો. શરૂઆતમાં તો એ સીધા રસ્તે ગયો. પણ પાછળથી એને થયું. 'પેલા ડુંગરને રસ્તે જાઉં તો સમય ઓછો જશે' અને ભાઈસાહેબ દોડયા ડુંગર તરફ. રાત પડતી હતી પણ એને ડર નહોતો "મને કોણ લૂંટી જવાનું છે? એ બબડયો."

રાત પડતી હતી. ચંદ્ર ખીલ્યો હતો. નાનાં ઝુંડવા પર એનું સોનેરી અજવાળું! મોતિયો તો ખુશ ખુશ થઈ ગયો. એ ઝુંડવા તરફ દોડયો. પેલા સામેના નાના મેદાન પર સોનેરી અજવાળું પડતું હતું. દૂર સંગીતનો અવાજ સંભળાતો હતો. એને નવાઈ લાગી.

પેલા મેદાન પર શ્વાન પરીઓ નાચતી હતી. સફેદ અને સુંદર કૂતરીઓ! કેટલો સુંદર નાચ! મોતિયો તો લપાઈને ઘાસમાં બેસી ગયો.

પેલી પરીઓ નાચતી હતી, ગાતી હતી. પૂંછડી પટપટાવતી હતી. મોતિયો એમને જોતો જ રહ્યો ચંદ્ર જ્યારે બરોબર આકાશની વચ્ચે આવ્યો ત્યાં પરીએ એ ઊંચી ટેક કરી ગાવા માંડયું. કેટલું મીઠું એ સંગીત હતું! મોતિયાનું હૃદય ભરાઈ આવ્યું!

❁

ગીત પૂરું થતાં બધી પરીઓ કુંડાળામાં બેસી ગઈ. એક વૃદ્ધ કૂતરો વચ્ચે હતો. પેલી પરીએ એ તેને કહ્યું 'એક વાત કહોને."

"જુઓ આજે તમને એક નવી વાત કહું કૂતરાએ માણસને કેમ બનાવ્યો એની વાત. ભગવાને જ્યારે દુનિયા બનાવી ત્યારે સૌથી પહેલા એણે કૂતરાં બનાવ્યા, કારણ કે એ એમને શાણાં તથા ડાહ્યા મનનાં હતા પછી બધાં પ્રાણીને ઘડયાં બીજાં બધાં તો શાંતિથી રહેતાં હતાં પણ કૂતરાઓ દુઃખી હતા,

"બીજાં બધાં સુખે રહે છે અને તમે કેમ આમ દુઃખી છો?" ભગવાને પૂછયું.

'દેવ' બીજાં પ્રાણીઓને કરાવવાની જરૂર નથી. પણ તમે આપેલી હોશિયારી બુદ્ધિથી અમે માનીએ છીએ કે અમારા ઉપર કોઈ રમી રહ્યું છે અને તે તમે જ—તમે જ! પણ એક વસ્તુનું અમને દુઃખ છે. અમે બીજાં બધાંને સુધી શકીએ છીએ માત્ર તમને જ નહીં. હે દેવ! માટે અમારે માટે એક એવો દેવ ઘડો કે જેને અમે સૂંઘી શકીએ.'!

"ઠીક," દેવે કહ્યું "જાવ, થોડાં હાડકાં એકઠાં કરી લાવો. અને તમને હું દેવ આપું."

અને પછી તો કૂતરાઓ દશે દિશામાં દોડયા અને એક હાડકું સિંહનું, તો બીજું ઊંટનું તો ત્રીજું વળી બિલાડીનું એમ કરી ઘણાં હાડકાં એકઠાં કર્યાં. માત્ર તેમાં કૂતરાનું હાડકું નહોતું. કારણ કૂતરાઓ કૂતરાના હાડકાંને અડકતાં નથી.

પછી એ હાડકાંમાંથી ભગવાને માણસ બનાવ્યો અને કહ્યું: 'લો આ તમારો દેવ' કૂતરાં સિવાય બીજાં બધાં પ્રાણીઓનો મસાલો બનેલો હોવાથી એમાં સિંહની શક્તિ હતી, ઘોડાની ચપળતા હતી, બિલાડીની ચતુરાઈ હતી, ઊંટની સહનશીલતા હતી. પણ કૂતરાની ચંચળતા નહોતી.

❁

"બીજી પણ એક વાત કહોને." પરીઓ બોલી.

"તો લ્યો, સાંભળો. કૂતરાઓએ કેવી રીતે સ્વર્ગ મેળવ્યું તેની વાત કહું. મૃત્યુ પછી માણસનો આત્મા ઊંચે તારામાં જાય છે. શરીર જમીન પર બળાય છે કે દટાય છે. આવું કેટલા વખત સુધી ચાલતું હતું. એક દિવસ એક દિવ્ય પુરુષ આકાશમાં ફરતો હતો, તેમની આંગળી પરથી લોહી ટપકતું હતું પેલા જમીન પર સૂતેલાં એક ભૂખ્યાં કૂતરાએ એ ચાટયું."

દિવ્ય પુરુષના સાથીદારે કહ્યું, "ભાઈ, આણે આપણું લોહી ચાખ્યું છે માટે હવે એને અને એના સાથીદારોને સ્વર્ગ આપવું જોઈએ અને એટલે એમણે એક નવો તારો બનાવ્યો.

"કૂતરો પોતાના તારાને ઓળખી શકે એ માટે એ તારાને પૂંછડી વળગાડી. આ કૂતરો જેવો સ્વર્ગે પહોંચ્યો કે આમતેમ દોડવા માંડયો અને પૂંછડી હલાવવા માંડયો અને તેથી લોકો આ કૂતરાના તારાને ધૂમકેતુ કહેવા લાગ્યા."

"અરે, આ તો ઘણી સરસ. ત્રીજી વાત કહોને."

"વર્ષો પહેલાં આ દુનિયા પર કૂતરાઓનું રાજ્ય હતું, પણ માણસને તેની અદેખાઈ આવી એટલે એણે જાદુ કરી એના રાજ્યને અને કિલ્લાને જમીનમાં દાટી દીધા. એ ખજાનો એટલો તો

ભવ્ય હતો અને સુંદર હતો. જાતજાતની અને ભાતભાતની ચીજો હતી, જેનો જોટો સ્વર્ગમાં પણ ન મળે. જો કોઇ સાચી જગ્યાએ ખોદે તો કદાચ તેને ખજાનો મળી આવે."

હવે મોતિયાથી ઊભું ન રહેવાયું. "હા—હા—હા— એ ખજાનો ક્યાં છે? કૂતરાનો ખજાનો ક્યાં છે!" એણે કહ્યું.

પણ ત્યાં તો પેલી પરીઓ અદૃશ્ય થઇ ગઇ હતી. મોતિયાએ આંખ ચોળી સામે જોયું. મેદાન સિવાય કશું જ નહોતું. ચંદ્રમાનું આછું તેજ પડતું હતું.

ત્યાં તો એને યાદ આવ્યું કે ઘરે દૂધ અને પાઉં એની રાહ જોતાં હશે. એ પૂરઝડપે દોડ્યો અને ઘરે આવી પહોંચ્યો.

પણ હવે જ્યારેજ્યારે દાદાજી સાથે તે ખેતર તરફ કે ડુંગર તરફ ફરવા નીકળે છે ત્યારે તે પેલો ખજાનો ખોળવા ચાર પગે જમીન ખોદે છે. એણે આ વાત પોતાના ભાઇબંધોને કહી છે. એટલે આજે દુનિયાના બધા કૂતરા જમીન ખોદે છે પેલા ખજાનાની શોધમાં. *

* કાર્લ ચેપેકની પરીકથા ને આધારે



## કાગળના આ ટુકડાઓ જોડી આખું ચિત્ર તૈયાર કરો

શાહીનો ખડીઓ ઢોળાઇ જાય અને ચિત્રવિચિત્ર ડાઘા પડે તેવું આ ચિત્ર લાગે છે નહીં! પણ ના, એમ નથી. એક પ્રાણીના ચિત્રને કાતરથી ગમે તેમ કાપી નાખ્યું છે અને બધા ટુકડા સેળભેળ કરી નાખ્યા છે. તમારે એ ટુકડા જોડીને ફરી આખું ચિત્ર બનાવવાનું છે. કરી જુઓ ત્યારે!

ચિત્રકાર: શ્રી દિલીપ બક્ષી

અમારા માનવંતા ગ્રાહકો
શુભેચ્છકો અને સ્નેહીઓને
દિવાળીની શુભેચ્છા
સાથે નવું વરસ આરોગ્ય અને આબાદીમાં
અભિવૃધ્ધિ કરે એજ પ્રભુપ્રાર્થના

— અમારે ત્યાં —

સવારના નાસ્તા માટે
ગરમાગરમ

**જલેબી** તથા **ગાંઠિયા**

તેમજ ભોજન માટે
મુંબઇભરમાં મશહૂર બનેલી

**રાઇસ પ્લેટ**

આપને અનોખી લિજ્જત આપશે

શ્રી

# જયભારત

# હિન્દુ હોટલ

હરહરવાળા બિલ્ડીંગ
ગોળપીઠા
મુંબઇ ૪

સ્પેશિયલ ફેમિલી, કેબિનોની સગવડ છે.

# પેટ ભરીને જમો!

**ગેસહર પીલ્સ :** ગેસ ચડવો–થવો, બાદી, વાયુ, શૂળ, પેટમાં પવનનું ગૂંચાવું, મંદાગ્ની, ઓછી ભૂખ, ખાધા પછી પેટનું ભરી થવું, ગભરામણ થવી, છાતીમાં મૂંઝારો, થકાવટ, ગોળો, ઓડકાર, પલપીટેશન, બ્લડપ્રેશર, મગજમાં અશાંતિ, ઊંઘ ન આવવી, દસ્તની રૂકાવટ વગેરે દૂર કરી **દસ્ત હમેશાં નિયમિત સાફ લાવે છે.** અન્ન પાચન કરી ભૂખ કકડીને લગાડે છે. શરીરમાં લોહી વધારી શક્તિ આપે છે. **લીવર, બરોળ, આંતરડાં** તેમજ પેટના કોઇપણ રોગ માટે બીનહરીફ ઇલાજ છે. કિં. નાની શીશી ગોળી ૫૦ રૂા. ૧ાા : મોટી શીશી ગોળી ૧૫૦ રૂા ૪ વી. પી. ખર્ચ જુદું.

## તાકાત આપનારી દવા

**દુગ્ધાનુપાન ગોળીઓ :** અશક્તિ, મગજની નબળાઇ, કબજીયાત, સુસ્તી, કળતર, છાતીનો દુઃખાવો વગેરે ફરિયાદ દૂર કરી બળ, બુધ્ધિ અને આરોગ્ય આપે છે. લોહી વધારી વજન વધશે. કિ. ગોળી ૩૨, નાની શીશી રૂા ૧ાાઃ મોટી શીશી ગોળી ૯૬ રૂા. ૪) વી. પી થી દવા મગાવવા જામનગર લખો:

**દુગ્ધાનુપાન ફાર્મસી, ૩ જામનગર (કાઠિયાવાડ)**

# માસિક અટકાવ

ની અનિયમિતતા. બંધ માસિક, માંદગી રજોસીના પીલ્સ વગર તકલીફે ફરી ચાલુ કરી અનિયમિતતા દૂર કરી માસીક નિયમિત કરે છે. રતુદાંથો દૂર કરે છે. શીશીના રૂા. ૪. તુરત અસર કરનાર તેજ બનાવટ. કી. રૂા. ૬

**સ્ટેરેલીટી સ્પેશ્યલ**–માસિકનાં તમામ રોગો દૂર કરે છે. કીં. રૂા. ૧૫ દવા સાથેજ લેખિત ગેરટી.

## કાનના

ભયંકર દરદો કાનમાંથી પરૂ–રસી જવી, 'શૂળ, ચસકા, સોજો, શું શું અવાજ થવો, બહેરાપણું વ. કાનનાં દરદો માટે **રસિકકર્ણ બિન્દુ–કાનનાં ટીપાં.** 'કિં. શીશી રૂા ૧ાા ત્રણ શીશીના રૂા. ૪ા ત્રણ શીશી વાપરવાથી સાફ સંભળાય છે.

મુંબઇ–વીંછી બ્રધર્સ કું. ૭૯, પ્રીન્સેસ સ્ટ્રીટ, અમદાવાદ–પંડિત શાહની કું. ત્રણ દરવાજા.
સુરત–સી. એન. બ્રધર્સ, કણપીઠ વડોદરા–એ. રેયની કું, રાવપુરા મોમ્બાસા–મોમ્બાસા સ્ટોર્સ. પો. બો. ૧૪૨

---

# પુનામાં પધારનારાઓ

માટે

## રહેવા–જમવાની ઘર જેવી

સગવડ ધરાવતું

એક જ ઠેકાણું

# ગુજરાત હિંદુ લોજ

દાણાઆળી, પુના–૨

ફોન—૨૭૦૦

---

# કોઢ

આ ચેપી–ભયંકર, કિંમતી જીવન બરબાદકર્તા દર્દ "કોઢ" વર્ષોની જહેમત બાદ શોધેલા અનુભવસિધ્ધ આંતરિક ઉપચારથી તદ્દન જડમૂળથી નાબૂદ કરીએ છીએ.

[ Internal Treatment
સારવાર ઘેરબેઠાં લેવાય છે. ]

જડમૂળથી કોઢ મટાડનાર કોઢનું દવાખાનું

વધુ વિગત માટે લખો

## ન્યુ કોઢ રમા ક્લીનીક

જનરલ હોસ્પિટલ સામે, વડોદરા.

મિયાં ફુસકી
લેખક જીવરામ જોષી
આ તભાભટને આવી ઊંઘ કેમ આવતી હશે? ઠાકોર સાથે મુંબઇ જોવા આવ્યા ને આઠ દિવસ થયા. મને તો ઊંઘજ આવતી નથી
પકડો ! પકડો !! પકડો !!! ચોર
આ પકડો-પકડો----- શું ? લાવ જોઉં !
પકડો--ચોર-ચોર—ચોર પકડો !!!
પકડાઈ જઇશ તો આ માલ પણ જશે પહેલો પોટલું સંતાડી દઉં, આ

બે હમજી સંતાયા છે પણ હમણાંજ પકડી પાડું હાં! આ મે સિપાઇ આવ્યા
આ તો કોઈ મને પકડવા આવે છે! નાસવા દે!
હમણાં પકડી પાડું!
આ મિયાંનો પાછળ ને પાછળ પડયા છે લાકડે પકડી પાડશે આવવા દે, જરા મેથી પાક ચખાડું
લુચ્ચા, ચોરી કરે છે? લાવ પોટલું ચાલ પોલિસમાં
લઈલો પોટલું આ રહ્યું.
લે પોટલું
ચૂપ રહેજે નહિ તો છરી ભોંકી દઈશ!
આ પથ્થર ઠીક છે
ઉપર જ ગોઠવી દઉં!

અલ્લારે અલ્લા!
આ શું?
લુચ્ચો ચોર ચાલાકી કરી ગયો. હવે તો એને પકડું તોજ અમે ખરા સિપાઈ બચ્ચા!
ઊભો રે જે
કેમ બચ્ચાજી, કેવા પકડાયા!
લેતા જાવ લાડવા!!!
લોટાએ લબાન બનાવી દીધો. હા, અમે સિપાઈ બચ્ચા!
આ ઘર ઊઘાડું છે એમાં પણ હશે!

ચોર મિયાં! આબાદ ઝડપાયા!
અમે ચોર બોર નથી હો, અમે સિપાઈ બચ્ચા!
આ ફોજદાર કેવો છે? મને થાણામાં પૂરી દીધો
મિયાં તમે ફોજદારને કંઈ કહ્યું નહિ?
ઘણું કહ્યું કે અમે ચોર નથી
ચોરને તમે પૂરી દીધો છે એ વાત ન કહી?
અલ્લાહ અલ્લા, એ તો હું ભૂલી જ ગયો!
વાત આમ છે
આ મિયાં તો બસ ચિડાઈને એક જ વાત કહેતા કે અમે ચોર નથી. ચોરને ઘરમાં પૂર્યાની વાત તો ભૂલી જ જાય!
અમારા ફુસકી મિયાં છે જ એવા. ચિડાય ત્યારે બધુંય ભૂલી જાય!
ચલ ચાલો ચોરને જોઈએ
ઉઘાડો આ કમાડ
આ તો જુઓ ચોર છે
શાબાશ મિયાં ફુસકી!

હું લાલ બદામની
રાણી પણ
લોકોના હૃદયને
ખેંચતી રાણી
શાથી?
પારલેની
મોનાકો
ખારી
બીસ્કીટ

# દિવાળીના વધામણા

દિવાળીના
શુભ પ્રસંગે...

કોટ લત્તાનું ૪૦ વર્ષનું જુનું ભવ્ય **મીઠાઈઘર**

સ્નેહીઓને ભેટ આપવા લાયક ચોકખા ઘીની મીઠાઈનાં ફેન્સી રજવાડી બોકસો દરેક સાઈઝમાં તૈયાર મળશે. દિવાળીના તહેવારો આનંદ અને ઉલ્લાસમાં વ્યતિત કરવા તમો અમારી મીઠાઈ માટે આગ્રહ રાખો.

આજે જ પધારો અથવા ફોન કરો.

## જીવણ નાનજી મીઠાઈવાલા

૧૧૨, બોરા બઝાર કોટ, મુંબઈ — ટેલિફોન ૩૧૫૪૬

(SHETH)

ખાસ ગુજરાતી ભાઈઓની સગવડતા માટે પરાંવાસીનું રહેવા તથા જમવાની સગવડો ધરાવતું આદર્શ લોજીંગ એન્ડ બોર્ડીંગ હાઉસ

## સ્વસ્તીક કલબ

ભંડારકર રોડ, માટુંગા મેન્શન નં. ૨.
પોસ્ટ ઓફીસ સામે, માટુંગા નં. ૧૯
(જી. આઈ. પી)

બન્ને બાજુ ખુલ્લુ આલીશાન મકાન જ્યાં દૂધ, દહીં, વિ. પોતાની ડેરીનું વપરાય છે

અગાઉથી ઓર્ડર આપવાથી ઘેર ભાણા પહોંચતા કરવામાં આવે છે.

ટેલીફોન : ૬૧૦૪૧

ટેલીગ્રામ : જીવનપુત્રા

(SHETH)

卐 નૂતન 卐
વર્ષાભિનંદન

કિર્તીકર
## મસાલાવાલા

● મસાલા ● અથાણું
● પાપડ ● ચટણી
વિગેરે

ઠાકુરદ્વાર નાકા, મુંબઈ ૨.

માણસના હૃદયની રચના દેડકાના હૃદયની રચના સાથે મળતી આવે છે, તેની તમને ખબર છે? છતાં બન્ને વચ્ચે કેટલો ફેર છે! માણસના હૃદયનો પાર કોણ પામી શક્યું છે? કોઇ નહીં, કારણ કે માણસનું હૃદય એક અજાયબ ઘર જેવું છે. માણસ પાસે છે બુદ્ધિ, દેડકા પાસે નથી. બુદ્ધિ વિનાનો માણસ મોટા કદના દેડકા જેવો છે. માણસના હાથમાં સપડાઇને છટકી ગયેલા દેડકાની આ અનુભવ કથા જેટલી રમૂજી છે તેટલી બોધક પણ છે. શ્રી. શંકર પંડ્યા મોટેરાં માટે ઘણું લખે છે, પણ તમારે માટે તો આજે પહેલીવાર જ લખે છે. એ વાંચીને તમે એમની પાસે અવારનવાર લખાવો તો નવાઈ નહીં.

---

## માણસ જાતના કેદખાનામાંથી છટકેલા દેડકાની કથા

**આ**જે દેડકાઓની દુનિયામાં જબરો કોલાહલ મચી ગયો હતો. એ કોલાહલ મચવાનું કારણ પણ હતું. એમની દુનિયાનો એક બહાદુર વીર ફૂદકીરામ, માણસના કેદખાનામાંથી છટકીને હેમખેમ પાછો ફર્યો હતો. આજ પહેલાં આવી શૂરવીરતા દેડકાંઓની દુનિયામાં કોઇએ દાખવી નહોતી.

એની આ અસાધારણ બહાદુરી માટે, દેડકાંઓની દુનિયાએ, એનું ભવ્ય સ્વાગત યોજ્યું હતું. બધાં દેડકાંઓ આજે બાજુના એક ખાબોચિયામાંથી એકઠાં થયાં છે. આજુબાજુના વિસ્તારના વાસીઓને પણ હાજર રહેવા માટે એમણે સંદેશાઓ પાઠવ્યા હતા. જુવાન. સ્વયંસેવકોનું એક નાનું ટોળું, એક ખાબોચિયાથી બીજા ખાબોચિયા પર, એમ વારાફરતી, આજના જાહેર સમારંભની ખબર આપવા માટે દોડાદોડી કરી આવ્યું હતું.

નાનાં દેડકાંઓ, ફૂદકીરામનું સ્વાગત કરવા બે કતાર બનાવીને બેઠાં હતાં. તેનાથી થોડે દૂર દેડકાંઓની દુનિયાના ડાહ્યા ડમરા જીવો બે પગની પલાંઠી વાળીને બેઠા હતા. એની વચ્ચે એ બધાની નાતનો મોટો પટેલ હોય એવી અદાથી શ્રીમાન ફૂલણજી બિરાજમાન હતા.

શ્રીમાન ફૂલણજીની ફાંદ ખૂબ મોટી હતી. એના શરીરનો રંગ ભૂખરો હતો અને એમની પીઠ પર મોટાં કાળાં ચાઠાં હતાં. ફૂલણજી વારંવાર એમની જીભ બહાર કાઢીને, બધાને શાંત રહેવાની સૂચના આપતો હતો.

થોડીવારમાં આ સમારંભમાં વાજતેગાજતે ફૂદકીરામ આવી પહોંચ્યો. એને તેડવા માટે ચાર સ્વયંસેવકોની ટોળી, એના ખાબોચિયાના નિવાસસ્થાને ગઇ હતી. બે સ્વયંસેવકો આગળ ચાલતા હતા અને બે પાછળ. વચ્ચે ફૂદકીરામ, જાણે મોટો વીર યોદ્ધો હોય એવી અદાથી ચાલ્યો આવતો હતો.

ફૂદકીરામના આગમનની સાથે જ બધાં દેડકાંએ, 'આવો આવો'ના જયનાદથી વાતાવરણ ગજાવી મૂક્યું. વાતાવરણ 'ડ્રાઉં ડ્રાઉં'ના અસંખ્ય નાદથી ગુંજી ઉઠ્યું: ઘણાએ તો "વીર ફૂદકીરામની જય" "ફૂદકીરામ ઘણું જીવો"ના પોકારો પાડવા માંડ્યા અને બધાએ એને અંતરના ખરા ઉમળકાથી વધાવ્યો.

પાંચેક મિનિટ થવા આવી છતાં વાતાવરણ શાંત પડ્યું નહીં એટલે વચ્ચે બેઠેલા શ્રીમાન ફૂલણજીએ એક ખોંખારો ખાધો, અને એના ઘોઘરા અવાજથી મોટી રણગર્જના કરી કે, "શાંત થાઓ! શાંત થાઓ!" ફૂલણજીના આ આદેશને બધાએ માન્ય રાખ્યો અને દેડકાંઓની દુનિયામાં શાંતિ છવાઇ ગઇ.

વાતાવરણ શાંત પડતાં જ ફૂલણજીએ સમારંભનું કામકાજ શરૂ કર્યું. એણે કહ્યું, "વહાલાં દેડકાંઓ, આજે આપણે આપણા એક મહાન વીર ફૂદકીરામનું સન્માન કરવા અહીં મળ્યાં છીએ. તમે તો એ વાત સારી પેઠે જાણો છો કે, ફૂદકીરામે, આપણા ઇતિહાસમાં આજપૂર્વે કોઇએ ન કર્યું હોય એવું પરાક્રમ કર્યું છે. દેડકાંઓના ઇતિહાસમાં એવો

'વીરતાની કદરરૂપે હું એને 'મર્દ મેડક'નો ઇલ્કાબ એનાયત કરું છું.'

સાંભળ્યા નોંધાયા છે કે કોઈ દેડકું, સાપના મોંમાં ઝડપાઈ ગયું હોય અને છતાં એની કુનેહ અને સિફતથી ઉગરી ગયું હોય. પરંતુ માણસજાતના કેદખાનામાંથી કોઈ દેડકો પાછો આવ્યો હોય એવું સાંભળ્યું નથી.

"તમે તો જાણો છો કે, આપણા ખાબોચિયામાંથી, માણસો દરરોજ ચાર પાંચ દેડકાંઓ લઈ જાય છે. પરંતુ એ દેડકાંઓ કદી પાછાં ફરતાં નથી. આપણે આ વાત સારી પેઠે જાણીએ છીએ કે માણસના હાથમાં એક વાર ગયેલાં દેડકાંઓ કદી પાછાં આવ્યાં નથી. એનું શું થાય છે એની આપણને ખબર નથી. આપણે તો આપણાં એ ખોવાયેલાં સ્વજનો માટે છાનાં આંસુઓ સારીને બેસી રહીએ છીએ, પણ આપણા સારા નસીબે, આપણો બહાદુર ફુદકીરામ, માણસજાતના કેદખાનામાં જઈ આવ્યો છે. અને ત્યાં બધું શું બને છે એ જાતે જોઈ આવ્યો છે. એટલે આજ સુધી આપણે જેનાથી સાવ અજ્ઞાત હતા એ હકીકત આપણને જાણવા મળશે.

"ફુદકીરામે એના જીવના જોખમે જે અપૂર્વ બહાદુરી બતાવી છે એ બદલ હું એને ધન્યવાદ આપું છું અને એની વીરતાની કદરરૂપે હું એને 'મર્દ મેડક'નો ઇલ્કાબ એનાયત કરું છું."

શ્રીમાન ફુલણજીના આ પ્રવચન પછી, દેડકાંઓની દુનિયાએ ફરીવાર વાતાવરણ 'ડ્રાઉં ડ્રાઉં'ના પોકારેથી ગજવી મૂક્યું. ફુદકીરામ પણ, એમને મળેલા આ બહુમાન બદલ મનમાં ફુલાતો હતો, પરંતુ એના મનોભાવ દેખાઈ ન આવે એટલા માટે, નીચી નજર કરીને બેઠો હતો.

કોલાહલ શાંત થયો એટલે ફુદકીરામે સભાજનોને ઉદ્દેશીને બોલવા માંડ્યું: "પૂજ્ય શ્રીમાન ફુલણજી અને સભાજનો, હું આજે તમારી સમક્ષ અજાયબ થઈ જાવ એવી એક હકીકત રજૂ કરવા માગું છું. હું મારી કહાણી તમને પહેલેથી છેલ્લે સુધી કહી દઉં. એમાં આ બધો ઇતિહાસ આવી જશે.

"હા, તો સૌથી પહેલાં મને અને મારા બીજા એક સાથીદારને એમ બે જણાને, એક માણસ પકડીને લઈ ગયો. અમને એક અંધારી કોટડીમાં પૂરવામાં આવ્યા હતા. આ અંધારી કોટડી, માણસના હાથમાં આમતેમ ઝૂલતી હતી. અમે કશું દેખી શકતા નહોતા. અમે માત્ર એટલું જ જાણી શક્યા કે આ માણસ અમને આ કોટડીમાં પૂરીને, ક્યાંક લઈ જાય છે.

"થોડીવાર પછી એ માણસ, થોડે દૂર જઈને ઉભો રહ્યો. એણે એના હાથમાંની અંધારી કોટડી હેઠે મૂકી. ઘણા લાંબા સમય પછી અમને જમીનનો સ્પર્શ થયો. એના હાથમાં હતા ત્યાં સુધી તો અમને એમ જ લાગતું હતું કે અમે અધ્ધર લટકી રહ્યા છીએ. જમીનનો આ સ્પર્શ અમને ખૂબ જ મીઠો લાગ્યો અને અમારા જીવમાં જીવ આવ્યો. જમીન પર કૂદતાં કૂદતાં ભાગી છૂટવાની કંઈ આશા બંધાઈ.

"પરંતુ અમે જમીન પર હોવા છતાં પણ અમને તો આ અંધારી કોટડીમાં જ પૂર્યાં હતા. જ્યાં સુધી અમને બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી કંઈ જ થઈ શકે તેમ નહોતું. અમે એ કોટડીની દીવાલ પર ગમે તેટલા ઓટાદેરા મારીએ તો પણ કંઈ વળતું નહોતું.

"અમે એમ ને એમ બેસી રહ્યા. થોડા વખત પછી એક નવો માણસ આવ્યો. એણે અમારા શિકારીને પૂછ્યું કે "એમા ઝોળામાં ભરીને શું લાવ્યો છે?" ત્યારે અમને ખબર પડી કે અમને જે અંધારી

કોઠીમાં પૂરવામાં આવ્યા હતા એને માણસજાત કેળવણી કોઠી તરીકે ઓળખે છે. અમે આ બે જણાની વાતચીત સાંભળવામાં મશગૂલ હતા. અમારા શિકારીએ જવાબ આપ્યો કે "સાહેબ, દેડકા પકડી લાવ્યો છું. કારણ વર્ગમાં વિદ્યાર્થીઓને શીખવવા માટે દેડકાંઓની જરૂર છે."

"સારું" એમ કહીને પેલા નવા માણસે અમારા શિકારીને હુકમ કર્યો કે, "બાજુની કાચની બરણીમાં મૂકી દે."

અમારા શિકારીએ એના હુકમનો અમલ કર્યો. એણે અમને ફરીવાર જમીન પરથી ઉંચા ઉપાડ્યા. અને પછી એની ઝોળીને કાચની બરણીમાં ગીપેગીપી ઉંધી વાળી. ઘડીભર તો અમને થયું કે અમે કોઇ મોટા પહાડના શિખર પરથી નીચે ગબડી રહ્યા છીએ, અને જેવા જમીન પર પડશું કે અમારા રામ રમી જવાના. પરંતુ અમારા આશ્ચર્યની વચ્ચે અમે એક એવા સ્થળે જઇ પહોંચ્યા કે જ્યાં અમને ખૂબ જ મઝા પડી.

"માણસજાત આને કાચની બરણી કહે છે. આ કાચની બરણી કેવી લાગે છે એ કહું? જાણે નાનકડો કૂવો. એમાં પણ પાણી ભરેલું હોય છે. પરંતુ ફરક એટલો કે આપણે કૂવામાં હોઇએ ત્યારે એની અંદરથી કશું જોઇ શકતા નથી જ્યારે આ કૂવો પારદર્શક છે અને કૂવાને ઢાંકણું હોતું નથી; જ્યારે આ કાચના કૂવા પર ઢાંકણું હોય છે. કાચની અંદરથી આપણને બહારની બધી વસ્તુઓ દેખાય છે. અમને આજસુધી આવો અનુભવ થયો જ નહોતો એટલે અમે તો ખૂબ ખુશ થઇ ગયા.

"અમને જે જગાએ રાખવામાં આવ્યા હતા એ એક મોટો વિશાળ હવા ભરેલો દરિયો હતો. એને ચારે બાજુએ બાંધી લેવામાં આવ્યો હતો. અમને પાછળથી ખબર પડી કે એને માણસજાત વિશાળ ખંડ તરીકે ઓળખે છે. અમને પારદર્શક કૂવામાં નાખીને, અમારો શિકારી ચાલ્યો ગયો હતો. એણે આ ચારેબાજુએ બાંધેલા હવાવાળા ખંડને બંધ કરી દીધો હતો.

"અમે ચારે બાજુ નજર કરી તો અમને સામેની બાજુ પર એક વિચિત્ર પ્રકારનું દ્રશ્ય જોવા મળ્યું. કાળા રંગનું એક મોટું જાનવર એનો પગ હલાવ્યા કરતું હતું. એને બે હાથ હતા–પણ એક હાથ નાનો હતો અને બીજો મોટો: પણ એ હાથ એના પેટ પર ઉગેલા હતા. એનો ચહેરો સફેદ હતો, પણ એના પર કાળા રંગનાં ચાઠાં હતાં. ચહેરામાં બીજા બે કાણાં હતાં.

આ જનાવર, એક વિચિત્ર જાતનો અવાજ કરતું હતું. એ એક મિનિટ માટે પણ શાંત પડતું નહોતું. એ 'ટક', 'ટક', 'ટક' એવી જાતનો અવાજ કાઢતું હતું અને એનો નીચલો પગ આમથી તેમ ચાલ્યા કરતો હતો.

"અમને ઘણીવાર થતું કે હમણાં એનો પગ પડી જશે. પણ એ પગ

એણે એની ઝોળી કાચની બરણીમાં ગીપેગીપી ઉંધી વાળી.

☆ ☆ ઘડિયાળ જોઈ દેડકો આશ્ચર્ય પામે છે! ☆ ☆



'કાળા રંગનું એક મોટું જાનવર એના પગ હલાવ્યા કરતું હતું.'

એવી જ રીતે અવિરત રીતે હાલતો – ચાલતો હતો. એ પગ વિચિત્ર પ્રકારનો હતો. વચ્ચેથી પાતળો અને નીચે ખૂબ જાડો અને વજનદાર હતો. આ પગના હલનચલનની સાથોસાથ, આ જનાવરનો લાંબો હાથ પણ ચાલતો હતો. અને આ લાંબો હાથ, લાંબા વખત સુધી ચાલે ત્યારે એનો નાનો હાથ પણ ધીમે ધીમે એક કાળા ચાઠા પરથી બીજા કાળા ચાઠા પર આવતો. પરંતુ આ નાનો હાથ ત્યાં પહોંચે એ દરમ્યાન, લાંબા હાથે, આ બધા ચાઠાઓ પર એક ફૂદરડી ફરી લીધી હોય.

"મોટા હાથ જેવી આ ફૂદરડી પૂરી કરે કે તરત જ જનાવરના મોંમાંથી 'ટન' 'ટન' ટન' એવો અવાજ નીકળતો. આ અવાજ વખતે પણ પેલો પગ તો પહેલાંની જેમ જ હાલ્યાચાલ્યા કરતો.

"અમને આ કૌતુક જોવાની ભારે મઝા પડી. અમે આખી રાત, આ વિચિત્ર જાતના જાનવરને જોવામાં અને એની હલનચલનની ક્રિયા નીરખવામાં જ પસાર કરી."

આ વાત સાંભળીને બધાં દેડકાં અજબ થઈ ગયાં. શ્રીમાન ફૂલણજી પણ વિમાસણમાં પડ્યા. એમણે પણ એમની આવડી મોટી ઉંમર દરમ્યાન આવું કોઈ જનાવર જોયું નહોતું. સભામાં એકઠાં થયેલાં દેડકાંઓમાં એકથી ન રહેવાયું. એ અચાનક જ બોલી ઉઠ્યું: "એ જનાવરનું નામ શું?"

ફૂદકીરામે પ્રશ્ન પૂછનારની સામે કતરાતી આંખે જોયું અને પછી બોલ્યો: "જરા શાંત થાઓ! હજુ આથી પણ ઘણી અજબ થાઓ એવી વાત મારે કહેવાની છે. મેં જનાવરનું નામ જાણવાની ખાસ કોશિશ કરી છે. માણસજાત એને ઘડિયાળના નામે ઓળખે છે.

"બીજે દિવસે સવાર પડ્યું એટલે અમારા આ વિશાળ ખંડની એક બાજુને ઉઘાડી નાંખવામાં આવી. ધીમે ધીમે માણસોની અવરજવર વધવા માંડી. આ ખંડની વચ્ચે લાકડાનો એક મોટો પુલ હતો. એની આજુબાજુ માણસોનું એક ટોળું વીંટળાઈને ઊભું હતું.

"એટલામાં એક માણસ અમારા પારદર્શક કૂવા પાસે આવ્યો. એના હાથમાં એક મોટું હથિયાર હતું. એણે કૂવાનું ઢાંકણું ખોલીને એ હથિયાર અંદર નાખ્યું અને મારી સાથે પકડાયેલા, બીજા સાથીદારને ઉપાડીને આ લાકડાના પુલ પાસે લઈ જવામાં આવ્યો.

"હું તો સ્તબ્ધ જ બની ગયો હતો. માણસે એના હાથમાં રહેલા હથિયાર વડે મને ઉંચક્યો નહીં એ માટે હું મનોમન હરખાતો હતો કે, હાશ! છૂટ્યો, પણ મારું કુતૂહલ ઘણું જ વધી ગયું હતું. મને થયું કે જો હું પારદર્શક કૂવામાં જરા પણ આમતેમ સળવળાટ કરીશ તો ટોળું જોઈ જશે અને મારો ભય નાશી જતાં મને પકડશે. એટલે હું એ કૂવાના તળિયે જઈને ચુપચૂપ ગોઠવાઈ ગયો અને શું થાય છે તે જોવા લાગ્યો.

"જે માણસ મારા સાથીદારને પકડી ગયો હતો એણે ટોળામાં ઊભેલા માણસો તરફ ઉદ્દેશીને કહ્યું, "જુઓ આ દેડકો છે. એને આજે આપણે ચીરીને, એના હૃદયની રચના નીરખીશું."

"હું તો આ સાંભળીને દંગ જ થઈ ગયો. મારા તો મોતિયા જ મરી ગયા. મોત તો બધાને માથે લખ્યું છે. પણ માણસજાત, દેડકાંઓને જીવતાં ચીરીને આવો જુલમ શા માટે ગુજારતી હશે? એથી એને શો ફાયદો? આ વિચારે મને ઘેરી લીધો.

"આવતી કાલે મારી પણ આ દશા થશે એમ જાણીને હું તો ભયથી થરથર ધ્રૂજવા લાગ્યો. મારાં ગાત્રો ગળી ગયાં. મારી આંખે અંધારાં આવવા લાગ્યાં. હું પારદર્શક કૂવામાં આમતેમ ફૂદરડી ફરવા લાગ્યો.

"મારી વિચારમાળા ક્યારે તૂટી એની મને ખબર નથી. પરંતુ હું જ્યારે વિચારોના આ ઘેનમાંથી જાગ્યો ત્યારે મેં જે દૃશ્ય જોયું એ ખરેખર કમકમા ઉપજાવે એવું હતું. મારા સાથીદારને જીવતો ચીરી નાખવામાં

આવ્યો હતો. એના હૃદયને, એક બાજુના ધાતુના કુંડાળામાં રાખવામાં આવ્યું હતું. એના પર એક પ્રકારની ધોળી ભૂકી છાંટવામાં આવી હતી.

"પેલો માણસ એકઠા થયેલા ટોળાંને સમજાવતો હતો કે, "જોયું ! દેડકાના હૃદયની રચના, આપણા હૃદય સાથે ઘણી જ મળતી આવે છે. આપણા હૃદયને ચાર પડ છે જ્યારે દેડકાના હૃદયને ત્રણ પડ છે એવી જ રીતે એની માંસપેશીઓનું છે. આપણી માંસપેશી પર અને દેડકાની માંસપેશી પર, દવાની એકસરખી અસર થાય છે."

જ્યાં હતું ત્યાં જ સ્થિર ચોંટયું હતું. મારા હરખનો પાર ન રહ્યો. મેં કૂવાની દીવાલ ટેકવા માટે બે ત્રણ પ્રયાસો કર્યા પણ એની દીવાલ સાવ ભીની અને લપસણી હતી. એટલે મારા એ પ્રયાસો કારગત ન નીવડયા.

"થોડી વાર તો મેં પણ બહાર નીકળવાની આશા છોડી દીધી. આવતી કાલે મારા પણ, મારા સાથીદાર જેવા હાલહવાલ થશે એ વિચારે હું થરથરી રહ્યો. પણ બીજી જ પળે, મારામાં મેં જેટલું જોર હતું એ એકઠું કર્યું. આ તો જીવ બચાવવાનો સવાલ

પેલો માણસ એકઠા થયેલા ટોળાને સમજાવતો હતો.

"આટલું કહીને એણે ટોળાને વિખેરી નાખ્યું અને બાકીનો ભાગ આવતી કાલે કહેવાનું જણાવ્યું. ધીમે ધીમે આખો ખંડ ખાલી થઈ ગયો. બધાં જતાં રહ્યા અને જે બારણું ખોલવામાં આવ્યો હતો એ પણ બંધ કરી દીધો.

"પરંતુ આમ કરવામાં એક વાત ભૂલાઈ ગઈ હતી. મારા કાચના પારદર્શક કૂવાનું ઢાંકણું બંધ નહોતું કર્યું. મેં આજુબાજુ નજર કરી પણ પેલા કાળા જનાવર સિવાય ત્યાં કોઈ નહોતું. અને એ તો

હતો. મેં એક મોટી છલાંગ મારી. આખરે, કૂવાની બહાર તો નીકળી ગયો, પરંતુ મેં એવો જોરથી કૂદકો માર્યો હતો, કે જમીન પર પડતાં મારું શરીર છોલાઈ ગયું. થોડીવાર તો મને મૂર્છા આવી ગઈ. કૂદકાની પછાડ કોઈ જોનારું નહોતું. પણ થોડી વારમાં હું ભાનમાં આવ્યો અને પછી મેં ખંડની સામી દિશામાં ચાલવા માંડયું.

"ચારે બાજુ બધું બંધ હતું. ક્યાંયથી જવાનો માર્ગ નહોતો. હું આ ખંડની દીવાલ પર આગળનો

☆ ☆ માણસનું હૃદય એક અજાયબ ઘર છે ☆ ↑ૈ

અકળાતો નીકળવાનો માર્ગ શોધતો હતો. એટલામાં મારી નજર એક દીવાલ પાસેના કાણા પર પડી. મેં એ કાણા વાટે બહાર જવાની કોશિશ કરી. પણ જઈને જોઉં છું તો બીજી બાજુ મોટી ખાઈ હતી. મને તો એ જોઈને જ તમ્મર આવી ગયાં. જીવ બચાવવા તો નાઠો પણ આ તો ઉકળામાંથી ચૂલમાં પડયા જેવું થયું. જો હું ત્યાંથી નીચે ગબડી પડું તો તો મારા ફોદેફોદા નીકળી જાય.

"મેં વિચાર કર્યો કે આમ ને આમ રાત કાઢી નાખવામાં જ મઝા છે. હું ખંડના એક ખૂણામાં લપાઈને બેઠો રહ્યો, અને પેલા કાળા જનાવરની એકની એક ટક ટક જોવામાં મશગૂલ થયો. આ પણ એક અજાયબ વાત છે. આ જનાવર આખો દિવસ ટક ટક કરે છે તો પણ થાકતું જ નથી. પાડું છે ત્યાં ને ત્યાં ઉભું રહે છે અને થોડા થોડા સમયે, ટન્ ટન્ એવા ટકોરા કરે છે.

"મને જો મારા આ લાંબા કારાવાસ દરમ્યાન કોઈ ખરેખર જોવા જેવું લાગ્યું હોય તો આ કાળા રંગનું જનાવર જ છે. બિચારું એનું કામ કર્યા કરે. હાલિયાએ છતાંય એની જગાએ ઉભું રહે. મને તો નવાઈ લાગે છે કે એ જીવતું શી રીતે હશે!

આપણે તો નાના નાના જીવડાંઓ ખાઈને પણ જીવીએ છીએ અને એ માટે આપણે આમથી તેમ દોડાદોડી કરવી પડે છે પણ આ જનાવર તો ભૂખ્યું તરસ્યું હોવા છતાં એની એ જ સ્થિતિમાં ઉભું હતું.

"મેં વળી આડી વાત કરી–પણ આગળ ચાલો, મેં આ કાળા જનાવરને એકી ટશે જોતાં જોતાં આખી રાત વિતાવી.- હું બાજુના ખૂણામાં લપાઈ ગયો હતો.

"સવાર પડી ને આ વિશાળ ખંડનું બારણું ઉઘડયું. કોઈ માણસ, હાથમાં ઘાસનો પૂળો લઈને ખંડમાં દાખલ થયો હતો. એ જમીન પર આ ઘાસનો પૂળો ફેરવવા લાગ્યો. એનું મારા તરફ ધ્યાન નહોતું. એ પીઠ વાળીને કામ કરતો હતો. મેં એના તરફ નજર રાખીને કૂદવા માંડયું. ક્યાંક પાછું વાળીને એ જોશે એ બીકે હું થોડી થોડી વાર ઉભો રહી જતો હતો, પણ એ એના કામમાં પરોવાયેલો હતો. એટલે બંદા તો આબાદ છટકી ગયા.

"ખંડની બહાર એક મોટી બધી નિસરણી હતી. વાવમાં રહેતાં દેડકાંઓએ આવી નિસરણી જોઈ હશે. એમાં એમણે ચડઉતર પગથિયાં કર્યાં હોય છે. હું તો એક પછી એક પગથિયાં કૂદવા માંડયો. તો પણ હજુ પૂરું ઉતરી ન રહ્યો. હજુ તો મેં આ નિસરણીનો એક ભાગ જ પૂરો કર્યો હતો.

"હું જે જગાએ આવ્યો ત્યાં આજુબાજુ મોટું સપાટ મેદાન હતું અને મને જે જગાએ કેદ રાખવામાં આવ્યો હતો એવડો મોટો એક વિશાળ ખંડ હતો. પરંતુ અમારા કેદખાનામાં પેલા કાળા જનાવર, લાકડાના ત્રણ મોટા પુરા અને થોડાં હથિયાર અને પેલા પારદર્શક કૂવા સિવાય કોઈ નહોતું. જ્યારે આ જગ્યામાં ચારેબાજુ માણસો લાંબા થઈને પડયાં હતાં.

"મને થયું કે આ પણ વળી જોવા જેવું લાગે છે. એટલે હું તો સીધો અંદર દાખલ થયો. આ જગ્યામાં માણસો લાંબા થઈને સૂતાં હતાં. એમના ચહેરા પરથી લાગતું હતું કે તેઓ કોઈ રોગનો ભોગ બન્યા હતા.

"આ માણસજાત પણ અજબ છે! આપણે ત્યાં કોઈ દેડકું માંદું થયું હોય તો આવી રીતે લાંબું થઈને સૂઈ રહેતું નથી. એનો રોગ એની મેળે મટી જાય છે, પણ માણસને જે રોગ થાય છે એ પોતે જ પારખી શકતો નથી. એ પારખવા માટે એણે બીજા માણસની મદદ લેવી પડે છે.

"મેં જોયું તો આ લાંબા પડેલા માણસોની સંભાળ રાખવા માટે ધોળાં કપડાં પહેરીને એક જણ આમતેમ આંટા મારી રહ્યું હતું.

"મને આવતો જોઈને, એક માણસે મારા તરફ ઇશારો કરીને, બીજાને સંબોધીને કહ્યું: "જો, અહીં દેડકો આવ્યો!"

"દેડકો! અહીં ક્યાંથી?" બીજાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"હા. હશે. ઉપર વિદ્યાર્થીઓને શીખવવા માટે લાવ્યા હશે. ત્યાંથી ભાગી આવ્યો લાગે છે."

**ઘડિયાળ ચાવી દેવાથી ચાલે છે, હૃદય ચાવી વિના ચાલે છે**

"આ વાતચીત સાંભળીને હું તો આભો જ બની ગયો. મને થયું કે આ પણ અજબ વાત છે. આ માણસો અહીં લાંબા થઈને પડ્યા છે એને ક્યાંથી ખબર પડી ગઈ કે હું ઉપરથી ભાગી છૂટયો છું. હું તો વિમાસણમાં જ પડી ગયો.

"આ માણસજાત ખરેખર અજબ જાત છે! એને મારા ભાગી છૂટવાની શી રીતે ખબર પડી? એમ તો આપણી અને માણસ વચ્ચે ઘણી સમાનતા છે. આપણા હૃદયનો જ દાખલો લો ને! આમ છતાં આ એક વાતનો આપણી અને એની વચ્ચે મને ફેર લાગ્યો છે. માણસને ઘણી વાતની બેઠાં બેઠાં ખબર પડી જાય છે. એને કેવી રીતે ખબર પડે છે એ વાત જાણવા જેવી છે.

"હા. હું તો આ બે જણાની વાત સાંભળતો જ રહ્યો. એમાંનું એક જણ બોલ્યું: "રહેવા દે! એને પકડીશ નહીં. એની મેળે ચાલ્યો જશે. એને ચીરીને આ લોકો નહીં તો મારી નાખત."

"બાજુમાં સૂતેલા એક બીજા જણાએ પેલા માણસને સવાલ કર્યો: "એને શા માટે ચીરતા હશે?"

"તમને ખબર નથી? દેડકાના અને માણસના હૃદયની રચના એકસરખી છે માટે! પણ આ દેડકાં ચીરનારાઓને ક્યાં ખબર છે કે હૃદયની રચનાની બહારની સમાનતાથી શું વળે? માણસના હૃદયનો પાર કોણ પામી શક્યું છે!

"એટલે? પેલાએ આશ્ચર્યચકિત થતાં કહ્યું.

"એટલે કે દેડકાના હૃદયની રચના ભલે સમાન હોય. પણ એથી શું? એ તો શરીરરચનાને લાગેવળગે છે ત્યાં સુધી સાચી વાત છે. પણ માણસનું હૃદય એક અજાયબ ઘર છે. એ હૃદય દરિયાથી યે વધુ વિશાળ વ્યથાને સંઘરી શકે છે. એ હૃદય, આનંદની અસીમ ઉર્મિઓ અનુભવે છે.

"ઘણાનાં હૃદય કપટી હોય છે. ઘણાનાં હૃદય વિશાળ હોય છે. કોઈને આપણે હૈયાફૂટયો કહીએ છીએ. હા. પણ એક વાતે, દેડકાઓ માણસ કરતાં જરૂર ચડિયાતા છે. એનું હૃદય માણસ જેવું કપટી નથી. એનું હૃદય માત્ર એક જ કામ કરી જાણે છે અને તે એને જિવાડવાનું.

"જ્યારે માણસનું હૃદય, એને જિવાડે છે, અને ઘણીવાર એને જીવતું મોત પણ આપે છે. ઘણાનાં હૃદય, જુવાન વયમાં જ ભાંગી જાય છે. એને આપણે ભગ્ન-હૃદય કહીએ છીએ. ઘણા લોકો નિર્દોષ માણસોની હત્યા કરે છે. ખૂન કરે છે. એને આપણે હૃદયહીન કહીએ છીએ.

"આ માણસ જરા પણ ગોરો ખાધા વિના બોલ્યે જ જતો હતો. ત્યાં બીજાએ એને અધવચ્ચેથી અટકાવ્યો અને કહ્યું: "પણ, જો દેડકાના અને માણસના હૃદયની રચના એકસરખી હોય તો આમ શી રીતે બને?

"શી રીતે બને? પેલા માણસે ફરી ચાલુ કર્યું, "જો તને સમજાવું. હૃદય એ તો માણસને અને દેડકાને જીવાડનારો એક સંચો માત્ર છે. તેં પેલી ઘડિયાળ તો જોઈ છે ને! આ ઘડિયાળ માણસે બનાવેલું એક યાંત્રિક હૃદય જ છે એમ માની લે. એ આપણા હૃદયના અવિરત ધબકારાની જેમ ચાલ્યા કરે છે.

"અલબત્ત એને ચાવી દેવી પડે છે. જ્યારે આપણું હૃદય ચાવી દીધા વિના જ ચાલે છે. જેટલો વખત એ ચાલે એને આપણે આવરદા કહીએ છીએ. પ્રાણીમાત્રને આવી આવરદા આપવામાં આવી હોય છે. એ એટલા સમય સુધી જ જીવે છે. જન્મ અને મૃત્યુ વચ્ચેના હૃદયના સજીવ ધબકારાના સમયનું નામ આવરદા છે.

"એમ તો દેડકાને પણ એની આવરદા છે. પણ માણસ અને દેડકાં વચ્ચે એક મૂળભૂત ફરક છે. માણસમાં એક ચીજ વધુ છે. એનું નામ છે બુધ્ધિ. માણસ અને દેડકાં વચ્ચે એ જ મુખ્ય ફરક છે. માણસને પ્રાણીજગતમાં, વિચારવંત પ્રાણી તરીકે ઓળખાવવામાં આવે છે. જો એનામાં આ વિચાર કરવાની શકિત ન હોત તો, માણસ, બહુ જ મોટા કદનો દેડકો જ હોત!"

"હું આ બન્ને જણાની વાતચીત સાંભળતો હતો ત્યારે મને ખબર પડી કે, પેલા ખંડમાં જે કાળું જાનવર અધ્ધર લટકતું હતું એનું નામ ઘડિયાળ

☆ ☆ બુધ્ધિ વિનાનો માણસ મોટા દેડકા જેવો છે ☆ ☆

હતું અને એ છૂત વગરનું જાનવર છે અને ચારી દેવાથી થાય છે,

"ત્યારે મને એક બીજી વાતની પણ ખબર પડી કે માણસ આમ તો આપણા જેવો એક મોટો દેડકો જ છે, પણ એનામાં આપણા કરતાં એક વિશેષ ખૂબી છે અને એનું નામ બુદ્ધિ છે.

"આ બુદ્ધિની મદદથી એ વિચારી શકે છે. દાખલા તરીકે હું ઉપલા ખંડમાંથી પેલી નીસરણી કૂદીકૂદીને અહીં આવ્યો, એ વાત એણે કેવળ સૂતાં સૂતાં આ બુદ્ધિની મદદથી જ જાણી લીધી હતી.

"આ સંવાદ સાંભળીને હું તો ખુશ થઈ ગયો. મને માણસજાત વિશેની તમામ છૂપી બાતમી હાથ લાગી ગઈ હતી હવે હું વધુ વખત રોકાઉં તો, પકડાઈ જવાનો પૂરેપૂરો ભય હતો અને જો હું પકડાઈ જાઉં તો દેડકાંની દુનિયાને માણસજાત વિશે, આવી છૂપી બાતમી કોણ પૂરી પાડશે?

"મને થયું કે, મારા સમાજ પ્રત્યે, મારા દેશ પ્રત્યે મારી એ પવિત્ર ફરજ છે. માટે દેડકાંની દુનિયા સમક્ષ, માણસજાત વિશેનું આ છૂપું રહસ્ય રજૂ કરવું જ જોઈએ અને એ કાર્ય મારે ગમે તે ભોગે પાર પાડવું જોઈએ.

"આવો દૃઢ નિશ્ચય કરીને હું ત્યાંથી પાછો વળ્યો. પાછો પેલા ચોગાનમાં આવ્યો. ત્યાંથી એક બીજી લાંબી નીસરણી કૂદવાની હતી. એ એક એક કૂદકે, કૂદતો ગયો અને આખરે જમીન પર આવી પહોંચ્યો.

"જમીન પર આવ્યા પછી હું ખરેખર ગેલમાં આવી ગયો. માણસના કેદખાનામાંથી છૂટવાનો આનંદ જાહેર કરવા માટે મેં જમીન પર આવીને 'ડ્રાંઉં ડ્રાંઉં' કરવાનું શરૂ કર્યું. મારા આ 'ડ્રાંઉં ડ્રાંઉં'માં મેં મારી મુક્તિના છડી પોકારી હતી.

"આટલા દિવસના ફરજિયાત મૌન પછી પહેલીવાર મેં આ 'ડ્રાંઉં' કર્યું હતું. ઘડીભર તો મને પણ મનમાં એ શંકા લાગી હતી કે હું મારી માતૃભાષા જ ભૂલી ગયો છું. પણ જ્યારે મેં જમીન પર આવીને પહેલું 'ડ્રાંઉં' ઉચ્ચાર્યું ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. એ જ ચીરપરિચિત શબ્દ મારે કાને અફળાયા. હું ખુશખુશ થતો મારા ખાબોચિયા ભણી આગળ વધ્યો.

"બે રાત અને બે દિવસના સતત પ્રવાસ પછી હું મારે ઘેર પાછો ફર્યો. ને પછી શું બન્યું એ તો તમે જાણો છો, પરંતુ મારે એક વાત તમને અહીં કહેવાની છે.

"તમે આજે મારા માનમાં સભા બોલાવી છે અને મને તમે "મર્દ મેંઢક"નો ઇલ્કાબ એનાયત કર્યો છે. પણ ખરું જોતાં મેં એવી કોઈ મોટી બહાદુરી કરી નથી.

"અલબત્ત એક રીતે એ બહાદુરી તો છે જ. પણ મેં તો મારા ભાઈઓ પ્રત્યેની ફરજ અદા કરી છે. દેડકાંની દુનિયાની સેવા કરવાની મારી નમ્ર ફરજ છે અને એ ફરજ મેં મારી જાનના જોખમે પણ બજાવી છે. એ બદલ તમે મારું બહુમાન કર્યું છે એ માટે હું તમારો બધાનો ઋણી છું. પણ છેલ્લે છેલ્લે મારે એક વાત કહેવાની છે.

"માણસજાત વિશે આપણને આજે એક એવું છૂપું રહસ્ય હાથ લાગ્યું છે કે આપણે પણ એના વિશે કંઈક કરવું જોઈએ. આમ માત્ર 'ડ્રાંઉં ડ્રાંઉં' કર્યે નહીં ચાલે, માણસ—એક રીતે મોટા કદનો દેડકો જ છે એ વાત તમે જોઈ શક્યા હશો—પણ એમાં એક બીજી ચીજ છે અને તે બુદ્ધિ.

"બુદ્ધિ વિનાનો માણસ ખરેખર મોટા દેડકા જેવો જ છે. એટલે જો આપણે દેડકાંઓએ માણસ બનવું હોય તો, આ એક જ ચીજ હાથ કરવાની જરૂર છે.

"એ સિવાય તો આપણામાં અને માણસમાં ઘણી સમાનતા છે. જો આપણને ક્યાંકથી બુદ્ધિ મળી જાય તો, આપણે પણ માણસ બની શકીશું. એટલે આજથી જ આપણે બધા બુદ્ધિની શોધખોળ કરવાનો મક્કમ નિર્ણય કરીએ."

ફદફદીરામની આ નવી સૂચનાએ બધાં દેડકાંઓમાં અનેરો ઉત્સાહ જગાડ્યો. બધાં દેડકાં ખુશ ખુશ થઈ ગયાં અને બધાંએ એકી અવાજે ઠરાવ પસાર કર્યો કે "ચાલો, બુદ્ધિની શોધમાં. બુદ્ધિ હશે તો આપણે પણ માણસ બની શકીશું."

## દેડકાંઓની સભા ઠરાવ કરે છે: ચાલો, બુદ્ધિની શોધમાં

એક નૂર આદમી—હજાર નૂર કપડાં

અમારા માનવંતા ગ્રાહકોને

નૂતન નવર્ષાભિનંદન

## બ્હેનોને શુભ સંદેશઃ—

જોતાં જ મન લલચાય તેવી **આકર્ષક ડીઝાઈનો, કળામય રંગો** અને **કુશળ કારીગરી** તે બધાનો સુમેળ ધરાવતી, અમારે ત્યાં **છાપેલ આધુનિક ડીઝાઈનોની સાડીઓ** પહેરી માંગલિક તહેવારોમાં આપના **આનંદ** અને **સૌંદર્ય** માં વધારો કરો.

સુતરાઉ, રેશમી તથા જરીની સાડીઓ રંગવા તથા છાપવા માટે અમારા શોરૂમની એક મુલાકાત લઈ હજારો મનમોહક ડીઝાઈનોમાંથી આપની પસંદગી કરો.

ખાસ વિશિષ્ટતા

બ્લૉક, એરોગ્રાફ તથા

સ્ક્રીન પ્રિન્ટીંગ

ટેલિફોન: ૭૨૧૨૯

તારનું સરનામું Resmichhap Bombay, Girgaon

સ્થાપના ૧૯૧૮

# ધી ન્યુ બોમ્બે ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ

૧૫૩–૧૫૫ સી. પી. ટેંક રોડ, માધવબાગ પાસે, મુંબઈ નં. ૪

અમારા અસંખ્ય ગ્રાહકો, ચાહકો, શુભેચ્છકો
અને હિતવર્ધકોને અમો દિવાળીની શુભેચ્છા
પાઠવીએ છીએ તથા નવા વરસનાં
અભિનંદનો સાથે સહકારમાં વધુ ને વધુ
બઢતી થાઓ એમ પ્રાર્થના કરીએ છીએ.

☆

ટેલીફોન ૨૨૮૧૧ — ટેલીગ્રામ Book-Bind

**શમશેર પ્રીન્ટીંગ પ્રેસ**

૨૦૩, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ,
મુંબઇ ૩

## નૂતન વર્ષનાં અભિનંદનો સ્વીકારશો!

ઝગમગતી દીપમાળાઓ વચ્ચે જેમ દિવાળી
સાકાર થાય છે, તેમ "શબ્બર"ની આમંત્રણ
પત્રિકાઓ દ્વારા શુભ પ્રસંગનું આગમન થાય છે.

# શબ્બર ટ્રેડીંગ કોર્પોરેશન

વિવિધ ડીઝાઇનોમાં ફેન્સી આમંત્રણ પત્રિકાઓ,
દરેક પ્રસંગના ગ્રીટીંગ કાર્ડો તથા કેલેન્ડરો બનાવનારા

૨૦૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ,
મુંબઈ ૩.

સીતાફળ અથવા અનુસ તમારામાંથી કોણે નહીં ખાધું હોય! મૂળ આપણા દેશનું એ ફળ છે. એ ફળ વિષે તમને કોઈ પૂછે તો તમે શું કહો? કાંઈ નહીં, ખરૂં ને? આ લેખમાં સીતાફળ વિષે રસિક માહિતી એકઠી કરવામાં આવી છે. એના લેખક શ્રી. કુમુદચંદ્ર મહેતાની કવિતાઓ 'રમકડું'માં તમે અવારનવાર વાંચો છો. તેઓ મુંબઈ સરકારના પ્રકાશન-ખાતામાં કામ કરે છે.

અંગ્રેજોનું 'કસ્ટાર્ડ એપલ'
અમેરિકનનો 'સ્વીટ સોપ'
વેસ્ટ ઈન્ડિઝનું 'સુગર એપલ'

# સીતાફળ-અનુસ

લેખક: શ્રી. કુમુદચંદ્ર મહેતા

સીતાફળ કોણે ન ખાધું હોય અને કોને ન ભાવતું હોય! નિશાળ આગળ જમરૂખ, બોર, કમરખ, કોઠાં, કાકડી અને સીતાફળ વેચનારી ડોશી પાસે લગભગ બધાએ ચાખ્યું જ હશે. એ એટલું બધું મીઠાશવાળું ફળ છે કે લગભગ બધાંને જ ભાવે છે. એની મીઠાશની તો વાત જ શી; જાણે માવો જોઇ લ્યો માવો. દેખાવે ય માવા જેવું સફેદ ને ખાવામાં ય તેવું ગળ્યું!



સીતાફળ એના નામ પરથી જ આપણા દેશનું મૂળ ફળ સાબિત થાય છે. ગુજરાતમાં એને "અનુસ" પણ કહેવામાં આવે છે. પરદેશના લોકોએ એના સ્વાદ અને દેખાવ પરથી ભાતભાતનાં નામ આપ્યાં છે. તે જો હું તમને કહું તો હસીહસીને તમારૂં પેટ દુ:ખી જશે.

અંગ્રેજ લોકો એને "કસ્ટાર્ડ એપલ" કહે છે. કસ્ટાર્ડ એટલે બાસૂદી-માવો એવો અર્થ થાય અને એપલ એટલે ફળ. આમ તેનો ગર બાસૂદી કે માવા જેવો સફેદ દેખાય છે ને સ્વાદ પણ તેવો જ મીઠો હોય છે. અમેરિકાના લોકો "સ્વીટ સોપ" કહે છે. સ્વીટ એટલે મીઠો અને સોપ એટલે સાબુ – મીઠો સાબુ એવું નામ આપ્યું છે. સાબુ કાંઈ ખવાય નહિ, પરંતુ એનો ગર સાબુના ફીણના જેવો દેખાય છે તે પરથી એ લોકોએ એવું નામ પાડયું હશે!

વેસ્ટ ઇન્ડિઝમાં સીતાફળને "સુગર એપલ" એટલે "સાકરિયું ફળ" કહેવામાં આવે છે. તેના સ્વાદ પરથી આવું નામ આપવામાં આવ્યું હોય તેમ લાગે છે. પોતાના દેશમાં ન થતાં હોય એવાં ફળ

કે શાકભાજીને તેના રંગરૂપ, ઘાટ અને સ્વાદ પરથી પોતાની ભાષામાં નામ આપવાની યુરોપના લોકોને એક જાતની આદત જ હોય છે. તેઓએ ભીંડાને "લેડીઝ ફિંગર" એવું નામ આપ્યું છે અને ભીંડાની સરખામણી સ્ત્રીની આંગળી સાથે કરી છે.

એવી જ રીતે અંગ્રેજ લોકોએ મોગરીને પણ ખૂબ રમૂજી નામ આપ્યું છે. તેને એ લોકો "રેટ–ટેઇલ" કહે છે. રેટ એટલે ઊંદર ને ટેઇલ એટલે પૂંછડી, એટલે "ઊંદરની પૂંછડી" એવું નામ આ લોકોને બંધબેસતું માલૂમ પડયું છે.

અંગ્રેજ લોકોની આવી શોધ માટે તમને હસવું તો નથી આવતું ને! જોજો તમે જમવા બેઠા હો અને મોગરીની કચુંબર તમને પીરસી હોય તો અથવા મોગરીનું શાક મૂકયું હોય ત્યારે તમારી દાદીમાના દેખતાં "આ તો ઊંદરની પૂછડીનું શાક છે" એવું રખે બોલતાં; નહિતર તેમને એની "સૂગ" લાગી જશે, સમજ્યાં!

સીતાફળનાં જેવાં બીજાં પણ કેટલાંક ફળ થાય છે અને તેનાં નામ અને જાત પરથી તે એક જ કુટુંબનાં હોય તેમ લાગે છે. સીતાફળને તો બધાં ઓળખે પણ તમે રામફળ અને હનુમાનફળ ખાધાં છે ખરાં! કદાચ રામફળ ઘણાં યે જોયાં હશે અને ખાધાં પણ હશે, પરંતુ હનુમાનફળ બહુ ઓછાં યે ખાધાં હશે કારણ કે એ બહુ લોકપ્રિય બન્યાં નથી.

ફળનાં આવાં બધાં નામ વાંચી તમને કદાચ વિચાર પણ આવે કે રામ અને સીતા જ્યારે વનમાં ગયાં ત્યારે તેમણે વનમાં ભમતાં ભમતાં આ ફળો શોધી કાઢયાં હશે. તેમને એમના નામની ખબર નહિ છતાં ખાવામાં ખૂબ ભાવી ગયાં હશે અને સીતાજીએ શોધી કાઢેલાં ફળનું નામ સીતાફળ, રામે શોધેલાં ફળનું નામ રામફળ અને હનુમાનજીએ શોધી કાઢેલું ફળ હનુમાનફળ એવાં નામે ઓળખાવ્યાં હોય એ બનવાજોગ છે. કદાચ પર્ણકુટિર આગળની નાનકડી વાડીમાં આ ફળોનાં ઝાડ પણ ઉગાડવામાં આવ્યાં હોય! તમને એવો વિચાર આવે તો હાલ પૂરતું "એમ જ બન્યું હશે" એમ માની આગળ વધીએ.

સીતાફળ હૈદરાબાદમાં પુષ્કળ થાય છે. વળી હૈદરાબાદમાં થતાં સીતાફળનાં ફળ પણ બહુ મોટાં હોય છે. તેમાં હૈદરાબાદ અને તાંદુર વિભાગમાં તો જ્યાં જુઓ ત્યાં સીતાફળ ને સીતાફળનાં જ ઝાડ દેખાય. મુંબઇમાં તમે જે સીતાફળ ખાવ તે મોટે ભાગે આ બન્ને જગ્યાએથી આવે છે. ભાવનગર અને જામનગરમાં પણ પુષ્કળ સીતાફળ થાય છે, સીતાફળનાં કેટલાંક ઝાડ તો ૮૦ વરસથી પણ જૂનાં છે.

મુંબઈ રાજ્યમાં ઠેરઠેર સીતાફળ થાય છે. સીતાફળને બે રીતે ઉગાડવામાં આવે છે: એક તો એ આપમેળે જ ઊગી નીકળેલાં જોવામાં આવે છે અને બીજું એની

★ ભીંડાનું અંગ્રેજી નામ 'લેડીઝ ફિંગર'
મોગરીનું અંગ્રેજી નામ 'રેટ ટેઇલ' ★

વાડી બનાવી ઉગાડવામાં આવે છે. આપોઆપ ઉગેલાં સીતાફળ કરતાં ખેતી કરી ઉગાડવામાં આવેલાં સીતાફળ ચઢિયાતાં હોય છે.

મુંબઈ રાજ્યમાં લગભગ ૫૦૦ એકર જમીનમાં વાડી બનાવીને સીતાફળ ઉગાડવામાં આવે છે. તેમાંથી ખાનદેશ એકલામાં જ લગભગ ૨૫૦ એકર જેટલી જમીનમાં સીતાફળની વાડી બનાવવામાં આવી છે આ ઉપરાંત પંચમહાલ, નાસિક, અહમદનગર, બેલગામ અને સતારામાં પણ સીતાફળ ઉગાડવામાં આવે છે.

જે જમીનમાં જમરૂખ સારી પેઠે ઊગી શકતાં હોય તેવી જમીનમાં સીતાફળ પણ સારી રીતે ઊગી શકે છે. તેમાંય જામનગરની ભગરી જમીનમાં ઉગતાં સીતાફળ ખૂબ મીઠાં હોય છે. હવે આ સીતાફળની મોસમ ચાલુ થઈ છે.

સીતાફળ બે જાતનાં હોય છે: એક સફેદ ગરવાળાં અને બીજાં પીળા ગરવાળાં. રામફળને અંગ્રેજ લોકો "બુલ્સ હાર્ટ" એટલે તેના આકાર અને રંગ પરથી "બળદનાં હૃદય" તરીકે ઓળખાવે છે. તે લોકો માંસાહારી હોવાથી તેમને આવું નામ આપવાનું સૂઝે એમાં નવાઈ પામવા જેવું નથી. રામફળને પૂનામાં ૭૫ એકર જમીનમાં ઉગાડવામાં આવે છે. એના ઝાડ ૪૦ ફૂટ ઊંચા થાય છે.

સીતાફળ ઉપરાંત એનાં પાંદડાંનો પણ ઉપયોગ થાય છે. તે દવા તરીકે ઉપયોગમાં લેવાય છે. એનાં પાંદડાંને સૂકવીને તેના ભૂકાએ માથું ચોળવામાં આવે તો તેનાથી "જૂ" મરી જાય છે. આમ સીતાફળ કેટલું બધું ઉપયોગી છે તે ધ્યાનમાં રાખજો!

## ખૂબ ગમે

ના, ઘરમાં કેદ પુરાવું ગમે,
નવ કદીયે બેસી રે'વું ગમે,
મને હરવું ફરવું ખૂબ ગમે.

વળી દૂરના દેશે જાવું ગમે,
કંઇ નવું નવું શીખવાનું ગમે.
મને દેશાટન તો ખૂબ ગમે.

રૂડા બાગમહીં ફરવાનું ગમે,
વન – વગડામાં ભમવાનું ગમે,
મને લીલુડી વાડી ખૂબ ગમે.

જાઇ, જુઇ ને મોગરો ગમે,
ચંપો, ચંપેલી, ગુલાબ ગમે,
એ ફૂલડાંની ફોરમ ખૂબ ગમે.

મોર, પોપટ ને મેના ગમે,
મીઠા મીઠા ટહુકા એના ગમે,
મને એવાં એ પંખી ખૂબ ગમે.

મને ચાંદો સૂરજ બે સારા ગમે,
ખુલ્લા આકાશે ઝગતા તારા ગમે,
જોવાં કુદરતનાં દશ્યો ખૂબ ગમે.

કોઇ વારતા ગમે ગીત ગાવાં ગમે,
વળી પુસ્તક નવાં વસાવાં ગમે,
મને માસિક "રમકડું" ખૂબ ગમે.

— વ્રજલાલ ગૌરીશંકર પંડ્યા —

# રામતીર્થ બ્રાહ્મીતેલ

(સ્પેશ્યલ નં. ૧) (મહાદરેડ)

[ રજીસ્ટર્ડ ]

માથામાં આ તેલના મર્દનથી અનેક ફાયદાઓ થાય છે. તનને તંદુરસ્તી આપે છે, દીલને દીમાગ વધારે છે. આંખને આરામ આપે છે. વાળ ખરી પડતા અટકાવે છે તેમજ કાળા અને તેજસ્વી બનાવે છે.

એકેક બાટલી મંગાવનારે મોટી બાટલીના રૂા. ૫-૫ નાની બાટલીના રૂા. ૩-૭ પોસ્ટેજ અને પેકીંગ ખર્ચ મળીને, મનીઓર્ડરથી મોકલવા.

## શ્રી રામતીર્થ યોગાશ્રમ

ઉપેશધામ, વીન્સેન્ટ સ્કવેર સ્ટ્રીટ નં. ૧
દાદર (જી. આઇ. પી.). મુંબઇ ૧૯.

કિંમત મોટી બાટલી રૂા. ૩-૮ નાની બાટલી રૂા. ૨-૦

બનાવટી માલથી સાવધ રહો!

★

# તેને કેટલું દુષ્ટ કહું!

બેહદ જાહેરાતવાળા માલ તરફ વાંચકોને સ્વાભાવિક જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને એથી રામતીર્થ યોગાશ્રમ દાદર (જી. આઈ. પી.) મુંબઈ-૧૪ નું રામતીર્થ બ્રાહ્મી તેલ [સ્પેશ્યલ નં. ૧] મેં વાપરવું શરૂ કર્યું. કેટલા દિવસ પછી મને આશ્ચર્ય થયું કે મારો માથાનો દુઃખાવો, ગરમી, ખોડો, આંખની લાલાશ વિગેરે ફરિયાદો દૂર થઈ. રામતીર્થ બ્રાહ્મી તેલ [સ્પેશ્યલ નં. ૧] વાપરવામાં ટલી ધારતી નથી. તેથી મારા વાળ કાળા ભમ્મર, મુલાયમ, લાંબા તેમજ કાંતિમાન થયા. કેટલાક તેલોથી વાળ સફેદ થઇ જાય છે તેને કેટલું દુષ્ટ કહું! વાળનું સૌંદર્ય વધારતા તેલને જ વાપરવું યોગ્ય ગણાય. રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશ્યલ નં. ૧) માં મગજને ઠંડક આપવી, ગાઢ નિદ્રા લાવવી મન પ્રસન્ન રાખવું વિગેરે ગુણો છે. રામતીર્થ યોગાશ્રમના સંચાલક હમેશાં આવી કાળજી રાખીને જનતાને સચોટ અસરકારક તેલ આપશે એમ ઇચ્છું. સુગંધી તેલની વપરાશ દરેક ઘરમાં હશે-પણ તેને બદલે રામતીર્થ બ્રાહ્મી તેલ (સ્પેશ્યલ નં. ૧) વાપરવાથી ઘણો ફાયદો થશે. એ ખરેખર એક અજબ તેલ છે. ગૃહિણીઓ, વિદ્યાર્થિનીઓ તથા બાલિકાઓ આ તેલ વાપરશે તો તેમની યાદશક્તિ તીવ્ર બનવાનો તેઓ જરૂર અનુભવ કરશે.

(સહી) કુમારી કમલ સીવનકર
નાગપુર.

HVB/Ry.

# ગરીબાઈની ખુમારી

મોટરવાળો શરદ એક વાર તેની મોટરમાં બધા મિત્રોને લઈને ઉજાણીએ ગયો. તેનાં પુરીકચોરી સૌએ હોંશથી ખાધાં પણ મિત્રોના રોટલા–મરચાંને તો તેણે હાથ પણ ન અડકાડયો. એટલું જ નહીં પણ તેમનું અપમાન કર્યું. એમાંથી વાત વચકી. શ્રીમંતોને શ્રીમંતાઈની પુરી-ચોરીનાં અભિમાન હોય તો ગરીબને ગરીબના રોટલાની ખુમારી કેમ ન હોય? શરદને તેનો બરાબર અનુભવ થયો. ગરીબાઈનાં ગુણગાન ગાતી આવી સરસ અને અસરકારક વાર્તા 'વંદેમાતરમ્'ના તંત્રી વિભાગમાંના અને 'રમકડું'ના રાષ્ટ્રભાષા મંદિરના સંપાદક શ્રી. વલ્લભદાસ અક્કડે લખી છે.

---

લેખક શ્રી. વલ્લભદાસ અક્કડ

પોં....પોં....પોં....પોંપ....પોંપ....પોંપ.....

એઇ, એલા જો તો, પેલો શરદ આવ્યો. એને એની મોટરનું ભૂંગળું બોલ્યું ને!

સોમી, કમળી, કાલુ, હરિયો, વીરજી, હરજી, એક, બે, ત્રણ, ચાર, પાંચ, '૭–લંગારની લંગાર' દોડી આવી ને મોટરની આસપાસ ફરી વળી.

"ચાલો ચાલો, વખત થયો ને...." શરદે મોટરમાંથી કૂદકો મારતાં કહ્યું.

"ચાલોને, આ અમે ય તે તૈયાર જ છીએ ને!" બધાં બોલી ઊઠયાં. પછી કોઇ આમથી તો કોઇ તેમથી, પોતપોતાનાં ભથ્થાં સાથે મોટરમાં ચઢી બેઠાં.

મોટર ચાલી, ઊપડી, દોડી. ગામડાંનાં ખાડાટેકરા વટાવી, ગામ ને શહેરને જોડતી, કાળી શાહી જેવી ડામરની સડક પરથી એ જાય....એ જાય.... સરતી—ધસતી—પૂરપાટ....



[ ૨ ]

નાની સરખી નદી; સુંદર કિનારો; ઉપર શીતળ છાયા પાથરતું વટવૃક્ષ; બાજુમાં મહાદેવનું મંદિર; ત્યાં ઘંટ ને ઢોલક; ડમરૂ ને પખાજ; સવારસાંજ બજ્યા જ કરે.

આ બાળમંડળી આવી અહીં ઊતરી. ૮–૧૦ જણા દોડતાં'કને નદીના પાણીમાં હાથ–મોં ધોઇ આવ્યાં. પછી મહાદેવનાં દર્શન કર્યાં.

પછી મોટી શેતરંજી પાથરી બેઠાં ને માંડયાં નાસ્તો કરવા.

પૂરી ને કચોરી; પાપડ ને સેવ; બટાટા ને ગાંઠીઆ; ચેવડો ને જલેબી; પેંડા ને મેસુર; કેરી ને

શંતરા; કાજુ ને બદામ.... અને વળી રોટલા ને મરચાં!

[૩]

સૂરજદાદાની સવારી હજુ જરા દૂર હતી. છતાં એમની પધરામણીની નોબત વાગતી હતી ને ઊંચાં ઊંચાં ઝાડનાં લીલાંછમ પાંદડાં પર એનો ફૂલગુલાબી, કુમળો તડકો ખીલતો હતો.

પ્રભાતની મોજ સારી; પણ પ્રભાત પછીની, ને બપોર પહેલાંની મોજ તો સોનેરી જ! એવી શાંતિ ને એવી તાઝગી! બસ મન ધરાઇ જાય!

કમળ, લીલુ, શરદ, શિરીષ–ચારે બંગલેથી આવ્યાં હતાં. મોટરમાં આવીને બીજાં છને લીધાં હતાં ને પછી....પછી આ ડાલું ભરાઇને ઠેઠ અહીં નદીકિનારે ઠલવાયું હતું.

શી ખાવાની લહેર આવે છે! ને ગપ્પાં મારવાની! ઓહો! એમની તો વાત જ શી? અલ્યા ખા, ઉડાવ, જુએ છે શું? આજે તો રમી-રમીને પચી જવાનું છે.

કોઇ કોઇના પર હાથ નાખે તો કોઇ કોઇના પર! જોતજોતામાં અડધો માલ તો સાફ! પણ આ રોટલા? 'એના પર શરદ ને શિરીષનો હાથ જતો જ નથી' વીરજીને વિચાર આવ્યો. જરા વાર રહી એણે હીરજીને એ વાત ઇશારાથી સમજાવી.

બંને સમજ્યા! સોમીએ. પછી જરા ટીખળ કર્યું : "શું શરદભાઇ, શું આ રોટલા થયા છે! મીઠા મીઠા!"

શરદ કહે : "આપણે ભાઇ એ ન ફાવે!"

"તો શું પૂરી જ ખાયા કરશો?" કમળીએ પૂછ્યું.

"હા બા! આપણને તમારા જેવું ગામ-ડિયું, ફિક્કું ફસ નહિ ભાવે."

"શરદભાઇ, તમારી પૂરી ને કેરી કરતાં એ વધારે મીઠા છે." હરિયાએ કહ્યું.

"મારે નથી ખાવા!"

"ખાવા પડશે!"

"નથી ખાવા!"

"અરે જરા ચાખો તો ખરા!"

"કહ્યું ને કે મારે નથી ખાવા!"

સવાલ-જવાબમાં ધીરેધીરે ગરમી આવતી ગઇ ને રમતમાં વાત વંઠી.

"કેમ?"

"કેમ? આઠેમ પર નેમ; જા નથી ખાવા!"

"જુઓ શરદભાઈ, આ અન્યાય છે!" કમળી બોલી.

"જોઇ મોટી અન્યાયવાળી!" શરદ ઉશ્કેરાયો.

"અન્યાય! અન્યાય! લાખ વાર અન્યાય!" સોમી પણ ઉકળી.

"અન્યાય શેનો?"

"કેમ? અમે તમારી પૂરી-કચોરી ખાઇએ અને તમે રોટલા કેમ ન ખાઓ?"

"અમે એવું ખાતાં નથી!"

"દેશના ઘણા લોકો રોટલા જ ખાય છે. પૂરી તો કોઇક જ."

"હું રોટલા નહિ ખાઉં!" શરદ છેક જ જક્કી થઇ ગયો.

"તો ઉડાવી ઘો, આ તમારી પૂરી ને કચોરી!"

બસ....મામલો બીચકયો....પૂરી ઊડી; કેરી ફેંકાઇ, ને કચોરી ચારેકોર પ્રસરી રહી!

[૪]

શરદ! હા, શરદ મોટરવાળો હતો! એને ત્યાં બંગલો હતો! એને ત્યાં ભટ્-ઘાટી હતા! એને ત્યાં વાડી-વજીફા હતા....એને પૂરી-કચોરીની આ સ્થિતિ અપમાનભરી લાગી! એનું પૈસાદારપણું ઘવાયું!

"ચાર....સાલા....મારે ત્યાં મફત આવે છે તે બગાડો છો?" કહી એણે રોટલા ફેંકવા માંડયા.

"એ, એ કાંઈ બાપાજીનો મફતનો માલ નથી! અમારાં ગરીબ માબાપને જ્યારે માસ પરસેવો પાડવો પડે છે ત્યારે આ રોટલા મળે છે!"

"મારા બાપ?....તું મારા બાપ લગી ગયો?" કહી શરદે હીરજીને એક તમાચો ચોડી દીધો.

અને પછી તેના બદલામાં હીરજીની બહેન સોમલીએ શરદનાં નયણાંમાં એક ખારસી ભરીને મૂકકી લગાવી દીધી!

શરદ રડું રડું થઈ ગયો! "સાલા ગરીબડાં....હરામજાદા...." એટલું બોલી એ મોટરવાળા પાસે ભાગી ગયો.

[ ૫ ]

મોટરવાળાએ શરદને ખોળામાં લીધો; પણ ટોળું દોડીને, આવીને હજુ એને ચીડવ્યા જ કરતું હતું.

બદલામાં હીરજીની બહેન સોમલીએ એક તમાચો શરદને લગાવી દીધો.

"એ મોટા પૈસાવાળા! એ બાયલા! આમ આવ; જોઈએ કેટલુંક જોર છે! ત્યાં શું ભરાયો છે? નાની છોકરીથી હારી ગયો! મેં'ર મૂખો".

આજે કોઈને શરદની જરાયે શરમ ન રહી! બધા બોલવા લાગ્યા. "એ પૈસાવાળો એના ઘરનો!"

ને શરદે રડતાં રડતાં જ કહ્યું: "તો શું કામ મારી મોટરમાં આવ્યા?" જાઓ હવે પગ ઘસતાં!

"થૂ....થૂ....તારી મોટર પર થૂ...." કહી છોકરાં મોટર પર થૂકવા લાગ્યાં. ને પછી હારેલો માણસ ગભરાઈને છેલ્લો દાવ નાખે તેમ શરદે એક ઢેફું લઈ ટોળાં પર નાખ્યું.

બસ; પછી તો જોઈ લ્યો! શરદની ચકચકતી કાળી મોટર પર પત્થરનો વરસાદ વરસ્યો.

શરદને ઊંચકી મોટરવાળો દોડ્યો. ઝટ બન્ને મોટરમાં બેસી ગયા. મોટરવાળો બોલ્યો: "મારા બેટા, ગરીબનાં છોકરાં પણ હાટમાં!"

"તે તું વળી કયો પૈસાદારનો દીકરો છે?" એક છોકરે તેને પણ ન છોડ્યો.

મોટરવાળો ચૂપ થઈ ગયો. તેણે શરદને કહ્યું: "શરદભાઈ, પૈસાનું અભિમાન સારું નહિ!"

"ત્યારે શું ગરીબ અભિમાન રાખે એમ?" શરદે પ્રશ્ન કર્યો. ને તરત જ, ઉપડવા જતી મોટરને સંભળાય એમ, કમળી બોલી: "હા, ગરીબને પણ ગરીબાઈનું અભિમાન હોય છે."

શરદભાઈના બાપા પણ જ્યારે શરદભાઈ જેવા નાના હતા ત્યારથી આ વૃદ્ધ ને રાંક મોટરવાળો નોકરી કરતો હતો. તે વિચારમાં પડી ગયો; વિચાર કરતાં-કરતાં તેણે ગાડી ઉપાડી....મોટર દૂર દૂર....નીકળી ગઈ....પણ બંગલે આવતાં પહેલાં એને જવાબ મળી ગયો.

શ્રીમંતોને શ્રીમંતાઇની પૂરી ને કચોરીનાં અભિમાન હોય તો ગરીબને ગરીબના રોટલાની ખુમારી કેમ ન હોય?

[ ૬ ]

ને પછી તો આ વૃદ્ધ મોટરવાળો. પેલાં પાછળ પડેલાં છોકરાંઓને બીજે ફેરે મારી લઇ આવ્યો ને તેમને ગામ મૂકી આશીર્વાદ આપ્યા: "બચ્ચાં; ખૂબ કરી! ગરીબ તરીકે અભિમાન ન કરશો; ગરીબાઇ ગુનો નથી; પાપ પણ નથી; ઇશ્વરે આપેલી બક્ષિસ છે. ગરીબાઇ પ્રભુની મહેરબાની છે. એનાથી માણસ પ્રમાણિક ને મહેનતુ થાય છે. બેટા, ગરીબ રહો કે શ્રીમંત થાઓ; કદી યે ગરીબાઇની ને ગરીબના રોટલાની ખુમારી ખોશો મા!"

શહેરના સહેલાણી શરદની સહેલગાહ હોળી થઇ ગઇ, પણ ગામડાંનાં બાળકોની તો તે દિવાળી થઇ રહી હતી.

## બે શરીર અને એક મોઢું



જોયું ને આ ચિત્ર? પહેલાં તો તમને એમ લાગશે કે આ તે કેવું જાનવર? પણ એ તો છે આપણા જાણીતા દોસ્ત હકુભાઇ. ચિત્રકારે આ ચિત્ર દોરવામાં એક ખૂબી કરી છે. તેનું મોઢું એક દોર્યું છે અને શરીર બે કર્યાં છે. છે ને ગમ્મત પડે તેવું!

[ચિત્રકાર : શ્રી મનહર શાહ]

નાનાં છોકરાંઓ માટે
અકસીર દવા

# ડોંગરેનું બાલામૃત

કે. ટી. ડોંગરે એન્ડ કું., મુંબઈ ૪.

## એન. સી. સહા એન્ડ કું.

: સોલ એજન્ટો :

**કલકત્તા પોર્સલિન વર્ક્સ લીમીટેડ**
**આર્ટ્સ એન્ડ યુનાઈટેડ પોટરીઝ લીમીટેડ**

પોર્સલિનમાંથી બનતા સ્વદેશી પ્યાલા રકાબીની ઉપરોક્ત સંસ્થાઓ એમના ગ્રાહકો, શુભેચ્છકો અને સ્નેહીઓને શુભ દિવાળી ઇચ્છે છે તથા નવા વરસનાં

અભિનંદનો
: પાઠવે છે

૭૨, ડુસ્ટેરી સ્ટ્રીટ.
મુંબઈ નં. ૪

**સ્વદેશી પ્યાલા–રકાબીનો આગ્રહ રાખો**

# પીપરમીટની પરીક્ષા-
## સ્વાદમાં કે ગુણમાં?

સ્વાદમાં મીઠી લાગે તેવી ઘણી પીપરમીટો બાળકોને નુકસાન કરે છે. રાવળગાંવની પીપરમીટો સ્વાદમાં ખુબ સરસ છે. અને તે ઉપરાંત બનાવટમાં પણ ઉત્તમ હોવાથી બાળકો માટે ફાયદાકારક છે. ચોખ્ખી સાકર, તાજાં ફળો, મેવો અને ઉત્તમ અર્કનું સંમિશ્રણ તેના સ્વાદમાં તરતજ જણાઈ આવે છે.

**રાવળગાંવની પીપરમીટ**

મીકસ્ડ ઑં-બૉં, અનનાસ, નારંગી, ઇંગ્લીશ સ્ટાર્સ, ચાઇના બૉલ્સ, ફ્રુટ ડ્રૉપ્સ, બદામ, સફરજન, ડુ-પેની, બટર-નટ, એનીસીડ, રોઝ હાર્ટ, ટૉફી વગેરે.



દરેક સ્ટોરમાં મળે છે.

તમારી જરૂરિયાતો અને પૂછપરછ માટે લખો:-

**સોલ એજન્ટો:- મેસર્સ. મોતીલાલ ગીરધારિલાલ અધરકર**
માલેગાંવ નાસિક જીલ્લો.
એક 'વાલચંદ સમૂહ' ઉદ્યોગ

SISTA S-RS-4

‘રમકડું’ની બીજી નવી ચાલુ વાર્તા

# કપિનાં પરાક્રમો

## જ્યારે દીપડાના પંજામાં કપિ સપડાય છે!

જંગલમાં દીપડા જેવું લુચ્ચુ અને ચપળ પ્રાણી એકે નથી. તમે તેને ઓળખો છો તો ખરા ને? ટૂંકે કેશવાળી હોય અને બદામી રંગનો એટલે કે ઊંટ જેવા રંગનો હોય તે સિંહ, શરીરે ચટાપટા હોય તે વાઘ અને શરીરે ફૂલ જેવાં ટપકાં હોય તે દીપડો. એ બહુ ચાલાક છે.

સિંહ અને વાઘ ઝાડ ઉપર બહુ નથી ચડી શકતા, પણ દીપડો તો ગમે એવા ઝાડ ઉપર ચડી જાય. મોંમાં શિકારને પકડીને પણ ચડી જાય. અને એની ચપળતાની તો શી વાત કરવી? એ લોહીતરસ્યો અને ઝનૂની છે. કૂતરાં અને વાંદરાનું માંસ તેને બહુ ભાવે છે. વાંદરા તેને જોતાં જ ભયથી ધ્રૂજવા લાગે છે.

જે ઝાડમાં કાબર અને લલેડાં ચીસો નાખતાં હતાં એ ઝાડ પર કપિનો બાપ છલાંગ મારતો મારતો પહોંચી ગયો, અને તેણે શું જોયું? દીપડો જમીન સરસો થઈને જાંબુના ઝાડ તરફ હળવે હળવે લપકે છે! તેને જમીન પર બેઠેલા લંગૂર, કપિ, સુગ્રિવ, દિલીપ અને

હપ્તો ત્રીજો

ગયા અંકમાં તમે વાંચી ગયા કે, પાંચે નટખટની ટોળી પાકેલ જાંબુ ખાવા ઉપડી હતી. થોડાંક જાંબુ ખાધાં હશે અને શોરબકોર સંભળાયો. પાણી પીવા નદીકાંઠે એક લોહીતરસ્યો દીપડો જતો હતો અને તેનો રસ્તો જાંબુના ઝાડ પાસેથી નીકળતો હતો. દીપડાને આ પાંચે નટખટની ગંધ આવી ગઈ હતી અને એકબેને ફોળી નાખવાને હળવેહળવે સરકી રહ્યો હતો. પછી શું થયું તે જાણવા માટે વાંચો આગળ. આ વાર્તાના લેખક શ્રી. વિજયગુપ્ત મૌર્ય જન્મભૂમિ–પ્રવાસીના તંત્રી વિભાગમાં કામ કરે છે. ‘રમકડું’ના વાંચકો તેમની કલમથી અજાણ્યા નથી.



હળવે પગલે કાળમુખો દીપડો ડાળ ઉપર આગળ વધી રહ્યો હતો.

માંકડાની ગંધ પહોંચી ગઈ હતી.

તમે કદી સિંહ–વાઘના પાંજરા પાસે ગયા હશો તો તમને એક ખાસ પ્રકારની ગંધ આવશે. માણસના પરસેવામાંથી એક ખાસ પ્રકારની ગંધ નીકળે છે. આપણે આ બે ગંધ પારખીએ છીએ, પણ દરેક પ્રાણીને પોતાની ખાસ પ્રકારની ગંધ હોય છે, જે આપણે નથી પારખી શકતા. આપણને એ ગંધ પણ ભાગ્યે જ આવે છે પરંતુ જંગલી પ્રાણીઓ એક-બીજાની ગંધ બહુ દૂરદૂરથી પારખી જાય છે.

દીપડો એવી રીતે આ પાંચ નટખટની ગંધ પારખી ગયો હતો, અને એક-એકને રોળી નાખવા તે હળવે હળવે સરકી રહ્યો હતો. કપિના બાપે તેને ઉપર ઝાડ પરથી જોયો અને રાડારાડ કરીને પોતાના ટોળાને ભયનો સંકેત આપી દીધો.

પોતાની હાજરી પરખાઈ ગઈ તેથી ગુસ્સે થયેલા દીપડાએ કપિના બાપ સામે વિકરાળ આંખે જોયું અને મનમાં કહ્યું: "આ ડોસો હાથમાં આવે તો તેની ગળચી ચૂસી લઉં!" પણ જમાનાનો ખાધેલો એ ડોસો હાથમાં આવે કેમ!

ભયભીત થયેલા પાંચ નટખટ આ ધોંધાટની દિશામાં જોઈ રહ્યા હતા. તેઓ ભયથી થરથરતા હતા અને શું કરવું તે સૂઝતું ન હતું. શેખીખોર લંગૂર અને માંકડાની શેખી ઓસરી ગઈ. ત્યાં લંગૂરની નજર છેટે જ્યાં આ કોલાહલ થતો હતો ત્યાં ઝાડીમાં થતી હલચલ ઉપર પડી, અને એમાંથી દીપડાની બે કાળમુખી આંખો તગતગતી દેખાઈ!

જ્યારે વાંદરા દીપડાને જુએ છે ત્યારે એવા બેબાકળા બની જાય છે કે તેઓ ભાન ભૂલી જાય છે. ક્યાં ભાગવું, શું કરવું, કેમ બચવું, એની ગમ રહેતી નથી દીપડાને જોઈને ભયભીત થયેલો લંગૂર ભયની ચિચિયારી પાડીને ભાગ્યો. તેની ઉપર જ જાંબુની એક ડાળ આડી થઈને જતી હતી, તેની ઉપર લંગૂર ઠેકડો મારીને ચડી ગયો અને સ્વભાવ પ્રમાણે તે ડાળના છેડા તરફ ચડી ગયો.

જ્યારે તે ડાળ પર ઠેકડો મારવાની તૈયારીમાં હતો ત્યારે દીપડાએ બરોબર એ જ વખતે એને પકડવા માટે પ્રયાસ કર્યો. સંગુની પાછળ માંકડો, સુમિત્ર અને દિલીપ ચડી ગયા. પણ ત્યાંસુધીમાં તો દીપડો લગોલગ આવી ગયો! એટલે દિલીપનું પૂછડું તો દીપડાને અડી ગયું! એક તીણી ચીસ પાડીને દિલીપ જાંબુની ડાળ પર ઠેકી ગયો.

અરે, પણ કપિ ક્યાં? આ ચાર મોટા બચી ગયા. પણ કપિ ક્યાં ગયો? એ એટલો બધો મુંઝાઈ ગયો કે શું કરવું તે ન સૂઝવાથી આંખ આડા હાથ મૂકીને બે ડાળ વચ્ચે માથું નમાવીને ચુપચાપ બેસી રહ્યો, અને તેથી જ જતી હતી. આ ચાર મુરખાઓ તેની ઉપર ચાલ્યા હતા અને દીપડો ઠેકડો મારીને એ ડાળ પર ચડી ગયો અને તેમની પાછળ પડ્યો!

ડાળ જાડી ન હતી તેમ ઝીણી પણ ન હતી. દીપડાનો ભાર તે માંડ માંડ ઉપાડતી હતી, પણ તેના ભારથી ડાળનો છેડો એવા જોરથી ધ્રૂજવા લાગ્યો કે શું થાય છે તે જોવા માટે ત્યારે નટખટોએ પાછળ જોયું અને તેમની આંખે દીપડાની [illegible] આંખો આવી ગઈ! થઈ રહ્યું.

તેઓ બધા ધ્રૂજવા લાગ્યા અને ચીસો પાડવા લાગ્યા. વાંદરાના ટોળાએ એટલી બધી હોહા

દીપડાની નજર તેની ઉપર ન પડી! મેં તમને કહ્યું છે ને, કે જંગલમાં જે હલેચલે છે તે તરત દુશ્મનની નજર પડી જાય છે, જે સ્થિર બેસી રહે છે તેને ભાગી જવાની તક મળે છે.

પણ દીપડો પોતાની હાર કબૂલ કરે એવો ન હતો, અને આ ચાર [illegible] નટખટોએ આશરાનો રસ્તો પસંદ કરવામાં ભયંકર ભૂલ કરી હતી. ડાળની ડાળ આડી પડી હતી. તે વચ્ચેથી નીચી નમેલી હતી અને છેડેથી ઊંચી મચની મૂળી કે ભડકીને [illegible] આ જંગલમાં ભારે જ હોહા હતી.

હવે કપિ ક્યાં ગયું! આ કપિનો છેડો ક્યાંના બીજા ઝુંડની છેડે પડી ગયો હતો. ઉપર અને આસપાસ જે ઝુંડ હતાં તે એટલે

આવાં મગતરાં જેવાં વાંદરાંનાં બચ્ચાં પોતાને આમ નચાવે છે એ વિચારે ક્રોધથી તેનાં નસકોરાં ધમણની જેમ ફૂલતાં હતાં. તેની તગતગતી આંખોમાં ખુન્નસ હતું.

ધનુષમાંથી તીર છૂટવાની તૈયારી હોય ત્યારે ધનુષની પણછ જેવી ખેંચાઈને તંગ થઈ હોય તેમ તેના મનોહર

અને ચપળ શરીરનો એકે એક સ્નાયુ તરાપ મારવા માટે ખેંચાઈને તંગ થઈ ગયો.

ચાર નટખટ વાંદરા પામી ગયા કે દીપડાની તરાપ આવે છે. તેઓ ભયના માર્યાં માથું નીચું ઘાલી ગયા

'ધબ્બ!'

શું થયું? દીપડો પડ્યો! વાંદરાનાં બચ્ચાંને પટકીને? ના. તરાપ મારવા માટે પણછ ખેંચીને તરાપ મારવા જતાં તેણે સમતોલપણું ગુમાવ્યું, અને તે ધરતી પર પટકાઈ પડ્યો, પણ એ ક્યાં પડ્યો? કપિની સામે!

ખસિયાણો પડેલો દીપડો ક્રોધે ભરાઈને કપિની પાછળ દોડ્યો.

આ ધબાકાથી કપિની મૂર્છા ઉતરી ગઈ. નજર સામે પોતાની આગળ જ પટકાઈ પડેલા દીપડાને જોઈને તેને ભાગવાની નવી પ્રેરણા મળી. દીપડો હજી સ્વસ્થ થાય અને તેની નજર કપિ ઉપર પડે તે પહેલાં કપિ ભાગ્યો.

તે ઠેકડો મારીને ઝાડના થડ પર ચડી ગયો પણ ત્યાં તો દીપડાનું ધ્યાન તેની ઉપર પડી ચૂક્યું હતું. ક્યાં વાંદરાની ઝડપ ને ક્યાં દીપડાની ઝડપ અને શક્તિ!

વાંદરાના ચાર બચ્ચાંને પકડવા જતાં પટકાઈ પડવાથી હાર ખાઈને ખસિયાણો પડેલો દીપડો ક્રોધે ભરાઈને કપિની પાછળ દોડ્યો. તે પણ કપિની પાછળ પાછળ થડ પર ચડી ગયો. પરંતુ કપિનું નસીબ તેજ હતું.

કપિની લાંબી પૂંછડીને દીપડાનો છટકો પંજો લાગ્યો. તેની થોડીક ચામડી અને વાળ ઉતરી ગયાં, પણ

કપિ સહીસલામત છટકી ગયો. ઉપર જઈને તે તેની માની ગોદમાં લપેટાઈ ગયો.

બોદો પડેલો દીપડો ઝાડીમાં ભરાઈ ગયો. પણ તેણે મનમાં ગાંઠ વાળી કે આ લુચ્ચા વાંદરામાંથી બે-ચારને તો હું જરૂર ધૂળ ચાટતા કરી નાખીશ અને તેમને ફાડી ખાઈશ.

દીપડો એક ભયંકર પેંતરો રચવાનો છે. જોઈએ કોણ જીતે છે. આજે તો કપિ અને તેના ભાઈઓ અને મિત્રો બચી ગયા પણ જંગલમાં કાલની કોને ખબર છે?

બીજે દિવસે બપોરે આ પાંચ નટખટની ટોળી ભેગી મળી ત્યારે તેમની બીક જતી રહી હતી. એટલે લંગૂર અને માંકડાએ રોજની ટેવ પ્રમાણે પાછી શેખી શરૂ કરી: "કેમ, કાલે પેલા દીપડાને થપ્પડ મારીને મેં ઝાડ ઉપરથી નીચે પટકી પાડીને કેવો ધૂળ ચાટતો કરી દીધો! હા, હા, હા, હી, હી, હી!"

"હવે રાખો, રાખો." દિલીપ બોલી ઊઠ્યો: "તમે વાઘનું પૂંછડું તાણી આવવાની શેખી કરતા હતા, પણ દીપડાને મારી પૂછડી વડે ઝાપટ તો મેં મારી!"

"હેં! શું કહે છે!" લંગૂર ને માંકડો બોલી ઊઠ્યા: "જૂઠી વાત!"

હવે કપિ બોલી ઊઠ્યો: "દિલીપ ભાઈની વાત તમે ન માનો તો કંઈ નહિ, પણ મારી પૂછડીની વાત તો માનશો ને? જુઓ, તેણે દીપડા સાથે કરેલી લડાઈની નિશાની પણ છે. જુઓ આ દુશ્મનના જખમ!"

કપિની જખમી પૂંછડી જોઈને બધા તાજ્જુબ થઈ ગયા. હવે પેલા શેખીખોરોને બનાવવાનો વારો કપિનો આવ્યો. તેણે ગૌરવ અને ગંભીરતાથી છાતી ઠોકીને કહ્યું: "દીપડા સાથે બાથ ભીડી મેં! અને તે હારીને ઝાડીમાં સંતાઈ ગયો!"

કપિના પરાક્રમની વાત સાંભળીને સૌ મોંમાં આંગળી નાખી ગયા! જખમી પૂંછડીનો પુરાવો હતો. પછી ઇનકાર કેમ થઈ શકે! તે દિવસથી આ પાંચ જણની ટોળીમાં કપિનું માન વધી ગયું.

દરમ્યાન એક નવી અને વધુ ભયંકર આફત આવી રહી હતી.

[વધુ આવતા અંકે]

## ચિત્રો ઓળખી શબ્દ બનાવો




અહીં આપેલ દરેક ચિત્રને ઓળખી કાઢો. પછી તેનું નામ લખો. દરેક બે ચિત્રના નામનો પહેલો અક્ષર મેળવી જે શબ્દ થાય તે બાજુના ખાનામાં લખો. • પહેલા બે અક્ષર મેળવીને બનાવેલો શબ્દ વાંચશો તો છેડે લખેલો અર્થવાળો શબ્દ થશે.

થી આર્યન બ્રશ કંપની લીમીટેડ, મુંબઈ ૧૪.

ADTS AR 1054 GUJARATI

એજન્ટ : કલાપી સ્ટોર્સ, મુંબઇ, ૨.

બાળકોને નવા વર્ષની અમારી શુભાશિષો સાથે મીઠાઈ માટે આમંત્રણ છે.

શુધ્ધ ઘીની તેમજ શુધ્ધ મેવા મસાલાથી સભર મીઠાઇઓ માટે મુંબાઇના મીઠાઇ શોખીનોનું માનીતું મથક

આરોગ્ય અને આનંદની અનુપમ લ્હાણી

## જયંતિલાલ પ્રભુદાસ

મીઠાઇવાલા

ઘેલા હાર્ડીંજ રોડ, રીરાલી સીનેમા પાસે

ભાવસારનો

# જખ્મેરૂજ

રજીસ્ટર્ડ (ગુલાબી મલમ)

ખસ, ખુજલી, ઘવડો, બાળકોના ચાંદા, ચાંદી, ખીલ, આરણ, નજાગરમી, ચકાથે ઉડવો, ફોલ્લા, ઘા, ઘાય, નાસુર, બદ, ટાંકી, કપાઈ જવું, પીસાબની જગાએ ચાંદી, ઘોડાની પીઠે ચાંદી, ઉઝરડા, શીતળા, સુનત, મચ્છરના ડંખ તેમજ ભયંકર દાઝેલા પર.

ભાવસાર કેમીકલ વર્ક્સ

ધ્યારા, ટી.વી.રેલ્વે

# મીની ખોવાઈ ગઈ

તમને કોઈ મદદ કરે તો તમે તેનો આભાર માનો છો? આપણને મદદ કરનાર દરેકનો આપણે આભાર માનવો જોઈએ. નાનો કિશોર તેને મદદ કરનારાને આભારના કાગળ લખવા બેઠો, પણ બિચારો મૂંઝાઈ ગયો. અચાનક એને એની મીની યાદ આવી. મીની ખોવાઈ ગઈ હતી! મીનીની શોધમાં એ તો ઊપડયો અને મીની મળી ગઈ ત્યારે તેની મૂંઝવણ ટળી ગઈ હતી. "લોકનાદ"ના તંત્રી શ્રી. નીરૂ દેસાઈએ લખેલી આ વાર્તા તમને ગમશે.

લેખક: શ્રી. નીરૂ દેસાઈ

નિશાળમાંથી નાનો કિશોર ઘેર આવ્યો ત્યારે એક કામ લેતો આવ્યો હતો. વર્ગશિક્ષકે કહ્યું હતું કે જે જે માણસો તમને મદદરૂપ થતા હોય તે સહુનો તમારે આભારનો કાગળ લખવો જોઈએ.

કિશોરે નાસ્તો કરી તરત જ પોતાનું આ કામ શરૂ કરી દીધું. એના બાપુએ એને માટે નાનકડાં ટેબલ-ખુરશી વસાવી આપ્યા હતાં. એના પર એણે બેઠક જમાવી, અને નોટમાં કાગળો લખવા બેઠો.

એણે નામોની યાદી મનમાં વિચારવા માંડી. સૌથી પહેલો આભાર બા-બાપુનો માનવો જોઈએ. એ બધા એને ઘરમાં રાખતાં હતાં, ખવડાવતાં-પીવડાવતાં હતાં. ફરવા લઈ જતાં હતાં. શાળાની ફી આપતાં હતાં. એમનો આભાર માનું તો શામાનો કેમ નહિ? ભટ્ટનો કેમ નહિ? કપડાં બધા શામો સરખા કરી આપતો હતો, અને ભટ્ટ સારી સારી રસોઈ કરીને જમાડતો હતો.

એ પછી તો શાળાના શિક્ષકો, પડોશીઓ, મનુ મામા અને કાંતા કાકી, રોજ રમવા આવતા નટુ, મટુ, લટુ. એ બધા એને એક યા બીજી રીતે મદદ કરતા હતા. આભારની યાદી તો બહુ લાંબી થઈ જવાની. એ રોજેરોજ કાગળો લખે તોયે આ ઢગ ઉકેલાવાનો નહીં.

એણે કાગળો પર અક્ષરો પાડયા.

પૂ. બાપુજી........

અને રોજની ટેવ પ્રમાણે એણે મેજની નીચે આવીને બેસતી મીનીને પંપાળવા હાથ ફેરવ્યો.

એણે થોડાક અક્ષરો વધુ માંડયા. ત્યાં એને ખ્યાલ આવ્યો કે મેજ નીચે મીની તો હતી જ નહિ. એનો હાથ અમસ્તો જ આમતેમ ફરતો હતો.

એણે નીચે જોયું, ઓરડામાં આમતેમ જોયું. પણ કયાંય મીની નજરે ચઢી નહિ.

મીની કયાં ગઈ હશે? રોજની માફક એ આજે કેમ નહિ આવી હોય? એને શું થયું હશે?

એ ટેબલ પરથી ઊભો થયો. અને રસોડામાં જઈ આવ્યો. મીની બીજે કયાંય ન હોય તો રસોડામાં મીઆઉં કરતી ફરતી હોય એ વિશે તેને ખાત્રી હતી.

પણ મીની તો ત્યાં પણ નહોતી. ઘરના બીજા ઓરડાઓમાં પણ એ ફરી આવ્યો. કદાચ કોઈક ખૂણે એ લપાઈને પડી હોય.

પણ મીની કયાંય નહોતી. હવે કિશોરને ખરેખર ચિંતા થવા માંડી. મીનીને સોસાયટીના કાબીઆ સાથે બહુ ફાવતું નહોતું, અને બન્ને જણા ઘણીવાર ઝગડી પડયાં હતાં અને એને પોતાને લાકડી લઈને પેલા કાબીઆને હાંકવા જવું પડતું હતું. આજે પાછો આવો જ ટંટો બન્ને વચ્ચે થયો હશે શું? અને મીનીબાઈ ઝાડ પર ચઢી ધ્રુજી રહ્યા હશે શું?

એ દંડૂકો લઇ બહાર નીકળવા જતો હતો ત્યાં નટુ–મટુ રમવા આવી પહોંચ્યા.

"કેમ અલ્યા, અત્યારે ક્યાં ચાલ્યો?" નટુએ પૂછ્યું.

"તેં મીનીને જોઇ?" કિશોરે સામું પૂછ્યું.

"તારા ઘરમાં જ હશે." મટુએ કહ્યું; "સાંજે એ વળી કોઇ દહાડે બહાર નીકળે છે ખરી?"

"ઘરમાં તો બધે ફરી આવ્યો. પરન્તુ ક્યાંય નથી. તેથી સોસાયટીમાં તપાસ કરવા નીકળ્યો છું. તમે રસ્તામાં ક્યાંય જોઇ ખરી?"

"અમે તો નથી જોઇ." નટુએ કહ્યું.

"તમે ઘરમાં બેસો. હું શોધીને પાછો આવું છું."

એ દંડૂકો લઇને બહાર નીકળ્યો. એના બંગલાની પડખે જ લીમડાનું ઝાડ હતું. ત્યાં એણે સૌથી પ્રથમ તપાસ કરી.

પરંતુ ત્યાં તો પેલી ડાઘીઓ કે મીની એમાંથી કોઇ નહોતું. માત્ર થોડાક વાંદરા કૂદાકૂદ કરતા હતા.

એ આગળ ચાલ્યો ત્યાં મનુમામા મળ્યા.

"મામા! મામા! તમે મીનીને જોઇ?" આતુરતાપૂર્વક કિશોરે પૂછ્યું.

"મીનીને? મીનીને?" મામાએ માથું ખજવાળ્યું.

"હા, મામા. મારી મીનીને. આપણી બિલાડી રંગે સફેદ છે અને માથા તથા પૂંછડી પર કાળાં ટપકાં છે."

"હા, કેમ?"

કિશોર એકદમ ખુશ થઇ ગયો.

"ક્યાં? ક્યારે?"

"મેં તો એને કાલે જોઇ હતી–અને તે પણ તારે ઘેર જ."

કિશોર હતાશ થઇ ગયો.

"કાલે તો શું, આજે સવારે પણ એ ઘેર જ હતી. અત્યારે જ એનો પત્તો ખાતો નથી."

તમે રસ્તામાં ક્યાંય જોઈ ખરી? અમે તો નથી જોઈ.

"તો મને ખબર નથી." મામાએ જવાબ આપી આગળ ચાલવા માંડ્યું.

કિશોરે પોતાનો શોધ–પ્રયાસ આગળ જારી રાખ્યો. એણે મનમાં મીનીને શોધવાનો પાકો નિર્ણય કર્યો હતો. એના મનમાં ચિંતા વધતી જ જતી હતી. મીની કોઇ દહાડે આટલે દૂર સુધી આવતી જ નહોતી. એકાદ

બે પડોશીઓને ઘેર જઈ મલાઈ ચાટી આવી એ સદા ઘેર પાછી ફરતી હતી. આજે એને આમ દૂર સુધી ચાલ્યા આવવાનું શું સૂઝયું હશે?

થોડેક દૂર ગયો ત્યાં કાંતાકાકી મળી ગયાં.

"કાકી, કાકી, તમે મારી બિલાડી જોઈ ખરી?"

"હમણાં જ પેલા એક બંગલામાં મેં એ બિલાડીને જોઈ ખરી?

"સફેદ રંગની, માથે પૂંછડીએ, કાળાં ટપકાંવાળી હતી?"

"ના, આ તો કાળા રંગની અને વચમાં સફેદ ટપકાં હતાં."

"કાકી, તમે બરોબર જોઈ હતી?"

"આમ તો બરોબર જોઈ હતી છતાં તું પાકી ખાતરી કરી આવ." કાકીએ વાત ટાળી.

કિશોર ઉતાવળો ઉતાવળો કાકીએ જે બંગલો બતાવ્યો હતો તેની તરફ ગયો.

પેલી બિલાડી વરંડામાં જ બેઠી હતી. પરન્તુ એ એની મીની નહોતી. એ તો કાકીએ કહી હતી તેવા કાળાં રંગની અને ધોળાં ટપકાંવાળી હતી.

તપાસ કરતાં કરતાં એ છેક રસ્તા સુધી આવી ગયો હતો.

આટલે સુધી તો મીની કદી આવે જ નહિ, તો એ ક્યાં ગઈ?

કિશોરની ચિંતા અનેકગણી વધી ગઈ. એને હવે મનમાં ચટપટી થવા માંડી.

એને કોઈક કૂતરાએ ચૂંથી નાંખી હશે? એને કોઈકે દીબી નાંખી હશે? સોસાયટીમાં વધી પડેલા વાહનોની અડફેટે આવી ગઈ હશે?

વળી પાછો સોસાયટીમાં આંટો મારવાનો વિચાર કરતો હતો, ત્યાં નટુ, મટુ દોડતા આવતા એણે જોયા.

'અમે તારી મીનીને જોઈ' એમણે હાંફતા હાંફતા કહ્યું.

"ક્યાં છે" કિશોરની અધીરાઈ એના અવાજમાંથી દેખાતી હતી.

"જોઈ નથી પણ....નટુએ કહ્યું."

"પણ શું? ઝટ કહે મને ફિકર થાય છે."

"એવો અવાજ સાંભળ્યો."

"અવાજ સાંભળ્યો! પણ એ મીનીનો અવાજ હતો એની શી ખાત્રી?"

"કેમ વળી મીનીનો અવાજ પરખાયા વગર રહે જ નહિ. એના અવાજમાં અમુક કરૂણતા છે. એટલે એ ગમે ત્યાંથી બૂમ મારે તોએ તુરત જ ઓળખાઈ જાય."

"તારી એ વાત સાચી, પરંતુ ક્યાં એ અવાજ સાંભળ્યો એ તો તમે ઝટ કહેતા નથી."

"પણે પેલા ઘરમાં" આંખો નચવતા નટુએ કહ્યું.

"ક્યાં?"

"પેલા" આંગળી ચીંધી મટુએ કહ્યું.

કિશોરે ધારી ધારીને જોયું. એનું મન મીનીને શોધવા તલપાપડ બની ગયું હતું.

એ ઘર તો એનું પોતાનું જ હતું. ઓત્તારીની!

"મારા ઘરમાંથી જ અવાજ આવે છે? હોય નહિ!" એણે આશ્ચર્યથી પૂછ્યું.

"તો શું અમે ખોટું કહીએ છીએ? ચાલ સાથે."

ત્રણે ય જણા ઉપડયા. કિશોર તો ગાડીની માફક હડીઓ કાઢતો હતો.

અવાજ ઘરમાંથી જ આવતો હતો અને મીનીનો જ એ અવાજ હતો એ વાત ચોક્કસ.

જે મકાનમાં જે બાજુથી અવાજ આવતો હતો, ત્યાં કિશોર ઝટપટ દોડી ગયો.

ઉપરના માળી-આમાંથી મીની બોલતી હતી. કિશોરને યાદ આવ્યું કે નિશાળેથી આવ્યો ત્યારે એ ઉપરના માળીઆમાં ખાંડ લેવો ગયો હતો. મીની પણ લપાતી લપાતી પાછળ આવી હશે, અને એણે જ્યારે બારણું વાસી દીધું હશે ત્યારે એ અંદર પુરાઇ ગઇ હશે.

કિશોરે માળિયાનું બારણું એકદમ ઉઘાડી નાંખ્યું બારણા આગળ જ ઊભેલી મીનીને એણે બાથમાં લઇ લીધી.

"તું તો કેવી લુચ્ચી છે! પાછળ આવીને અંદર ભરાઇ ગઇ, અને કયાંય સુધી બોલી નહિ. મને કેટલી બધી ફિકર કરાવી?

મીનીને લઇને એ પાછો મેજ પર આભારનો કાગળ લખવા બેઠો. એણે લખ્યું:

પૂ. પિતાજી,

મારે તમારો આભાર માનવાનો છે, કારણ કે તમે મને મીની જેવી સુંદર બિલાડી ભેટ આપી છે.......

# કાકાની મેચ

મારે કોને જઇને કહેવી, મારી દુઃખતણી કહાણી,
તમને બધાને આવે હસવું, મારી આંખે પાણી,
ભારી મારી આંખે પાણી.

એક દિવસે અમદાવાદે, રમાઇ રહી'તી મેચ,
આ કાકાને રમાડવાને, ચાલી ખેંચા ખેંચ.

ગામઠીશાહી પોતિયું પહેરી, લગાવી ફાળિયું માથે,
રમવાને મેદાને આવ્યો, લઇને ધોકો હાથે.

જોનારાઓ 'તાળી પાડે, બાળક કરતાં ચાળા,
પરેશભાઇ હસતાં ગભરાયા, નીરખી મારા વેશ નિરાળા.

સારાભાઇ વ્હારે આવ્યા, સાથે પાટલૂન જૂનું લાવ્યા,
માથામાંહી ટોપો ઘાલી, પગે જૂના બૂટ પહેરાવ્યા.

વેશ પહેરીને રમવા કેરો, ગયો મેદાને ધસતો,
ચાલ અનોખી નીરખી મારી, માનવસાગર હસતો.

નવ જણ મારો પહેરો ભરતા, બે જણ આગળ પાછળ,
આંખતણા પલકારે સમજ્યો, જરૂર આમાં છૂપો છે છળ.

હાંફળા ફાંફળા પરેશભાઇ, દડો લઇને આવ્યા,
રમતતણા અણજાણ્યા કાકા, નીરખી ખૂબ ગભરાયા.

બોલ પડયો, અડકયો, ન અડકયો, ત્યાં તો સુણાઇ બૂમ.
જાણે દિવાળીના દિવસે ફૂટે, ફટાકડાની લૂમ.

હું ગભરાયો—ખૂબ મૂંઝાયો, ત્યાં તો આંગળી થઇ ઉંચી,
આ—ઉંટ કીધો મુજને, એ વાત ગઇ ખૂંચી.

ના રમ્યો, ના દોડયો હું યે, ના ચસ્યો એ જગાથી,
અણનમ યોધ્ધા જેવો ઉભો, ના ગભરાયો દગાથી.

ઉભેલો નિરખીને મુજને, સઘળાં ખૂબ ગભરાયા,
ધોળે ઝભ્ભે ટોપાવાળા, સાહેબ એક જ આવ્યા.

ધીમેથી બોલ્યા કાકા, તમે થયા છો આઉટ,
આ ઉંટ! ઉભો છું માનવદેહે, બોલ્યા તો મારીશ હું બૂટ.

એમ કહીને ગુસ્સામાંહી, મેં ઉપાડયા સ્ટંમ્પ,
પરેશભાઇ ધીમેથી બોલ્યા, કાકા, બોલ હતો એ બંપ.

મારા ક્રોધનો પાર રહ્યો ના, રમવામાં કંઇ સાર રહ્યો ના,
તંબુમાંહી પાછા ફરતા, કહું છું દિલમાં ખાર રહ્યો ના.

સુણી મિત્રો! હસતાં હસતાં, આ દુઃખતણી કહાણી,
ભદાકાકાને ભારે પડી ગઇ, મેચ તણી લ્હાણી.

આવો મિત્રો, સૌએ આવો, લૂછો આંખતણાં પાણી,
કહોને મારે કોને કહેવી, દુઃખતણી કહાણી.

— ભદાકાકા

અમારા માનવંતા ગ્રાહકો,
ચાહકો અને સ્નેહિઓને
અમે દીવાળીની શુભેચ્છા
દર્શાવીએ છીએ તથા નવું
વરસ સુખ અને સમૃધ્ધમય
બનો એવી પ્રાર્થના
કરીએ છીએ.

આજના આટલા કપરા
કાળમાં પણ—
**રહેવા** તથા **જમવા**
ની સર્વોત્તમ સગવડ પૂરી પાડતી
આદર્શ બોર્ડીંગ-લોજીંગ સંસ્થા

## સ્વસ્તીક કલબ

પોસ્ટ ઓફીસ સામે, માટુંગા મેન્શન નં. ૨
માટુંગા (જી. આઈ. પી.)
ફોન: ૬૨૦૪૨ મુંબઈ નં. ૧૯ Grams: 'JOBANPUTRA'

બાળકોને
અમારી દીવાળીની
શુભેચ્છાઓ
સાથે
અમારી સર્વશ્રેષ્ઠ શુધ્ધ સામગ્રીનો જ
આગ્રહ રાખવા વિજ્ઞપ્તિ
✲ સુકો મેવો
✲ બીસ્કીટ
✲ પીપરમીન્ટ
માટે મનોરંજક મથક

## •વિદ્યુત

## ડ્રાયફ્રુટ સ્ટોર્સ

(પ્રો. એન. મોહનલાલ)
જયહિન્દ એસ્ટેટ, કેથેડ્રલ સ્ટ્રીટ, ભૂલેશ્વર, મુંબઈ ૨

હાઈડ્રોસીલ-(ગોળીમાં પાણી)

## વધરાવળ

વાઢકાપ વિના
પંદર મિનિટમાં હમેશનું સારૂં કરે છે
— ડોકટરની મુલાકાત —
મુંબઈમાં દર મહીને તા. ૧ થી ૬ સુધી
[તપાસવાની ફી. રૂા. પાંચ]
**વધરાવળનું દવાખાનું**
દરરવાલા બીલ્ડીંગ, ગોલપીઠા, મુંબઈ ૪
[બાકીના દિવસોમાં મેળાપ
સુરત બાલાજી રોડ પર થશે]
આ દવાખાનાથી હજારો દરદીઓ સારા થયેલ છે.

સ્થાપના સન–૧૯૩૨ ] **શ્રીકૃષ્ણાશ્રય કેમિકલ વર્કસ–અમરાવતી** [ Estd. 1932

પ્રોપ્રાયટર શાહ ન્યાલચંદ ચત્રભુજદાસ ધાબળીયા

દવાઓના ઉત્તમપણાબદલ નિખિલ–ભારતવર્ષીય ૨૭ મા વૈદ્ય સંમેલન નાગપૂરથી રૌપ્યપદક તથા પ્રમાણપત્ર પ્રાપ્ત સન ૧૯૩૮

અનેક ખર્ચાળ દવાઓથી કંટાળેલી બ્હેનો માટે

શ્રીકૃષ્ણાશ્રય કેમીકલનું

## ❁સુંદરી-સૌભાગ્ય❁

પ્રદર, ઋતુદોષ, પ્રસુતિરોગ, અશકતતા વગેરે સ્ત્રીઓના અનેક રોગો પર સર્વોત્તમ ગુણકારી

બાટલી કીંમત રૂા. ૧–૧૦ આના

ટાઢીયો તાવ, મલેરિયા વગેરે જાતના હઠીલા તાવ તથા બરોળ માટે

શ્રીકૃષ્ણાશ્રય કેમીકલનું

CDL 975

## તાપે ઉત્તિહાલ

મોટી બાટલી કીં. રૂા. ર્‌।।ા, નાની રૂા. ૧।

દરેક ગામમાં નામાંકિત દવાવાળા વેચે છે

મુંબઇના ચીફ સ્ટોકિસ્ટ } **કેશવજી સી. ઠક્કર કું.,** કેમીસ્ટ, પ્રીન્સેસ સ્ટ્રીટ

**શ્રીકૃષ્ણાશ્રય કેમિકલ વર્કસ–અમરાવતી–(મધ્યપ્રદેશ)**



◆ લગ્ન – પ્રસંગે ◆

**–તથા મિજલસોમાં–**

સ્નેહીઓનું સ્નેહભર્યું સ્વાગત કરવા માટે અમારા સ્પેશ્યલ

## : આઇસ્ક્રીમ :

સાથે અમારી અપ–ટુ–ડેટ સર્વીસ સર્વને સંતોષ આપશે.

**મોડર્ન કોલ્ડ-ડ્રીન્ક હાઉસ**

ગાયવાડી પોસ્ટ ઓફીસ સામે,
કાલબાદેવી : મુંબઇ, ૨.



## અભીટોન

નાનાં બચ્ચાંઓને થતાં દર્દો જેવા કેઃ–જીર્ણ તાવ લીલા પીળા ઝાડા, સસણી, વરાધ અને એવા અનેક રોગો પર આ દવા અજોડ ફાયદો કરી બાળકોને તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ બનાવે છે. દરેક દવાવાળાને ત્યાં વેચાય છે.

હરસ મસા નો અકસીર ઇલાજ




અર્શારી ટેબ્લેટસ તથા મલમ

જેનાથી લોહી પડવું, અંદરનો સોજો, આગ બળવી વિગેરે દુર થાય છે. આ દવા હજારો દર્દીઓએ વાપરી સંતોષ જાહેર કરેલ છે અને તેઓએ તેને આશીર્વાદરૂપ પુરવાર કરેલ છે. બન્નેની કીંમત રૂા. ૫–૦–૦ દરેક દવાવાળાને ત્યાં મળે છે.

**હરબલ હીલીંગ કું.**
મુંબઇ ૭.

## એ કારકુન થયો હોત, પણ અકસ્માતે એને લેખક બનાવ્યો

અકસ્માત પણ કેટલીકવાર આશીર્વાદ સમો થઈ પડે છે. દુનિયાના પ્રથમ હરોળના લેખકોમાં જેની ગણના થાય છે એવા એચ. જી. વેલ્સના બાળપણમાં પગ ભાંગવાનો અકસ્માત ન થયો હોત તો કદાચ આખી જિંદગી તેમણે કારકુનીમાં ગાળી હોત. આ લેખ એ જગવિખ્યાત લેખકના જીવનની નાની વાતોનો પરિચય કરાવે છે. તેમનું જીવન ઘડવામાં આ નાની નાની વાતોએ મોટો ભાગ ભજવ્યો છે. પરિચય કરાવનાર કુ. નિર્મળા ગંગર મુંબઈની રૂઇયા કૉલેજમાં કલાના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.



# એચ. જી. વેલ્સ

લેખિકા : કુ. નિર્મળા ગંગર

લગભગ સાઠ વર્ષ પહેલાંની વાત છે. લંડનના એક પરાની શેરીમાં છોકરાઓનું એક ટોળું રમતું હતું. ત્યારે એક બનાવ બન્યો. મોટા છોકરાઓમાંના એકે બર્ટી વેલ્સ નામના એક નાના બાળકને ઊંચક્યો અને પછી હવામાં ઊંચે ઉછાળ્યો. બર્ટીને ઉછાળ્યો તો ખરો, પણ જ્યારે તે પાછો નીચે આવ્યો, ત્યારે તેને ઝીલી લેવાને બદલે જમીન પર પછડાવા દીધો. પરિણામે નાના બર્ટીનો પગ ભાંગી ગયો.

મહિનાઓ સુધી બર્ટી પગે ભારે વજન બાંધીને કણસતો પડી રહ્યો. પણ ભાંગેલું હાડકું બરાબર બેઠું નહિ. એ ભાંગેલું જ રહેવાનું હતું અને આ વાત ભયંકર હતી. નાનો બર્ટી દુઃખ અને ભયની ચીસ પાડી ઊઠયો.

એ વખતે તો આ બનાવ ખૂબ દુઃખદ લાગ્યો પણ આ અકસ્માત એને માટે કેટલો ભાગ્યશાળી હતો તે જોવા માટે બર્ટી જીવ્યો. એ જગવિખ્યાત લેખક થયો. એચ. જી. વેલ્સ. તમારામાંના ઘણાંએ એચ. જી. વેલ્સની થોડીક ચોપડીઓ વાંચી હશે. ૮૦ કરતાં પણ વધારે ગ્રંથો તેણે લખ્યા છે.

તેણે જાહેર કર્યું છે કે પગ ભાંગવાનો આ બનાવ તેના જીવનમાં કદી ય ન બન્યો હોય એવો ભાગ્યશાળી બનાવ છે. જાણો છો, શા માટે? કારણ કે પગ ભાગવાને કારણે આખું વર્ષ તેને ઘરમાં ફરજિયાત પુરાઇ રહેવું પડયું. આ દરમિયાન તેને મળતી એકે એક ચોપડી તેણે વાંચી નાંખી. કારણ કે વાંચવા સિવાય બીજું કાંઇ તેને કરવાનું ન હતું.

આનું પરિણામ એ આવ્યું કે તેને વાચનનો શોખ જાગ્યો, સાહિત્ય માટે પ્રેમ બંધાયો. તે સતેજ થયો. તે પ્રેરાયો. તેની આજુબાજુ ઘેરાયેલા શુષ્ક અને કંટાળાજનક વાતાવરણમાંથી બહાર આવવાનો તેણે નિશ્ચય કર્યો. પેલો ભાંગેલો પગ એના જીવનનો એક વળાંક બન્યો.

એચ. જી. વેલ્સ દુનિયામાં સૌથી વધારે પૈસા મેળવતો મહાન લેખક બન્યો. પોતાની કલમ વડે એ લાખો ડોલર કમાયો છે. છતાં પણ તે પોતે તો અત્યંત ગરીબાઇમાં ઉછર્યો હતો. તેના પિતા ક્રિકેટની રમત એક ધંધા તરીકે રમતા હતા અને પછી ભાંભરાની તૈયા-

રીમાં આવી ચૂકેલી એક માટી અને કાચનાં વાસણોની નાનકડી દુકાન ચલાવતા હતા.

એચ. જી. વેલ્સ એ દુકાન ઉપરની એક નાની ઓરડીમાં જન્મ્યો હતો. રસોડું ભોંયતળિયે હતું. તે એક અંધારો ઓરડો હતો અને તેમાં અજવાળું ઉપરના રસ્તા પર પડતી સળિયાની જાળીમાંથી આવતું હતું.

વેલ્સ આ અંધારા ઓરડામાં બેસી રહેતો અને તેની ઉપરના રસ્તા પર થઇને પસાર થતા લોકોના પગ પેલી લોખંડની જાળીમાંથી જોયા કરતો. વર્ષો પછી, તેણે આ પગ વિષે લખ્યું અને કહ્યું પણ ખરું કે, પગમાં પહેરેલા જોડા પરથી લોકોને ઓળખતાં તે કેવી રીતે શીખ્યો હતો.

આખરે વાસણોની દુકાન ભાંગી પડી. કુટુંબ હતાશ થઇ ગયું. તેની માને સુસેકસમાં આવેલી એક મોટી જાગીરનાં નોકર તરીકેનું કામ સ્વીકારવું પડયું. સ્વાભાવિક રીતે તેને અહીં બીજા નોકરો સાથે રહેવાનું થયું. એચ. જી. વેલ્સ વારંવાર માને મળવા ત્યાં જતો હતો.

અને ત્યાં જ તેણે પહેલવહેલી વાર અંગ્રેજી સમાજ જીવનમાં ડોકિયું કર્યું અને તે તેણે નોકરોના રહેઠાણોમાં રહીને જોયું.

'ધી આઉટલાઇન ઓફ હિસ્ટ્રી'ના ભવિષ્યના લેખકે ૧૩ વર્ષની નાની વયે એક સ્ટોરમાં કારકુન તરીકે વેપારી જિંદગી શરૂ કરી. વહેલી સવારે પાંચ વાગ્યે તેને ઊઠવું પડતું, કચરો કાઢવો પડતો, ચૂલો પેટાવવો પડતો અને દિવસના ચૌદ કલાક કામ કરવું પડતું તેને માટે આ વૈતરૂં હતું અને કંટાળીને તેણે તે છોડી દીધું. એક મહિનાની આખરે માલિકે તેને કાઢી મૂકયો; કારણ કે તે આળસુ ને બીજી ઘણી રીતે હેરાન કરનારો હતો.

ત્યાર પછી તેને એક કરિયાણાની દુકાનમાં કામ મળ્યું. અહીં પણ પહેલા જ મહિનાના અંતે તેને કાઢી મુકવામાં આવ્યો.

અંતે તેને ફરી એક બીજા સ્ટોરમાં નોકરી મળી. પેટ ભરવાનું હતું એટલે આ વખતે તે થોડાક વધારે વખત ટકી રહ્યો, પણ જ્યારે ફ્લોરવોકર જોતો નહિ ત્યારે તે ભોંયરામાં ઘૂસી જતો અને 'હર્બર્ટ સ્પેન્સર' વાંચતો.

બે વર્ષ બાદ તે વધારે વખત રહી ન શકયો. એક રવિવારની સવારે તે ઊઠયો અને નાસ્તો પણ કર્યાં વિના ભૂખ્યા પેટે માની શોધમાં પંદર માઇલ ભટકયો. તે ઉશ્કેરાઇ ગયો હતો તે માની સાથે ઝગડયો. તે રડયો અને તેણે સોગંદ લીધા કે હવે એક પળ પણ દુકાનમાં રહેવું પડશે તો તે આપઘાત કરશે.

ત્યાર પછી તેણે તેની નિશાળના એક ઘરડા માસ્તરને લાંબો અને હૃદયદ્રાવક કાગળ લખ્યો. વેલ્સે કાગળમાં લખ્યું હતું કે, તે દુઃખી હતો, ભાંગેલા હૃદયનો હતો અને હવે વધારે વખત જીવવા માગતો ન હતો.

અને એને અણધાર્યો, આશ્ચર્ય પમાડતો જવાબ મળ્યો. નિશાળના પેલા માસ્તરે તેને શિક્ષકની નોકરીની દરખાસ્ત મૂકતો કાગળ લખ્યો હતો.

અદ્ભુત! એના જીવનનો આ એક બીજો પલટો હતો.

જો કે એચ. જી. વેલ્સ તેના પાતળા અને ઊંચા અવાજે કહેતો હતો કે, તેણે સ્ટોરમાં ગાળેલાં લાંબાં અને વૈતરાં જેવાં વર્ષો એક રીતે છૂપા આશીર્વાદ સમા હતા. સ્વભાવે તે આળસુ અને સુસ્ત હતો અને સ્ટોરે તેને કામ કરતાં શીખવ્યું.

ભણાવવાનું શરૂ કર્યાનાં થોડાં વર્ષો પછી અચાનક ધડાકો ફૂટે તેમ આફત ફૂટી નીકળી. બન્યું એવું કે તે ફૂટબોલ રમતો હતો. રમતની ઉત્તેજનામાં અને ઉત્સાહમાં તે નીચે પછડાયો, છૂંદાયો અને લગભગ મરવા જેવો થઇ ગયો. તેના મૂત્રશયનો એક ભાગ કચડાઇ ગયો અને એનું જમણું ફેફસું છેદાઇ ગયું. લોહી વિના તે ફિક્કો પડી ગયો. ડોકટરોએ એના જીવવાની આશા છોડી દીધી.

ચાર મહિના સુધી મોતના સતત ભયમાં તે જીવ્યો. ત્યાર પછીનાં બાર વર્ષો તે જિંદગીને એક અપંગની જેમ વળગી રહ્યો અને છતાં પણ તે વર્ષોમાં તેણે તેની શક્તિઓનો એટલો બધો વિકાસ કર્યો કે દુનિયામાં તેનું નામ જાણીતું થઇ ગયું.

પૂરાં પાંચ વર્ષ સુધી તેણે સતત રીતે લખ્યા જ કર્યું. એણે જે પુસ્તકો, લેખો અને વાર્તાઓ લખ્યાં છે તે ઘણાં નિરસ છે. પણ હોંશથી લખાયેલાં છે. આ વાત સમજવા જેટલી બુદ્ધિ તેનામાં હતી અને તેથી તેણે જે કાંઇ લખ્યું હતું તે બાળી નાખ્યું.

આખરે, અડધો અપંગ હોવા છતાં પણ તેને ફરી શિક્ષકની નોકરી મળી. પ્રાણીશાસ્ત્રના વર્ગમાં એક સુંદર છોકરી હતી. તેનું નામ 'કેથોઇ રોબીન્સ હતું. એચ. જી. વેલ્સે તે વખતે જોયું કે પ્રાણીશાસ્ત્ર કરતાં તેને પેલી છોકરીમાં વધારે રસ હતો. તે છોકરી દુબળી અને માંદલી હતી અને તે પોતે પણ એવો જ હતો. મળી શકતું બધું શક્ય સુખ તેમને મેળવવું હતું. એટલે તેઓ પરણ્યાં.

આ બધું લગભગ ૬૦ વર્ષ પહેલાં બન્યું અને મરવાને બદલે વેલ્સ ગુમાવેલું આરોગ્ય પાછું મેળવતો ગયો, શક્તિ ધરાવતાં માણસમાં ફેરવાતો ગયો અને દરેક વર્ષે બે મસમોટા ગ્રંથો પૂરા કરતો ગયો. તેના આ ગ્રંથોના પડઘા પણ જગતમાં પડવા માંડયા.

વેલ્સના મનમાં સતત નવા નવા વિચારો ઊભરાય જ કરતા. અડધી રાતે પણ તે વિચારોમાં જાગી ઊઠતો અને નોંધપોથીમાં વિચારો નોંધી લેતો. આ આળસુ છોકરો કે જેને તેના આળસુપણાને કારણે સ્ટોરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, તેણે એક વખત જાહેર કર્યું કે દોઢસો વર્ષ સુધી પુસ્તકો લખવા માટેનો મસાલો તેનીનોંધ પોથીમાં પડયો છે.

તે ગમે ત્યાં લખી શકતો – લંડનની તેની કામ કરવાની દુકાનમાં, ટ્રેનમાં, ભૂમધ્ય સમુદ્રના કિનારાની રેતીમાં, છત્રી નીચે બેઠાં બેઠાં – એણે નદીના કાંઠા પર બે બંગલા ભાડે રાખ્યા હતા. એકમાં તે કામ કરતો, બીજો મહેમાનો માટે હતો. તે આખો દિવસ લખ્યા કરતો અને સાંજે મહેમાનો સાથે ગપ્પાં મારતો. પોતે મહેમાનોને લેવા જો સ્ટેશને જઇ ન શકતો તો પોતાની મોટર મોકલી આપતો અને દારૂના કબાટની ચાવી પણ. તેના મહેમાનો તે આવે ત્યાં સુધી હંમેશાં આનંદી રહેતા *

* ડેલ કાર્નેગીના લેખને આધારે.

## બાળકોની સાંજ

સાંજ પડી ને શાળા છૂટી
દોટો કાઢી આવ્યાં,

નાનાં નાનાં બાળક ભોળાં
રમવા શેરી માંહી,

ફેરફૂદરડી ફરતાં કયાંતો–
રમતાં સંતાકૂકડી.

એકબીજાની પાછળ ધાતાં
રમતાં ચોર સિપાહી.

જતાં આવતાં સૌને રોકી
પૂછતાં કયાંના ભાઈ?

કયાંથી આવ્યાં? કયાં છે જાવું?
બોલો ઝાપટ સાચું–
નહીં તમોને કેદ કરી શું
જેલ પૂરીશું આંહી.

રમતાં રમતાં રાત પડીને
સૌએ દોટો કાઢી–
ઘર ભેળાં. સૌએ મૈ આંને
વાતો મોટી માંડી.

મુરલી ઠાકુર

સાચા કવિને કવિતા લખ્યા વિના ચેન પડે જ નહીં. એટલે જ સો રાજકવિ થવા આવેલા કવિઓને રાજાએ જેલમાં પૂરી દીધા અને કવિતા ન લખવાનું ફરમાન કર્યું. છતાં ત્રણ જણ કવિતા લખતાં પકડાઈ ગયા. એ ત્રણેને રાજાએ રાખ્યા તો ખરા પણ કવિતા ન લખવાની શરતે. તોય ત્રણમાંથી એક જણ કવિતા લખતાં પકડાઇ ગયો. તેને બનાવ્યો રાજકવિ. કેવો ચતુર રાજા! આવી સરસ વાર્તાના લેખક શ્રી. શૈલજાનંદ મુખોપાધ્યાય બંગાળના એક જાણીતા લેખક છે. વાર્તાનું રૂપાંતર કર્યું છે 'ગાંડીવ' પાક્ષિકના તંત્રી શ્રી. નટવરલાલ માલવીએ.

એક હતો રાજા.

જબરજસ્ત તેનું રાજ્ય. જાહોજલાલી પણ તેવી જ.

રાજાજીને ખાસ કશું કામ કે કાજ હોય નહિ. બેઠા બેઠા ખાય ને ઊંઘે. કેમે કર્યો વખત વીતે નહિ.

કરવું શું? માણસને કંઇ કામ તો જોઇએ જ—તોફાન, કંઇ નહિ તો. બહુ વિચાર કરી રાજાએ એક ફક્કડ તોફાન શોધી કાઢયું—કવિતા લખવાનું ટીખળ.

દહાડે વિસામો નહિ, રાત્રે ઊંઘ નાડુ-રાત ને દહાડો, બસ, રાજા તો લખલખ કરે. કોરા કાગળ પર ખસડ ખસડ કલમ ચાલે છે—રાજા બહાદુર બેઠા બેઠા કવિતાઓ લખે છે.

પણ કવિતા લખવાનું કંઇ સહેલું સૂતરું નથી. પ્રાસ પર પ્રાસ મેળવતાં રાજાનું તો માથું પાકી આવે. જંપ વળે નહિ, ચેન પડે નહિ. બોલાવે તો બોલે નહિ. સીધી વાત પણ કરે નહિ.

એક દહાડા રાણીજીએ પૂછયું: "આ બધું શું માંડયું છે?"

રાજા કહે: "કવિતા લખું છું."

રાણી કહે: "ઓ હો, જોઉં તો સહી, કેવીક કવિતા તમે લખી છે તે?"

રાજાએ એક પછી એક કવિતા વાંચી સંભળાવવા માંડી. કવિતા વાંચી રહે, ને રાણીના વદન સામે જુએ.

રાણી કહે: "બહુ સરસ છે."

રાજાની ખુશાલીનો પાર ન રહે.

### આ વાર્તાના મૂળ લેખક

શ્રી. શૈલજાનંદ મુખોપાધ્યાય

પણ પાંચમી કવિતા સારી પેઠે લાંબી હતી. રાજાએ તે વાંચી પૂરી કર્યા બાદ રાણીજી તરફ જોયું, તો—રાણીબા તો ઘોરે!

રાજાજી જરાક હસ્યા. હસ્યા પછી કવિતાની પોથી બંધ કરી દીધી.

પણ રાજા મૂરખો ન હતો. તેનામાં અક્કલ અપાર હતી.

કવિતાની પોથી પેલે દિવસે એણે બંધ કરી, તે પછી ખોલી જ નહિ. ના, એક દિવસ પણ નહિ!

મિત્રો, અમીરો, ખવાસો—સૌ અચંબો પામી ગયા.

પ્રધાને પૂછયું: "કેમ મહારાજ, કવિતા લખવાનો શોખ પૂરો થઇ ગયો?"

અનુવાદક: શ્રી. નટવરલાલ માલવી

# રાજકવિ

રાજા કહે : "હા, પ્રધાનજી. કવિતા લખવાનો શોખ બૂરો છે. બધાને એ સહેતો નથી."

પછી એક દહાડો રાજાજીના મનમાં કોણ જાણે શું આવ્યું, તે પ્રધાનજીને બોલાવી કહ્યું : "પ્રધાનજી, રાજમાં ઢંઢેરો પિટાવી દો, કે જે માણસ સૌથી સરસ કવિતા, લખી કાઢશે, તેને રાજકવિ નીમવામાં આવશે."

ઢંઢેરો પિટાવો શરૂ થયો, કે બસ! રોજ કાવતાના થોકડે થોકડા દરબારમાં આવવા લાગ્યા. કવિઓ અને કવિતાઓના મારાથી પ્રધાનજી તો હેરાનહેરાન–નર્યા ગાંડા સરખા થઈ ગયા.

તેમણે રાજા પાસે જઈને કહ્યું : "હું તો આ કવિતા ફવિતામાં કશું સમજતો નથી બાપલા. આ બાબતનો ફેંસલો કરવાનું આપ જ માથે રાખો.

સારૂં. રાજાજીને તો આટલે દહાડે કામ જેવું કામ સાંપડયું. કવિતાના ઢગલાઓ પાસે ખડકી તેઓ વાંચવા બેઠા.

બધી કવિતાઓ વાંચી રહેતાં ત્રણ મહિના લાગ્યા.

મોટા ભાગની કવિતાઓ નકામી હતી. માત્ર પચીસ કવિતાઓ, જુદા જુદા કવિની લખેલી, રાજાજીને ગમી, તેમને લાગ્યું કે એટલી જ કવિતા ખરેખરી મસ્તીમાં આવીને લખાયેલી છે.

આ પચીસ કવિઓને દરબારમાં હાજર થઈ જવાનાં તેડાં ગયાં.

હરખે ઘેલા બનતાં પચીસે કવિઓ આવીને રાજાના દરબારમાં હાજર થયા.

દરેકને આશા હતી, કે પોતે રાજકવિ નિમઇ જશે.

પણ રાજાએ જે ફેંસલો આપ્યો, તે સાંભળીને બધા ડઘાઇ ગયા. ના રે બાઇ, રાજકવિ થવાનું કામ નથી. ભાગી શકીએ, તો ગંગા નાહ્યા.

રાજાના હુકમથી દરબારગઢનો દરવાજો બંધ થઇ ગયો. કોઇ પહેરેગીર તેમને બહાર જવા દે તેમ ન હતું.

રાજાએ કહ્યું: "આ પચીસ કવિઓને કેદખાને નાંખો. દહાડમાં એક વર ભોજન આપજો. દરેકને કહી દો, કે ખબરદાર કોઇએ કવિતા લખી છે તો!"

રાજાજીનું ફરમાન!

હવે કરવાનું શું? તે જ દિવસે પચીસે અભાગિયાઓ હેરાન થતાંથતાં કેદખાને પુરાયા.

❁

એક મહિના પછી રાજા પોતે જ તેમની તપાસ કરવા ગયો. જુએ છે, તો તેમની દુર્દશાનો પાર નથી. ભૂખેતરસે, અનિદ્રાએ, બધા સુકાઇને સળેકડા બની ગયા છે! ઝટ ઓળખા પણ ન શકાય!

વધુ તપાસે ખબર પડી કે પચીસમાંથી ત્રણ જણે રાજાના હુકમનો ભંગ કરી ચુપચુપ કવિતા લખી હતી.

જે ત્રણ આમ પકડાયા તે તો બાપડા મહાચિંતામાં પડી ગયા. કોણ જાણે, હવે શી યે સજા થશે!

હવે રાજાએ હુકમ કર્યો કે: "આ ત્રણ જણને રાખી મૂકો ને બાકીના બાવીસને છોડી મૂકો."

બાવીસ જણને તો થયું કે હા....શ! છૂટયાં!

પણ ઘેર પહોંચીને જુએ છે તો રાજા છેક જુલમી તો નહોતો. અન્યાયી પણ નહિ. એ સૌને ઘેર સારી પેઠે નાણું મોકલ્યાં હતાં!

પેલી બાજુ ત્રણ જણને રાખેલા, તેમને રાજાએ બોલાવ્યા: "હાજર કરો."

રાજાએ ત્રણેને એકેક ઘર આપ્યું, ખૂબ નાણું આપ્યું, હુકમ કર્યો કે દેશમાંથી બૈરાં છોકરાંને તેડાવી મંગાવો, ને અહીં નિરાંતે રહો. પણ —

એક વાત ધ્યાનમાં રાખવાની.



કવિએ કહ્યું: હા, રાજાજી! આપ આપનાં ઘર, ધનદોલત બધું પાછું લઇ લ્યો. હું તો કવિતા લખ્યા વિના જીવી શકું નહીં.

કોઈએ કવિતા લખવાની નહિ.

રાજાના જાસૂસો દેખરેખ રાખ્યા કરે. કવિતા લખતાં પકડાય તો સખત સજા થવાનીજ !

હવે કવિતા કોણ લખતું'તું ? ધનદોલત મળ્યાં, નચિંત થઈ ગયાં, એતાં છોકરાં આવી મળ્યાં, તેમની સાથે સુખવાસ સાંપડયો–તો પછી એવી કવિતા લખવાની લપમાં વળી કોણ પડે !

તેમણે કવિતા લખવાની છોડી જ દીધી !

❋

પણ નવાઈની વાત !

એ ત્રણમાંનો એક જણ એક દહાડો પકડાઈ ગયો. ખૂબ ચુપચુપ, છાનોમાનો કવિતા લખતો હતો.

જાસૂસોએ પકડી લઈ તેને રાજાજી સમક્ષ હાજર કરી દીધો.

રાજાએ પૂછ્યું : તમે છાનાછાના કવિતા લખતા હતા ?"

કવિએ કહ્યું : "હા, રાજાજી ! આપ આપનાં ઘર, ધનદોલત બધું પાછું લઈ લ્યો. હું તો કવિતા લખ્યા વિના જીવી નહિ શકું. મારાથી નહિ રહેવાય."

રાજાજીનું મુખમંડળ હસી ઊઠયું. હુકમ કર્યો : "પ્રધાનને બોલાવો."

પ્રધાનજી આવ્યા.

રાજાજી કહે : "પ્રધાનજી, કવિતા ચકાસણીનું મારું કામ આટલે દહાડે પૂરું થયું છે. આ લઈ લ્યો આપણા રાજકવિ."

કવિએ પૂછ્યું : "પણ મારે કરવાનું શું ?"

રાજાજીએ કહ્યું : "તમે નિરાંતે લહેરથી કવિતાઓ લખ્યા કરો."

---

## એ કિશોર કોણ હતો ?

લંડન શહેરમાં એક શાળા આવેલી છે. એનું નામ 'હેરો સ્કૂલ.' દેશવિદેશમા એ શાળાનું નામ ખૂબ જાણીતું છે. ત્યાં શિક્ષણ આપવાની પધ્ધતિ ખૂબ નવા પ્રકારની છે. ઇંગ્લાંડનાં ઘણા મહાપુરુષો એ શાળામાં અભ્યાસ કરી ગયા છે. એટલે દુનિયના જુદાજુદા ભાગમાંથી વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે.

૧૯૦૬ ની સાલની આ વાત છે. એક બુધ્ધિમાન ભારતીય કિશોર એ શાળામાં અભ્યાસ કરતો હતો. કિશોર સહેજ શરમાળ સ્વભાવનો હતે. પરંતુ રમતગમતનો તેને ભારે શોખ. રમતમાં પાછો ન પડે. ભણવામાં પણ એવો જ. પરંતુ એકલા પાઠયપુસ્તકોથી એને સંતોષ વળતો નહિ. એ રોજ સવારે વર્તમાનપત્રો વાંચે. ઇંગ્લાંડની રાજનીતિની એકેએક વિગતો એના હોઠે રહેતી. એ ઉપરાંત ઘણા સારા સારા પુસ્તકો વાંચતો. એક દિવસ મહેતાજીએ એક બાળકને પૂછ્યું : "વારુ, કહે જોઉં, ઇંગ્લાંડના હાલના વડા પ્રધાનનું નામ શું ? શિક્ષણ–પ્રધાન કોણ ? સ્વાસ્થ્ય–પ્રધાન કોણ ?" બાળક કંઈ બોલી શકયો નહિ. તે માથું નીચું કરીને ઊભો રહ્યો. એ પછી માસ્તર સાહેબે એક પછી એક બાળકને એ સવાલ પૂછી જોયા. પરંતુ કોઈ જવાબ આપી શકયું નહિ. આખરે પેલા ભારતીય કિશોરનો વારો આવ્યો. કિશોરે માસ્તર સાહેબના બધા પ્રશ્નોના એક પછી એક તદ્દન સાચા જવાબ આપી દીધા ! એવડા નાના અને સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાન જોઈને માસ્તર સાહેબની નવાઈનો પાર રહ્યો નહિ.

લંડનની એ મોટામાં મોટી શાળામાં બનેલી આ સાચી વાત છે. આખા વર્ગમાંથી એક પણ વિદ્યાર્થી માસ્તર સાહેબના સવાલોનો જવાબ દઈ શકયો નહિ ત્યારે પેલા ભારતીય કિશોરે ઓછાબોલા સ્વભાવના જવાબ આપી દીધા.

એ ભારતીય વિદ્યાર્થી કોણ, એ તમે જાણો છો ? એ બીજા કોઈ નહિ, પણ આપણા વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ.

# રમેશ અને દિનેશ

(એક સંવાદનો ભાગ)

રમેશ:—આવી સરસ પેટી ક્યાંથી લાવ્યો?

દિનેશ:—આ છે એલ્યુમિનિયમની પેટી, જે તો ખરો વજનમાં કેટલી હલકી છે અને વળી ચાંદની જેવી સફેદ—અને કિંમતમાં બહુ સસ્તી.

રમેશ:—પણ લાવ્યો ક્યાંથી તે તો કહે?

દિનેશ:—કહું? એવું તો ત્યાં ઘણું મળે છે. નોંધી રાખ.

# એલ્યુમિનિયમ

વાસણો—રંગીન વસ્તુઓ—સુટકેસીઝ વિગેરે

માટે

# જીવનલાલ (૧૯૨૯) લિમિટેડ

'ક્રાઉન' બ્રાન્ડ વાસણો બનાવનારાઓ: કલકત્તા, મુંબઇ, મદ્રાસ, રાજમહેન્દ્રી, એડન, રંગુન એ ઠેકાણેથી મળશે.

ચિત્રો ઓળખો




શબ્દો લખો

આડી ચાવી

૧

૩ 

૪

૬ 

૮

૧૧

૧૨

ઉભી ચાવી

૨

૫

૬

૭

૮

૯

૧૦

ઉપરના ચોરસના ખાલી ખાનામાં અહીં આપેલાં ચિત્રો જોઈ, તેના શબ્દો શોધી ક્રમપ્રમાણે તમારે પૂરવાના છે ચાલો ત્યારે ચિત્રો ઓળખો અને શબ્દો લખો.

# ટચુકડી વાર્તા







## જૂનો

લેખિકા :

એક હતો ખેડૂત. તેના ખેતરમાં ઘણો જૂનો એક કૂવો હતો. કૂવામાંથી પાણી કાઢવા માટે એક ડોલ હતી. આ ડોલ પણ ઘણી જૂની કેટલાં ય વર્ષોથી તે કૂવામાંથી પાણી ખેંચતી હતી.

એક વખત ડોલને વિચાર આવ્યો: હું ન હોઉં તો! તો પાણી ન નીકળે. પાણી વિના ખેતી ન થાય. ખેતી ન થાય એટલે ખેડૂત ભૂખે મરે. મારા વિના તો ખેડૂતને ચાલે જ નહીં.

ડોલે પોતાના મનની આ વાત દોરડાને કહી. એ સાંભળી દોરડું બોલ્યું: સાવ ખોટી વાત તું તારી જાતને એટલી બધી મહાન ધારીશ નહીં. તારા કરતાં તો હું વધારે ઉપયોગી છું. મારા વિના જરા ય ન ચાલે તને નીચે તો હું લઈ જઉં છું. અને ઉપર પણ હું જ લાવું છું. મારા વિના તું શું કરી શકે! યાદ છે? એક વખત હું તૂટી ગયું હતું ત્યારે તું કૂવાની વચ્ચે કેવી ફસાઈ ગઈ હતી!

ડોલ અને દોરડાની વાત ગરગડી સાંભળતી હતી. તે બોલી ઊઠી: તમારા બન્ને કરતાં તો હું વધારે ઉપયોગી છું. હું ન હોઉં તો તમે શું કરી શકો! હું ગોળ ગોળ ફરું છું તો તમે નીચે જઈ શકો છો. હું તમારું વજન ઝીલું છું તો તમે સરળતાથી નીચે જઈ શકો છો, યાદ છે! તે દિવસે તું મારા ઉપરથી જરાક ખસી ગયું'તું અને ડોલ સાથે તળિયે જઈ બેઠેલું. મારા વિના તો ચાલે જ નહિ.

ગગગડીનો ગડગડાટ સાંભળી પાણી બોલ્યું : તમે ત્રણે જણ સાવ મૂર્ખા છો. ખોટાં ખોટાં ઝઘડો છો. જરાક વિચાર તો કરો કે હું આ કૂવામાં ન હોત તો ! હું ન હોઉં તો તમારું કોઈનું કામ ન પડે. મારે લીધે જ તમે છો. મારા વિના તમારો તો કોઈ ભાવ પણ ન પૂછે. સમજ્યા ?

# કૂવો

કુ. વર્ષા પંડ્યા

ત્યાં તો કૂવાનું ચણતર બોલી ઊઠ્યું : મિત્રો, મારી વાત સાંભળો. તમારા બધાં કરતાં હું જ વધારે ઉપયોગી છું. મારા વના ચાલે જ નહિ તમારા બધાંનું કામ તો સાવ સરળ છે અને તે પણ મારે લીધે જ. હું તો દિવસ ને રાત ખડે પગે ઊભુ રહું છું. મારી દીવાલ તૂટી પડે તો ? નાહક ઝઘડો નહિ તમારા બધાં કરતાં હું જ વધારે ઉપયોગી છુ

આ બધાંનો ઝઘડો ખેડૂત ઊભો ઊભો ક્યારનો ય સાંભળતો હતો. મનમાં ને મનમાં તેને હસવું પણ આવતું હતું. તે બોલ્યો અરે, તમે બધાં જ જરા ચૂપ રહેશો અને મારી વાત સાંભળશો ? તમે નાહક અંદર અંદર ઝઘડો છો. સાચી વાત તો એ છે કે તમે બધાં જ ઉપયોગી છો એક-બીજા વગર તમે કોઈ ઉપયોગી નથી. એકબીજાને મદદ કરી તમે કામ કરી શકો છો એ જ આનંદની વાત છે. અને એમ કરતાં તમે મને મદદ કરી રહ્યાં છો

ખેડૂતની વાત સાંભળી ચારે જણ ઝઘડતાં બંધ થઈ ગયાં અને મનમાં ને મનમાં શરમાઈ ગયાં.

સરસ સમજણ આપતી [illegible] લેખિકા કુ. વર્ષા પંડ્યા મુંબઈની [illegible] છે. [illegible]





ઉંદર અને સુંદર
માછલી લાગે છે તો સ્વાદિષ્ટ પણ દાઢ ખૂબ દુઃખે છે. ખાવી કેવી રીતે?
હં...ઉપાય સૂઝી ગયો ડૉક્ટર પાસે દુઃખતી દાઢજ કઢાવી આવું. પછી...
સાંભળ્યું છે કે ડૉક્ટર ખૂબ હોંશિયાર છે. ઘંટડી વગાડવા દે.
દાઢ તો હમણાં કાઢી આપું પણ પૂરેપૂરી ફી હમણાંજ આપવી પડશે.
પૈસાને કોણ પૂછે છે?
મારે તો જરૂર છે ને?
હે ભગવાન! દાંત આપ્યા પછી દુઃખાડતો શા માટે હશે?
મારી દાઢને બદલે તમે બધા દાંત કેમ કાઢ્યા? ડૉક્ટર છે કે હજામ?
હજામ તારો બાપ! ભાગ અહીંથી, નહીં તો.....
ઓ બાપ રે! મરી ગયો!
તમે ક્યાંથી ટપકી પડ્યા ઉંદરમામા!
સુંદર, મરી ગયો રે! મારી વાત તો સાંભળ...
ઓહ! આમ વાત છે! હમણાંજ ડૉક્ટરને બતાવી દઈએ.....
ડૉક્ટર મારી મા માંદી પડી છે! હમણાંજ ચાલો
એમાં ગભરાય છે શું? ચાલ, તપાસીને દવા આપું
જરા વાર થોભો હું હમણાંજ બારણું ખોલું છું. પણ આ બારીમાંથી સુંદર જોઈશ નહીં. રાજકુંવરી ઊંઘે છે.
સુંદર ગયો, લાવ, જોઉં તો ખરો કે રાજકુંવરી કેવી છે?
બાપ રે! મારું નાક કોણે પકડ્યું? છોડો હું ડૉક્ટર છું.
સેતાન સુંદરનુંજ કામ લાગે છે. મારા નાકની તો સૂંઢ થઈ ગઈ.
હવે ઘેર પધારો ડૉક્ટર સાહેબ! આ તો દાંતના બદલાની ભેટ છે.

જેમાં રમત છે

જેમાં અમ્મત છે

જેમાં રંગત છે

જેમાં રંજન છે

જેમાં ગુંજન છે

જેમાં જ્ઞાન છે

એવાં

# દિવાળી મુબારક

પ્લાસ્ટીક રમકડાંની શોખીન જનતાને અમારા દિવાળી મુબારક તથા નવા વરસનાં અભિનંદનો

# ૧૪

પ્લાસ્ટિકનાં રંગબેરંગી રમણીય રમકડાંનાં નામ આ રહ્યાં:

☆ રોલીંગ જૅક
☆ પીસ્તોલ
☆ કવક–એ–ડક
☆ ફ્લાઇંગ સૉસર
☆ પીપીઝુ
☆ રેસકોર્સ
☆ કાશ્મીરી કોકિલા
☆ ડમરૂ રેટલ
☆ ચેમ્પીઅન
☆ પ્રેસ્ટો રેટલ
☆ સ્પીનીંગ ટોપ
☆ હેટ વીથ હેન
☆ ચક્ર વ્યુહ (લકી ગેઈમ)
☆ મેજીક ટોપ હેટ

# પ્રેસ્ટ–ઓ–લાઇટ

૧૦૪, ઘોડબંદર રોડ, સાન્તાક્રુઝ, મુંબઈ. ફોન નં. ૮૮૧૯૭

# હીંદુસ્તાન સ્નો

ચહેરાની સુંદરતા માટે
લવંડર ગ્લીસરીનટાઇન
વાળો માટે ઉત્તમ છે.

યુનીવર્સલ પરફ્યુમરી વર્કસ
પો. બો. ૩૭૩૦ ૯૫ હામ્બોલ્ડ સ્ટ્રીટ. મુંબઈ ૩ ગ્રામ.

નૂતન વર્ષાભિનંદન

શુભ તહેવારોમાં

સગાં, સ્નેહીઓ વિ. ને
ભેટ આપવા લાયક શુધ્ધ
ઘી અને મેવા મસાલાથી
બનાવેલી

◆ મીઠાઈઓ

હલવાઓ તથા પૌષ્ટીક
માવાની મીઠાઈઓ ખરીદ
કરવાનું ઠેકાણું એકજ
જાણીતું મથક

રમણીક સ્વીટ માર્ટ

ડો. ડી. સીલ્વા રોડ
દાદર બી. બી.

રાનડે રોડ, એક્સટેનશન
દાદર બી. બી.

અમારા માનવંતા
ગ્રાહકો-સ્નેહીઓ અને શુભેચ્છકોને

નૂતન વર્ષાભિનંદન

પુલીઓ




પુલીઓ

બનાવનાર: બ્રીજલાલ એન્ડ હરગોવીંદ
૨૫૩ ડંકન રોડ, મુંબઈ ૮
ફોન: ૪૦૧૧૯ ✿ તાર: "PULLEYS"

કહો જોઈએ, અનાજના એક કોળિયાની કિંમત કેટલી? તમે કહેશો કે એક કોળિયાની તે કાંઈ કિંમત કરવાની હોય! પણ એક કોળિયાની કિંમત તો છે એક માથું. વર્ષો પહેલાં આ સાચી બનેલી વાર્તાના લેખક છે શ્રી. દેવશંકર મહેતા. 'ધરતીનો પછેડો'–'વંદેમાતરમ્'ની ચાલુ વાર્તાના તેઓ લેખક છે.

# ધાનના એક કોળિયા કાજે

લેખક: શ્રી. દેવશંકર મહેતા

એક નાનકડું ગામડું હતું.

ગામ ફરતો ગઢ નહોતો; પણ કાંટાની વાડ ગામનું રક્ષણ કરતી.

ગામના પાદરમાં પીપળાનું પડછંદ ઝાડ હતું. એ ઝાડના છાયામાં શંકરની નાનકડી દેરી હતી. આ દેરી ભાંગી–તૂટી ગઈ હતી.

ધરતીના પટ પર સાંજનો શીળો છાંયો છવાયો હતો. સૂરજ દાદો આથમવા ઉતાવળો બન્યો હતો.

ગામની ગાયોનું ધણ પાછું વળ્યું હતું. ગાયો પોતાનાં નાનાં રૂપાળાં વાછરૂને મળવા વલખી રહી હતી.

ખેડૂતો વગડે ને વાડીયેથી ગાડાં જોડી ઘેર આવતા હતા. ખેડૂતોની સ્ત્રીઓ માથે સૂંડલા ને કાખમાં છોકરાં તેડી ઉતાવળે પગે ગામ ભણી આવતી હતી.

ગામના ઠાકર મંદિરની સંધ્યા આરતીની ઝાલરં રણઝણતી હતી.

❁

આવા વખતે બે ઘોડેસવારો ગામના પાદરમાં આવી ઊભા. ગામથી તેઓ અજાણ્યા લાગતા હતા. એમનું કોઈ સગું–સંબંધી આ ગામમાં હોય એમ દેખાતું નહોતું.

એમના ચહેરા પર ચિંતા છવાઈ હતી. એમનાં કપડાં પર ચડેલી ધૂળ પરથી જણાતું હતું કે આ બેય અસવારોએ લાંબી મજલ કાપી છે. એમના ઘોડાની ઓલાદ (જાત) ઉંચી હતી. એમના વેશ પરથી જણાતું હતું કે તેઓ રાજપૂત છે.

ગાડું હાંકીને વાડીએથી ઘરે આવતા એક રાજપૂત જેવા ખેડૂતે ગાડું ઊભું રાખી એ બે અસવારોમાંથી આધેડ ઉંમરના અસવારને પૂછ્યું: 'રામ બા રામ, ક્યાં રે'વાં?'

'રે'વું તો કચ્છમાં.'

'કેવા છો?'

'રાજપૂત છીએ.'

'આમ ક્યાં જાવું છે?'

'તકદીર લઈ જાય ત્યાં. ઘોડાં લઈ જાય ત્યાં.'

'એમ કેમ બોલો છો?'

'અમારો વખત જ એવો છે ભાઈ! કચ્છમાં ભયંકર દુકાળ પડ્યો છે. મેઘરાજાની મેહ થઈ નથી. આખો મુલક ઉજ્જડ બન્યો છે. ધાનની ધા પડી છે એટલે રોટલો રળવા નીકળ્યા છીએ.

'પણ રાતવાસો ક્યાં કરશો?'

'અમારે તો ઉંચે આભ ને નીચે ધરતી છે. મા ધરતી અમારૂં

'અનાજના એક કોળિયાનું મૂલ એક માથું ?' જુવાનથી સમજાયું નહિ એટલે ફરીથી એણે પોતાના બાપને પૂછ્યું.

'હા, દીકરા! અનાજના એક કોળિયાનું 'મૂલ એક માથું'. જેના ઘરે આપણે મહેમાન બન્યા છીએ એને વિપત પડે, વખત પડે તો આપણે આપણું માથું ઉતારી આલવું ઘટે...'

'હું...હવે સમજ્યો! એ વાત તો બરાબર છે. જેનું અનાજ ખાધું હોય એને વિપત પડે તો...'

પણ એ જુવાનનું બોલવું પૂરું થાય નહિ ત્યાં તો ગામમાં બહારવટીઆ ત્રાટક્યા. બંધૂકની ધાણી ફૂટી! હાજો બોકાસો ગામ આખામાં પડ્યો. લૂંટારા ગામને લૂટવા આવ્યા હતા.

બાપ ને દીકરાના ગળા હેઠો અનાજનો એક એક કોળિયો જ ઉતર્યો હતો. બીજો કોળિયો એમના હાથમાં જ હતો.

ધગધગતા ધાનના કોળિયા તાંસળીમાં પાછા મૂકી, અન્નદેવતાને પગે લાગી, બાપ-દીકરો બન્ને ઉભા થઇ ગયા. પાણીના કોગળા કરી, બાપ દીકરાએ પોતપોતાની તલવારો સંભાળી.

જેના ઘરે આ બન્ને ઉતર્યા હતા, એ રાજપૂત બોલ્યો: 'ગામ લુટાય છે, ધાડ પડી છે, ધાડપાડુઓ જોરાવર છે, ઝાઝા જણાં છે, અને તમે મારા મહેમાન છો. હું તમને મરવા નહિ દઉં. તમને કંઇક થાય, તમારા બેમાંથી એકાદ જણ મરાય તો...તો...મારું કૂળ લાજે. મારું સોદી લાજે...!' ઘરધણીએ ધાડપાડુ સાથે બાઝવા તૈયાર થતા એમ મહેમાનોને વિનવ્યા.

'જે ગામમાં અમે રાતવાસો રહ્યા હોઇએ, જે ગામનું અમે પાણી પીધું હોય, જે ધરતીનું ધાન અમારા ઉદરમાં ગયું હોય, એ ધરતીની આબરૂ લૂંટાતી હોય ત્યારે અમે બાપ-દીકરો મોં સંતાડી ઘરમાં બેસી રહીએ તો અમરું કૂળ લાજે. જે ધરતીનું ધાન અમે ખાધું છે એ ધરતીની લૂંટાતી આબરૂનું અમારા માથા સાટે પણ અમારે રક્ષણ કરવું જોઇએ.'

❖

વાદવિવાદ કરવાનો વખત ન્હોતો. લૂટારુઓ ત્રાટક્યા હતા બંધૂકની નાળે ને ભાલાની અણીએ લૂંટ ચાલતી હતી. ધાડપાડુનો મુખી ઉઘાડી તલવારે ગામના ઠાકરમંદિરના ચોગાનમાં આંટા મારતો હતો.

હડી કાઢતા બાપ-દીકરો લૂંટારાની ટોળી પર તળાપ્યા. જે હાથ પડ્યો, હડફેટે ચડ્યો એને પૂરો કર્યો...બાપે ને દીકરાએ એક ધાડપાડુને ઠાર કર્યો.

લૂંટ અટકી ગઇ લૂંટારા ચેત્યા. લૂંટારાના સરદારે હાકલ કરી: 'પહેલા એ બેયને પૂરા કરો. પછી ગામ લૂંટશું આપણી ટોળીના ત્રણ માથા સાટે એ બેયના બે માથા ઉતારવા જોઇએ!'

ને એકેએક લૂંટારાની બંધુકો બાપ-દીકરા પર નિશાન લાગી. એક સાથે બાર-બાર ગોળીઓ બાપ-દીકરાની છાતી વીંધવા વહેતી થઇ.

પણ આ શું?

બાપ ને દીકરો હજુ ય જીવતા છે. એ તો લાંબા થઇ ધરતી પર સૂઇ ગયા છે. લૂંટારાની બંધુકની ગોળીઓ એમના ઉપર થઇ વહી ગઇ હતી.

ને સાપની જેમ પેટ ભર ચાલતા બાપ-દીકરો લૂંટારા તરફ આવતા હતા. એમના મોંમાં પોતાની તલવારો હતી.

લૂંટારા ફરી બંધુક ફોડે, ભડાકા કરે એ પહેલા તો બન્ને જણ પહોંચી ગયા.

## સાદ કરે

મને દૂરના ડુંગર સાદ કરે,
ઘૂઘવતા સાગર યાદ કરે;
મને હરવા દો ને ફરવા દો,
મસ્તીને મોજે તરવા દો.

ઝરણું પુકારે કલકલ નાદે,
ઝુમે ઝાડવાં ઘેરા સાદે;
મને ભમવા દો ને ગમવા દો,
કુદરત ખોળે રમવા દો.

શીત તાપ મેહ મૂશળધાર,
ગર્જન ઘોર ને વીજ ઝમકાર;
એવી મુસીબતોમાં ધસવા દો,
મારી કાયાને જરી કસવા દો.

સદા ઝૂલું ઝાડવાની ડાળે,
ચમું જઈ સરવર પાળે;
મને વસવા દો ને હસવા દો,
મારી કાયાને જરી કસવા દો.

મન ભરી આભ નીરખવા દો,
હૈયાની વાતો લખવા દો;
જન્મ ઝંખના શમવા દો,
કુદરતને ખોળે રમવા દો.

વનફળ ભોજન કરવા દો,
વનકુંજોમાં વિહરવા દો;
વનચર સંગે વિચરવા દો,
મસ્તીને મોજે તરવા દો.

ગોવિંદ કવિ

પછી તો તલવારોની તાળિયું પડી. સામસામી તલવારો આટકી. બાટકતી તલવારોમાંથી આગના તણખા ઝરવા મંડ્યા.

એક તરફ પંદર લૂંટારા ને બીજી તરફ બાપ-દીકરો બે જ!

લૂંટારના સરદારે બાપ-દીકરાની બહાદુરી દેખી, તલવાર વાપરવાની એમની ચાલાકી ભાળી, હિંમતભરી એમની શૂરવીરતા જોઈ.

...ને એ પામી ગયો કે આ બાપ-દીકરો વધુ વખત જીવતા રહ્યા તો ટોળીના બીજા બે-પાંચ જણાનું કાટલું કાઢી નાખશે!

ને લૂંટારાના સરદારે ઇશારો કર્યો, એક સાથે બે બંધૂક બોલી, બે ગોળીઓ સણસણાટ કરતી આવી ને બાપ-દીકરાના છાતી વીંધાઈ ગઈ. બાપ-દીકરો બંને પડ્યા. લોહીના ખાબોચિયામાં બાપ-દીકરાના દેહ તરફડી રહ્યા.

જેના ઘરે એ જીવતાં હતા એ રાજપૂતને હવે શૂરાતન ચડ્યું. એણે ગામ આખું સાંભળે એમ ત્રાડ નાખી: 'અરેરે આપણા ગામની આબરૂ ખાતર બે પરદેશીઓ કપાઈ મૂઆ, ધાનના એક કોળિયા કાજે બે કચ્છીઓએ જીવ આપ્યા...ત્યારે આપણે શું ચૂડલા પહેર્યા છે? આપણે મરદ નથી? શું આપણે બાયલા છીએ? આ પરદેશીના મોત આપણાં મોંએ કાળી મેશ ચોપડી ગયા છે!'

❋

પછી તો પાવડા ને કોદાળી, સાંબેલા ને ધારિયાં, લાકડિયું ને ભાલા લઈ ગામલોક ઊમટી પડ્યાં. લૂંટારા ભાગ્યા; કારણ કે એમનું મોત ગામના સંપમાં છુપાયું હતું.



ગામની આબરૂ જાળવવા ખાતર ધાનના એક કોળિયા કાજે બાપ-દીકરાએ પોતાના જીવ કાઢી દીધા.

આ બાપ-દીકરાના બે પાળિયા આજે પણ ટીંબડી ગામના દેર મંદિરના મેદાનમાં ઊભા છે.

ને દર વર્ષે આ પાળિયાને સિંદૂર-છાપાં ચોડવા દેર કચ્છમાંથી કેટલાક રાજપૂતો આવે છે.

એ બંને પાળિયા પર લખ્યું છે: 'ધાનના એક કોળિયા કાજે.'

દર વરસે આ પાળિયાને સિંદૂર-છાપાં ચોડવા દેર કચ્છમાંથી કેટલાક રાજપૂતો આવે છે.

# કેટલીક માતાઓ આ નથી જાણતી !

જ્યારે તને બેચેની જણાય છે અથવા તારાં કપડાં તને અસહ્ય લાગે છે ત્યારે બધા લોકો તને ચીડાયેલો કેમ કહે છે ? આવા પ્રસંગે તને નવરાવ્યા પછી અથવા કપડાં બદલવામાં આવે ત્યારે પ્રત્યેક વખતે જોન્સન્સ બેબી પાઉડર છાંટવાની જરૂર છે. તેમ કરવાથી તને ઘણોજ આરામ મળશે. અત્યંત કોમળ શરીરો માટે જોન્સન્સ બેબી પાઉડર બનાવવામાં આવે છે એમ તારી માને કોઇ કેમ કહેતું નથી ? તેને કહેવામાં આવ્યું હોત તો મારી ખાત્રી છે કે તે તેને વાપર્યા વગર ન રહેત.






મા!

તમારું બાળક બેચેન બનવાને કારણે રડવા લાગે તે વખતે જોન્સન્સ બેબી પાઉડર જાદુ સરખું કામ આપશે ! આ પાઉડરમાં રહેલાં ખાસ દ્રવ્યો કોમળ શરીરો માટે ઘણાંજ સુખદ અને સૌમ્ય હોય છે— એ કારણેજ આટલી સંખ્યામાં માતાઓ (અને પિતાઓ) પોતાના માટે તે વાપરે છે. આજેજ એક ડબો ખરીદો—બાળક અને તમારા માટે પણ.

બાળક માટે ઉત્તમ — તમારા માટે પણ !

**Johnson's BABY POWDER**
Regd Trade Mark

**જોન્સન્સ બેબી પાઉડર**

મુખ્ય ડીસ્ટ્રીબ્યુટરો : આઇ સી આઇ (ઇન્ડીઆ) લીમીટેડ

યાદ રાખો!
હવે જોન્સન્સ "પ્રિકલી હીટ પાઉડર" અળાઇ સંપૂર્ણ નાબુદ કરે છે

## તરસનો માર્યો જ નાગ દૂધ પીએ છે!

# રૂપાળો પણ ભયંકર નાગ

લેખક: શ્રી. હિમાચલ

તમે નાગ જોયો છે? જોયો જ હશે. મદારીના ટોપલામાંથી ફેણ ચડાવીને ઊભો થતો અને તેની મોરલીના ડોલન પ્રમાણે ડોલતો નાગ કેવો રૂપાળો લાગે છે! અને છતાં તે કેવો ભયંકર છે! નાગ જેવા ભયંકર સાપ થોડા જ છે.

થોડાક મહિના પહેલાં મેં તમને રૂપાળા સાપની ઓળખાણ કરાવી હતી. ત્યારે મેં તમને કહ્યું હતું કે જુદીજુદી જાતના સાપ અને તેમની ખાસિયતો હું તમને ઓળખાવીશ. ગયા શ્રાવણ મહિનામાં નાગપંચમીને દિવસે તમે મદારી પાસે નાગ જોયા હશે. આ વખતે તેને ઓળખી લઈએ. તે ઓળખવા જેવો છે તેમ તેનાથી ચેતીને ચાલવા જેવો છે.

દુનિયામાં તો દસ જાતના નાગ થાય છે, પણ આપણે ત્યાં બે જ જાતના છે. નાગ અને રાજનાગ. એમાં નાગ બધે હોય છે. આપણા ઘરમાં, બગીચામાં, શેરીમાં, ખાડામાં, ગામડાંમાં, ખેતરમાં, જંગલમાં અને વેરાનમાં બધે તે વસે છે. રાજનાગ જંગલમાં જ હોય છે.

નાગને કેમ ઓળખશો? આકાર તો લગભગ બધા સાપના સરખા હોય છે અને કદમાં ઘણા સાપ સરખા હોય છે. એટલે માત્ર આકાર અને કદ ઉપરથી કોઈ નાગ ઓળખાય નહિ. ત્યારે રંગથી? ના. રંગથી સાપ ઓળખવાની રીત બરોબર નથી. કેટલીક વખત એ જોખમી પણ નીવડે. કારણ એક સરખા રંગના બે સાપ હોઈ શકે: તેમાં એક ઝેરી હોય અને બીજો ઝેર વિનાનો હોય.

ખાતરી રાખો કે પ્રાણી સંગ્રહસ્થાનમાં નાગ તમે જોયો હો તો હવે આ નાગ દેખાય છે તે રૂપાળા પણ ખૂબ ભયંકર હોય છે. એવા નાગ વિષેની અવનવી [illegible] વાતો આ લેખમાં તમે વાંચશો. લેખક શ્રી હિમાચલ કુદરતના [illegible] માં રહે છે અને [illegible] તેમની [illegible] અનુભવ [illegible]

સાપને ઓળખવાની રીત તો તેના શરીરનાં ભીંગડાંની ગોઠવણી ઉપર છે. પરંતુ એ કામ આપણું નથી. એટલે અત્યારે આપણે તેમાં ઊંડાં નહિ ઊતરીએ.

નાગને ઓળખવાની એક સહેલી રીત એ છે કે તે જ્યારે ગુસ્સે થાય, એમ કે કોપથી ઉશ્કેરાય છે ત્યારે તેની ડોક નીચેની માંસપેશીઓ પથરાઈને ચપટી થઈ જાય છે અને એ રીતે તેની ડોક નીચે ફેણ બની જાય છે. નાગ સિવાય કોઈ સાપ એવી ફેણ નથી બનાવી શકતો.

જ્યારે નાગ ફેણ ચડાવે છે ત્યારે તેની ઉપર ચશ્મા જેવો આકાર દેખાય છે. કોઈ નાગને બે ચશ્મા (એટલે ચશ્માના કાચ જેવા બે આકાર) હોય છે, કેટલાકને એક હોય છે, કેટલાકને એક પણ નહિ. કચ્છ અને સૌરાષ્ટ્રમાં આવા ચશ્માં વિનાના નાગ દેખાય છે.

રંગથી નાગને ન ઓળખી શકાય. કેટલા પ્રદેશમાં તે પીળા રંગનો હોય છે, [illegible] કાળી જમીનમાં તે કાળો હોય છે. ઘઉંલા રંગનો પણ હોય છે. પણ સામાન્ય રીતે [illegible] રંગ જેવો તેનો રંગ હોય છે.

જ્યારે નાગ મરી જાય છે ત્યારે તેની ફેણ [illegible] નથી [illegible] ફેણ [illegible] હોય



નાગનું બચ્ચું નાગ કરતાં વધારે ભયંકર હોય છે.

તો ચશ્માકૃતિ પણ નથી દેખાતી. એટલે જ્યારે નાગે ફેણ ચડાવી હોય ત્યારે જ તે તરત ઓળખાઈ આવે છે, અને જરા પણ તેને ખલેલ પહોંચે કે તરત ફેણ ચડાવે છે.

નાગ બહુ ભયંકર સાપ છે. તેનું ઝેર બહુ ઉગ્ર હોય છે નાગ કરડયા પછી તરત જ યોગ્ય ઉપાય કરવામાં ન આવે તો માણસ મરી જાય છે. તે ફૂંફાડો મારીને પણ ઝેર ઉડાડી શકે છે અને જો તે આપણી આંખમાં પડે તો બહુ દુઃખ ભોગવવું પડે સદ્‌ભાગ્યે આપણા નાગને ફૂંફાડો મારીને ઝેર ઉડાડવાની ટેવ બહુ નથી. પણ આફ્રિકાનો નાગ ઝેરની લાંબે સુધી પીચકારી મારે છે.

નાગ–નાગણી ભેગા જ રહે છે એ વાત સાચી નથી. નાગણી સૂકાં પાંદડાં કે ખાતરના ઢગલા નીચે બારથી બાવીસ ઇંડાં મૂકે છે. ઇંડાં પંખીનાં ઇંડાં જેવાં નથી હોતાં, પણ ચપટાં અને ચામડા જેવા પોચા કોચલાવાળા હોય છે.

ઇંડાં જમીનની ગરમીથી જ સેવાય છે અને તેમાંથી બચ્ચું નીકળતાં જ દોડવા માંડે છે તે આસરે ૭ થી દસ ઇંચ લાંબું હોય છે, પરંતુ તે એવું ભયંકર છે કે ઇંડાંમાંથી નીકળેલું તરતનું બચ્ચું પણ માણસને કરડે તો માણસ મરી જાય! એવડું બચ્ચું પણ ફેણ ચડાવી શકે છે.

❋

નાગ કરતાં નાગનું બચ્ચું વધારે ભયંકર હોય છે, કારણ કે તે હમેશાં કારણે–વગર કારણે હુમલો જ કરે છે. પુખ્તવયે પહોંચ્યા પછી જ તે જરા ઠરેલ સ્વભાવનો થાય છે. એટલે તો તમે મદારી પાસે કદી નાગનું બચ્ચું નહિ જુવો.

સાપને કાન નથી એ વાત તમે જાણો છો? ખાતરી કરવી હોય તો મરેલા સાપને તપાસજો. તેને કાનને ઠેકાણે છીંડાં પણ નથી. એટલે તે કાન વડે કંઈ સાંભળતા નથી કાન જ ન હોય તો ક્યાંથી સાંભળે?

તમે કહેશો કે તો પછી સાપ મોરલી કેમ સાંભળે છે? નાગ મોરલી ઉપર કેમ ડોલે છે? સવાલ તો તમે સારો કર્યો. નાગ મોરલી ઉપર નથી ડોલતો પણ મદારીના હાથ ઉપર ડોલે છે. તેને મદારીના હાથનો ભય લાગે છે એટલે જે બાજુ તેનો હાથ જાય છે તે બાજુ તેની ફેણ જાય છે.

મદારી વગડામાં જઇને મોરલી વગાડે એટલે સાપ તે સાંભળવા આવે અને મદારી તેને પકડી લે એવી એવી તમે ઘણી વાતો સાંભળી હશે. આ બધી વાતો ખોટી છે. જ્યાં સાપને કાન જ નથી ત્યાં મોરલી સાંભળવાની વાત ક્યાં રહી?

ત્યારે શું સાપ ખરેખર કંઈ સાંભળતા નથી? સાવ બહેરા છે? ના. એમ પણ નથી સાપને કાન નથી એટલે તે હવામાંથી કંઈ સાંભળી નથી શકતો, પણ જમીન મારફત સાંભળી શકે છે.

દાખલા તરીકે તમે જમીન પર ચાલતા હો તેનો ધબકારો જમીન મારફત તેને પહોંચે એટલે તે જાણી શકે.

ચોમાસાના ઘાસ વચ્ચે દેડકાં અને જીવડાં પકડવા માટે છુપાઈને ચાલ્યા જતા નાગ આવી રીતે પગના ધબકારાથી ભડકીને ઘાસની બહાર કૂદે, ફેણ ચડાવીને જોતા હોય એવા બનાવ મેં જોયા છે.

ઘરમાં સાપ નીકળ્યો હશે તો તમારા અવાજથી નહિ ભડકી જાય, પણ હાલવા ચાલવાના ધબકારાથી ભડકી જશે.

મોરલી સાંભળીને નાગ ડોલે છે તે વાત ખોટી છે એમ સાબિત કરવા એક અખતરો કરવામાં આવ્યો હતો. નાગની આંખો પર

એના રીત ચીકણી પટ્ટી ચોંટાડી દેવામાં આવી; જેથી તે કંઈ જોઈ શકે નહિ.

પછી મોરલી વગાડતાં સાપ ફેણ ચડાવીને ઊંચો ન થયો અને ડોલ્યો પણ નહિ! પછી ઘડિયાળનો ડબ્બો તેના માથા પાસે જોરથી વગાડવામાં આવ્યો, બ્યૂગલ વગાડવામાં આવ્યું છતાં તે જરાય ચમક્યો નથી.

તેનો અર્થ એ કે નાગ હવામાંથી કંઈ અવાજ સાંભળતો નથી. પણ જમીન ઉપર ખુરશી ખસેડતાં અને માણસ ચાલતાં જે અવાજ થયો તે ધરતી મારફત તેને પહોંચી ગયો અને તે તરત ફેણ ચડાવીને ઊભો થઈ ગયો.

મદારીઓ નાગ જેવા ભયંકર સાપ સાથે કેવી રીતે કામ લે છે? મદારીને સાપ કરડતો નથી? આ પણ જાણવા જેવી વાત છે. ઝેરી સાપના મોંમાં ઉપર બે ઝેરી દાંત હોય છે તે તો તમે હવે જાણો છો ને? તાળવામાં ઝેરની કોથળી હોય છે. જ્યારે સાપ કરડે છે ત્યારે આ કોથળી દબાય છે અને પેલા દાંત મારફત તે ઝેર તેના શિકારના શરીરમાં પેસી જાય છે.

હવે જો ચપ્પુ લઈને આ દાંત કાપી નાખવામાં આવે અથવા તાળવું ચીરીને ઝેરની કોથળી કાઢી લેવામાં આવે તો પછી સાપ ઝેરી મટી જાય છે. માત્ર દાંત કાઢી લેવામાં આવે તો બીજા દાંત પણ ફૂટે છે. મદારીઓ આવા નિર્દોષ બનેલા સાપને પાળે છે.

કોઈક જ મદારી ઝેરવાળા સાપને પાળે છે. તેમાં જોખમ તો છે, પણ આપણે માનીએ છીએ તેટલું નહિ. સાપ એક વાર મદારીને હળી ગયો હોય એટલે પછી તે કરડતો નથી. તેનો ભડક ઊડી જાય છે.

ઝેરી સાપને પણ હાથમાં ઝડપી લેવામાં મદારીઓ કુશળ હોય છે. તેઓ એક હાથ વડે સાપનું ધ્યાન એક બાજુ જકડી રાખે છે અને બીજા હાથ વડે તેની ગરદન પકડી લે છે. એમાં ચપળતા અને હિંમત જોઈએ. બાકી છે તો મોત સાથે રમત.

મેં તમને કહ્યું છે ને, કે સાપને ચાવવાના કે કાપવાના દાંત નથી, એટલે તે શિકારને આખેઆખો ગળી જાય છે. એટલે તે સ્વાદ તો પારખી શકતો જ નથી. તેનો ખોરાક ઉંદર, તીડ, દેડકાં, નાના સાપ, નાનાં પંખી, વગેરે છે. શિકારને તે પકડીને ગળી જાય છે.

❁

તે પાણી પણ પીએ છે, પણ આપણે ત્યાં એવી માન્યતા છે કે સાપ દૂધ પીએ છે તે વાત સાવ ખોટી છે. તરસના માર્યા કોઈ સાપે દૂધ પીધું હોય તો એ કંઈ તેનું પીણું નથી થઈ જતું. મદારીઓ નાગને દૂધ પાવાના બહાને પૈસા ઉતરાવે છે અને લોકો તેમનાથી છેતરાય છે.

નાગના ફૂંફાડા તમે સાંભળ્યા છે? એ આમ તો શાન્ત અને બીકણ છે. પણ ક્રોધે ભરાય ત્યારે સામો થઈ જાય છે અને ફૂંફાડા પણ મારે છે. ફેફસાંમાં હવા જોરથી ભરવાથી અને ખાલી કરવાથી આ ફૂંફાડાનો અવાજ થાય છે.

તમે સાપની જીભ તો જોઈ છે ને? તે ફાંટાવાળી હોય છે, એટલે કે તેના બે ફાંકા હોય છે અને તે વારંવાર મોંમાંથી બહાર લબકારા મારતી જ હોય છે. જીભ વડે તે પારખે છે, માટે સાપ વારંવાર જીભ બહાર કાઢ્યા જ કરે છે.

એક નાગના મોંમાં પંદર માણસને મારી નાખી શકાય તેટલું ઝેર હોય છે. નાગ કરડે ત્યારે દેવતથી દાઝી ગયા હોઈએ એવી બળતરા થાય છે. પછી સોજો ચડે છે.

કોઈપણ સાપનું ઝેર મંત્રથી નથી ઊતરતું. મંત્રથી સાપનું ઝેર ઊતરે એવી ખોટી માન્યતા આપણે ત્યાં છે અને તેમાં ઘણા માણસો મરી જાય છે. કોઈ દવા પણ સાપનું ઝેર ઉતારે એવી નથી મળી.

સાપના ઝેરમાંથી બનાવવામાં આવતાં ઇન્જેક્શન જ સાપનું ઝેર ઉતારી શકે અને તે પણ તરત જ આપવું જોઈએ. કોઈને સાપ કરડ્યો હોય તો તરત જ એ ભાગ કાપી તેમાંથી લોહી બહાર વહેતું કરવું જોઈએ કે જેથી તેમાંથી ઝેર બહાર નીકળે.

એ ભાગની ઉપર જોરથી દોરી બાંધી દેવી જોઈએ કે જેથી ઝેરવાળું લોહી શરીરમાં ફેલાતું અટકે. અને દર્દીને તરત જ દાક્તરી સારવાર આપવી જોઈએ. જો તેને તરત જ યોગ્ય સારવાર અને ઇલાજ ન મળે તો તે રિબાઈ રિબાઈને મરી જાય છે.

નાગ સાધારણ રીતે દિવસે ફરે છે. ધોળે દિવસે મેં તેને રાજમાર્ગ ઓળંગતાં જોયો છે. પણ ઉનાળામાં તે રાત્રે નીકળે છે.

દેખાવમાં નાગ રૂપાળો હોવા છતાં એ કેટલો ભયંકર છે!

## તંદુરસ્તી તરબતર રાખવા,

આહારધામ અનુકૂળ હોવું જોઇએ
ઘર જેવો જ સાત્વિક ખોરાક
આપતું આજનું એક જ સ્થાન

જ્યાં
* વિનયી સ્ટાફ * માયાળુ વર્તન
* સ્વચ્છતા * પૌષ્ટિક ખોરાક
અને ઉત્તમ હવાપાણી સહુને આકર્ષણરૂપ બનેલ છે.

**દિવાળીની શુભેચ્છા**

અમારા ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો સહુને દિવાળીની શુભેચ્છા તથા નવા વરસના અભિનંદનો

# શ્રી રામેશ્વર હિન્દુ લૉજ

રહેવા તથા જમવાનું સંતોષભર્યું સ્થળ:
*વિલ્સન હાઇસ્કૂલની સામે, ખેતવાડી મેનરોડ, મુંબઇ, ૪. તાર:* AROGYA

---

# બહેરાપણું તેમજ કાનનાં તમામ દર્દો અને પેટનાં દર્દો

ગેસ, છાતીની બળતરા, અજીર્ણ, ખાટા ઓડકાર આવવા વિ. જડમૂળથી મટાડવા ઉપરાંત પરમો, ગોનોરીયા, ચાંદી, સીફીલીસ તેમજ બીજા કોઇ પણ રોગની મફત સલાહ માટે. લખો અથવા

**મળો:-તુલસી મેડીકલ સ્ટોર્સ;**

ભૂલેશ્વર, ત્રીજો ભોઇવાડો, મહારાજની હવેલી, મુંબઇ ૨. (મુલાકાત ખાનગી)

---

**હોમ્સનું ડી.ડી.ટી. હેર લોશન**

**જુ લીખ તથા ખોડો સદાનો નાબુદ કરે છે**

# ભટ્ટ પ્રેમાનંદ કહે કથા

લેખક શ્રી. મધુકર રાંદેરિયા

**એ**ના નામથી કોણ અજાણ્યું છે? જૂની કવિતા વાંચીએ છીએ તેમાં નરસિંહ, મીરાં, અખો જેમ તુરત મોંએ ચઢી જાય છે, તેમજ એનું નામ પણ તુરત સાંભરી આવે છે.

## એને ઓળખો છો?

એ સરસ કવિતા લખી જાણે છે; વળી ગાગર બજાવી પણ જાણે છે; રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો વગેરે એણે વાંચ્યાં છે, ને વાંચ્યાં છે એટલું જ નહીં, પણ એમાંની રસ ઉપજાવે એવી વાતોને એણે પોતાની રીતે, પોતાની ભાષામાં, લોકોને રસ પડે, સાંભળવું ગમે એ રીતે રજૂ કરી છે. નાની મોટી સત્તાવીસ કૃતિઓ એણે જ રચી છે એમ હવે નક્કી કહી શકાય એ સત્તાવીસમાં આ નામ તો કોણે નહીં સાંભળ્યાં હોય?—

અભિમન્યુ આખ્યાન, ઓખાહરણ, મામેરું, નળાખ્યાન, દશમસ્કંધ, રણયજ્ઞ, શ્રાધ્ધ, સુદામાચરિત, હૂંડી ને નરસિંહના પુત્રનો વિવાહ.

ઓળખ્યો એને! એ છે પ્રેમાનંદ ભટ્ટ કે વિપ્ર પ્રેમાનંદ. કોણ જાણે કેમ, પણ આવાં સરસ કાવ્યો રચનારો એ, પોતાને 'કવિ' કહેવડાવતોજ નથી!

> ગુજરાતી ભાષા પ્રત્યે અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અભિરુચિ જાગ્રત કરવાના હેતુથી, ઘરદીવડા જેવા આ નોંધપાત્ર લેખ સાથે આપણા પ્રાચીન કવિઓનો પરિચય આપવાનો આરંભ કર્યો છે. આ લેખમાળામાં મહાકવિ પ્રેમાનંદનો પરિચય તમે આ અંકમાં વાંચશો. તેના લેખક અધ્યાપક, અદાકાર, કવિ અને પત્રકાર છે.

## આખ્યાનનો રચનાર

પ્રેમાનંદ જ્ઞાતિએ નાગર ચોવીસા બ્રાહ્મણ હતો. એના પિતાનું નામ કૃષ્ણરાય. એ વડોદરાનો વતની, પણ ધંધો એણે અપનાવેલો આખ્યાન રચનાર અને ગાનારનો એટલે વડોદરા મૂકી, એ સુરત અને નંદરબાર પણ જતો. એની ગાવાની રીત સૌને ગમી જાય એવી તો હતીજ: લોકોને કેમ રાજી કરવા એની આવડત એનામાં હતી એ વાત તો એનાં આખ્યાનો વાંચીએ છીએ કે તુરત સમજાઈ જાય છે. એમાં એનું વસ્તુ કેવું, એનાં પાત્રો કેવાં, એનાં વર્ણનો કેવાં, એની રસજમાવટ કેવી, એની ભાષા કેવી, એનું 'ગુજરાતીપણું' કેવું! એ માટે જ એની કવિતા વિષે લખનારાઓ કહે છે ને કે રસની બાબતમાં એના પેંગડામાં પગ ઘાલનારો બીજો કોઈ કવિ થયો નથી!

## જન્મ

એની જન્મતારીખ વિષે જાતજાતના તુક્કા રજૂ કરાય છે, પણ એ બધા પરથી આપણે એટલું કહી શકીએ કે સં. ૧૭૦૫ થી ૧૭૭૦ એટલે ઇ. સ. ૧૬૪૯ થી ઇ. સ. ૧૭૧૪ સુધી એનો જીવનકાળ ગણવામાં વાંધો નથી.




## દંતકથાઓ

એને વિષે કેવી જાતજાતની દંતકથાઓ, વાયકાઓ, કલ્પનાઓ વહેતી થઈ ગઈ છે! કોઈ કહે છે એનાં માબાપ નાનપણમાં મૃત્યુ પામ્યાં હતાં એટ

પંદર વષની ઉંમર સુધી એ તદ્દન જડ જેવો હતો, પછી કોઇ સાધુએ એને આશીર્વાદ આપ્યો ને એ કવિતા લખવા મંડયો. સાધુ પાસે એ વહેલો ગયો હોત તો એ સંસ્કૃતમાં લખી શકવાની શકિત મેળવત, પણ મોડો પડયો એટલે ગુજરાતીનો કવિ થયો.

કહે છે કે રામચરણ નામે એને ગુરૂ હતા. એમણે એને સંસ્કૃતને બદલે ગુજરાતીમાં લખવાનું કહ્યું હતું. એને માટે બીજી એક બહુ જાણીતી વાત એવી છે કે ગુજરાતી ભાષાની કોઇ કિંમત જ કરતું નહીં, એટલે એને બહુ દુઃખ થતું. એણે એકવાર નિશ્ચય કર્યો કે જ્યાં સુધી, બીજી ભાષાઓની સરખામણીમાં ગુજરાતી ભાષા ઊભી રહી ન શકે ત્યાં સુધી હું માથે પાઘડી નહીં પહેરૂં! આવી બધી કથાઓ પ્રેમાનંદના કહેવાતા પુત્ર વલ્લભનાં આખ્યાનોમાં મળી આવે છે, પણ મઝાની વાત તો એ છે કે પ્રેમાનંદને એવો કોઇ વલ્લભ નામનો પુત્ર હતો જ નહીં!!

પ્રેમાનંદને સંસ્કૃતમાં કથાઓ કહેતા પુરાણીઓ સાથે ઝઘડો થયેલો એમ વાત ચાલે છે, તે પણ આવી જ ખોટી છે. આ સાથે પ્રેમાનંદને લગભગ સો શિષ્ય શિષ્યાઓ હતી એવી વાત પણ ચાલતી આવે છે; ને વળી તેમાં એવું પણ કહેવામાં આવે છે કે એમાં જે મુખ્ય હતાં તેમને તેમની શકિત પ્રમાણે પ્રેમાનંદે કંઇ કંઇ લખવાનું સોંપ્યું હતું.

એના શિષ્યોમાં વલ્લભ, વીરજી, રત્નેશ્વર, સુંદર, હરિદાસ, દ્વારકાદાસ વગેરે કવિઓ હતા—એ વાત પણ ઉપલી વાત જેવી જ બનાવટી છે. અને પ્રેમાનંદને લગતી બીજી મોટી બનાવટ તો એ છે કે એણે ન લખી હોય એવી કેટલી યે કવિતા અને ત્રણ નાટકો એને નામે ચડાવી દેવામાં આવ્યાં છે. આ બધી કલ્પનાથી ઉપજાવેલી વાતોમાં કેમ વિશ્વાસ મૂકી શકાય?

પણ લોકોનું તો એવું કે કોઇને તે હોય તે કરતાં મોટો બનાવી દેવા માટે એની આસપાસ આવી બધી દંતકથાઓ એટલે અરધી સાચી, અરધી ખોટી વાતો ગોઠવી કાઢે. બાકી હા, એક વાત સાચી કે પ્રેમાનંદે ખૂબ લખ્યું છે; ને લખ્યું છે તેમાં કેટલુંક ઘણું સરસ છે.

## આ કંઇ ભૂલાય?

આ લોને એનું 'સુદામાચરિત' કેવું દરિદ્ર છે બિચારા સુદામાનું ઘર; કેવી છે એની પત્ની ને કેવાં છે છોકરાં. ઘરમાં ખાવાનું યે નથી. એટલે સુદામા જાય છે દ્વારકા, શ્રીકૃષ્ણ પાસે. ત્યાં બે વચ્ચેની દોસ્તીનુ વર્ણન, કૃષ્ણ, સુદામાની ખબરઅંતર પૂછે છે: 'ભાભી અમારાં વઢકણાં, તે શું લોહીડું શોષે?' એમ કહીને સુદામાની તબિયત પૂછે છે તેનું વર્ણન, સુદામા તાંદુલ સંતાડે છે ને કૃષ્ણ એની પોટલી પરાણે ખેંચે છે તે વર્ણન, વિદાય થતી વેળા સુદામાની લાલચનું વર્ણન, પોતાને ગામ પાછા ફર્યા પછી પોતાની પત્નીને ન ઓળખી શકતાં અને પારકાની પત્નીને અડકી જવાના ભયથી મૂંઝાતા ઋષિનું વર્ણન—આ બધું 'સુદામાચરિત'માં પહેલેથી છેલ્લે સુધી આપણને હસાવ્યા જ કરે છે.

આવું જ નરસિંહ મહેતાના 'મામેરૂ'માં ગરીબ બિચારો નરસિંહ એની પુત્રી કુંવરબાઇનું મામેરૂં કયાંથી પૂરવાનો હતો? એ તો:

'જૂની વેલ્ય ને ધંસરી વાંકી,
સાંગી મોટા ભાગીજી,
કોના તળાપા ને કોની પિંજણિયો,
બળદ આણ્યા બે માગીજી;
(ને) મહેતાજી મામેરે ચાલ્યા,
સમર્યા શ્રી જગદીશજી.'

આમ નીકળ્યા મહેતાજી તો....ને પછી દીકરીને સાસરે પહોંચે છે. ઊના ખાતે, ત્યાં નાગરાણીઓ મહેતાની કેવી મશ્કરી ઉડાવે છે! કહે છે :

છાબમાં તુલસીદાસ મૂકશે,
ઊભો રહીને શંખ ફૂંકશે,
વેરાગી હરિના ગુણ ગાશે,
એટલે મોસાળું પૂરું થાશે.'

પણ નરસિંહ તો વૈષ્ણવ છે, હરિનો ભક્ત છે. એણે તો બધું 'સોંપી દીધું' છે વૈકુંઠપતિને—ચૌદ લોકના મહારાજને.

મહાકવિ પ્રેમાનંદ

ને ખરેખર જ્યારે શંખ ફૂંકીને નરસિંહે શ્રીહરિને સંભાર્યા ત્યારે ઉઘડકી ઊઠિયો વેગે વૈકુંઠપતિ'ને 'ઝીણા જામા ને પટકા ભારે' સાથે. મામેરામાં પૂરવા માટે જે જોઈએ તેનાં ગાંસડા પોટલાં બાંધી, લક્ષ્મીજીને કમળા શેઠાણી વાણિયણ બનાવીને એ આવી પહોંચ્યો! નાગરી-નાત તો મોંમાં આંગળાં જ કરડી ગઈ. અહીં પણ પ્રેમાનંદ કેવો ખૂબીપૂર્વક ઘડીકમાં શાંત રીતે તો ઘડીકમાં ખડખડાટ હસાવે છે, ને કેવો જગતના લોકોને જેઓ ભક્તોની આવી ક્રૂર મશ્કરી કરે છે તેમને ટાઢા ડામ દે છે!

સાથે સાથે એનું 'નળાખ્યાન' કે 'એનું 'રણયજ્ઞ' જોઈએ તો તેમાંય એ જાતજાતના રસથી જમાવટ કરતો જાય છે. નળાખ્યાનમાં તો શૃંગાર છે, હાસ્ય છે, શાંત છે. અદ્ભુત છે, કરૂણ છે—બધા જ રસો છે એમાં અયોધ્યાના સૂર્યવંશી રાજા ઋતુપર્ણની એ કેવી મશ્કરી કરે છે. બાહુકની કેવી મજાક ઊડાવે છે! 'રણયજ્ઞ'માં પણ રાવણ, મંદોદરી, વિભીષણ ને કુંભકર્ણને એ કેવાં બનાવીને આપણી સામે મૂકે છે. કુંભકર્ણનું વર્ણન કરે છે ત્યારે હસાવી હસાવીને સાંભળનારનું પેટ દુઃખાવી દેતો હશે.

એની ખૂબી તો એ છે કે એ ધારે ત્યારે રડાવે, ધારે ત્યારે હસાવે તે ધારે ત્યારે શાંત રસના ઘરમાં લઈ જઈને આપણને બેસાડી દે. એક રસમાંથી બીજા રસમાં ઊતરી પડતાં પણ એને વાર ન લાગે—ને તે પણ કરે એવી ખૂબીથી કે આપણને રસમાં ક્યાંય વાંધો ન આવે! એવી જ એની ખૂબી એનાં પાત્રો માટે છે.

એ છે ગુજરાતનો; ને ગુજરાતના જીવનને તથા ગુજરાતીઓને અને ગુજરાતી સમાજને બરાબર જાણે છે. આખ્યાનો એ ગાય છે ગુજરાતીઓ સામે બેસીને, એટલે એટલું તો એ જુએ જ ને કે એ ગુજરાતીઓને ખૂબ મજા પડે એવું બધું આપવું! માટે એ પોતાનાં રામાયણ, મહાભારત તથા ભાગવત અને પુરાણમાંનાં પાત્રોને પણ જાણે તે પોતાના જમાનાના ગુજરાતનાં પાત્રો હોય તે રીતે જ રજૂ કરે છે. લોકોને એમાં રસ પડે છે. દેવદેવીઓ અને એ રાજાઓ અને એ ભક્તો બધાં જ ગુજરાતી બનીને આવે છે! આપણા જૂના કવિઓમાં સૌથી વધુ ગુજરાતી કવિ કોઈ હોય તો તે પ્રેમાનન્દ.

આવો છે પ્રેમાનન્દ.

લોકોના મનને ખુશ કરવા ને પોતાનું ગાડું ગબડાવવા માટે એ આખ્યાનો રચે છે; અને ખરેખર લોકો એ આખ્યાનો આજેય હોંસેહોંસે સાંભળે છે, વાંચે છે. અને અઢીસો વર્ષ પર થઈ ગયેલા આ મોટા કવિને શ્રદ્ધાપૂર્વક, માનપૂર્વક યાદ કરે છે!

# વરલકર

(વ ર લ ક ર)

★ નકલી માલથી સાવધ રહો.

★ ખરી પડતા વાળ અટકાવે છે.

★ વાળ વધારે છે.

★ મગજને ઠંડક આપે છે.

★ આંખોનું તેજ વધારે છે.

રજિસ્ટર્ડ

ન. ૬૫૬

## બ્રાહ્મી તેલ

જે. કે. વરલકર

જુની હનુમાન ગલી, મુંબઇ-૨

વર્ષોથી વપરાય છે.

બધે મળે છે.

---

શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસીની ઉત્તમ બનાવટો

## અર્ષમસાનો

ચમત્કારીક ઇલાજ

## અર્ષદ પીલ્સ

તથા

## અર્ષોલ મલમ

દુઃખતા તેમજ દુઝતા અર્ષમસાને વિજળીક ઝડપે દુર કરી શરીરને નિરોગી બનાવે છે કીં. રૂ. ૫-૦-૦

## ગેસ

પેટના દુઃખાવો, મરડો, અજીર્ણ, ઉલ્ટી, શરદી, કબજિયાત, મોઢાની ચીકાશ તથા રીકાશ વ. દર્દો માટે

સર્વશ્રેષ્ઠ ઔષધિ

## ક્ષુધાચૂર્ણ

નો આજેજ ઉપયોગ કરો.

**શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસી** કૃષ્ણ સીનેમા પાસે, રીલીફ રોડ, અમદાવાદ.

મુંબઇના સ્ટોકીસ્ટો :- એમ. મોતીલાલ મસાલાવાળા ભૂલેશ્વર, તારદેવ, ગ્રાંટરોડ. મણીલાલ હરજીવનદાસ સોપારીવાળા, દાદીશેઠ અગીઆરી લેન, જી. ટી. સ્કુલ સામે. નાગપુર સીટીમાં, રતીલાલ બ્રધર્સ, ન્યુ ઇતવારી રોડ, નાગપુર.

# રાય અને રંક

લેખક:
શ્રી. પુષ્કર ચંદરવાકર

એક જંગલ હતું. તેમાં પુષ્કળ વૃક્ષો જાતજાતનાં, ભાતભાતનાં. આંબો, આંબલી, કેળ, જાંબુ, રાયણ, સાગ, સીસમ, બોરડી, વૃક્ષોનો પાર નહીં. સૌ એકબીજામાં અવળબવળ ગુંચવાયેલાં. આથી જંગલમાં ઝાડી ખૂબ. એવી ઝાડી, કે તેમાં પ્રાણીઓનો ને પશુઓનો પાર નહીં. હરણ અને સસલાં તો ગણ્યાં ગણાય નહીં. બીજાં પશુઓ પણ ઘણાં. પશુઓ પણ જાતજાતનાં રંગરંગના.

આ બધા પશુઓમાંથી આ જંગલનો રાજા એક હાથી. એ હાથીએ બધાય જંગલી પશુઓને ગેહાત કરેલા. બધા પશુઓ તેનાથી બીએ. હાથીનો પશુઓ પર દાબ પણ ખૂબ. તેની સામે કોઇ ન બોલી શકે, ન કોઇ માથું ઊંચકી શકે. હાથી હાથણી સાથે જંગલમાં રહે. આખો દિવસ તે જંગલમાં ચારો કરે. સાંજ પડયે, સૂરજ નમ્યે, જંગલમાંથી ખળખળ વહેતી નદીકાંઠે હાથણી સાથે તે સહેલ કરવા જાય. નદીકાંઠે જવા આવવાનો તેનો માર્ગ એક.

આ માર્ગમાં મંકોડાનું મોટું નગર આવે. સાંજ પડયે આ નગરમાંથી સૌ મંકોડા ચારો કરવા ઠંડા પહોરે નીકળે. તાપમાં તો તેમનાથી નગર બહાર નીકળાય નહીં. આ સૌ મંકોડા હાથીથી ચેતીને ચાલે કે રખેને હાથીના પગ નીચે કચરાઇ જાય! પણ તેમ છતાંય દરરોજ સાંજે હાથી કે હાથણીના પગ તળે સો બસો મંકોડા કચરાઇ જાય, દબાઇ જાય. અને દરરોજ રાતે નગરમાં રોકકળ થાય. આમાં કોઇનો ભાઇ મરી ગયો હોય, કોઇનો બાપ, કોઇનો પતિ તો કોઇનો પુત્ર.

આ તો તેમનું દરરોજનું દુઃખ થયું. દરરોજ રાત્રે મંકોડાના નગરમાં સ્મશાનજેવો દેખાવ થાય. આથી આ નગરના બધાય આગેવાનો એક સવારે ભેગા થયા, અને તેમના નગરપાલકને વાત કહી 'હે ભાઇ! આ દુઃખ આપણે કોને કહેવું? દર સાંજે આપણામાંથી સો બસો જીવ અકારણ મૃત્યુ પામે છે.'

નગરપાલક કહે: 'એ વાત તો સાચી, પણ એનો માર્ગ શો?' કોઇ બોલ્યું, 'આપણે સૌ આ નગર છોડી ચાલ્યા જઇએ.' બીજો બોલ્યો, 'પણ બીજે જઇએ ત્યાં બીજું દુઃખ નહીં જન્મે તેની ખાતરી શી?'

સૌ વિમાસણમાં પડી ગયા. ઘડીભર કોઇ કશુંય ન બોલ્યું. શાંતિ.

છેવટે કોઇ બોલ્યું, 'ચાલો ત્યારે. ઊભા થઇએ. કરમમાં માંડયું હશે ત્યાંસુધી દુઃખ સહન કરીએ.'

ત્યાં કોઇ બોલ્યું, 'આપણા નગરપાલક હાથીને અરજ કરે કે નદીકાંઠે જવાનો તેમનો રસ્તો જરાક ફેરમાં લે તો આપણે સૌ બચી જઇએ. અને કહેવું કે અમે તમારો જિંદગીભર આભાર માનીશું અને તમારા સૌથી વફાદાર પ્રજાજન બની રહીશું.'

શિકારીની જાળમાં સપડાયેલા વનરાજને એક વાર નાના સરખા એક ઉંદરે છોડાવ્યો હતો. એ વાત તો તમે સૌએ વાંચી હશે. દુનિયામાં કે સમાજમાં એકબીજાની સહાય વિના કોઇને ચાલતું નથી. મોટાને નાનાનું કામ પડે છે અને નાનને મોટાનું કામ પડે છે. આ વાર્તામાં પણ તમે જોશો કે હાથી જેવા પ્રાણીને મંકોડાની મદદ ઉપયોગી નીવડે છે. આ વાર્તાના લેખક અધ્યાપક છે અને સંશોધક છે. પડાર ઠોકના વાર્તાકાર યોગા પાસેથી સાંભળેલી આ વાર્તા પહેલવહેલી તેમણે તમારે માટે લખી મોકલી છે.



મરેલા કાંચીડાને મંકોડાનું સૈન્ય બહાર લાવ્યું કે તરત જ હાથણી બેઠી થઇ

ત્યાં હાજર હતા, તેમાંથી ઘણાયને આ વિચાર ગમ્યો. નગરપાલક મનમાં મૂંઝાતા હતા, કે હાથીને કેમ કહેવાય, પણ છેવટે નક્કી થયું કે આજ સાંજે નગરપાલકે હાથીને અરજ કરવી કે તેઓ તેમનો જરાતરા રસ્તો ફેરવે, તો તેમનો મહા પાડ.

સાંજ થવા આવી. નગરપાલક નગરના ઝાંપે આવી ઊભો. હાથી હાથણી સાથે મલપતો મલપતો આવી રહ્યો છે, ત્યારે મંકોડાના નગરપાલકે કંપતા અવાજે વિનંતિ કરતા કહ્યું, 'હે રાજાધિરાજ!'

પ્રથમ તો હાથીએ જાણે આ સાંભળ્યું નથી, તેવો અભિનય કર્યો. નગરપાલકે ફરીથી કહ્યું, 'રાજાધિરાજ!'

હાથીની પાછળ ચાલી આવતી હાથણીએ મંકોડાની આ વિનંતિ સાંભળી. હાથણીએ હાથીને ઊભા રાખવા માટે ચીસ પાડી, ત્યારે હાથીએ પાછળ જોયું, અને નગરપાલક પર ચીડાઈને, જરા આંખ ફાડીને તે બોલ્યો, 'શું છે?'

હાથણી બોલી, 'નાથ, આની વિનંતિ સાંભળો.'

હાથી બોલ્યો, 'નદી કિનારે જવાનું મોડું થાય છે.' તે જરા ચાલવા લાગ્યો.

હાથણી બોલી, 'નાથ, પ્રજાનાં સુખદુઃખ સાંભળવા તે દરેકેદરેક રાજાનો ધર્મ છે.'

હાથી કચવાતા મને થંભ્યો અને મંકોડા તરફ નજર નાખી બોલ્યો, 'શું છે તારે!'

મંકોડો આર્દ્ર અવાજે બોલ્યો, 'મહારાજાધિરાજ, અમારે ત્યાં દરરોજ રાત્રે સો યુવતીઓ અકારણે વિધવા થાય છે.'

'સો યુવતીઓ?' હાથણી આશ્ચર્ય પામી.

'હા જી!' બોલી મંકોડાએ હાથણી તરફ માથું નમાવ્યું, અને તે બોલ્યો, 'અમારા દુઃખનો પાર નથી.'

'નાથ, તેમનું દુઃખ ગમે તે ભોગે તમે દૂર કરો. આ દુઃખ કદીય ન સહન થાય.'

આ સાંભળી હાથી બોલ્યો, 'એવો કોણ દુષ્ટ છે જે તમને આવાં દુઃખ આપે છે?'

મંકોડો મુંઝાવા લાગ્યો કે હવે મારે શું કહેવું? તે વિચાર કરી બોલ્યો, 'મહારાજાધિરાજ, આપ નદીકિનારે જવાનો રસ્તો જરા બદલો તો આપનો મહા પાડ.'

હાથી આથી મનમાં કચવાયો, પણ તરત જ હાથણી બોલી, 'અમારા લીધે તમે દુઃખી હતા?'

મંકોડાએ જો કે કાંઇ જવાબ ન આપ્યો, પણ તે જ દિવસથી તેમણે તેમનો રસ્તો બદલ્યો.

આથી મંકોડાના નગરપતિએ હાથીને વળી નદીકાંઠે આવી કહ્યું. "મહારાજાધિરાજ! આ નમ્ર સેવકની સેવાની જે સમયે જરૂર પડે ત્યારે હુકમ આપજો. હું આપની સેવામાં ખડા પગે હાજર રહીશ."

આ સાંભળી મદોન્મત્ત હાથી આને મગતરો માની ખડખડાટ હસ્યો અને આ નગરપાલને મૂર્ખ માનવા લાગ્યો.

નગરપાલક તરત જ ત્યાંથી ચાલી નીકળ્યો.

આકાશમાં વાદળ ઉતરે છે. જંગલ વાદળાંએ છવાયેલું છે. ટોલકાંચીડાઓ નવા નવા રંગ ધરીને વૃક્ષો પર, વેલા પર, છોડવાં પર આમતેમ રમ્યા કરે છે, ખેલ્યા કરે છે, કૂદ્યા કરે છે. તેઓ સૌ એલમા છે. તેઓ માર્ગ નથી જોતા, વાટ નથી જોતા. તેઓ તેમની મસ્તીમાં ગુલતાન કરે છે.

આવા દિવસોમાં એક સાંજે હાથી અને હાથણી બેઉ સાથે નદીકિનારે જવા નીકળ્યા. મંકોડાના નગર પાસેથી તેઓ નીકળ્યા, ત્યાં એક રંગબેરંગી કાંચીડો હાથણીના ડીલ પર ચડી ગયો. હાથણીના ડીલ પર આમતેમ ઘૂમવા લાગ્યો. અને તેમાં તે હાથણીની સૂંઢમાં પેઠો.

સૂંઢમાં થઇ તે હાથણીના ગંડસ્થળ—માથાના અંદરના ભાગમાં પહોંચી ગયો. અને ગંડસ્થળમાંના મીઠા મીઠા માંસને નિરાંતે તે ખાવા લાગ્યો. હાથણીને તો પારાવાર વેદના થઇ. આ વેદનાથી તે આકુળવ્યાકુળ બની ગઇ અને ચીસ પાડી ઊઠી. હાથીએ ત્યારે તેની પાછળ નજર કરી, તો હાથણી બેભાન થઇને જમીન પર ઢળી પડી. હાથી, આ જોઇને, અર્ધગાંડા જેવો થઇ ગયો. તે ય તેનું ભાન ભૂલીને જેમતેમ ચીસો પાડવા લાગ્યો. અને આથી આખુંય જંગલ ગાજી ઉઠયું.

આ ચીસો મંકોડાના નગરપાલકે સાંભળી. તેણે તરત જ તેના નગરમાં ઢંઢેરો ટીપાવ્યો, અને બધાય મંકોડાને ભેગા કર્યા, અને કહ્યું, 'આપણા રાજા દુઃખમાં છે. માટે તેમની મદદે ચાલો.'

મંકોડાનું કાળકટક ધસમસતું નગર બહાર આવી પહોંચ્યું. અને જ્યાં નજર નાખે છે છે તો હાથણી લાંબી લસ થઇને બેભાન અવસ્થામાં પડી છે. હાથી ઊભો ઊભો આંખમાંથી આંસુ સારે છે. આ જોઇ નગરપાલકની આંખમાં પણ આંસુ આવ્યાં, ને હાથીને પૂછ્યું, 'મહારાજ, અમે આપની મદદે આવ્યા છીએ, આપ દુઃખ કહો. આપ જે આજ્ઞા આપશો તે અમે ઉઠાવીશું.'

હાથીએ દુઃખનું કારણ કહ્યું, 'આ કાંચ-ડીઓએ હાથણીનો જીવ લેવા માંડયો છે. જુઓને, તેઓ તેને ખોતરવા લાગ્યા છે. સૂંઢમાં થઇને તેના શરીરમાં તેઓ પ્રવેશ્યા છે.'

આ સાંભળીને તરત જ મંકોડાના નગર-પાલકે કહ્યું, મહારાજ, અમે કામે લાગીએ છીએ.' અને તરત જ તેણે મંકોડાઓને આજ્ઞા કરી, કે સૌ તમે હાથણીની સૂંઢ વાટે તેના શરીરમાં પ્રવેશો અને જે ટોલકાંચીડાઓ અંદર બેઠા બેઠા હાથણીનું માંસ તોડતા હોય તેમને તમે ફોલી ખાવ.

મંકોડાનું મોટું સૈન્ય છૂટયું. સૌ હાથ-ણીના ગંડસ્થળે પહોંચ્યા. ત્યાં જઇને જુએ છે તો પેલો લાલ ડોકવાળો કાંચીડો નિરાંતે મિજબાની ઉડાવી રહ્યો છે. આ કાંચીડાની ડોકે, પગે, પેટે, કાંઠલે, અને પૂંછડે અનેક મંકોડા વળગ્યા. કાંચીડાએ અંદર જ બૂમાબૂમ કરી મૂકી, અને ગંડસ્થળમાંથી તે છટકીને નાસવા લાગ્યો, તો બીજા મંકોડાઓ તેની પાછળ પડયા. તેને પકડયો અને ત્યાં ને ત્યાં પૂરો કર્યો. થોડીવારે મરેલા કાંચીડાનું ખોખું લઇ આખું સૈન્ય બહાર આવ્યું. તરત જ હાથણી સળવળવા લાગી અને બેઠી થઇ. હાથી પણ આથી ખૂબ ખુશી થયો અને આ સૌ મંકોડાનો આભાર માનવા લાગ્યો, અને બોલ્યો, "રાયને રંક વગર ચાલતું નથી, અને રંકને રાય વગર."

તે દિવસથી મંકોડાના નગર પર જંગલના રાજાની મહેરબાની જ રહી છે.

સમજુ સ્ત્રી, પુરુષો પોતે તેમજ પોતાના બાળકો મા જગપ્રસિધ્ધ કામીનીઆ ઓઇલ વાપરે છે કારણ કે તેના જેવું બીજું સર્વોત્તમ તેલ નથી. ત્યારે તમે પણ આજથીજ ચોકક્સ ખાત્રીભરેલું

# કામીનીઆ ઓઇલ (રજીસ્ટર્ડ) વાપરો.

કામીનીઆ ઓઇલ દરેક શહેર અને ગામડામાં વેચાય છે. માલ ખરીદતી વખતે તમારા દુકાનદાર પાસે કામીનીઆ ઓઇલ આ નામથી માગણી કરો. જેથી તમને ખાત્રીલાયક કામીનીઆ ઓઇલ મળશે. નહીં તો વેપારીઓ વધારે નફાની લાલચે બીજું ભળતું સળતું અજાણ્યા નામનું તેલ કે જે ફાયદો કરવાને બદલે નુકસાન પહોંચાડે છે. તે સારું અને સસ્તું છે એમ જણાવી આપવાની કોશીશ કરે છે, તો વેપારીની એવી ચાલાકીથી ઠગાતા નહીં. પણ તમે કામીનીઆ ઓઇલ (રજી.)જ માંગજો, જે વિશ્વાસુ તેલ છે. દરેક ગામના સુગંધી વેચનારા દુકાનદારો વેચે છે.

---

પુષ્પોથી મહેકતો બગીચો એટલે **ઓટો દીલબહાર** (રજીસ્ટર્ડ)

પોરસ્ય બગીચાની મધમધતી સુગંધી માત્ર એક જ શીશીમાં...મળી શકશે. તે આલકોહોલથી અલિપ્ત છે એટલા માટે તે પોતાની ભભકતી સુગંધી લાંબો વખત સુધી જાળવી રાખે છે. દરેક કેમીસ્ટો વેચે છે. એક શીશી ખરીદી લ્યો. તમારું માનીતુ સુગંધી અત્તર થઇ પડશે. તેની મીઠી ખુશબો મનને ગમે એવી નાજુક છે. નમુનાની શીશીના ચાર આના. આજેજ મંગાવી ખાત્રી કરો.

---

**સાબુઓ** સૌ કોઇ વાપરે છે પણ ઘણા થોડા માણસો ઉત્તમ સાબુ વાપરવાની કાળજી રાખે છે

કામીનીઆ સાબુઓ જુદા જુદા વાપરનારાઓના ટેસ્ટને અનુકુળ આવે તેવી જુદીજુદી ખુશબોમાં નીચેની જાતોમાં બનાવવામાં આવે છે.

દીલબહાર સોપ (રજીસ્ટર્ડ) ઘણી જ દીલખુશ સુગંધીનો સાબુ છે.

કામીનીઆ વ્હાઇટ રોઝ સોપ (રજીસ્ટર્ડ) ગુલાબની મીઠી સુગંધીનો સાબુ.

કામીનીઆ સેન્ડલ સોપ (રજીસ્ટર્ડ) માયસોરી સુખડની સુગંધ આપતો સુવાસિક સાબુ.

કામીનીઆ લવંડર સોપ (રજીસ્ટર્ડ) નાજુક નાકની સ્ત્રીઓ માટે ઉત્તમ સાબુ છે.

કામીનીઆ ખસ સાબુ (રજીસ્ટર્ડ) ખસની સુગંધથી જેઓ પરિચિત છે, તેઓ જલદી સમજી શકશે કે તેની નાજુક પણ મધુર સુગંધી દીલખુશ અને મગજ તર રાખે છે

કામીનીઆ મૃગ કસ્તુરી સોપ (રજીસ્ટર્ડ)

| | | | |
|---|---|---|---|
| કામીનીઆ | જશમીન સોપ, | કામીનીઆ | હીના સોપ, |
| ,, | ટરકીશ બાથ, | ,, | મોરનીંગ બાથ, |
| ,, | બામા સોપ, | ,, | એગ સોપ, |
| ,, | બાથ સોપ, | ઇન્ડીયન બ્યુટી | સોપ, |
| ફેટી ટરકીશ નં. ૭૭૭ | બાથ સોપ, | ચેરી ટરકીશ બાથ નં. ૭૭૭ | સોપ, |

સોલ એજન્ટસ : હિન્દભરમાં દરેક જગાએ મળે છે. ન મળે તો લખો :—

# એંગ્લો ઇન્ડીઅન ડ્રગ એન્ડ કેમીકલ કું

૨૮૫ જુમા મસીદ, માર્કેટ, મુંબઇ નં. ૨




લેખકઃ શ્રી. પુરાતન બુચ

# ભારતમાં વેપાર કરવાની ગોરો છૂટ મેળવે છે

## ૬ : સુરતની કોઠી મેળવી

**બા**દશાહના સિપાહીઓ અને ગોરો ચાલ્યા જાય છે. નદીઓ, પર્વતો, જંગલો, ગામડાંઓ, શહેરો વટાવતા વટાવતા તેઓ છેક દિલ્હીની નજીક પહોંચ્યા.

દિલ્હીની નજીકમાં ગોરાએ દૂરથી એક લોખંડનો સ્તંભ જોયો, એટલે તે વિષે પોતાની સાથેના સિપાહીઓને પૂછપરછ કરી ત્યારે સિપાહીએ તેને કહ્યું: "એ લોખંડનો સ્તંભ ભારતના પ્રાચીનકાળના એક મહારાજા અશોકે અહીં નંખાવેલો છે."

ગોરો તથા સિપાઇઓ ઘોડા ઉપરથી નીચે ઉતરીને એ લોખંડના સ્તંભ પાસે ગયા ત્યારે ગોરાએ એ સ્તંભને હાથ અડકાડીને પૂછ્યું: "આ કેવી ધાતુ હશે ને શેમાંથી બનાવતા હશે?"

"તમને ખબર જ નથી કે આ તો લોખંડ છે? તમારા દેશમાં આ વસ્તુ નથી હોતી?"

"આવું કંઇક હોય છે તો ખરૂં. પણ, આટલી બધી મજબૂત ધાતુ અમારે ત્યાં નથી હોતી."

બહુ જ આશ્ચર્યથી ગોરાએ એ સ્તંભ જોયો. પછી અશોક રાજા વિષે પણ વધુ માહિતી પૂછી લીધી. પછી પાછા બધા સ્વાર થયા ને દિલ્હી તરફ જવા ઉપડયા.

ભારતની રાજધાની દિલ્હીની જાહોજલાલી જોઇને ગોરો આશ્ચર્યમાં પડી ગયો.

બાદશાહના એક સિપાહીએ આગળથી જઇને બાદશાહને ખબર આપી કે એક ગોરો

ગયા અંકમાં તમે વાંચી ગયા કે બાદશાહના કુંવરને સાજો કરવા ગોરો દિલ્હી ઉપર છે. 'રમકડું'ના ઓગસ્ટ માસથી શરૂ થયેલી આ ઐતિહાસિક લેખમાળા આ અંકમાં પણ આગળ વધે છે. બાદશાહના કુંવરને પોતાની દવાથી સાજો કરી ગોરો ભારતમાં વેપાર કરવાની છૂટ મેળવે છે અને ભારતનું ભાવિ ફેરવાય છે. આ લેખમાળાના લેખક શ્રી. પુરાતન બુચ આપણા ગુજરાતના જાણીતા લોકસેવક છે. 'ગાંધીજી અને બાળકો' નામનું તેમનું એક નાનકડું પુસ્તક હમણાં જ પ્રગટ થયું છે. તમે એ જરૂર વાંચી જજો.



સુરતમાં ગોરાઓની કોઠી.

રાજદરબારના વૈદ્યો ને હકીમોએ ગોરાને બાજુમાં બોલાવીને પૂછયું: "તું આ દવા ક્યાંથી લાવ્યો ?"

ત્યારે ગોરાએ કહ્યું: "એક ગોરી છોકરી મારી મિત્ર છે. તેણે આ દવા ભારતના જ એક વેપારી પાસેથી મેળવેલી હતી."

વૈદો ને હકીમોએ એ દવા તપાસી તો કસ્તૂરીમાંથી બનાવેલી એ કંઇક ચીજ હતી.

બાદશાહ તથા રાજકુટુંબ તો ઘણા વખતથી

રાજકુંવર માટે દવા લાવ્યો છે. એટલે, બાદશાહે તરત જ ગોરાને રાજકુંવર પાસે બોલાવ્યો.

ગોરાએ બાદશાહની પાસે જઇને, પહેલાં તો ઝૂકીને સલામો ભરી. પછી અદબથી પોતાની ડાબલી બહાર કાઢીને બાદશાહને કહ્યું: "નામદાર, મારી પાસે એક દવા છે, તે હું આપના રાજકુંવરને ખવડાવવા આવ્યો છું. આ દવાથી રાજકુંવરને ગમે તેવો રોગ હશે તો પણ તે મટી જશે."

રાજદરબારમાં બધાં કુટુંબીઓ એકઠાં થયેલાં. તેઓએ ગોરાની વાત સાંભળી. પછી તેને રાજકુંવરને દવા આપવા જણાવ્યું.

ગોરાએ તો ડાબલી ધીમેથી ઉઘાડી. તેમાંથી થોડી દવા રાજકુંવરને ખવડાવી. રાજકુંવરને દવા આપ્યા પછી એ તરત ઘસઘસાટ ઊંઘી ગયો. ખૂબ સારી ઊંઘ લેવાથી જેમ બધા દર્દીઓને લાભ થાય છે તેમ રાજકુમારને પણ લાભ થયો.

કાગનું બેસવું ને ડાળનું પડવું એવો ઘાટ થયો. રાજકુંવરને અનાયાસે જ દવા લાગુ પડી ગઇ. રાજકુંવર સાજો થઇ ગયો.

બીમાર પડેલા રાજકુંવરને સાજો સારો થયેલો જોઇને રાજી રાજી થઇ ગયા. બાદશાહે તરત દરબાર ભર્યો ને તેમાં ગોરાને એક કિંમતી પોશાક ભેટ આપીને બાદશાહે પૂછયું: "હું તમારી ઉપર ખુશ છું. માટે તમને જે જોઇએ તે માગો. તમને ઇનામ તરીકે કોઇ પણ ચીજની ભેટ આપવામાં આવશે, બોલો."

આખો રાજદરબાર બાદશાહની ઉદારતા જોઇને ચકિત થયો. સહુની નજર ગોરા ઉપર મંડાઇ હતી. ગોરાએ ઝૂકીને બાદશાહને સલામો ભરી ને પછી કહ્યું: "બાદશાહ, હું આપની પાસે બીજું કાંઇ તો નથી માગતો પણ મને આપના દેશમાં વેપાર કરી ખાવાની છૂટ આપો એટલું ઇચ્છું છું."

"વેપાર કરવાની તો તમને છૂટ છે જ પણ વેપાર કરવા માટે કોઇ જગા જોઇએ તો તેની પણ તમે માગણી કરી શકો છો" બાદશાહે કહ્યું.

ગોરો બાદશાહનાં આ વચન સાંભળીને ખુશ થયો. તેણે કહ્યું: "બાદશાહ, મને સુરતના બંદર ઉપર એક કોઠી નાંખીને ત્યાં

વેપાર કરવાની પરવાનગી આપો. પછી ભારત દેશમાં બધે ફરીને બીજી કોઠીઓ ક્યાં નાંખવી તે નકકી કરીને જણાવીશ. તો મારી આટલી અરજ સ્વીકારો."

બાદશાહે સુરતના બંદર ઉપર વેપાર કરવા માટે ગોરાને કોઠી નાંખવાની મંજૂરી આપી. ભારતના લોકોને કે બાદશાહને પણ ખબર ન હતી કે ભારતનું ભાવિ એ નાનકડી કોઠીમાં મઢાવાનું હતું.

રમકડાં વેચનારો ગોરો ફેરીઓ હવે એક વેપારી બન્યો.



બાદશાહે સુરતનાં બંદર ઉપર વેપાર કરવા માટે ગોરાને કોઠી નાંખવાની મંજૂરી આપી.

## ૭ : કણકર ને વણકર

ગોરાએ દિલ્હીના બાદશાહ પાસેથી ભારતમાં વેપાર કરવાની છૂટ મેળવી ને સુરતમાં પોતાનો વેપાર જમાવવાનો મનસૂબો કર્યો.

દિલ્હીથી ગોરો રાજી થઇને આખા ભારતની મુસાફરીએ નીકળ્યો. કારણ કે તેને તો, પેલું સફેદ ઊન આપનારું પ્રાણી હજુ ગોતી કાઢવાનું હતું!

ગોરો એક નાના ગામડામાં ગયો. ત્યાંના લોકો તકલી ને રેંટીઆ ઉપર સૂતર કાંતી રહેલા હતા. તેઓને જોઇને ગોરાને બહુ નવાઇ લાગી. ગોરાએ બારીક સૂતર જોઇને પૂછયું : "તમે લોકો આ શું કરો છો?"

કાંતી રહેલા એક જણે ઉત્તર દીધો: "અમે અમારી જરૂરીઆત જોગું સૂતર કાંતીને વણકરો પાસે કાપડ વણાવી લઇએ છીએ ને વધારાનું કાપડ પરદેશોમાં વેચીએ છીએ."

ગોરાએ નવાઇ સાથે રૂની પૂણીઓ જોઇ—ને પૂછયું :

"....ને આ સફેદ ઊન તમે કયાંથી મેળવો છો?"

"એ સફેદ ઊન નથી. એ તો કપાસ હોય છે, તેમાંથી રૂ નીકળે છે."

"કપાસ શું છે?"

"કપાસનો નાનો છોડ અમે ખેતરોમાં ઉગાડીએ છીએ, તેમાંથી અમે કપાસિયા અલગ પાડીને આ રૂ કાઢીએ છીએ. પછી રૂને સાફ કરી પીંજીને તેમાંથી પૂણી બનાવીને પછી સૂતર કાંતીએ છીએ."

ગોરાએ આ વિગત સાંભળી ત્યારે તેના મનની ભ્રમણા ભાંગી ગઇ. તેને તો એમ કે

ઘેટાં જેવું જ કોઈ પ્રાણી હશે, તેના શરીર ઉપર આ રૂ ઊગતું હશે!

પછી તો ગોરો ગામડાંઓમાં ઘણે ઠેકાણે ફર્યો. તેણે જોયું કે ગામડાંમાં કણુકર ને વણુકરના આધારે સ્વાવલંબનથી લોકો જીવન ગુજારી રહેલા છે.

ગોરાએ એક ખેડૂતને પૂછ્યું: "તમારા ગામડામાં બધી વ્યવસ્થા કોણ સાચવે છે?"

જે સહકારથી પંચાયત ચલાવતા હતા તે જોઈને તાજ્જૂબ થયો.

ગોરાએ ફરતાં ફરતાં એક બીજા ખેડૂતને પૂછ્યું:

"તમારી પાસે ધન કેટલુંક હશે?"

"ખેડૂતે પોતાનું મોટું ખેતર તથા ગાયોનું ધણ બતાવીને કહ્યું: "આ જમીન અને ગાયો એજ અમારૂં ધન છે.



લોકો તકલી ને રેંટીઆ ઉપર સૂતર કાંતી રહ્યા હતા.

"અમારે ગામડે ગામડે પંચાયતો સ્થાપેલી છે. તેમાં ગામના પાંચ પ્રતિષ્ઠિત માણસો, બધાય ધંધાઓમાંથી, અમે ચૂંટી કાઢીએ છીએ. જેને કામ કરવાની ઇચ્છા હોય ને જેનામાં પરોપકારવૃત્તિ હોય તેવાને અમે પંચાયતમાં ચૂંટીએ છીએ."

ગોરો પંચાયતના સભ્યોને મળ્યો. ગામડાના સુથાર, લુહાર, કુંભાર ને વસવાયાઓ

ખેતરમાં જે ધાન પાકે છે તે અને ગાયો દૂધ આપે છે તે, અમે બધા જરૂર પ્રમાણે વહેંચી લઈને ઈશ્વરનું ભજન કરતાં કરતાં જિન્દગી ગાળીએ છીએ."

ગોરાનું ગામડે ગામડે ખુબ સ્વાગત થયું. લોકોએ તેને કાપડના તાકા ભેટ તરીકે આપ્યા. ગોરાને ગામડામાં લોકોએ નવી નવી

KALAPI STORES, SWADESHI MARKET, BOMBAY. 2 'PHONE 33183

કુ
લા
પી
પાવડર,
બાળકોનું
માનીતું
ર
મ
ક
ડું



નૂતન........વર્ષાભિનંદન

મુંબઈની

મધ્યમાં આવેલું ધુલાઈઘર

જ્યાં......

સુતરાઉ, રેશમી અને ગરમ કપડાની શાસ્ત્રીય રીતે ધુલાઈ કરી સમયસર તમારા ધોયેલા કપડાની ડીલીવરી આપવામાં આવે છે.................

એક વખત પધારી ખાત્રી કરો

**પ્રીન્સ વોશીંગ કું.**



શિઘ્ર સમયમાં જ જનતામાં ખ્યાતી પામેલું

કોલેજના અધ્યાપકો વકીલો બેરીસ્ટરો અને મગજ કસનારાઓ માટે ખાસ ઉપયોગી

'ધન્વન્તરિ'નું બ્રાહ્મી જીવન
(ચરક સંહિતાના પાઠ મુજબ સુધારા વધારા સાથે)

**[બ્રાહ્મ્ય-રસાયન]**

• મગજની નબળાઈ, માથાનો દુખાવો, મૂર્છા, શ્રમ, ઉન્માદ, ધબકાટ મટાડી, મગજને નીરોગી બનાવી, રક્ત વધારી, મનુષ્યને તેજસ્વી, વીર્યવાન બનાવે છે.

કિં. તો. ૪૦ રૂ. ૮/- તો. ૨૦ રૂ. ૪/૪, તો. ૧૦ રૂ ૨/૪.

મળવાનું સ્થળ:

**✽ પુનમચંદ ગુલાબચંદ ✽**

૧૬/૧૮ જુની હનુમાન ગલી, પ્રિન્સેસ સ્ટ્રીટ નાકે, મુંબઈ ૨.

## માયકાંગલા

## શરીરને

## રૂષ્ટપુષ્ટ

## બનાવો....

રેશનીંગનું પોષણ
તત્ત્વ વગરનું અનાજ
ખાઈને માયકાંગલા
બનેલા શરીરને
રૂષ્ટપુષ્ટ બનાવવા
માટે સુકો મેવો જ
એક કુદરતી બક્ષીસ
છે.......

* અફઘાન
* ઇરાન
* કાશ્મીર
* ચમનનાં

બગીચાના નવા
સુકા મેવા આવી
ગયા છે...

શ્રેષ્ઠ સુકા મેવા તથા ચોકખા
મસાલા માટે આ નામ તમને
હંમેશાં સંતોષ આપશે.

**શા. પદમશી વેલજીની કું.**

૪૨, મસ્જીદ બંદર રોડ, શાકગલી
ને નાકે, મુંબઈ ૩.

તાર: WATCH BAND



રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક

દરેકને દરેક પદાર્થમાં ઉપયોગી
રોજ વપરાશમાં આવનારી વસ્તુ
બીજા કોઇપણ છાપના કેસર કરતાં સોએ સો ટકા ચઢીયાતું,
ઘણી ઉંચી ક્વોલીટીનું, નિર્ભેળ, શુધ્ધ, પવિત્ર અને સુગ-
ધીદાર ૧૦૧ વર્ષથી દુનિયાભરમાં જેની તારીફ થાય છે તે

## સૂરજ છાપ કેસર

૦।, ૦॥ અને ૧ રતલના સીલબંધ ડબ્બાઓ
સ્પેનથી મંગાવ્યા છે. ગ્રાહકોની સગવડ માટે, ઓછામાં
ઓછું ૦॥ ઔંસ (૧। તોલો) કેસર અમારે ત્યાં મળે છે.

**સુરજ છાપ કેસર વાપરીને દિપોત્સવી અને નુતન વર્ષ ઉજવો.**

ચેતવણી: સુરજ છાપ કેસર વેચવાની શાખા કે એજન્ટ
નથી. સીલબંધ ડબ્બાના રીવેટ પર
S. N. Co. અને નીચેના રીવેટ પર સુરજ
છાપનો મોનોગ્રામ વાંચવાની વિનંતી છે.

સોલ પ્રોપ્રાયટર્સ: **એસ. નારાયણની કંપની**
ફોન: ૨૧૯૫૭ ૨૯, હમામ સ્ટ્રીટ, મુંબઇ 1
તાર: SUNRISE

FIPS



આવી તંદુરસ્તી સૌને ગમે છે

## બાલપિયુષ

બાળકોની
પેટની બીમારી
અને તંદુરસ્તી
માટેનું સ્વાદિષ્ટ
પીવાનું
ઓષધ.

**ત્રિભુવન આયુર્વેદિક ફાર્મસી**
ગાંધી રોડ, અમદાવાદ

જાતની વાનીઓ કરીને ખવડાવી, તેથી પણ એ રાજી થયો.

એક ખેડૂતના ઘરમાં વલોણું થઇ રહેલું હતું. તે જોઇને તેને આનંદ થયો.

લોકો ઘંટીએ દળણું દળતા હતા, ખાંડણીએ ધાન છડતા હતા, પનિહારીઓ ગામને કૂવેથી પાણી ભરી લાવતી હતી—આ બધું જોઇને ગોરાના હરખનો તો પાર ન રહ્યો. તેને સમજાઇ ગયું કે ભારતના લોકો સુખી છે તેનું કારણ આ ગામડાના લોકોનું મહેનતુ જીવન જ છે. લોકો ખૂબ મહેનત કરીને પોતાની ફળદ્રુપ ભૂમિમાંથી ધાન અને ધન પેદા કરે છે, તેથી જ ભારત-દેશ સોનાના દેશ તરીકે દુનિયામાં પંકાય છે એ વાતની ગોરાએ પોતાની સગી આંખે ખાત્રી કરી લીધી.

[ વધુ રસિક ભાગ આવતા અંકમાં ]

# ચંપાની ડાળી

તારલિયાથી લેતી તાળી,
દીઠી મેં ચંપાની ડાળી.

રાત-દિવસ આવે છે નજરે,
જેને કદી ન દેખી'તી:
ગાઢા વન-વગડા વચ્ચે જે
એક દિવસ મેં દેખી'તી.

નાજૂક, નમણી નઅસવારી,
દીઠી મેં ચંપાની ડાળી.

સ્વચ્છ આભલે તારાઓનું
એક ઝૂમખું ઝૂક્યું'તું:
વચ્ચે માનસરોવર કેરૂં
કમળ અલૌકિક મૂક્યું'તું.

કમળને જ એ રહી નિહાળી,
દીઠી મેં ચંપાની ડાળી.

ધુમ્મસથી ઢંકાણો વગડો,
વંટોળે નાખ્યો વીંખી;
ગઈ ડાળખી દબાઈ એમાં
શૂન્ય પડી કેડી આખી.

ફરી કદી જે નથી જ ભાળી,
દીઠી મેં ચંપાની ડાળી.

ઇન્દુલાલ. ગાંધી

## : પાત્રો :

### પુરૂષ

અણુહિલ—આહીર બાળક.

રામલો, દેવલો, તીતી, ફીરકો વગેરે પંચાસર પાસેના જંગલના ભીલ બાળકો.

વનરાજ—ગુજરાતનો ભાવિ રાજા.

### સ્ત્રી

મીઠી / અમથી } ભીલ છોકરીઓ

અને ડોશીમા ઉપરાંત ભુવડના સૈનિકો.

**સાધનો:** ગોતરનો ઢગલો, કરાંઠી, ઘાસની ગંજી, બળદની ડોક બાંધવાના ઘૂઘરા.

**સમય:** સાંજનો.

**સ્થળ:** ભરવાડોના નેસડા વચ્ચે ઈંટેરી મકાન પાછળનું ગમાણ.

[સોનાની સળીઓ જેવા સૂકા ઘાસની ગંજી. ઘેરદાર કેડિયું અને ઢેકાઉ હાથવણાટનું ધોતિયું પહેરેલો અણુહિલ ગંજી પર ચઢી બેઠો છે. ઉઘાડા બદને, મેલાઘેલા વાને થોડાં ભીલ બાળકો આસપાસ વીંટળાયેલાં છે. ન ઉઠવાની હઠ લીધી હોય એમ અણુહિલ પોતાની જગા પર ચીટકી ગયો છે. ભીલ બાળકો તેને ખેંચી નીચે ઢોળી પાડવા પ્રયત્ન કરે છે. અણુહિલની જીદથી બધા નારાજ અને ગુસ્સે દેખાય છે.]

**અણુહિલ:** (જીભ ડચકારી) ડચ! ડચ!! વેગળો નઈ ખસવાનો. ઊં'હું! ગંજી ગારી છ'ય.

**મીઠી:** (વિનવતાં) અલ્યા એ...ય, ઉઠ, ઉઠ તો ખરો.

**દેવલો:** ભાઈ બાપા! વાતનો પાર મેલ હવે.

# પ્રેમની પ્રસાદી

: લેખક :

શ્રી. ભગવત્ રામચંદ્ર ભટ્ટ.

◆ ◆ ઇતિહાસમાં તમે વનરાજ ચાવડા વિષે ભણી ગયા હશો. વનરાજ તમારા જેટલી ઉમ્મરનો હતો ત્યારે તો તેને જંગલમાં છુપાઈને રહેવું પડેલું. એક વેળા ભુવડના માણસો તેની શોધ કરતા હતા ત્યારે જંગલનાં ભીલ બાળકોએ પોતાનો જાન હોડમાં મૂકીને ગુજરાતના આ ભાવિ રાજાને બચાવી લીધેલો. તેમના આવા પ્રેમની પ્રસાદીએ વનરાજનાં સપનાં પાર પાડવામાં અંજન જેમ પૂર્યું. એ પ્રસંગને ભજવી શકાય તેવી રીતે નાટિકારૂપે લખનાર વિલપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક છે. ◆ ◆

**અણુહિલ:** (ચિઢાઇ) આજે તો મારો જનમ દી. હું કે'ઉં તીં કરવું પડસે.

**રામલો:** (આગળ આવી છાતી કાઢી) ખોસતાં નાં તીંયા સુધી વળી? તને ઢસડી પાડસું. ટીંગાટોળી કરી પેલી કોર મેલી આવસું. મને તો..તારા પર...એવી અણુસ ચઢે છે'ય

**અણુહિલ:** (ગભરાતાં હિમ્મત પકડી) મને આંગળી અડા તો ખરાંડા પાડા. વગડાનું લોક ભેગું કરી દેવા હા. મુખી કને કેદ કરાવા. તે રાજની જેલમાં મોકલસે. તીંયા પથર ફોડવા પડસે. તીંયાં નાહર વાથે, તાપ લાગે.

**દેવલો:** (બાળકોને) ગેલો છાલ એનો. આપડે કંઈ ખેલ કરિયે.

**રામલો:** આમલીપીપળી!

**તીતી:** સાતતાળી નકર દહીંનો ઘોડો.

**અણુહિલ:** (ગંજી પરથી ઘસડાઈ પડી) એય નઈ, વન વનનો રાજા.

**સઘળા બાળકો:** (એકી સાથે) હા'લ્યા રાજા, રાજા.

**મીઠી:** બસ, બસ. (અણુહિલને) તું રાજા (દેવલાને) તું પરધાન. (ફીરકાને) અને તું થાણેદાર (બાકીના પ્રત્યે) ચલો, બાકીનાં સપેઈમાં વાંકી જાવ. (ગંજીને દેખાડી) આ ગંજી તે જાણે ગાદી.

[અણુહિલ માથે ફાળિયું વીંટાળે છે. ઉપર છોગું મૂકે છે. કાનમાં કરેણનાં ફૂલ ખોસે છે. દેવલો પ્રધાન તરીકે તલવાર લે છે. ફીરકો તીરકામઠું લઈ થાણેદારનો ભપકો ધારણ કરે છે. કડિયાળી ડાંગ રાખી બાકીનાં છોકરાં સૈનિકના રૂપમાં આવી જાય છે. અણુહિલ ગંજી પર રાજાની અદાથી ચઢી બેસે છે. એરંડા આસપાસ ફૂલમરી વાડી જેવો દરબાર શોભે છે.]

**અવાજ:** (પડદા પાછળથી) રાજા રાજા તારી નગરીમાં ચોર, આથમણી ધરતીમાં ધૂળ ઉડે રેલોલ!

**સૈનિકો:** (ચોંકી પડી) ચોર! કે બાજુ છેંય ચોર? આમા હોઇ આયા. (તખ્તા પર ધાંધાટ કરતાં આમતેમ ફરી બન્ને બાજુએથી ચાલ્યા જાય છે).

**થાણેદાર:** (મૂછનો દોરો ફૂટેલો ન છતાં ખાલી તાલ દઇ ઘૂમરીઓ લેતાં) પકડો, મારો, મારો. અવે જાય કાં નાસી?

('ચોર, ચોર, પકડો પકડો' ના અવાજ વધી ધીરેધીરે શમે છે. તેમાં સૈનિકો ચોરને પકડી ફરી તખ્તા પર દાખલ થાય છે. અણુહિલ સામે ઉભો રાખે છે.)

**અણુહિલ:** (રાજાનો પાડ ભજવતાં) આને શા સારૂ પકડી લાયા?

**સૈનિક:** મા'રાજા મસ મહેનને ચોર પકડાયો છેંય..

[અણહિલ અને પકડાયેલા ચોરની આંખો મળે છે. ચોર નાનો, રૂપાળો અને ગોરો લાગે છે. હાથે કલ્લીઓ અને કાનની બૂટમાં કડીઓ પહેરેલી છે. તે પર હવામાં ઉડતાં જુલફાં છે.]

**અણહિલ:** ભલા તેં શીદ ચોરી કરી?

**ચોર:** નહિ મહારાજ! હું નિર્દોષ છું. આ લોક ખોટો આરોપ ઓરાડે છે.

**અણહિલ:** શેનુ?

**ચોર:** (હાથની કલ્લીઓ ફેરવતી) મને બચાવ કરવાની તક આપો છો તમે? માની લઉં છું કે હું શત્રુના થાનકે આવી ચઢયો નથી. ખરું પુછાવે તો તમારી પેઠે હું પણ વગડામાં જ ઝાડની છાયા હેઠળ ઝોળીમાં ઝૂલ્યો છું. મારી માએ મને વનમાં જનમ દીધો છે.

**મીઠી:** તમે કુણ છો તે.

**ચોર:** હું ક્ષત્રિય બચ્ચો છું. નતુભા...વનરાજ મારું નામ.



અણહિલ: ભલા તેં શીદ ચોરી કરી

**અણહિલ:** (નવાઇ પામી) તમે રાજાના કુંવર છો? હું ભરવાડ છું ય. આ સૌ જાણે કે ભીલનાં છોરાં છે ય.

**વનરાજ:** ભીલ કંઇ ક્ષત્રિયો આગળ માથું નમાવે એવા નથી. મરદાનગીમાં લગારે પાછા હઠે નહિ. હું એ સારી રીતે જાણું છું. (વચમાં જરા અચકાઇ મનમાં બબડતો હોય એમ) પ...પ... અ...ણ હું રાજકુંવર શેનો ને વાત શી! મુગટ વિનાનો રાજા હોય ભલા! મુગટ માથે રહેવાનો હોત તો પિતાનું ધડ જુદું પડત? (બધા સાંભળે એમ) અમે તો ગુપત વેહમાં, ઘરબાર વગર. રાજપાટ ગુમાવી રઝળતા ફરીએ છીએ.

**રામલો:** હા અલો, હવે મને ગેડ બેડી. આ મા'રાજ જેશેખરીના દીકરા તો નો'ય! ઠીક, ઠીક તે દન પો'ર મંય નં'તુ કીધું— આપડા આસપાસના ગામડામાં વાવડ છેંયઃ જેશેખરી મા'રાજ લડતા વઢાયા તીંમની રાણી રૂપસુંદરીબા આપડા વનમાં વરસોથી રે' છેંય.

**અમથી:** તો આ રાણીબાના કીયા કુંવર છેંય? તાકડે એકલા વનમાં! દેવા દખિયા ને પાકેલા લાગે છેંય?

**વનરાજ:** હા મા'રાજ જયશિખરીનો કુંવર. તમારા તે રાજા હોય તો. મને ડર લાગે છે.

વનમાં જેટલાં ઝાડવાં તેટલાં ભુવડના માણસો છે.

શામળો: બેફિકર રો' તમ તમારે. અમારા બપ્પાઓ ભુવડ સામે લડવા ગયા'તા. જેશેખરોની કુમકે.

વનરાજ: (ખુશી થતો) અહો! ધનભાગ્ય મારાં. મિત્રો વચ્ચે આવી પડતાં મને ખરેખરો આનંદ વરતાય છે.

(જરા પોતી ગઇ ગુજરી યાદ કરતો) પિતાનો રણમાં લડતાં વધ થયો. ઝનૂનથી તેમનું ધડ એકલું લડ્યું. પણ છેવટ તો… માતાને વનવાસ વેઠવો પડ્યો. મામા સુરપાળ બિચારાને માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં. અધૂરામાં પૂરો મારો જન્મ થયો. દોહ્યલી વેળાનો હથોપો સમજી મને ઉછેરવામાં આવ્યો.

(વિચારમાંથી જાગી ઓચિંતો ચમકી) મને પકડી પાડવા મારે શોધ ચાલી રહી છે. પકડાઇ જાઉં તો મારો વધ કરવા ગળા પર આબાદ ખાંડું ઝીંકી પાડશે.

તીતી: તે…એ…એ તમે આ ગભાણમાં શીદ આયા?

વનરાજ: મને મારા પગ ખેંચી લાવ્યા. ભુવડના માણસો મારા માતાજીને અને મને પકડવા ફરે છે. આજે કોઇ એવી ભનક લાગવાથી ન શેઢા ગણ્યા, ન પાળો એક બે ઠેકાણે તો માથા-ભરની વાડો ય બડીંગ કરતો ઠેકી ગયો. હું ડરનો માર્યો વસ્તીવાળા ભાગમાં આવતો હતો. મને ચોર સમજી ઘેરી લીધો. પકડી અહીં આણ્યો. ભાઇઓનો! હું કંઇ તમારો ચોર નથી. હશે તો ભુવડનો. (ચમકી જવા ઉતાવળો થઇ) હવે…હવે હું જાઉં. ભુવડના માણસો તમારી મારા ઉપરની દયા જોઇ તલવારથી મારૂં તમારૂં બેઉનું માથું ઉતારી લેશે. મારે એકને પાપે તમારે બધાને મરવું પડશે. એવું શું કામ કરવું? લો હું જાઉં. (જવા પગ ઉપડે છે.)

અણહિલ: (જતાં રોકી) ઘેડિયાં પેઠે અમે પણ તમારૂં રક્ષણ કરશું. વનરાજ! આ ગભાણ, ચરવા ગયેલું ધણ, આ ગંજી સધુ તમારૂં આજથી. ગંજી જાણે કે ગાદી. હું તમારો પરધાન. બધી મંડળી નાયક. વગડાનું લોક બધું લશ્કર. વગડે વગડે હાક મારૂં બધા ભેળા ના થઇ જાય તો મારૂં નામ અણહિલ નઇ.

ફીરકો: (તખ્તાની પાંખ તરફ નજર નાંખી ઉશ્કેરાટપૂર્વક) અલે, અલે. એણી પા ધૂળનો ડમ્મર ઉડે. કૂણ જાણે સુંય સસલાં પકડવા મારતે ઘોડે આવતું હસે.

અણહિલ: ભુવડના ભુવાઓ. બીજું કુણ! આવવા દો. બાપડે પૂરા પડસું, મેંય મરદો છુંય ના?

શામળો: (વનરાજને આશ્વાસન રૂપે) ફેન નથી તમારો વાળ સુધ્ધાં વાંકો કરે તો મારા નામનું ખાસડું ઠોકજો. જાઓ.

અમથી: (વનરાજ પાસે ખસી, વહાલથી) લગારે ગભરાશો ના. 'પિયરમાં પેઠેલી છોકરી ને વન ભેળાં ભીલ! કોઇને નાં ગાંઠે હોં કે!

મીઠી: (બધાને) ઓટલામાં સંતાવાની જગો નથી કે!

અમથી: એ લો ગોતરનો ઢગલો. દરદાગીના તીમાં સંતાડાય છેંય રતો! ઉપર ઘાસફૂસ પાથરી દીધી પછી છેય કશી ચંતા!

વનરાજ: મને તમારા સૌના વિવેક પર વિશ્વાસ છે.

[ગોતરના ઢગને 'ખણી નાંખી માંહે પેસવા જેટલી બખોલ બનાવે છે. તેમાં કરાંઠી અને ઘાસ પાથરી વનરાજને તેમાં ઉતારે છે. કરામતપૂર્વક ઘાસ ઓરાડી દે છે. હવા છૂટથી જાઆવ કરી શકે એમ છે. પછી સૈનિકોની આતુરતાપૂર્વક રાહ જોવાય છે. બહાર ઘોડાના ડાબલાનો અવાજ સંભળાય છેઃ તબડાક, તબડાક…

તેવો જ ડોશીમાનો પ્રવેશ થાય છે. હાથે બલોયાં, નાકે કાંટો ને કાને લોળિયાં પહેરેલાં છે.]

ડોશી: મારા રોયાઓ, તમે આઇ દંગલ માંડ્યું છે ય. ભવાયા જેમ ભમો છોય. પણ ધરને સપૈડાંઓએ ઘેરી લીધું છેય. અબધડી વાડામાં આયા સમજો. મેં'કુ અહીં તો દૈ'રાજ પણ નથી. નૈવડાં ગમ્મત કરે છેય.

દેવલો: હોવે, નાચીએ છીએ, કૂદીએ છીએ. ગાઇએ છીએ.

ડોશીમા: તોફાની આ હાથ પગ જુઓ. ધૂળગોતરે ભરેલાં છેય આ…અ…ચ્છી. આવાં ગંદાગોબડાં છૈયાં મેં કાં યે જોયાં નાં. આ…અ…ચ્છી.

મીઠી: મે'માનો બારણે અગાસાં ખાતાં છેય. વધામણી ખાવા બે લાવો. છીંકની લાણી દેસ.

(ડોશીમા જાય છે. વનરાજનો ગોતરના ઢગલામાંથી અવાજ સંભળાય છે)

અવાજ: બાપરે બાપ! મને છીંકો આવે છે. આંખ, કાન, મોં ગોતરની ભૂકીથી ભરાઇ ગયાં રે! અરે, ગળું રૂંધાઇ જાય છે. મને ઝટ બહાર કાઢો, બહાર

કાઢો. સિપાઇઓ મને ભલે પકડી લે, મને ચાહન મરવા દો.

દેવલો : વનરાજ! સોખડી માતા ભલું કરે. અવાજને કાનો કાં ડુબાડી દેશું. (બધા બીજા બાળકોને) ગેડે એમ છીંટ ઉપ-રસતુ ધમસાણ વાળો. ચલો...ચાલો,

[છોકરાઓ મદારીના રીંછની જેમ ઠેકડા મારે છે. પગના ચાપાના બળથી ઉછળી ધમકારા લે છે. બે ચાર બાળકો ચારેકોર ગોતર ઉરાડતાં ખેતરમાં વાવણીનો અભિનય કરે છે.]

એક : મંય ચણા વાવું છું ય.

બીજો : મંય ઘઉં વાવું છું ય.

ત્રીજો : મંય મકાઇ...ઇ...

[ચોથના બન્ને હાથના મૂઠામાં ગોતર રહી જાય છે. તેને સમજ નથી પડતી કે તે કઇ ચીજ વાવે કે તે ત્રણેથી વધારે સારી હોય. વિચારમાં તે આકાશ તરફ જુએ છે. તેને નવી વાત સૂઝી આવે છે.]

ચોથો : મંય..,મંય.આભલાના તારા વાવું છંય. (મૂઠામાંના ગોતરને હવામાં ઉરાડે છે.)

[કાબરચિતરા વાળવાળી ભરેલી દાઢીને કાન પર ચઢાવેલા, મૂછોને વળ દીધેલા ભુવડના બે સરદારો દાખલ થાય છે. ભપકાભેર દાખલ થતાં ગોતર સરદારોથી આંખો પર પડે છે. તે ખંખેરતાં ખંખેરતાં આગળ આવે છે.]

૧ લો સરદાર : હાક...છીં!

હાક...છીં!! એક અગત્યના કામસર અમે આવ્યા છીએ. (નાક મચળી નાંખી) આ...અ...ચ્છી.

રામલો : ફરમાવો સરદારજી!

૨ જો સરદાર : અમે એક ભાગેડુ શોધીને રહ્યા છીએ. (છીંક રોકવા પ્રયત્ન કરી) આ...અ...ચ્છી. અમે એને આટલામાં જોયો ન જોયો કે ગાયબ...આ...અ ચ્છી! તમે અમારા શિકારને જોયો? સાચું બોલજો, નહિ તો ...આ...અ...ચ્છી જડતી લેશું.

રામલો : ભગવાન શું કામ જૂઠું બોલાવે. જોઇ લો હોય તો.

[સૈનિક ભાલાની અણી આમ-તેમ ગોતરમાં ખોસે છે. ધ્યાક

છોકરાઓ મદારીના રીંછની જેમ ઠેકડા મારે છે ભુવડના બે સરદારો દાખલ થાય છે

ધમાક ડાંગર ખાંડી રહ્યાં હોય એમ બધાના કાળજાને ધા લાગે છે.]

અમલો: (જોરથી ઉધરસ ખાતાં) મને ટેહિા આવે છે. ખોંખોં...ખોંખોંખોં.

અણહિલ: (બળદની કોટે બાંધવાના ઘૂઘરા ખખડાવી) હાં હાં, હું કેમ કરી ગાવા!

અમલો: (રડતો હોય એમ) ધ...હી!...ધ...હીહી. મરચાં બરચાં બળે છે ય હાં! ખોં...ખોં...ખોં.

૨જો સરદાર: (બાવડેથી ખેંચી) છોડો સરદાર. અહીં તો ખાંસી ખાળી ખળાતી નથી. તે રોકવાથી ઉલટી વધે છે. (મોઢે મુઠ્ઠી દઇ) ઉહું...ખુંખુંખું.

મીઠી: હાક...છીં!... હાક...છીં!!

૧ લો સરદાર: ખરેખર, બધાં ખાંસી અને છીંકે ભરાયાં છે. (બીજા સરદારને ધક્કો મારતાં) ચાલો આગળ વધીએ. આમ આધાપાછીમાં દિવસ આથમી જવા આવ્યો. એનું ગોધણ આવે. (બાળકોને) ગોરજની ધૂળ સમી જતાં છીંક-ઉધરસ નરમ પડશે.

રામલો: (જતાં સરદારોને હાથ જોડી) રામરામ સરદારજી! બાપા રામરામ સામંતજી!!

[નિરાશ થયેલા સરદારો નમસ્કાર ઝીલી જાય છે. બહાર ડાબલા વાગે છે: તરબડ-સરબડ...તડાક્, તડાક્...બાળકો થોડેક આંતરે ઉધરસ અને છીંક ખાય છે.]

હીરકો: (તખ્તા બહાર નજર કરી) એ જા...ય, ઓ...જા...ય...એ...એ...ખલાસ!

(ખાંસી-ઉધરસ ખાતાં બાળકો એકદમ બંધ થઇ જાય છે.)

બચી ગયા ભગવાન! તેં લાજ રાખી. ધમપછાડા બૌ થયા પણ માથે હજાર હાથવાળો બેઠો છે ને!

મીઠી: હાશ હવે જીવમાં જીવ આવ્યો બાપ!

રામલો: (ગોતર ફેંદી વનરાજને હાથ આપી બહાર કાઢી) ભગવાન રાખણહારો છે નકર અહીં તમારું કુણ રણીધણી હતું! (શરીર પરનું ગોતર ખંખેરતાં) વનરાજ! સૂરજ સમાણી આંખો નકર કેમ કરી છાની રે'ત?

વનરાજ: તમારો આભાર ભાઇએનો! મને તો અંદર એવી ગૂંગળામણ થતી! ડર લાગતો હતો કે હું બહાર પડી જઇશ. પણ તમે ગજબની યુક્તિ વાપરી બતાવી. તમે મર્દાની છીંકો ખાધી. તમારા જેવી ઉપરાઉપરી છીંકો સાચો મર્દ જ ખાઇ શકે. લાખો ધન્યવાદ! મારી માતાને જઇ આ વાત કહીશ. એ ફૂલી નહિ સમાય. તમે સૌ સાચે જ ગુજરાતની શોભા છો. મુનિ શીલગુણસૂરિ પણ તમારી સાચી ઇજ્જત કરશે. અમે તેમને આશરે છીએ. તમને અમારે ટેકાણે નોતરીશું તો તમે ઢોલક લઇ ગાવા નાચવા આવશો ને?

અણહિલ: ના, અમે રણશીંગા અને તીરકામઠાં જ તૈયાર કરીએ છંય. થોડા દિ' વહે આપડે સેના ઉભી કરવી છંય. અમે જેશેખરી મા'રાજની વફાદાર પરજા છીયે. હવે તમારી..

મીઠી: મોકલાવકો એવી છંય કે સરિજીએ કુંડળી કાઢી જોય ભાખ્યો છે-રૂપસુંદરીબાના કુંવર આપકરમી નીકળશે. આંગણે હાથીઘોડા બાંધશે. રાજ વાધશે, શૂરાપૂરા થાસે...એ વચન ફળે તો ભગવાન...

વનરાજ: (આંખમાં ઝળઝળિયાં લાવી) ભગવાનની ઇચ્છા બળવાન છે. ગુજરાતનું રાજ પાછું મેળવવા મારાં સપનાં તમારી મદદથી જ પાર પડશે. આપણો અકસ્માત મેળાપ એમ કંઇ છેક એળે નહિ જાય. ગુજરાતનું રાજ આપણા બાવડાના જોરથી પાછું મેળવીએ તો તમે સૌ ભીલોને હું સમાન અધિકારી બનાવીશ. તમે બહાદુર છો. ચતુર છો. તમે તમારા જાન હોડમાં મૂકી બતાવ્યા છે. મને તમે તમારા પ્રાણ ધર્યા છે. હું તમારો ગુણઆભારી છું. ફરી મળવાની આશા રાખું છું. (ભાવપૂર્વક હાથ જોડી) આજે અંધારું થતાં પહેલાં માતાજી ભેગો થાઉં. તમારા પ્રેમની પ્રસાદી પામી જાઉં છું. (પાછે પગલે અદૃશ્ય થાય છે. બાળકો દયામણું મોઢે વકાસી રહે છે. વિયોગનો મૂગો ભાવ પસરે છે.)

(પડદો પડે છે.)

કહેવાય છે કે પારસમણી પથ્થર જેને અડકે તે વસ્તુ સોનું બની જાય છે. એવા અમૂલ્ય અને કદી ય ન મળે તેવા પથ્થરને મામુલી પથ્થર સમજી ફેંકી દેનાર ભોળા કઠિયારા અને મૂરખ બાદશાહની આ ઇતિહાસકથા છે. તેના લેખક શ્રી. રસુલભાઇ વહેરા શિક્ષક છે. બાળકો માટે તેમણે ઘોકબંધ પુસ્તકો લખ્યાં છે.




એક હતો ગરીબ કઠિયારો. એ તો રોજ જાય કુહાડો લઇને જંગલમાં. પહાડ ને પર્વત ઉપર ચઢે, ને લાકડાં કાપે. સાંજે લાકડાં લઇ ઘેર આવે. ગામમાં જઇ લાકડાં વેચે. જે મળે તેમાંથી પોતાનું ગુજરાન ચલાવે.

કઠિયારાના ઝૂંપડા પાસે એક લુહાર રહે. વડના ઝાડ નીચે લુહારની કોઢ. આખો દહાડો ઠોકાઠોક ચાલે. કઠિયારો પોતાનો કુહાડો એ જ લુહારને ત્યાં ઘડાવે અને સમારાવે.

એકવાર કઠિયારો ગયો લાકડાં કાપવા. ઊંચે પહાડની ટોચે ચઢ્યો. લાકડાં કાપતાં કાપતાં કુહાડો વાગી ગયો એક પથ્થરને. કાળો કાળો લોઢાનો કુહાડો બની ગયો પીળો પીળો હળદર. બીજીવાર જેવો કુહાડો માર્યો તેવો જ ગયો વળી. પણ, લાકડું કપાય ત્યારે ને?

કઠિયારો તો કંટાળી ગયો. હવે શું કરવું? એ તો ચાલ્યો લુહારની કોઢ તરફ, જઇને કહ્યું: "લુહારભાઇ! લુહારભાઇ! જુઓને, આ કુહાડો વળી ગયો છે. પાતળું ડાળખુંય કાપી શકતો નથી. એને સીધો તો કરી આપો?"

લુહારે કુહાડો હાથમાં લીધો: ધારી ધારીને તપાસ્યો. પછી બોલ્યો: "કઠિયારાભાઇ! આમ ઢીલા ઢબ શું થઇ જાઓ છો? લાવો, હું તમને બીજો કુહાડો બદલાવી આપું. પણ, તમે આવો પિત્તળ જેવો પીળો ક્યાંથી કરી લાવ્યા? ચાલો, મને બતાવો એ જગા. પછી કુહાડો સમારી દઉં. અને કહો તો...બીજો નવો...આપું."

જંગલી જડ્ડ જેવો કઠિયારો. એને તો નવો કુહાડો મળી જશે, એમ જાણીને આનંદ આનંદ થઇ ગયો. એ તો લુહારને લઇ ગયો પેલા પહાડ ઉપર. ઝાડનો કાપ બતાવ્યો—પથ્થરનો ઘા બતાવ્યો. પછી બંને પાછા ફર્યા. લુહારે તો પેલો પથ્થર લઇ લીધો પોતાની સાથે.

બીજે દહાડે પેલા પરોપકારી લુહારે માર્યો હોય તો બે ફાચરા કરી નાખે તેવો નવો નકોર કુહાડો તૈયાર કરી કઠિયારાને આપ્યો.

લુહારે તો કુહાડો જોતાં જ જાણી લીધું હતું કે એ કુહાડો પિત્તળનો નહોતો થયો. ખાસ્સો સોનાનો બની ગયો હતો. પથ્થર સાથે વાગવાથી લોઢાનો કુહાડો સોનાનો બન્યો હતો. એ પથ્થર બીજો કોઇ નહોતો પણ એ હતો પારસમણિ. પથ્થર એ જેને અડકે તેનું સોનું બની જાય.

લુહારે કઠિયારાની મદદથી 'પારસમણિ' પોતાને ઘેર લઇ લીધો. પછી એ તો રોજ રોજ લોઢાને અડકાડે અને લોઢાનું સોનું બનાવે ધીમે ધીમે લુહાર તો ખૂબ પૈસાદાર બની ગયો. એણે તો મોટો મહેલ બંધાવ્યો. નોકર ને ચાકર રાખ્યા. ઢાલ, તરવાર ને બંદૂકો રાખી સિપાઇ ને સંત્રી રાખ્યા. હજારો રૂપિયાનો ખર્ચ રાખ્યો.

ધાતુને અડકે તે સોનું બની જાય. એવા કિમિયાગરને પૈસાની શી ખોટ!

સોનું બનાવવું અને એને સચવી રાખવું, એ પણ એક પીડા થઈ પડી. હવે લુહારભાઈને વિચાર થઈ પડ્યો:–કરવું શું?

પેલા જંગલને ખૂણે જે પહાડ હતો તેનું નામ માંડવગઢ. માંડવગઢને હતું ઊંચું શિખર. એ શિખર ઉપર પેલા લુહારે બાંધ્યો એક મહેલ. એની ચોગમ ચણાવ્યો કિલ્લો.

રોજના ચાલીસ ચાલીસ હજાર માણસો કામ કરે. એ કામ તો ચાલ્યું ત્રીસ વર્ષ સુધી. માંડવગઢનો કિલ્લો અજેય તૈયાર થઈ ગયો.

માંડવગઢ જેવો એ જમાનામાં બીજો એકેય ગઢ નહોતો—એકેય કિલ્લો નહોતો.

એ કિલ્લાને એક ખૂણે એક મસ્જિદ ચણાવેલી. એ મસ્જિદની ચોગમ હતા એક હજાર તો ગોખલા. પહાડની નીચેથી ઉપર ચઢવાને પચાસ હજાર તો સીડીઓ ચણાવેલી. માંડવગઢ મુસલમાન બાદશાહોના જમાનામાં માળવાની રાજધાની હતું.

લુહારભાઈએ ત્યાં એક નાનું સરખું રાજ્ય સ્થાપ્યું. માંડવગઢનું રાજ્ય પગપાળા ફરતાં એક મહિનો લાગે.




બુરાનપુર નામે એક મુસલમાની રાજ્ય એ રાજ્યના સુલતાને પોતાના શાહજાદા માટે માંડવગઢના લુહારભાઈની દીકરીનું માગું કર્યું. સુલતાનના આ માગાથી લુહારભાઈ રાજી રાજી થઈ ગયા.

લુહારની કુંવરીનું બુરાનપુરના શાહજાદા સાથે લગ્ન કરવાનું નક્કી ઠર્યું—પરણાવી પણ ખરી.

લુહારભાઈને આ એની એક દીકરી હતી. દીકરી ઉપર એને ભારે વહાલ હતું. કુંવરીને સાસરે વળાવી ત્યારે કરિયાવરમાં ઝાઝી માલમિલકત ન આપી. આપ્યો ફક્ત પેલા પારસમણિ પથ્થરનો એક ટુકડો. એ ટુકડો એક મેલાઘેલા થેલામાં બાંધીને આપ્યો. અને કુંવરીને કહ્યું: "બેટા! હું તને સાસરવાસામાં આ પથ્થરનો ટુકડો આપું છું. એ ભારે કિંમતી છે. એનું જીવની પેઠે જતન કરજે. હજારો–લાખો રૂપિયા કરતાં એ વધારે કિંમતી છે."

બુરાનપુર જતાં રસ્તામાં નર્મદા નદી આવે. એ નદીકાંઠે અમીર–ઉમરાવો સાથે સુલતાન સામે લેવા આવેલો. એણે દીકરાની વહુને સાસરવાસા સાથે

તાર: CLIENTELE Bombay
ફોન: ૨૮૭૪૬

# એમ. એ. દેસાઈની કંપની

૧૦૬, મેડાઝ સ્ટ્રીટ,
કોટ......મુંબઈ ૧

નોર્વે, સ્વીડન, ઈગ્લાંડ,
અને અમેરિકાના ઉત્પાદકો
સાથે અમે સીધો
સંપર્ક ધરાવીએ છીએ

## મશીનરી:

ચેન્ડલર પ્રાઈસના ટ્રેડલો, મીલીનાં સીલીન્ડર
મેક મશીન, કટીંગ મશીન, નંબરીંગ
મશીન, રૂલીંગ મશીન વિ.

"વીકટર"
બ્રાંડ રોલર
કમ્પોઝીશન
શીયાળામાં
શ્રેષ્ઠ સાબિત
થયું છે

૧૦
રતલી ટીનમાં
મળી
શકશે

## કાગળ:

ન્યુઝપ્રીન્ટ, પ્રિન્ટીંગ પેપર, ક્રાફ્ટ,
સ્ટ્રોબોર્ડ, બેંકપેપર, આર્ટ પેપર, બોક્ષ
બોર્ડ, ટીસ્યુ તેમજ સલ્ફાઈટ પેપર

## શાહી:

અંગ્રેજી તેમજ અમેરિકન બનાવટની
લીથો, ઓફસેટ લેટરપ્રેસ
શાહી દરેક રંગોમાં મળશે

## અમારી શુભેચ્છા

બહારગામના
ઓર્ડરો
ઉપર
ખુસુસ
ધ્યાન અપાય છે

અમારા અસંખ્ય ગ્રાહકો, શુભેચ્છકો અને
સ્નેહીઓને અમે દિવાળીની શુભેચ્છા પાઠવીએ
છીએ અને નવું વર્ષ સુખ અને સમૃદ્ધિદાયક
નિવડે એવી પ્રાર્થના કરીએ છીએ.

## દિવાળી મુબારક

અમારા ગ્રાહકો, શેરહોલ્ડરો, શુભેચ્છકો અને સ્નેહીઓને દિવાળી મુબારક તથા નૂતન વર્ષાભિનંદન

## અમારી વિશિષ્ટતા

સર્વોચ્ચ સૂતર નંબર
૪, ૬, ૧૪, ૨/૧૪
ટકાઉ અને અજોડ
ડેડસુતી કાપડ
જે
૨૮", ૪૦", ૩૬" અને
લોંગકલોથ ૫૦" ને ૬૪"
પનામાં મળશે.

નીચેની સંસ્થાના કાપડ સૂતરનો આગ્રહ રાખો

મેસર્સ ચૈતન્યકુમાર મંગળદાસ એન્ડ કું.
મેનેજીંગ એજન્ટસ:

શ્રી

# દિગ્વીજયસિંહજી સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ લી.

જામનગર (સૌરાષ્ટ્ર)

ટેલીગ્રામ:
'DIGMILL'
જામનગર

ને જોઇ. એના ગુસ્સાનો પાર ન રહ્યો. "કંઇ આપ્યું નહિ? ભિખારવો ?......"

સસરાનો ગુસ્સો જાણીને લુહાર કુંવરીએ સસરાને કહ્યું: "આમ ગુસ્સે ન થશો. મારા પિતાએ અમૂલ્ય રત્ન આપ્યું છે, જુઓ આ રહ્યું એ."

સુલતાને પેલી ખોલી જોઇ. "પથ્થર"...એ વધારે ગુસ્સાથી બોલ્યો : "પથરો? આ પથરાને હું શું કરું?" એટલું બોલી ગુસ્સામાં ને ગુસ્સામાં એણે પેલે પારસમણિ પથ્થર નદીમાં ફેંકી દીધો. અને લુહાર પુત્રીને પાછી મોકલી દીધી એને પિયર–માંડવગઢ

પુત્રીને આવી રીતે અપમાનિત કરીને પાછી મોકલી, એ જાણીને લુહારભાઇએ સુલતાનને એક ચિઠ્ઠી લખી મોકલી: "આપ ખરેખર મૂર્ખના સરદાર છો. કુંવરી સાથે મેં જે પથ્થર મોકલ્યો હતો, એની કિંમત આ દુનિયામાં થઇ શકે એમ નથી. એ તો હતે "પારસમણિ પથ્થર." લોઢાનો સ્પર્શ થતાં, લોઢાનું સોનું બનાવી દે. તમારા જેવા અવિચારી સુલતાનના શાહજાદા સાથે મારી દીકરીને પરણાવવામાં મેં ભારે મૂર્ખાઇ કરેલી. મારી દીકરીને પાછી મોકલી છે એ જાણીને મને ઘણો આનંદ થયો છે."

ચિઠ્ઠી વાંચતાં જ સુલતાનના પસ્તાવાનો પાર ન રહ્યો. એણે ગામેગામથી તારાઓને શોધી કાઢ્યા. જે કોઇ નદીમાંથી પેલા પારસમણિ પથ્થરને શોધી આપશે, તેને ભારે ઇનામ આપવામાં આવશે એમ જાહેર કર્યું. તરનારા તારાઓએ નર્મદા નદીનાં પાણી ડહોળી નાંખ્યા, પણ ગયેલ પારસમણિ પાછો ન મળ્યો તે ન જ મળ્યો. કેટલાંય વર્ષ વીતી ગયાં.

બાદશાહ અકબરે બુરાનપુર ઉપર ચડાઇ કરી. એના હાથીઓમાં એક હાથી હતો ગાંડો. એના પગે લોખંડી મોટી મોટી ભારે ભારે સાંકળો નાંખેલી. એ હાથી નર્મદા પાર જતો હતો. નર્મદાનું વહેણ થોડું હતું. ગાંડો હાથી સામી પારે જતાં એના પગની સાંકળો સોનાની થઇ ગઇ. બાદશાહ અકબરે પારસમણિ પથ્થરની શોધ કરાવી. પણ, પત્તો ન લાગ્યો.

માંડવગઢનો અજીત મનાતો કિલ્લો બાદશાહ અકબરે ૭ મહિના સુધી લાગલાગટ હલ્લા કરીને પરાણે જીત્યો–ખંડિયેર બનાવી દીધો.]



રજી. નં. ૧૨૩૪૭

સ્થાપના ૧૯૨૮

# સંતોષ કુકર

વખત, મહેનત અને પૈસા બચાવે છે.

**સંતોષ કુકર કું.**

૧૧૯ ન્યુ ચર્ની રોડ, મુંબઈ ૪.

એજન્સી અને કેટલોગ માટે લખો

બહારગામના સ્ટોકિસ્ટો :

**અમદાવાદ :** જનતા કોર્પોરેશન રીલીફ રોડ, જેઠાભાઇ શીવચંદ, માણેકચોક.

**નવસારી :** પ્રજાપતિ સ્ટોર્સ, બજારગેટની સામે.

**રાજકોટ** :–ભારત સ્ટોર્સ, લાખાજી-રાજ રોડ.

**વડોદરા** :–પ્રભુદાસ કેશવલાલ, માંડવી પાસે.

**પેટલાદ** :–હસમુખલાલ કંચનલાલ અને મગનલાલ વરજીવન-દાસ, કંસારા બજાર.

**નડિયાદ** :–જેઠાભાઇ પોચાલાલ, કંસારા બજાર.

**સુરત** :–પી. એસ. બાવાઆદમ, કણ-પીઠ, બલુભાઇ મોહનલાલ બરાનપોરી ભાગોળ.

**હુબલી** : ચુનીલાલ એન્ડ બ્રધર્સ, બ્રોડવે.

**સીકંદ્રાબાદ** :–વી. એન. પટેલ બ્રધર્સ એન્ડ કું.

**બેંગલોર** :– કીરન મેટલ હાઉસ, ચીકપેઠ.

**નાગપુર** :–ખરશેદજી દીનશા એન્ડ કું., કામાટી રોડ.

મુંબઇના સ્ટોકીસ્ટો :–

ઇવાન્સ ફ્રેઝર કંપની લી. કોટ,

અલ્લાદીન ધનજી લી. લુહાચાલ,

બ્રીજમલ મુસા ઉમર, મહમદઅલી રોડ કોર્નર,

હુસેનભાઇ લાલજી દેવરાજ, નાગદેવી સ્ટ્રીટ.

ઉપરાંત : —

પાયધુની, કંસારા ચલ, ભૂલેશ્વર કબુતરખાના, દાદર બી. બી. સ્ટેશન પાસેના વાસણના વેપારીઓ.

---

નકામા વાળ

કાઢવાનો જગપ્રસિદ્ધ

# રાજરાણી સાબુ

રજીસ્ટર્ડ નં. ૭૬૦

દરેક જગ્યાએ મળે છે

ટી. પી. લાલ એન્ડ કું. મુંબઇ–૨

---

શુધ્ધ ઘીની મીઠાઇઓ માટે જુનામાં જુની દેશદેશાવરમાં પ્રખ્યાત સહકારી સંસ્થા

ताजगी और तंदुरस्ती

प्रख्यात सहकारी संस्था

गोविंदाश्रम मिठाईवाला लि.

બાળકોને મનભાવતી

# મીઠાઇઓ

# ગોવિંદાશ્રમ મીઠાઇવાલા લી.

જુમામસ્જિદ, મુંબઇ ૨.

ટે. નં. ૭૦૨૮૭

# ★ સારાં ને સસ્તાં લીફાફા વેચનાર ★

દરેક માણસના જીવનમાં એકાદ-તો ઈતિહાસ પડ્યો હોય છે. જે રીતે એ જીવે છે તેની પાછળ આ ઈતિહાસે મોટો ભાગ ભજવ્યો હોય છે. 'મુસ્તફા'ના જીવનની પાછળ પણ થોડોક આવો ઈતિહાસ હતો. એ જાણીને લખી મોકલનાર શ્રી રમણીક મેઘાણીએ બંગાળીમાંથી કેટલાંક સુંદર પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં છે. મોટા થાવ ત્યારે જરૂર વાંચી જજો.

# મુસ્તફા

લેખક: શ્રી. રમણિક મેઘાણી

"લીફાફા જોઈએ શેઠ લીફા..... ફા....! નાના-મોટાં, સાદા રંગીન, સારાં ને સસ્તાં લીફાફા! લીફા ...ફા ....!!" બોલતો એ મારી દુકાન પાસેથી પસાર થતો હતો.

લીફાફાની મારે જરૂર નહોતી છતાં મેં એને બોલાવ્યો. એક તો ઉનાળો અને એમાંયે વળી વૈશાખના બળબળતા બપોર, ઉઘાડા પગ અને ખભે મેલાં ફાળિયામાં વીંટાળેલું ઠીક ઠીક મોટું એવું પોટલું. ઉમ્મર માંડ દસ-બાર વર્ષની હશે. ચહેરે સોહામણો ને વાણીએ મીઠો એવો એ મુસ્તફા જોતાં જ મમતા ઉપજે એવો હતો. એની પાસેથી મેં થોડાંક કવર ખરીદ્યાં. એ પછી એણે મને પૂછ્યું. "શેઠ, અહીં ક્યાંય પીયાવો છે? બહુ પ્યાસ લાગી છે!" મેં ઉલેચણાં વડે એને પાણી પાયું. પાણી પી એણે મોટી હા'શ કરી. પછી અમે વાતોએ ચડયાં.

આજે આઠ વર્ષ પછીયે એને હું નથી ભૂલ્યો. એણે કરેલી એનાં મા-બાપની, એના મોસાળની, એનાં ખેતર-ગાડરની અને એનાં જીવનની દિશા બદલી નાખનાર પેલા કરૂણ મંગળ પ્રસંગની વાત પણ હજુ કાલે જ સાંભળી હોય એટલી તાજી લાગે છે. આજે તમને એ વાત જ કહેવી છે.

બિહારના કોક ગામડામાં પોતાના પિતા સાથે એ રહેતો. મા તો નાનપણમાં જ આ દુનિયા છોડી ગઈ હતી. એના પિતા પણ ત્યારે મોટી ઉમ્મરના નહિ. છતાં મુસ્તફાને નવી મા આવે એ એને ગમતું નહિ.

માતા, પિતાની હાજરીમાં તો એને સારી રીતે રાખતી પણ પિતા ગેરહાજર હોય ત્યારે બધો બદલો વાળી લેતી. રોજેરોજના કજિયા કંકાસથી કંટાળી નાનો મુસ્તફા એક દિવસ ભાગીને પગપાળો નજીકના ગામમાં પોતાને મોસાળ ગયો. મોસાળમાં નાનાને ત્યાં ખેતર હતા અને વધારામાં ગામના મુખી તરફથી રખડતા ઢોરને ડબ્બામાં પૂરવાનો ઇજારો હતો.

નાના મુસ્તફાને મોસાળમાં ખાવું, પીવું

રજીસ્ટર્ડ નં. ૧૨૩૪૭

ટ્રેડમાર્ક ૧૯૨૮

# સંતોષ કુકર

વખત, મહેનત અને પૈસા બચાવે છે.

સંતોષ કુકર કું.

૧૧૦ ન્યુ ચર્ની રોડ, મુંબઈ ૪

એજન્સી અને કેટલોગ માટે લખો

મુંબઈના સ્ટોકીસ્ટો :—

ઈવાન્સ ફ્રેઝર કંપની લી. કોટ,

અલ્લાદીન ધનજી લી. લુહારચાલ,

ભીજમલ મુસા ઉમર, મહમદઅલી રોડ કોર્નર,

હુસેનભાઈ લાલજી દેવરાજ, નાગદેવી સ્ટ્રીટ.

ઉપરાંત :—

પાયધુની, કંસારા ચલ, ભૂલેશ્વર કબુતરખાના, દાદર બી. બી. સ્ટેશન પાસેના વાસણના વેપારીઓ

બહારગામના સ્ટોકિસ્ટો :—

અમદાવાદ : જનતા કોર્પોરેશન રીલીફરોડ, જેઠાભાઈ શીવચંદ, માણેકચોક.

નવસારી : પ્રજાપતિ સ્ટોર્સ, બજારગેટની સામે.

રાજકોટ :—ભારત સ્ટોર્સ, લાખાજી-રાજ રોડ.

વડોદરા :—પ્રભુદાસ કેશવલાલ, માંડવી પાસે.

પેટલાદ :—હસમુખલાલ કચેનલાલ અને મગનલાલ વરજીવનદાસ, કંસારા બજાર.

નડિયાદ :—જેઠાભાઈ પોચાલાલ, કંસારા બજાર.

સુરત :—પી. એસ. બાવાઆદમ, કણપીઠ, બલુભાઈ મોહનલાલ બરાનપોરી ભાગોળ.

હુબલી : ચુનીલાલ એન્ડ બ્રધર્સ, બ્રોડવે.

સીકંદ્રાબાદ :—વી. એન. પટેલ બ્રધર્સ એન્ડ કું.

બેંગલોર :— કીરન મેટલ હાઉસ, ચીકપેઠ.

નાગપુર :—ખરશેદજી દીનશા એન્ડ કું., કામાટી રોડ.

નકામા વાળ

કાઢવાનો જગપ્રસિધ્ધ

# રાજરાણી સાબુ

રજીસ્ટર્ડ નં. ૯૯૦

દરેક જગ્યાએ મળે છે

ટી. પી. લાલ એન્ડ કું. મુંબઈ—૨

શુધ્ધ ઘીની મીઠાઈઓ માટે જુનામાં જુની દેશદેશાવરમાં પ્રખ્યાત સહકારી સંસ્થા

બાળકોને મનભાવતી

# મીઠાઈઓ

# ગોવિંદાશ્રમ મીઠાઈવાલા લી.

જુમામસ્જિદ, મુંબઈ ૨

ટે. નં. ૩૦૨૮૭

# ★ સારાં ને સસ્તાં લીફાફા વેચનાર ★

દરેક માણસના જીવનમાં એકાદ એવો ઇતિહાસ પડ્યો હોય છે. જે રીતે એ જીવે છે તેની પાછળ આ ઇતિહાસે મોટો ભાગ ભજવ્યો હોય છે. 'મુસ્તફા'ના જીવનની પાછળ પણ થોડોક આવો ઇતિહાસ હતો. એ જાણીને લખી મોકલનાર શ્રી રમણીક મેઘાણીએ બંગાળીમાંથી કેટલાંક સુંદર પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં છે. મોટા થાવ ત્યારે જરૂર વાંચી જજો.

લેખક: શ્રી. રમણિક મેઘાણી

"લીફાફા જોઇએ શેઠ લીફા.....ફા....! નાના–મોટાં, સાદા રંગીન, સારાં ને સસ્તાં લીફાફા! લીફા...ફા....!!" બોલતો એ મારી દુકાન પાસેથી પસાર થતો હતો.

લીફાફાની મારે જરૂર નહોતી છતાં મેં એને બોલાવ્યો. એક તો ઉનાળો અને એમાંયે વળી વૈશાખના બળબળતા બપોર, ઉઘાડા પગ અને ખભે મેલાં ફાળિયામાં વીંટાળેલું ઠીક ઠીક મોટું એવું પોટલું. ઉમ્મર માંડ દસ–બાર વર્ષની હશે. ચહેરે સોહામણો ને વાણીએ મીઠો એવો એ મુસ્તફા જોતાં જ મમતા ઉપજે એવો હતો. એની પાસેથી મેં થોડાંક કવર ખરીદ્યાં. એ પછી એણે મને પૂછ્યું. "શેઠ, અહીં ક્યાંય પીયાવો છે? બહુ પ્યાસ લાગી છે!" મેં ઉલેચણું વડે એને પાણી પાયું. પાણી પી એણે મોટી હાશ કરી. પછી અમે વાતોએ ચડયાં.

આજે આઠ વર્ષ પછીયે એને હું નથી ભૂલ્યો. એણે કરેલી એનાં મા–બાપની, એના મોસાળની, એનાં ખેતર–ગોડરની અને એનાં જીવનની દિશા બદલી નાખનાર પેલા કરૂણ મંગળ પ્રસંગની વાત પણ હજુ કાલે જ સાંભળી હોય એટલી તાજી લાગે છે. આજે તમને એ વાત જ કહેવી છે.

બિહારના ઠોક ગામડામાં પોતાના પિતા સાથે એ રહેતો. મા તો નાનપણમાં જ આ દુનિયા છોડી ગઇ હતી. એના પિતા પણ ત્યારે મોટી ઉમ્મરના નહિ. છતાં મુસ્તફાને નવી મા આવે એ એને ગમતું નહિ.

માતા, પિતાની હાજરીમાં તો એને સારી રીતે રાખતી પણ પિતા ગેરહાજર હોય ત્યારે બધો બદલો વાળી લેતી. રોજેરોજના કજિયા કંકાસથી કંટાળી નાનો મુસ્તફા એક દિવસ ભાગીને પગપાળો નજીકના ગામમાં પોતાને મોસાળ ગયો. મોસાળમાં નાનાને ત્યાં ખેતર હતા અને વધારામાં ગામના મુખી તરફથી રજળતા ઢોરને ઢબ્બામાં પૂરવાનો ઇજારો હતો.

નાના મુસ્તફાને મોસાળમાં આવું, પીવું

રજી. નં. ૧૨૫૭

સ્થાપના ૧૯૨૮

# સંતોષ કૂકર

વખત, મહેનત અને પૈસા બચાવે છે.

સંતોષ કૂકર કં.

૨૧૦ ન્યુ ચર્ની રોડ, મુંબઈ ૪

એજન્સી અને કેટલોગ માટે લખો

**બહારગામના સ્ટોકિસ્ટો :**

**અમદાવાદ :** જનતા કોર્પોરેશન રીલીફરોડ, જેઠાભાઇ શીવચંદ, માણેકચોક.

**નવસારી :** પ્રજાપતિ સ્ટોર્સ, બજારગેટની સામે.

**રાજકોટ :**–ભારત સ્ટોર્સ, લાખાજી-રાજ રોડ.

**વડોદરા :**–પ્રભુદાસ કેશવલાલ, માંડવી પાસે.

**પેટલાદ :**–હસમુખલાલ કંચનલાલ અને મગનલાલ વરજીવનદાસ, કંસારા બજાર.

**નડિયાદ :**–જેઠાભાઇ પોચાલાલ, કંસારા બજાર.

**સુરત :**–પી. એસ. બાવાઆદમ, કણ-પીઠ, બલુભાઇ મોહનલાલ બરાનપોરી ભાગોળ.

**હુબલી :** ચુનીલાલ એન્ડ બ્રધર્સ, બ્રોડવે.

**સીકંદ્રાબાદ :**–વી. એન. પટેલ બ્રધર્સ એન્ડ કું.

**બેંગલોર :**– કીરન મેટલ હાઉસ, ચીકપેઠ.

**નાગપુર :**–ખરશેદજી દીનશા એન્ડ કું., કામાટી રોડ.

**મુંબઇના સ્ટોકીસ્ટો :–**

ઇવાન્સ ફ્રેઝર કંપની લી. કોટ,

અલ્લાદીન ધનજી લી. લુહારચાલ,

બીજમલ મુસા ઉમર, મહમદઅલી રોડ કોર્નર,

હુસેનભાઇ લાલજી દેવરાજ, નાગદેવી સ્ટ્રીટ.

ઉપરાંત :—

પાયધુની, કંસારા ચલ, ભૂલેશ્વર કબુતરખાના, દાદર બી. બી. સ્ટેશન પાસેના વાસણના વેપારીઓ

---

નકામા વાળ

કાઢવાનો જગપ્રસિદ્ધ

# રાજરાણી સાબુ

રજીસ્ટર્ડ નં ૭૯૦

દરેક જગ્યાએ મળે છે

ટી. પી. લાલ એન્ડ કું. મુંબઇ–૨

---

શુદ્ધ ઘીની મીઠાઇઓ માટે જુનામાં જુની દેશદેશાવરમાં પ્રખ્યાત સહકારી સંસ્થા



બાળકોને મનભાવતી

# મીઠાઇઓ

# ગોવિંદાશ્રમ મીઠાઇવાલા લી.

જુમામસ્જિદ, મુંબઇ ૨

ર. નં. ૩૦૨૯૭

# ★ સારાં ને સસ્તાં લીફાફા વેચનાર ☆

દરેક માણસના જીવનમાં ઓછેવત્તે ઇતિહાસ પડ્યો હોય છે. જે રીતે એ જીવે છે તેની પાછળ આ ઇતિહાસે મોટો ભાગ ભજવ્યો હોય છે. 'મુસ્તફા'ના જીવનની પાછળ પણ થોડોક આવો ઇતિહાસ હતો એ જાણીને લખી મોકલનાર શ્રી રમણીક મેઘાણીએ બંગાળીમાંથી કેટલાંક સુંદર પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં છે મોટા થાવ ત્યારે જરૂર વાંચી જજો.

"લી ફા ફા જોઇએ શેઠ લીફા..... ફા....! નાના-મોટાં, સાદા રંગીન, સારાં ને સસ્તાં લીફાફા ! લીફા ...ફા ....! !" બોલતો એ મારી દુકાન પાસેથી પસાર થતો હતો.

લીફાફાની મારે જરૂર નહોતી છતાં મેં એને બોલાવ્યો. એક તો ઉનાળો અને એમાં યે વળી વૈશાખના બળબળતા બપોર, ઉઘાડા પગ અને ખભ્ભે મેલાં ફાળિયામાં વીંટાળેલું ઠીક ઠીક મોટું એવું પોટલું. ઉમ્મર માંડ દસ-બાર, વર્ષની હશે. ચહેરે સોહામણો ને વાણીએ મીઠો એવો એ મુસ્તફા જોતાં જ મમતા ઉપજે એવો હતો. એની પાસેથી મેં થોડાંક કવર ખરીદ્યાં. એ પછી એણે મને પૂછ્યું. "શેઠ, અહીં કયાંય પીયાવો છે ? બહુ પ્યાસ લાગી છે!" મેં ઉલેચણું વડે એને પાણી પાયું. પાણી પી એણે મોટી હાંશ કરી. પછી અમે વાતોએ ચડયાં.

આજે આઠ વર્ષ પછીયે એને હું નથી ભૂલ્યો. એણે કરેલી એનાં મા-બાપની, એના મોસાળની, એનાં ખેતર-ગાડરની અને એનાં જીવનની દિશા બદલી નાખનાર પેલા કરૂણ મંગળ પ્રસંગની વાત પણ હજુ કાલે જ સાંભળી હોય એટલી તાજી લાગે છે. આજે તમને એ વાત જ કહેવી છે.

ઝિડૂરના કોક ગામડામાં પોતાના પિતા સાથે એ રહેતો. મા તો નાનપણમાં જ આ દુનિયા છોડી ગઇ હતી. એના પિતા પણ ત્યારે મોટી ઉમ્મરના નહિ. છતાં મુસ્તફાને નવી મા આવે એ એને ગમતું નહિ.

માતા, પિતાની હાજરીમાં તો એને સારી રીતે રાખતી પણ પિતા ગેરહાજર હોય ત્યારે બધો બદલો વાળી લેતી. રોજેરોજના કજિયા કંકાસથી કંટાળી નાનો મુસ્તફા એક દિવસ ભાગીને પગપાળો નજીકના ગામમાં પોતાને મોસાળ ગયો. મોસાળમાં નાનાને ત્યાં ખેતર હતા અને વધારામાં ગામના મુખી તરફથી રજળતા ઢોરને ડબ્બામાં પૂરવાનો ઇજારો હતો.

નાના મુસ્તફાને મોસાળમાં ખાવું, પીવું

ને ખેલવું સિવાય બીજું કંઇ કામ નહોતું. તેમ નવી મા જેવા કરડા સ્વભાવનું પણ કોઇ નહોતું એટલે ખૂબ મઝા આવી ગઇ. વરસેક દિવસ ગયા પછી નાનાએ મુસ્તફાને કહ્યું કે હવે તું ઢોરને ડબ્બામાં પૂરવાનું કામ તો કરી શકીશ કેમ? મુસ્તફાએ જવાબમાં તરત હા પાડી અને ત્યારથી એ એનું કામ થયું–એને પોતાને પણ થયું કે નાનાને હું કામ આપું છું અને એ વિચારે એનાં જીવનમાં નવો રંગ પણ આવ્યો.

પણ થોડાક સમય પછી એ કામમાં નાનો મુસ્તફા પોતાનું મન કહે તેમ કરવા લાગ્યો. ઘણી યે વાર નાનાં નાનાં ગોવાળબાળ એને પોતાની બકરી કે ગાય છોડી મૂકવા આજીજી કરતા અને મુસ્તફા એને છોડી પણ મૂકતો. આવી વાતની ખબર નાનાને પડતી અને ત્યારે નાનાઓ મુસ્તફાને સમજાવીને કહેતા કે આ તો ઇજારાની વાત છે. દંડ લીધા વિના ઢોરને છોડી દઇએ એ બરાબર નહિં અને મુસ્તફા માથું નીચું નમાવી 'હું'કાર ભણી, જાણે કે નાનાની વાતને સ્વીકારતો.

પણ તેમ છતાં મુસ્તફાની રીતમાં ખાસ ફેર પડતો નહિ. વળી એક દિવસ એક ગરીબ ગોવાળની ગાય ડબ્બામાં પુરાઇ. ગોવાળ બાળ મુસ્તફા પાસે આવી કરગરવા લાગ્યો. મારી ગફલતને લીધે એ ડબ્બામાં પુરાઇ છે. ગાય વિના જઇશ તો શેઠ નોકરીમાંથી રજા આપી દેશે. હું ને મારી મા હેરાન થઇ જઇશું. વધુ નહિ આ એકવાર મોરી ગાયને છોડી દે. ભગવાન તારૂં ભલું કરશે." અને એણે એની ગાયને છોડી મૂકી.

પણ કોણ જાણે કેમ 'નાના' આ કારણે મુસ્તફા પર ખૂબ જ રોષે ભરાયા. કદીયે હાથ ન ઉપાડનાર નાનાએ તે દિવસે મુસ્તફાને બે તમાચા ચોડી દીધા. અને તે પછી થોડાક જ દિવસમાં નાનો મુસ્તફા કોઇને ખબર ન પડે તેમ એક રાત્રે બે ગાઉ દૂરના સ્ટેશને જઇ ત્યાંથી પસાર થતી ગાડીમાં ચડી બેઠો. ગાડી કઇ તરફથી આવે છે ને કઇ તરફ જાય છે એની કશીયે ચિન્તા વિના એ તેમાં ચડી બેઠો હતો. મેં એને જયારે આ વિષે પૂછયું ત્યારે એણે કહ્યું કે "ત્યારે મારે કયાંક ભાગી જવું હતું. મોસાળમાં બધું સારૂં હતું, પણ મનમાં દયા આવે છતાં કંઇ કરી ન શકાય એ મને નહોતું ગમતું. અને મોસાળ રહેવું હોય તો રોજેરોજ મનને અણગમતું એ કામ મારે કરવું પડે તેમ હતું. અને એટલે જ કંઇ વિચાર વિના આવી એ ગાડીમાં બેસી ગયો.

વળતી સવારે ગાડી હાવરા આવીને ઊભી રહી. રસ્તામાં કોઇ ટિકિટવાળાએ મને ખાસ હેરાન ન કર્યો. એક મુસાફરે અજાણ્યા પણ બાળક તરીકે મને થોડુંક ખાવાનું આપ્યું. અને વળતી સવારે ગાડી કલકત્તા આવીને ઊભી રહી ત્યારે પણ એણે જ મને પૂછયું કે તારે કયાં જવું છે. મેં કહ્યું ખબર નથી. કયાંક કામ મળી જાય ત્યાં જવું છે–અને એમણે મને સાથે લીધો.

એની સાથે એને ત્યાં જતાં ખબર પડી કે એનું નામ ભોલામિંયા હતું. એ એક સારા દફતરી હતા. એમને ત્યાં વીસ પચ્ચીસ માણસો કામ કરતા. મશીનથી પરબીડિયા માટેના કાગળ કાપી હાથે ગુંદર ચોંટાડી તેઓ એ તૈયાર કરતા. કવર પર ગુંદર લગાડવાનું કામ મને ગમી ગયું. દિવસે હું કામ કરતો ને રાત્રે પાસેના મદ્રેસામાં જઇને ભણતો. મને મળેલા કામને કારણે મને ભણવું વધુ ગમતું. અને થોડા વખતમાં તો મને ઠીક ઠીક હિસાબ-કિતાબ આવડી ગયાં.

અને આખરે એક દિવસ સાંજે અમારા માલિક ભોલામિયાંએ મને કહ્યું કે "મુસ્તફા હવે તો તું હિસાબ કિતાબ બરાબર કરી શકે છે. એટલે કાલથી તું સલીમ મિયાં સાથે ફેરીએ જતો રહેજે. તારો પગાર પણ થોડોક વધારી દઇશું અને વેચાણ ઉપર પણ થોડુંક કમિશન આપીશું. તું બરાબર ધ્યાન આપીશ તો ફેરીમાં સારૂં કમાઇ શકીશ." ત્યારથી આ

ફેરી કરું છું. બે મહિનાથી દર મહિને પંદર રૂપિયા બાપાને અને પાંચ રૂપિયા મારા નાનાને મોકલું છું.

"પણ તને તારા બાપા ને તારા નાના ઉપર રોષ નથી ચડતો? તું શા માટે પૈસા મોકલે છે?" મેં એને વચ્ચે જ અટકાવીને પૂછ્યું.

નહિ બાપુ! બાપા બિચારા શું કરે? એ લાચાર હતા. અને એમાં નવી માનો પણ શું દોષ? એ તો બિચારી પહેલી જ વાર પરણી હતી. બીજી વાર તો પરણ્યા હતા બાપા. અને મારા નાના, મારી ઉપર એના ઘણા ઉપકારો છે. આજે તો બાપા અને નાના બેઉ માટે મને લાગી આવે છે. મને ખૂબ બોલાવે છે પણ હું જ જતો નથી, હું અહીં મઝાનો છું, તેઓ ત્યાં મઝામાં છે–બધું બરાબર છે.

"શેઠ, ઓળખો છો?"

શબ્દો કાને અથડાયા ને મેં ચોપડીમાંથી માથું ઉંચું કરી સામે જોયું તો અઢારેક વર્ષનો એક યુવાન મારી સામે ઊભો ઊભો ધીમું ધીમું હસતો હતો. થોડીવાર એની સામે જોઇ રહીને મેં કહ્યું "તારું નામ તો મુસ્તફાને!

"હવે મેં કારખાનું કર્યું છે. આજે આ બાજુથી નીકળ્યો એટલે થયું કે તમને મળતો જાઉં. એણે મિઠાશથી ઉત્તર આપ્યો અને થોડીવાર પછી પોતાનું ઠેકાણું જણાવી કામ હોય તો કહેવરાવજો કહી મને રામરામ કરી એ ચાલ્યો ગયો.

એ તો ચાલ્યો ગયો. પણ મને આઠ વર્ષ પહેલાં એને સૌ પ્રથમ જોયેલો, એ દિવસ યાદ આવી ગયો. વૈશાખના બળબળતા એક બપોરે એ મારી દુકાન પાસેથી પસાર થતો હતો. પગ એના ઉઘાડા હતા અને બગલે જૂના ધોતિયામાં વીંટાળેલું એક બંડલ હતું. વચ્ચે વચ્ચે એ બોલતો જતો હતો "લીફાફા લેજો શેઠ લીફાફા! નાના મોટા, ધોળાં–રંગીન, સારાં ને સસ્તાં લીફાફા લેજો શેઠ લીફાફા!!

## ◆ ચાલો સરકસનો વિદુષક ચિતરીએ ◆




નં. ૧ માં બતાવ્યા પ્રમાણે મોટું ગોળ, નાનું ગોળ અને વચ્ચે લંબ ચોરસ પછી નં. ૨ માં બતાવ્યા પ્રમાણે હાથ, પગ વગેરે અને છેવટે નં. ૩ માં બતાવ્યા પ્રમાણે ઢબ ટપકાંથી ઝગમગતી ટોપી આંખ, નાક વગેરે કરીને રોકતો વિદુષક બનાવો.

[ ચિત્રકાર : શ્રી. મનહર શાહ ]

## દિવાળીના અભિનંદન

વા પ રો

**ઓમ્બે ટી સપ્લાઈંગ કું.**

૧૩, એશ લેન, પોર્ટુગીઝ ચર્ચ રોડ,
દાદર, મુંબઇ, ૨૮



## બંધ માસિક ચાલુ

કોઇ પણ કારણથી બંધ પડી ગયેલા માસિક અટકાવને ફરીથી તુરત જ ચાલુ કરી માસિકની અનિયમિતતા દુર કરે છે. બાટલી ૧ ની કિં. રૂા. ૧૦, રૂા. ૨૦ અને રૂા. ૪૦ છે. સુચીપત્ર મફત મંગાવો.

**જોન્શ એન્ડ કું.**

ગાંધી રોડ, અમદાવાદ

અમારી દવાઓના મુંબઇના સ્ટોકીસ્ટો:—

**એમ. મોતીલાલ મસાલાવાળા**

ભુલેશ્વર, તારદેવ, ગ્રાંટરોડ – મુંબઇ.

**એમ. નાનાલાલ સોપારીવાળા**

ભુલેશ્વર, કબુતરખાના, મુંબઇ.



## ખુશ ખબર

ઘણાં વરસે જમકુબ્હેનના ઘરે પારણું બંધાણું ને કંદોરાબંધ દીકરો અવતર્યો. આ ખુશાલીમાં જમકુબેને આપણી ચાલીનાં મહિલા-મંડળને ચા પાર્ટી આપી.

પાર્ટીમાં શું પીરસ્યું.
તે તમો જાણો છો?

— પ્રખ્યાત —

# શ્રી મહાલક્ષ્મી હિંદુ હોટલ

ની ગરમાગરમ કેસરી જલેબી, ગાંઠીયા, બુંદી, બારીક સેવ, ખમણ, પાત્રા, બટાટા-વડા, દહીં વડા, ટેસ્ટફુલ પાપડ, આઠ જાતનાં ભજીયાં, વેફર બધું પીરસી રહ્યા બાદ ચંપા બહેન બોલ્યાં........

**ચંપાબ્હેન:** ઓ હો–હો–હો...જમકુબ્હેન કેટલી ચીજો લાવ્યાં છો. બહુ મજાની છે. ક્યાંથી લાવ્યાં છો બહેન?

**જમકુબ્હેન:** જુઓને ચંપાબ્હેન ભૂલેશ્વરમાં **શ્રી મહાલક્ષ્મી હિન્દુ હોટલ** છે ત્યાં હંમેશાં દરેક વાનીઓ તાજી બને છે. મને ઘણા ટાઇમનો અનુભવ હોવાથી દરેક ચીજ ત્યાંથી લાવું છું.

**સવિતાબ્હેન:**– ઓ ... દિવાળીબ્હેન ... તમારે ત્યાં શુભ પ્રસંગે મીઠાં મોઢાં કરાવશો ને? ઠેકાણું યાદ રાખો:

બેહદ વખણાયેલી "રાઇસપ્લેટ" પુરબહારમાં ચાલુ છે.

**શ્રી મહાલક્ષ્મી હિન્દુ હોટલ**

૫૪, ભુલેશ્વર.
ફોન નં. ૨૭૯૫૦
માલિક મોહનલાલ અમીચંદ શાહ

# ભીનો રંગ

બીચારી વાદળદેશની પરીની પાંખો ભીના-લીલા રંગ સાથે ચોંટી ગઇ. કુબેરનો ચાકર પણ તેને છોડાવતાં ફસાઇ ગયો. બન્નેને કોણ છોડાવે? એક ગરીબ બાળાએ તેમને આ મુશીબતમાંથી છોડાવ્યા અને તેના આ સારા કામ બદલ બન્નેએ તેની આશા પૂરી કરી. તેના લેખક શ્રી બાબાભાઇ દેદી એક ઉગતા લેખક છે.

◆ લેખક: શ્રી. બાબાભાઇ દેદી ◆

નાની નિલમપરી આજે એક નાનકડા વાદળાં પર બેસી દૂર દૂર ફરવા ગઇ હતી. થોડો થાક લાગતાં તે નીચે ઉતરી. ઓહો! એક લાલચટક, ચકચકિત અને મોટી વસ્તુ તેણે જોઇ. ધીમેધીમે પાસે આવી પોતાની પાંખો વડે તેણે એ વસ્તુને સ્પર્શ કર્યો.... ને....અરેરે....પરીની પાંખ ત્યાં જ સજ્જડ ચોંટી પડી. કારણ કે તે પતરાંની લાલચટક, નવો રંગ મારેલી એક પેટી હતી.

તે ત્યાં જ ચોંટીને બેઠી ... ભીના તાજા રંગની ફોરમથી તેને નાકે દમ આવ્યો ને તે લાલચટક રંગની એવી તો સૂગ ચડી.... પણ શું કરે? એનું કઇ ચાલે તેમ નહોતું. તે બોલી, 'અરે, મને અહીંથી કોઇ છોડાવો ને!'

સામેથી કુબેરનો ચાકર આવતો હતો. ચાકરને જોતાં જ પરીએ બૂમ મારી, 'અરે, મને છોડાવો....ચાકરદાદા! આ ભીનો રંગ જુઓને મને કેવું દુઃખ આપે છે! ઊડાતું યે નથી.'

'અરેરે....આ તેલિયા રંગ બહુ બદમાશ બાઇ.' તે બોલ્યો. પછી તેણે ઝાડની નીચે પડેલી એક ડાળખી મહામહેનતે તે પેટીને અડકાડીને ઊભી કરી અને તે સરસર્ ઉપર ચડવા લાગ્યો. એક બચુકડા પાન પર ઊભા રહીને તેણે હાથવડે પાંખો છોડાવવાનો પ્રયત્ન કર્યો. પણ જેમજેમ તે તેને છોડાવતો જાય, તેમતેમ પાંખો તો વધારે ચીટકતી ગઇ.

પવનની મીઠી લહેરો આવી ને ગઇ—પણ તે મીઠા ધક્કાથી નિલમપરી થોડી જ છૂટવાની હતી?

'વરસાદ પડે તો ઠીક થાય.' તે બોલ્યો. ને ઊંચે જતાં તેણે કહ્યું, 'એકાદી વર્ષાપરીને હું મોકલું છું.' તેણે વાદળોમાં થઇને એક ફેરો માર્યો, પણ કમનસીબે મેઘપરી યે નહોતી ને જલપરી પણ આજે આકાશમાં નહોતી.

સામેથી કાગળ નાખવા આવતી એક ઘરડી ડોસી દેખાઇ. તેમતેમ ચાકર અને નિલમપરીનો જીવ એકદમ ઉછળવા લાગ્યો. કોણ જાણે હવે આ ડોસી આપણને છોડાવશે કે નહીં?

'ફૂલપંખી દેખાય છે. કેવી મજાની જાંબલી પાંખો છે!' તે ડોસી બોલી ને કરચલીઓ પડેલી તેની બે આંગળી થરથર નિલમપરી પાસે આવવા લાગી....બાપડી પરી.... તેના જીવને ગભરામણ થઇ. પણ એટલામાં પવને જોરદાર ઝપાટો મારી ડોસીના હાથમાંના કાગળો રસ્તામાં ઊડાવી દીધા....ને કાગળ લેવા તે દોડી તો તે એકદમ દૂર ઊડી ગયા ને ડોસી લાંબી ફાળો ભરતી અલોપ થઇ ગઇ.

દીવાબત્તી થઇ. તોય નિલમપરીની દશા એની એ જ રહી. એટલામાં એક નાનકડી છોકરી ઉતાવળે આવતી જણાઇ. ઓઢણીનો છેડો ઊંચો લઇ પોલકાંની ફાટેલી બાંયે લપાવતી હાથમાં બે કાગળો પકડી તે દોડતી આવી....પરીએ માત્ર તેની સામે જોયું....તેનો તે કોમળ, પ્રેમાળ ચહેરો જોતાં જ નિલમપરીને ખાત્રી થઇ કે છૂટકો થશે તો આ જ છોકરીને હાથે થશે!

કુંદાએ પરીની સામે જોયું અને કહ્યું, 'ઓહો, આ કોક પરી જ લાગે છે.'

" 'હા, હા! હું નિલમપરી છું....અને કમભાગ્યે અહીં ચીટકી પડી છું,' પરીએ નરમાશભર્યા અવાજે કહ્યું.

'ભીનો તેલિયો રંગ! કેટલો ચીકણો છે બાઇ? પણ થોભ હું, જરા....હમણાં આવું છું સમજી!' તે દોડતી ગઇ ત્યારે નિરાશ થઇ ગઇ. એવામાં તે હાથમાં એક પાણીનું ઠામ અને મોઢું સાફ કરવાનો નાનકડું બ્રશ લઇને આવી. ત્યારે પરીને કેટલો આનંદ થયો? અને ખરે જ, તેની પાંખનો તેલિયો રંગ તે છોકરીએ કેટલી સંભાળથી ધોઇને સાફ કર્યો? તાબડતોબ પરીએ સંકોચાઇ ગયેલી પાંખો પહોળી કરી, ફફડાવી અને તે છોકરીના ખભા પર ઊડીને બેસતાં તેણે કહ્યું: 'કેવી ડાહી છોકરી છે તું! કોને કાગળો તેં આજે મોકલ્યા છે, કહે જોઉં! ગરીબ લાગે છે....તારું પોલકું યે ફાટેલું દેખાય છે.'

હાથમાં બે પત્રો પકડી એક છોકરી દોડતી આવી.

કુંદા બોલી: 'હું ને મારી બા, ઘરમાં બે જ ગરીબ માણસોની જોડી છે. આ એક વાર્તા ઇનામને માટે છોકરીઓના માસિકમાં મેં મોકલી છે. અને પહેલું ઇનામ ૫૦ રૂપિયાનું છે. એ મળશે તો પોલકું ને ઓઢણી બા મને સીવડાવી આપશે. બીજો પત્ર કાકાને વડોદરેથી અહીં આવવા માટે લખ્યો. તે આવે તો અમારી હાલત સુધરશે અને અમે તેમને ઘેર રહેવા જઇશું; કારણ તે બહુ પૈસાવાળા છે....પણ અમારા કાગળના જવાબ જ નથી લખતા, શું કરવું?'

પરી પ્રેમથી બોલી: 'તારા પત્રનો જવાબ આવવો જ જોઇએ: અને તેય સારો જ....અને તારા હાલ સુધરવા જ જોઇએ. કેટલી મીઠી ને દયાળુ છોકરી છે તું...તારા કાકા તને આવીને લઇ જશે હં. મારા શબ્દ ખોટા પડતા નથી.' કુબેરના દાસે હસતાં કહ્યું: 'અને વાર્તાનું પહેલું ઇનામ તને જ મળશે આજના તારા આ સારા કામ બદલ. મારું વચન પણ ખરું પડે છે બેન.'

તાળીઓ પાડતી કુંદા બોલી: "એમ થાય તો કેટલી મજા પડશે?" અને ખરેખર તે બન્ને પત્રોનો એવો જ મીઠો જવાબ આવ્યો. તેના કાકા ખૂબ વસ્તુ લઇ તેને લેવા આવવાના છે અને તે લેખને પણ પહેલું ઇનામ મળ્યું છે.

ભીનો રંગ નિલમપરીને ત્રાસદાયક થયો હશે, પણ ગરીબ કુંદાનું તો તેણે કલ્યાણ કર્યું, ખરું ને? *

---

* મરાઠી પરથી

## આ દિવાળી

આપને સુખ, સમૃદ્ધિ અને
યશ આપે એજ પ્રાથના–

BISCUIT & CHOCOLATE Co. LTD. POONA.

## યાદગીરી.... અને ....સ્મારક

અમોએ જે મારબલ તથા કાંસાની હુબહુ પ્રતિમાઓ (સ્ટેચ્યુઓ) બનાવી છે તેની સફળતા માટે રાજા મહારાજા તથા દેશનેતાઓ તરફથી અમોને સુવર્ણ ચંદ્રકો તથા સર્ટીફીકેટ પ્રાપ્ત થયાં છે. વળી દરેક ધર્મની દેવ તેમજ દેવીઓની મનમોહક મૂર્તિઓ માટે અમારી દુકાનની

જરૂર મુલાકાત લેશો

**નાથાલાલ મૂર્તિવાલા**

પાંજરાપોળ રોડ પોસ્ટ ઓફીસ
ની બાજુમાં મુંબઇ, ૪.

ઉત્તમ બનાવટની

ચરખા તથા મહાલક્ષ્મી **છાપ**

## કાળી શાહી

વિદ્યાર્થીઓ અને વ્યાપારીઓની
માનીતી બની છે

લાલ અને બ્લુ રબર સ્ટેમ્પની
શાહીઓ અમે બનાવીએ છીએ

શર્માની શાહીઓના વેપારી

**શાહીવાળા**

**ત્રીકમલાલ શીવરામ**

| | |
|---|---|
| ૪૫, નારાયણ નિવાસ, કાલેલ ક્રોસ લેન નં. ૩, મુંબઇ–૨ | આગાખાન બિલ્ડીંગ, ૨ જે માળે, ૨૨૦, ફોર્ટ સ્ટ્રીટ, મુંબઇ–૪ |

# 'ગુપ્તા'ની મીઠાઇઓ

બાળકો મીઠાઇને ખાસ આવકાર આપે છે. સ્વાદિસ્ટ 'ગુપ્તા' મીઠાઇઓ, ચોક્ખાઇથી અને ઉત્તમ વસાણાઓ સાથ ખાસ કાળજીથી તૈયાર કરાય છે, કે જેથી તે સંપૂર્ણ સ્વાદિસ્ટ રહેવા સથ તંદુરસ્તી અને આબાદીને વધારે છે.

માગો:—

★ 'ગુપ્તા'ની બદામ પીસ્તા સાથની બરફી
★ 'ગુપ્તા'નાં આઈસ હલવો
★ 'ગુપ્તા'ના કેસરી હલવો
★ 'ગુપ્તા'ના કસ્તુરી હલવો
★ 'ગુપ્તા'ના ના પેંડા...વિગેરે...વિગેરે

પસંદગી અને સ્વાદમાં 'ગુપ્તા'નું નામ બીનહરીફ છે

★ 'ગુપ્તા'ના સાલમ પાક
★ 'ગુપ્તા'ના બદામ પાક
★ 'ગુપ્તા'ના અડદયા પાક
★ 'ગુપ્તા'ના મેથી પાક

ઓર્ડરથી માલ બહારગામ મંગાવનારે ચોક્ખા અક્ષરોમાં નામ ઠેકાણું લખી જણાવવું

## ભાયખલા સ્વીટ મીટ માર્ટ

વીકટોરીયા ગાર્ડનની સામે, ભાયખલા મુંબઇ નં. ૨૭.

## ❖ ❖ ❖ દિવાળીની રંગોળી ❖ ❖ ❖

ચિત્રકાર :] આંગણામાં આવી રંગોળી પૂરજો અને શોભા કરજો [શ્રી. મનહર શાહ




(૧) રશ્મિબાળા હિમચંદભાઇ શાહ, ઉ. વ. ૫, કલકત્તા, (૨) પ્રતિભા સૂર્યકાંત સુરતી, ઉ. વ. ૧, મુંબઇ, (૩) ભારતી રતિલાલ મહેતા, માટુંગા, (૪) સુધા નગીનદાસ ગાંધી, ઉ વ. ૪, ઇન્દોર, (૫) આશા મણિલાલ પટેલ, ઉ. વ. ૬, નૈરોબી, (૬) મુકેશ રમણલાલ દેસાઇ, ઉ. મા. ૭, બોરીવલી, (૭) જયન્તકુમાર ગાંધી, ઉ. વ. ૪, સુરેન્દ્રનગર.

અમારો ચહેરો જુઓ. કેવો હસું હસું થઇ રહ્યો છે. અમે ખૂબ આનંદી છીએ. અમે વાતવાતમાં રીસાતાં નથી, કજિયો કરતાં નથી, રડતાં નથી. અમે સદા હસ્યા જ કરીએ છીએ. અમને સૌ કોઇ વહાલથી બોલાવે છે અને રમાડે છે.



(૮) પારૂલતા હીરાલાલ પટેલ, ઉ. વ. ૭, સુરત, (૯) અરવા ઇબ્રાહીમ ઝાબુઆવાલા, ઉ મા. ૧૦, છોટાઉદેપુર, (૧૦) ધનસુખલાલ મનહરલાલ બદયાદ, ઉ. વ. ૪, રેંડાસ્યા. (૧૧) સરલા નરોત્તમ કાયસ્થ, કચ્છ, (૧૨) શબ્બીર સાદીકઅલી ખાખરીઆવાળા, ઉ વ. ૪, દાહોદ. (૧૩) પિયુષ પુષ્કરરાય રાવળ, ઉ વ. ૨, (૧૪) શોભા વિનાયક ઘાટે, ઉ. વ. ૨, મુંબઇ, (૧૫) કલ્પના યશવન્ત વ્યાસ, ઉ મા. ૭, કંપનુ.

અને હવે અમારો ચહેરો જુઓ. કેવો ગંભીર અને સોગિયો છે. અમને હસતાં નથી આવડતું. આખો દિવસ અમે વાતવાતમાં કજીઓ કરીએ છીએ, રીસાઇ જઇએ છીએ, રડીએ છીએ. અમને કોઈ વહાલથી બોલાવતું નથી કે રમાડતું નથી.

# ❖ ❖ ❖ માડી, તને કાનમાં વાત કહું છાની,

# છાની

માડી, તને કાનમાં વાત કહું છાની,
જોજે હો! કોઇને નહીં કહેવાની.

મારી પથારીએ; ઊગમણી બારીએ,
ચાંદો હસી હસી જાય;
આછી તે વાદળીથી ઊડીને આવતાં,
કો'કનાં મુખ મલકાય.
આંખ તો મધ મધ મીઠી મજાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

ગલગોટા રંગનાં અંગ અંગ ઉપરે,
પાંખો એને પીળી પીળી;
આકાશે સ્હેલવાને આવીને સાદ કરે,
તોફાની છોકરાંની ટોળી.
નટખટ નોતરે કરતા નિશાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

હું રે અબોલ એક એવું ગરીબડો,
આંસુ ન ખોટનાં ખૂટે;
શીળો તે હાથ મારે માથે છવાય ને,
પાંખો ત્યાં નવલી ફૂટે.
મા, એ તો ઊડ ઊડ થાય મસ્તાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

સરસર, ફરફર આનંદે ઊડતી,
પાંખોને મોકળી મેલી;
ગાતાંવાતાં ભાઇ, નાચીકૂદીને કાંઇ,
ઊડીએ રંગ રંગ રેલી.
જોવી મારે ચાંદાની રાજધાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

રાત પડે છે અને પથારીની ઉગમણી બારીએથી ચાંદો હસતો હસતો પોતાને દેશ આવવાને નોતરું આપે છે. પણ ચાંદાને દેશ કેવી રીતે જવાય? ત્યાં તો માથે કોઇનો શીળો હાથ ફરે છે. અને નવલી પાંખો ફૂટે છે. પછી તો ચાંદાને દેશ પહોંચતાં કાંઇ વાર લાગે? પણ ચાંદાના દેશની આવી સફરની વાત તો છાની વાત છે. એ છાની વાત કોઇને ન કહેવાની શરતે એકલી બાને જ કહેવાય! આવી છે આ કવિતા. તેના લેખક શ્રી. મકરન્દ દવેની કવિતા 'રમકડું'ના દરેક અંકમાં તમે હોંશે હોંશે વાંચો છો અને ગાઓ છો. 'તરણાં' નામનો તેમનો કવિતા સંગ્રહ તૈયાર થઇ રહ્યો છે.

# જોજે હો! કોઈને નહીં કહેવાની

# વાત



ઝગમગ ઝગમગ ચાંદાના ચોકમાં,
મોટા તે મ્હેલની અગાસી;
ઊડી ઊડીને અમે ઊતરતાં નીરખ્યાં,
રૂપ રૂપ લોકનાં વાસી.
મા, એની રજ પણ લાગે રૂપાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

કોઇ મને ચૂમે ને કોઇ મને ભેટે,
ને કોઇ મને આપતાં ઉજાણી;
ઝગમગ જ્યોતિનો મુગટ પહેરાવતી,
ચાંદાના દેશની રાણી.
મા, એની મીઠી તે શી મિજબાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

રોકી રોકીને મને હેતે હસાવતાં,
પાછો ન આવવા દેતાં;
કેમ કરી ટપ ટપ મારી તે આંખથી,
આંસુડાં ટપકી રે'તાં.
મા, મને સાંભરે તું જ એક શાની?
માડી, તને કાનમાં વાત કહું છાની.

મારી પથારીએ, ઊગમણી બારીએ,
આંખો સવારમાં જાગે;
જોઇ જોઇ મા, તને જોતાં ધરાઉં ના,
પાંખો છતાં ય મન માગે!
મા, એ તો રાતે મળે મનમાની!
માડી, તને કાનમાં વાત કહું છાની.

ચાંદો ખીલે હવે ત્યારે તને મા!
પાંખે બેસાડી દઇશ;
ચાંદાનો દેશ જોઇ પાછું કદી મા!
આવવાનું નામ નહીં લઇશ.
વાટ ભલે બાપુને જોઇ રહેવાની,
વાત આ કોઇને નહીં કહેવાની,
માડી, તને કાનમાં વાત કહું છાની.

મકરન્દ દવે

દિવાળીની શુભેચ્છા




નૂતન વર્ષાભિનંદન

ESTD. GOVERNMENT RECOGD. 1923.

The National SHORTHAND TYPEWRITING INSTITUTION

PROP. VAZE BROS.

DWARKADAS MANSION

SANDHURST RD., BOMBAY, 4.

અમદાવાદમાં

P GAUTAM.

રહેવા જમવા માટેનું આદર્શ સ્થળ

ટેલીગ્રામ લૉજીંગ

શ્રી નારાયણ હિન્દુ લૉજ

ખાડીઆ, ચાર રસ્તા, અમદાવાદ.

# પૂજાનું ફૂલ

✿ ✿ ✿

## સરસ્વતી દેવીને ચઢાવવા તેની પાસે એકે ન હતું

પ્રયોજક: શ્રી. રમણીકલાલ દલાલ

ગોપાળનો નિબંધ ઇનામને લાયક ઠર્યો હતો. આવતી કાલની સભામાં તેનો ઇનામી નિબંધ વંચાવાનો હતો. આવતી કાલે સરસ્વતી-પૂજનનો પણ દિવસ હતો. સરસ્વતીદેવી ગોપાલની પ્રિય દેવી હતી અને તેની કૃપાના પ્રતાપે જ તેનો નિબંધ ઇનામ જીતી ગયો હતો તેમ તે માનતો હતો. પણ એવી સરસ્વતીદેવીને ચઢાવવા માટેનો ફૂલોનો હાર જરીએ ગોપાલ પાસે ન હતો. ગોપાલને તેનું ખૂબ દુઃખ થતું હતું. પણ બીજે દિવસે એ જ ગોપાલે કોઈ સુંદર ફૂલહાર સરસ્વતીદેવીને ચઢાવ્યો. એ હાર ગોપાલે કેવી રીતે મેળવ્યો તેની આ સુંદર વાર્તા છે. વાર્તાના પ્રયોજક મી. દલાલે મેં દરાં માટે ઘણાં પુસ્તકો લખ્યાં છે.

ઘંટ વાગ્યો. નિશાળના પાઠ પૂરા થયા. શિક્ષકે પોતાનાં પુસ્તકો એકઠાં કરી વિદ્યાર્થીઓની વિદાય લીધી. શાળાનું ચેતન જાણે શહેરની શેરીઓમાં વહી ગયું. ગોપાલ વર્ગમાં એકલો રહ્યો. પાટલીઓ વચ્ચેના માર્ગે એ સભાગૃહમાં આવ્યો. પગલાંનો જરા પણ અવાજ થવા દીધો નહિ. એ વિશાળ ખંડમાં મહોત્સવની ભારે તૈયારી કરવામાં આવી હતી.

◎

બીજે દિવસે સવારે નવ વાગે સરસ્વતી પૂજા હતી. બરાબર નવ વાગે સભાગૃહનાં બારણાં ખુલ્લાં મૂકવાનાં હતાં. વિદ્યાર્થીઓના વાલીઓ અને આગેવાન શહેરીઓને આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. સૌ સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરી હાજર થનાર હતા. શાળાનું વાર્ષિક પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. હાથબંધ ચિત્રો, નકશાઓ ને બીજા નમૂનાઓ ગોઠવેલા હતા. ધીમે ધીમે દરેક વસ્તુનું અવલોકન કરતા મહેમાનો ધીમે પગલે આગળ વધશે. સભાઘરની વ્યાસપીઠ આગળ મૂકેલી એક પાટ આગળ આવશે. ગોપાળ અત્યારે ત્યાં જ ઊભો હતો.

એક નાનકડા ચોરસ કાર્ડ ઉપર સાફ અક્ષરે છાપેલું લખાણ એ વાંચતો હતો.

ઇનામી નિબંધ: વિષય મહાન અકબર.

મેળવનાર: ગોપાલ નીલકંઠ, વર્ગ ૭, ઉંમર ૧૧.

મહેમાનો પણ એ લખાણ વાંચશે. પછી ત્યાં જ ઉઘાડી મૂકવામાં આવેલી નોટના પાનાં ઉથલાવશે. અંદર મોતીના દાણા જેવા લખાયલા સુંદર અક્ષરો જોશે. જે કોઈ અંગ્રેજી જાણતાં હશે તે લખાણ વાંચવા પ્રયત્ન કરશે. પહેલેથી છેલ્લે સુધી પાનાં ફેરવતાં જશે ને વાંચતાં જશે.

◎

ગોપાલે પણ અત્યારે એમ જ કર્યું. પહેલેથી એક પછી એક પાનું ફેરવતો ફેરવતો વાંચતો ગયો. એમ એ વાંચતો ઊભો હતો. નમતા સૂર્યનાં કિરણો એના ઉપર પડતાં હતાં. એ શાન્ત સભાઘરના ખંડમાં ગોઠવેલા નમૂના વચ્ચે ગોપાળ એકચિત્તે પોતાનું જ લખાણ ફરી ફરી વાંચી રહ્યો હતો. મહાન અકબર ઉપર એણે નિબંધ લખ્યો હતો. એના દિલમાં ગૌરવ ઉભરાયું, એક સાદા વિદ્યાર્થીને આવું ઊંચું માન મળ્યું તેથી એને આશ્ચર્ય થતું હતું. હાઇસ્કૂલમાં દાખલ થયે હજી હમણાં જ બે વર્ષ પૂરાં થયાં હતાં ત્યાં એનો નિબંધ ઇનામ લાયક ઠર્યો એ ખરેખર એનું સદ્‌ભાગ્ય જ હતું. આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું એ કાંઈ અલૌકિક ચમત્કાર નહોતો. ખરેખર, એના ઉપર દૈવી કૃપા જ ઉતરી હતી.

◎

ગોપાલે સરસ્વતીને પોતાની પ્રિય દેવી માની હતી, એ ખરેખર નિરર્થક ગયું નહોતું જ. વતનનું ઘર છોડી શહેરમાં એ કાકાને ઘેર વધુ અભ્યાસ માટે આવ્યો ત્યારે સરસ્વતીનું ચિત્ર એ લેતો આવ્યો હતો. પોતાની ઓરડીમાં સામે દિવાલ પર એને ટાંગ્યું હતું. રાતદિવસ એની પૂજા કરતો એ સઘળું વ્યર્થ નહોતું ગયું એમ આજે ગોપાલને લાગ્યું હતું. દેવીએ એની પ્રાર્થનાનો આ રીતે જવાબ નહોતો વાળ્યો? દેવીના વિદ્યાદાનનો જ આ પ્રતાપ હતો. આવતી કાલે તમામ મહેમાનો એની પ્રસંશા કરશે. આવતી કાલે કોઈએક વ્યક્તિ બોલતી સંભળાશે "કેવો હોંશિયાર છોકરો! પેલા સાયકલવાળાનો ભત્રીજો! કેવો

બુધ્ધિશાળી !" આવતી કાલે શહેરમાં ઘેરઘેર એ વાત પ્રસરી જશે.

"આવતી કાલે" સમાધરમાં એનાથી જરા જોરથી બોલાઇ ગયું. પરંતુ એ બોલતાં બોલતાં તો એના વદન પરથી નૂર ઉડી ગયું. આવતી કાલે તો સરસ્વતી પૂજાનો જ દિવસ હતો. આવતી કાલ એ શાળામાં આવશે ત્યારે આગણામાં જ સરસ્વતીની પ્રતિમા શણગારીને ગોઠવવામાં આવી હશે. શાળાના તમામ વિદ્યાર્થીઓ ચોગાનમાં ટોળે વળ્યા હશે. દરેક ફૂલહાર લાવ્યા હશે ને દેવીને ચઢાવતા હશે. આચાર્યશ્રી સરસ્વતીની પ્રાર્થનાનાં પદ બોલતા જશે ને વિદ્યાર્થીઓ ફૂલ ચઢાવતા જશે અને એ પુષ્પવૃષ્ટિમાંથી ઇન્દ્રધનુના રંગો ચોમેર પ્રસરતા જશે. પરંતુ ગોપાલ નીલકંઠ! એ તો સાથી વધારે કૃતજ્ઞ વિદ્યાર્થી! એની પાસે એક પણ પૂજાનું ફૂલ નહિ હોય! આખું યે દિલ અર્પણ કર્યું છે એવા એ બાલકને પ્રિયદેવી પાસે ખાલી હાથે ઉભા રહેવું પડશે! નાનકડું હજારીનું ફૂલ પણ દેવીને ચરણે ધરવા એની પાસે નહિ હોય! પોતાની દીનદશા વિચારતાં ગોપાલ રડું રડું થઇ ગયો. એના પ્રસંશાપાત્ર નીવડેલા નિબંધ ઉપરથી એણે નજર ફેરવી લીધી. પુષ્પવિહોણી એની અવદશા ઉપર એને ભારે અફસોસ થયો. તદ્દન ઢીલા પગે એ તેના કાકાની દુકાને મહાપરાણે પહોંચ્યો.

૪

"શાળામાંથી આટલો બધો મોડો કેમ આવ્યો?" સાયકલનું વ્હીલ ફેરવી ફેરવીને તેના કાકા તપાસી રહ્યા હતા તેના પરથી નજર ખસેડ્યા સિવાય જ તેમણે કહ્યું, "બોલ બેરિંગનો જ વાંક છે. સાંભળ!" તે બોલ્યા, ગોપાલ જવાબ દેવા જતો હતો ત્યાં આજ્ઞા સાંભળવા આદેશ થયો. "અનિલભાઇને ત્યાં જા. એક ડઝન બોલ બેરીંગ લઇ આવ. સાયકલના પાછલા પૈડાં માટે. આવતી કાલે પૈસા મોકલી આપીશુ એમ કહેજે. જા, જલ્દી કર. પછી આ સાયકલ હું તૈયાર કરી આપીશ. એ પોસ્ટ માસ્તર સાહેબને ઘેર પહોંચાડવાની છે. આજે રાત્રે જ તેમને અગત્યના કામે જવું છે."



ગોપાલ ચોરસ કાર્ડ પર છાપેલું લખાણ વાંચતો હતો

"પણ...પણ..."

"વખત ન ગુમાવ, દલીલ કરવાની જરૂર નથી. જલ્દી કામ પતાવ નહિ તો કાલે શાળામાં જવાનું બંધ."

૫

ગોપાલ ઢીલે પગલે ચાલ્યો. "ચાલો, પંચાત ઓછી" તેણે વિચાર્યું, "એ રીતે દીલુપતથી છૂટાશે. એની મુશ્કેલીઓનો અંત આવશે. આવતી કાલે એ શાળામાં જ ન જાય તો એને શરમાવુ પડે જ નહિ કોઇ એની હિન દશા પામી શકે નહિ. છતાં કાલે નિશાળે ન જવું? આખા-વર્ષનો એ મહાન દિવસ હતો. આખું ગામ એનો નિબંધ વાંચનાર હતું. એ વખતે ત્યાં હાજર ન રહેવું! એવો વિચાર જ કેમ કરી શકાય!

સાંજે જરાક નવરાશ મળે તોય એ ગમે ત્યાંથી ફૂલ પેદા કરી લાવે. પરંતુ હવે? પોસ્ટ માસ્તરને સાયકલ પહોંચાડી પાછો ફરતાં જ એટલુ બધુ મોડુ થઇ જશે કે ફૂલ મેળવવાની ફુરસદ જ નહિ મળે. પોતાના વાડામાં જૂની સાયકલોનો કચરો નાંખી મૂકવાને બદલે વતનમાં એના બાપે જેવી વાડી ઉછેરી છે એવી વાડી ઉછેરી હોત તો સરસ્વતી પુજા માટે હરહંમેશ, ગુલાબ મોગરાનાં ફૂલ જયારેબધે મેળવી શકાત જો એની પાસે સુંદર ફૂલો ખરીદવાના પૈસા હોત તો ફૂલવાળાની દુકાનેથી એ મનપસંદ ફૂલો લઇ આવ્યો હોત.

"બગીચા"..."પૈસા"..."ફૂલ" હાથમાં બોલબેરીંગનું પેકેટ લઇ એના કાકાની દુકાને ગોપાલ આવ્યો ત્યાંસુધી અર્થવિનાના એ શબ્દો એના મગજમાં એક પછી એક સ્ફુરતા જ ગયા.

૬

બરાબર સાત વાગે પોસ્ટ માસ્તરની સાયકલ તૈયાર થઇ ગઇ. ગોપાલ સાઇકલસ્વાર થઇ રવાના થયો. માર્ગમાં આવતી એકે એક દુકાન પર એ ફૂલ માટે નજર નાખતો જતો હતો. પરંતુ એક કાટ ખાધેલા ડબામાં એક બારીએ ટીંગાવેલું કરમાયલું હજારીનું ફૂલ અને રિક્ષામાં

પસાર થતી શ્રીમંત સ્ત્રીઓની વેણીમાં ગૂંથેલાં ફૂલ સિવાય એણે બીજું ફૂલ એની નજરે પડ્યું નહિ.

૭

એ પહોંચ્યો ત્યારે પોસ્ટ ઑફિસ બંધ થઈ ગઈ હતી. એ પાછલી બાજુએ પોસ્ટમાસ્તરનો બંગલો હતો એ તરફ ગયો. બંગલાને ફરતી લોખંડના તારની વાડ હતી. દરવાજો સાંકળથી બંધ હતો. એણે સાઇકલની ઘંટડી મારી કે પોસ્ટમાસ્તરે જાતે આવી દરવાજો ઉઘાડ્યો. એમણે ગોપાલને સાઇકલ અંદર લઈ આવવા કહ્યું. પરંતુ ગોપાલ તો જ્યાં ઊભો હતો ત્યાં જ જાણે જડાઈ ગયો. સાઇકલના હેન્ડલ પર એની આંગળીઓની પકડ મજબૂત થઈ. એના શરીરમાંથી જાણે સઘળું લોહી જ ઊડી ગયું. પોસ્ટમાસ્તરના ખભા પાછળ વીજળીના દીવાના તેજથી દિપ્તીમાન બનેલાં ગુલાબનાં ને મોગરાનાં ફૂલ બગીચામાં શોભી રહ્યાં હતાં.

એ ફૂલ સામાન્ય કોટિનાં નહોતાં પરંતુ મોટાં કદનાં ને સુંદર જાતનાં હતાં. ગોપાલે એવાં સુંદર ફૂલ અગાઉ કદી જોયેલાં નહોતાં. એટલે દિગ્મૂઢ બનીને ત્યાં ઊભો રહ્યો. એની વળાંક લેતી સૌંદર્ય-રેખાઓ ઉપર એની નજર ફરી ગઈ. ઊંડની લીલીકુંજાર ડાળીઓ અને નીલવર્ણાં પાનાં મનોરમ લાગતાં હતાં. ગોપાલને કલ્પનાની એ ધન્ય પળ જણાઈ. એની દેવી માટે એ ઉત્તમ જ ઉપહાર હતો. આવતી કાલે એ નિશાળે એ ફૂલ લઈ જઈ શકે તો કેટલું સારું થાય. પોસ્ટમાસ્તરને વિનવણી કરવાથી એ જરૂર પલળશે જ.

## એ ચિત્રકાર કોણ હતો?

એક દિવસ એક જુવાન હાથમાં પીંછી લઈને ચિત્ર આંકતો હતો. એ સમયે એક સજ્જન એ જુવાને ચીતરેલાં ચિત્રો જોતા હતા. ચિત્રકાર ધ્યાન દઈને ચિત્રો આંકતો હતો. પરંતુ બહાર કોઈ માણસને જોઈ, તે ઊભો થયો. અને બહાર આવ્યો. આવીને જોયું તો તેના જ એક સબંધી હતા. ઊભા ઊભા જુવાને આંકેલું કૃષ્ણભગવાનનું ચિત્ર જોતા હતા.

ચિત્રકારે આગતાસ્વાગતા કરીને ગૃહસ્થને અંદર બેસાડ્યા. ગૃહસ્થ હોંશથી ચિત્રકારે આંકેલાં ચિત્રો જોવા લાગ્યા. ચિત્રકાર એક પછી એક પોતાના ચિત્રો દેખાડવા લાગ્યો. ચિત્રો જોઈને ગૃહસ્થ હસીને બોલ્યા: "આ બધું શું આંક્યું છે? જાણે પૂતળાં જેવાં લાગે છે. પૂતળાં પણ કેવાં? હાથ-પગ, આ બધું શું!"

ગૃહસ્થ તો ચિત્રો જોઈને ચાલ્યા ગયા. પરંતુ જુવાન એ વાત ન ભૂલ્યો. તેણે ફરીવાર ઉત્સાહથી ચિત્રો આંકવા માંડ્યાં. ગૃહસ્થની ટીકાથી જરાય પણ નિરાશ ન થયો.

ધીરજનાં ફળ મીઠાં છે. જુવાન ચિત્રકારે ધીરજપૂર્વક કામ કર્યું હતું. એનું ફળ તેને એક દિવસ મળ્યું.

એ જુવાન ચિત્રકાર કોણ! એ ચિત્રકાર આજે તો સૌથી શ્રેષ્ઠ બની ગયા છે. એમનું નામ કલાગુરુ શ્રી અવનીન્દ્રનાથ!

"અરર! સમારકામના ત્રણ રૂપિયા!!! તારા પોતાને માટે તો એક રૂપિયો, સહની દોરી નથી ને!" પોસ્ટમાસ્તરે પૈસા ગણતાં કહ્યું. "તારા કાકાને પૂછવું પડશે."

"પોસ્ટમાસ્તર સાહેબ!!!"—

"તેર...ચૌદ...પંદર...સોળ..."

"પેલાં ફૂલ"...

"જો ત્રણ રૂપિયા પૂરા થયા." છોકરાના હાથમાં પરચૂરણ પડ્યું ને નાણાંનો મધુર રણકાર થયો.

"સાહેબ! કૃપા કરી..." ગોપાલ આતુરતાથી પૂછવા ગયો, પરંતુ અધીરાઈથી એના શબ્દો એના મોંમાં જ રૂંધાઈ ગયા.

"પૈસા થઈ ગયા...ચાલ, ચાલ્યો જા. તારી જોડે વાતો કરવાની મને ફુરસદ નથી." દરવાજો બંધ કરવા જતા પોસ્ટમાસ્તરે કહ્યું.

"પરંતુ ફૂલ..." ગોપાલથી લગભગ બૂમ પડાઈ ગઈ... "કૃપા કરી મને પેલાં ફૂલ આપશો!"

"કયાં ફૂલ?"

"પેલાં...પેલાં...ગુલાબ ને મોગરાનાં...તમારા બગીચાનાં..."

"આપના બગીચાનાં પેલાં ગુલાબ અને મોગરાનાં ફૂલ..."

"મારા બગીચાનાં ફૂલ!" પોસ્ટમાસ્તરે આશ્ચર્યથી ચશ્માંની દાંડી પરથી નજર ફેંકી કહ્યું. "અરે, એ તો મોંઘાં મૂલનાં ફૂલ છે. એક એક કલમના અઢીઅઢી રૂપિયા આપ્યા છે. એ કલમો માટે તો માળીને સુવર્ણચંદ્રક મળ્યો હતો. એ પુષ્પશાળા તો મારા બંગલાનો શણગાર છે. એક છોકરાના ઓરતા માટે એ કાંઈ બને?"

"મારા માટે તું નહીં માને..., સાહેબ! આવતી કાલે શારદાની પૂજા છે...અને..."

"બસ હવે" પોસ્ટમાસ્તરે તડુકો કર્યો, "ગમે તેને માટે ફૂલ જોઈતા હોય, હું મારા બગીચાને ભોડિયો બનાવી દેવા તૈયાર નથી, ચાલ્યો જા." ગોપાલની નિરાશા વચ્ચે દરવાજાનું દ્વાર બંધ થયાનો અવાજ થયો.

❁

આમ્રતરુની ડાળ નીચે દરવાજાના સળિયા પર એણે નિરાશ વદને પોતાનું ડોકું નાખી દીધું. પોસ્ટમાસ્તર કેમ પલળે તે માટે વિચાર કરવા લાગ્યો. એના ઇનામી નિબંધની વાત કરે...સરસ્વતી પૂજા માટે એને ફૂલની ખાસ જરૂર છે. બીજેથી ફૂલ મળી શકે નથી તો કદાચ પોસ્ટમાસ્તર જેવો કેળવાયેલો પુરુષ પીગળે એની જરૂરીઆત સમજે આમ પોસ્ટમાસ્તરનું હૈયું પીગળાવવાની શક્યતા ઉપર ગોપાલ વિચાર કરી રહ્યો હતો અને કાયદેસર રીતે ફૂલ મેળવવાના ઉપાયો શોધતો હતો, ત્યાં દરવાજો ઓળંગી ગેરકાયદેસર રીતે ફૂલ તફડાવવાનો એને વિચાર આવ્યો. એવામાં અંધારામાં કાંઈક ચાલુ અવાજ એને કાને પડવા લાગ્યો. જાણે કોઈ મોટો ઉંદર અધીરાઈથી પોતાના નવા ઘર માટે દીવાલ કોતરી રહ્યો હતો.

બીજે દિવસે સરસ્વતી પૂજામાં પોતાની પૂજ્ય દેવી પાસે ખાલી હાથે જવું કે એને ચોરીનાં ફૂલ ચઢાવવાં એવી ગોપાલ ગડમથલ કરી રહ્યો હતો, ત્યાં આ ચાલુ ખોદકામ એના મગજની વિચારપરંપરાને બંધબેસતું થઈ પડ્યું. પોસ્ટમાસ્તરના બંગલાને ફરતી વાડના કયા ભાગમાંથી એ સહેલાઈથી અંદર ઘૂસી શકશે એ જોવા તે દીવાલના ખૂણા સુધી ગયો ત્યાં એને ખબર પડી કે અવાજ કરનાર ઉંદર નહોતો પરંતુ એક મોટો માણસ જમીન પર ઊંધો પડી કોઈ હથિયારથી પોસ્ટઑફિસની દીવાલ કોરી રહ્યો હતો.

❁

"ચોર" ગોપાલની જીભ પર

ગોપાલ મઘમઘતો પુષ્પહાર ધરી રહ્યો

એકદમ શબ્દ તરી આવ્યો. પરંતુ, એનું મોં સીવાઈ ગયું. છતાં તે શ્વાસ થંભાવી ધીમે પગલે ઘાસમાં આગળ વધ્યો ને ઓચિન્તો ચોરના ઉપર કૂદી પડ્યો. પછી તો ત્યાં ભારે કોલાહલ મચી રહ્યો "ભાગ-ભાગ" ચોર બૂમો મારતો. "ચોર, ચોર, પકડો" એમ ગોપાલ બૂમો પાડતો. ને પોસ્ટમાસ્તર, ને તેનાં કુટુંબીઓની ભયભરી ચીસોથી આખો મહોલ્લો ગાજી ઉઠ્યો. "પોલીસ, ચોર, લૂંટારુ, ખૂન," મજબૂત દિલ કરી ગોપાલ પોતાના શિકારને ચોંટી જ રહ્યો.

છેવટે પોલીસ આવી. ચોરને કબજે કર્યો. હાજર રહેલાઓને પડપૂછ કરી. તકેદારી ન રાખવા બદ્દલ પોસ્ટમાસ્તરને ઠપકો આપ્યો. જતાં પહેલાં ગોપાલને એની બહાદુરી બદલ શાબાશી આપી. કૃતજ્ઞી પોસ્ટમાસ્તરને યોગ્ય ઇનામ આપવા ભલામણ કરી.

❁

બીજે દિવસે હાઈસ્કૂલનો દરવાજો ખૂલ્યો. વાર્ષિક પ્રદર્શન ખુલ્લું મુકાયું. પ્રભાતના બાળસૂર્યનાં મૃદુ કિરણો શ્રી સરસ્વતીદેવીની પ્રતિમા પર રમી રહ્યાં. બ્રાહ્મણ આચાર્ય એના સન્મુખ હસ્તાંજલિ રચી પ્રાર્થના ગાઈ રહ્યા. ગોપાલ ને વિદ્યાર્થીઓ ધ્યાનમગ્ન બની ચોમેર ઊભા હતા.

પ્રાર્થના પૂરી થઈ. બાળકોએ "સરસ્વતી દેવીની જય" બોલાવી. પછી એક પછી એક વિદ્યાર્થીઓએ આગળ આવી ઉપહાર ધર્યો. ગોપાલનો હાથ પણ ગુલાબ ને મોગરાનાં ફૂલથી મઘમઘતો પુષ્પહાર ધરી રહ્યો. એનાં ચમકતાં નયનો પુષ્પ પરોવતા હાથ પર ફરી રહ્યાં. સરસ્વતીના કંઠે પુષ્પમાળા આરોપાઈ ગઈ. ગોપાલનો પુષ્પહાર સરસ્વતીપ્રતિમાને ધરાયેલા તમામ પવિત્ર ઉપહારોમાં સર્વશ્રેષ્ઠ હતો.

# અનુપમ અલંકારઘર




**સોની મોહનલાલ મેરામભાઇ** લાઠીવાળા

૧૦૮-૧૧૬. વિઠ્ઠલવાડી • દુકાન.નં.૯ • મુંબઇ.નં.૨.

અમારા
માનવંતા
ગ્રાહકોને
દિવાળીની
શુભેચ્છા
તથા
નવા વરસનાં
અભિનંદનો

સરઅવસરે સંબંધીઓને
ભેટ આપવા લાયક ચીજો
માટે તેમજ શુભ દિવસોમાં
સોના તથા મીનાકારી દાગીનાઓની મનપસંદ બનાવટ
માટે અલબેલી નગરીનું
**અનુપમ અલંકારઘર**

સન ૧૯૫૧નું શ્રેષ્ઠ ચિત્ર

મુંબઇ અને અન્ય શહેરોમાં ટુંકમાં રજુ થશે સુપ્રિમ
પિકચર્સનું નારીનાં જીવનની રેશમી કથા આલેખતું ચિત્ર

# નઈ જિંદગી

—અભિનયપટુઓ—

**બિરૂપા રોય, અમરનાથ, કુલદીપ, ઉલ્લાસ, મોની ચેટરજી અને દુર્ગા ખોટે**

સંગીત: **મુરારી**

લેખક-નિર્માતા: ચીમનલાલ ત્રિવેદી

દિગ્દર્શન: મોહનસિંહ

બુકીંગ માટે લખો:—

## સુપ્રીમ ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ

માણેક ચેમ્બર્સ, લેમિંગ્ટન રોડ, મુંબઇ નં. ૪

Bhagvati Advt. ટે. નં. ૭૧૩૮૬

# ભારતની સ્કાઉટ ટુકડી સાથે કરેલી યુરોપની મુસાફરી

**તાજેતરમાં દુનિયાના સ્કાઉટ્સનો એક મોટો મેળો યુરોપમાં ભરાઈ ગયો. આ જંબોરીમાં આપણા દેશના સ્કાઉટ્સ પણ ગયેલા: તેમાંના એક ભાઈ શ્રી. વિનોદ નવલ જેરાજાણીએ લખેલી પ્રવાસની ડાયરીમાંથી અગત્યનો ભાગ અહીં ઉતારવામાં આવ્યો છે.**

પ્રવાસ કરવાનું મન કોને ન થાય? અને તેમાંયે પરદેશના પ્રવાસની તક કોણ જતી કરે કે જેમાં નિત નવું જોવા, જાણવા અને અનુભવવાનું મળે. આવી એક તક મને ભારતના સ્કાઉટ તરીકે મળી અને એ તક ઝડપીને હું તા૦ ૧૫–૬–૫૧ ને દિવસે...કેમ્પમાં ગયો. કેમ્પનો હમેશનો કાર્યક્રમ નીચે મુજબ હતો:

૪–૩૦ વાગે ઊઠવું, ૬ વાગે કસરત, ૭ થી ૭–૩૦ ચા, ૭–૩૦ થી ૯–૦ કવાયત, ૯ થી ૯–૩૦ રમત, ૯–૩૦ થી ૧૧–૩૦ સ્કાઉટ ક્રાફ્ટ, ૧૧–૩૦ થી ૩–૦ છુટ્ટી, ૫–૦ થી ૫–૩૦ ચા, ૫–૩૦ થી ૭–૩૦ કવાયત, ૭–૩૦ થી ૮–૦ છુટ્ટી, ૮–૧૫ થી ૯–૧૫ જમવાનું, ૯–૩૦ સૂઈ જવાનું.

આ કેમ્પમાં દરેક પ્રદેશના વિદ્યાર્થીઓએ પોતાનો ખાસ કાર્યક્રમ આપવાનો હતો. અમે ગુજરાતી એટલે મુંબઈ, ગુજરાત ને કાઠિયાવાડ વગેરેના ભાઈઓએ ભેગા મળી દાંડિયારાસનો કાર્યક્રમ આપ્યો. આથી અમારી ટુકડીના સરદાર પણ રાજી થયા. અને પ્રવાસ દરમ્યાન ઓસ્ટ્રિયામાં જે સ્કાઉટ જંબોરી થવાની છે તેમાં આ કાર્યક્રમ આપવા નક્કી કર્યો. આ બધી વિગતોની ઇન્ડીઅન ન્યુસ રિવ્યુવાળી ફિલ્મ પણ લઈ ગયા. છેવટે અમને તા૦ ૨૩ મીની રાતના પાસપોર્ટ, શારીરિક તપાસના સર્ટિફિકેટો વગેરે મળ્યું.

૨૪ મીની સાંજે અમારી સ્ટીમરે મુંબઈનો કિનારો છોડ્યો. ધીમે ધીમે મુંબઈ દેખાતું બંધ થયું ને એક કલાકમાં સમુદ્રમાં તોફાન શરૂ થયું. ૨૦–૨૫ ફૂટનાં મોજાં ઉછળવા લાગ્યાં ને મને દરિયાઈ તાવ લાગુ પડ્યો. એવે સમયે આખો દિવસ બા–બાપુજી, સગાંવહાલાં, વડીલો ને ભગવાન યાદ આવ્યા કરતાં. મારે તરવાનું હોવાથી મહાવરો રાખવા હું બાથમાં તરવા ગયો.

૩૦મી તારીખે ભારતના સ્કાઉટ અને ઓસ્ટ્રેલિયાના યુથ કોન્ફરન્સના સભ્યો વચ્ચે ટેબલ ટેનિસની મેચ હતી. તેમાં ભારતના સ્કાઉટ્સ્ જીતી ગયા.

પહેલી તારીખે 'સ્ટીમરનો કપ્તાન મળવા આવનાર હતો. તેને સલામી આપવા માટે દરેક પાર્ટીનો ફૂલ યુનિફોર્મ પહેરીને ગયો. પછી ત્યાં ‘ચના ફિસને બોયા’નો નાચ, ડાંડિયારાસ ને 'ડાંગરે' નાચ થયો.

બીજી તારીખે સુએઝ આવ્યું. આ ગામનાં મકાનો અમને મુંબઈના મરીનડ્રાઇવ જેવાં લાગ્યાં.

છઠ્ઠી તારીખે નેપલ્સ આવ્યું. થોડીવારમાં અમે 'સ્ટ્રોમબોલી'નો જ્વાળામુખી પર્વત જોયો. સવારના ઊઠીને બધા નાહવાની ધમાલમાં પડ્યા. ૧૦૦ જણા વચ્ચે ફક્ત બે જ બાથરૂમ આ હોટેલમાં હતા. એક જણને નાહવાના ૫ આના, ઇટાલિયન ૩૦ લીરા–આપવા પડે છે.

આઠમી તારીખે કેપ્રીના ટાપુ પર પહોંચ્યા. ત્યાંથી કેપ્રીનો ગ્રોટો જોવા ગયા. રસ્તે જતાં સમુદ્રનું પાણી ભૂરા રંગમાં બદલાઈ ગયું. જેવા ગ્રોટામાં દાખલ થયા કે તેવો જ પાણીનો રંગ જાંબલી–ભૂરા રંગનો થઈ ગયો. બહારથી નાનાં કાણાં વાટે અંદર આવતા પ્રકાશનું, પાણીમાં પરિવર્તન થવાથી ઉપરની પથ્થરની છત પણ જાંબલી–ભૂરા રંગની દેખાતી હતી. અને જો કોઈપણ વસ્તુ આ પાણીમાં જતી તો એનો રંગ ભૂરા રૂપેરી રંગ જેવો

બની જતો. આ જોઇને મને એટલો બધો આનંદ થયો કે મારા ચારસો હીરા તો શું પણ ૩૪૦૦ રૂપીઆ પણ આટલું જોવાથી વસૂલ થઇ ગયા.

પછી 'વેટીકન સીટી' જોવા ગયા. તેમાં ભૂગોળના નકશાઓ, પૂતળાંઓ, ચિત્રો વગેરે વસ્તુઓના નમૂના છે. દુનિયાનું સૌથી સારું સંગ્રહસ્થાન આ છે. આના મુખ્ય ભાગને વેટીકન પેલેસ કહે છે. તેમાં ૧૧૦૦ મોટા રૂમ્સ છે. મ્યુઝિયમની અંદર ૪૦૦ થી ૨૦૦૦ વર્ષ જૂનાં પૂતળાં છે. તેમજ દુનિયાનું નાનામાં નાનું ને મોટામાં મોટું બાઇબલ પણ છે. એક ચોપડીના પૂઠાં પર સાચાં મોતી, હીરા, માણેક અને જવાંહિર શુધ્ધ સોનાની કોતરણીમાં ગોઠવેલાં છે.

રોમના સંત પીટર્સના ચર્ચના પોપ દર્શન દેવાના હતા. સ્કાઉટ્સ તરીકે અમારા સરદારે રજા લઇ લીધેલ એટલે અમે કેથોલિક ધર્મના સૌથી મોટા ધર્મગુરૂ પોપને જોવાને ભાગ્યશાળી થયા.

૧૬ મી તારીખે 'પીસાનો મિનારો' જોયો. તે મિનારાને ૭: માળ છે. ત્રણસો ને દશ પગથીઆં છે. ને તે નીચે કરતા ઉપર ૧૮ ફૂટ વધારે ઢળેલો છે તેમજ અમારા ગાઇડે કહ્યું કે આ મિનારો દર વર્ષે વધુ ને વધુ નમતો જાય છે. આ સબંધમાં વૈજ્ઞાનિકો કહે છે કે આ મિનારો ૨૨૦ વર્ષે પડી જશે


વિનોદ નવલભાઈ જેરાજાણી

હોલી મેરીનું ચર્ચ ઇ. સ. ૧૮૮૩ માં બંધાયેલું હતું તેને જોયું. તેની ઊંચાઇ ૩૧૫ ફૂટ હતી. તેમાં ઘણાં મોટાં ઇટાલિયનો વગેરેના ૩૬૦૦ પૂતળાં હતાં. તેનો એક હોલ દસ હજાર માણસો બેસી શકે એવો હતો. તેનું બારણું અદ્દભુત કોતરણીથી માત્ર શુધ્ધ લોખંડનું જ બનેલું હતુ. તેને બાંધતાં પાંચ વર્ષ થયાં હતાં. તેની બારીના કાચમાં રંગીન કાચ વડે ચિત્રવાર્તાઓ હતી, જેમાં ઇસુખ્રિસ્તની જિંદગી પણ હતી.

વીસમી તારીખે વેનિસ જોયું. આ શહેરમાં ચાર લાખ માણસો રહે છે ને લગભગ દર વર્ષે બે લાખ માણસો વેનિસ જોવા આવે છે. વેનિસમાં બસ-સાઇકલ વગેરે કંઇપણ જમીન પર વ્યવહાર છેજ નહીં, એ તો તમને ખબર હશે. આ શહેરનો તમામ વ્યવહાર હોડીઓ વાટેજ ચાલે છે.

પછી ડોજીસ પેલેસ જોયો. તેમાં વેનિસના બધા ધર્મગુરૂઓના ફોટા છે. તેમાં એક ફોટો નથી પણ તેની જગ્યાએ કાળું ધાબું છે. ગાઇડને પૂછતાં જણાયું કે તે ધર્મગુરૂ નિમકહરામ નીકળ્યા હતા એટલે તેની ગરદન કાપી નાખવામાં આવેલી ને તેમના ફોટાની જગ્યાએ કાળું ધાબું રાખવામાં આવ્યું. તેમજ જે તલવારથી તેમની ગરદન કાપી હતી, તે તલવાર પણ સાચવી રખાઇ છે.

વેનિસની સૌથી મોટી ત્રણ માળવાળી સ્ટાન્ડ દુકાન પણ જોઇ.

૨૭ મી તારીખે 'બેડઇશીલ' ગામ આવ્યું. ત્યાંથી પાંચ માઇલ પર અમારી જંબોરીનો કેમ્પ હતો. બર્મા, માલ્ટા, જર્મન, ઓસ્ટ્રીઆ, ફ્રાન્સ અને દક્ષિણ આફ્રિકા વગેરેના કેમ્પ હતા.

તા૦ ૩–૮–૫૧ ને દિવસે જંબોરીની ઉદ્ઘાટનક્રિયા હતી. જે જે દેશમાં જંબોરી થઇ છે તે દેશના સ્કાઉટસે એક ૧૫ ફૂટ ઊંચો ટાવર સ્કાઉટ કાષ્ઠથી બનાવવાનો હતો. હિન્દુસ્તાનમાં જંબોરી થઇ નથી એટલે તેમાં હિન્દી ટાવર ન હતો. આમાં લંડનના સ્કાઉટસે સાત મિનિટમાં જ ટાવર બનાવીને પહેલો નંબર રાખ્યો.

તા૦ ૧૩–૮–૫૧ જંબોરીનો છેલ્લો દિવસ હતો. આજે જંબોરી દરમ્યાન પરેડના મેદાન પર જવાનું હતું. હું મિત્રો સાથે ગયો. ત્યાં ઉદ્ઘાટનક્રિયા વખતે જ દશ મિનિટમાં ૭ મંચ બનાવ્યા ને તેજ મંચો જોડીને સ્ટેજ બનાવવામાં આવ્યું હતું. અમે ૧૮૦૦૦ સ્કાઉટ્સ હતા, એટલે ૧૮૦૦૦ કબૂતરો રાખ્યાં હતાં. ત્યારબાદ ઇન્ટરનેશનલ ડાયરેકટર કર્નલ વિલ્સને ભાષણ આપ્યું, તેમાં જ્યારે તે બોલ્યા કે ૧૮૦૦૦ ભાઇઓએ બહુ સારો ભાઇચારો રાખ્યો છે ત્યારે એકી સાથે ૧૮૦૦૦ કબૂતરોને ઉડાવવામાં આવ્યાં હતાં. આ દ્રશ્ય ખરેજ સુંદર હતું અને આમ અમારા કેમ્પની પૂર્ણાહુતિ થઇ.

'રમકડું'ના વાંચકો માટે

ચારિત્ર ઘડતું જ્ઞાન

સાથે ગમ્મત આપતું

ખડખડાટ હસાવતું

# નવું બાલસાહિત્ય



(૧) વિદ્યાચતુર (બુધ્ધિચાતુર્યવાળી બાલવાર્તા) કિંમત રૂ. ૩ ૦-૦

(૨) શક્તિ કથાઓ (રાક્ષસોનો નાશ કરનારી કથાઓ) કિંમત રૂ. ૧-૧૨-૦

(૩) મૂરખલાલના પરાક્રમો કિંમત રૂ. ૨-૧૨-૦

જ્ઞાન સાથે ગમ્મત, મોજ અને મસ્તી સાથે ખડખડાટ હસાવતા મૂરખલાલનાં પાંચ પુસ્તકોનો સેટ (૧) મૂરખલાલ (૨) મૂરખા માથે શિંગડાં (૩) મૂરખલાલની બેંડ વેણાગી (૪) મૂરખલાલના લાડુ ગધેડું (૫) મૂરખલાલના પરાક્રમો સુંદર બેરંગી બોક્સમાં આ સેટ મળશે.

(૪) બુધ્ધિનો બાદશાહ કિંમત રૂ. ૨-૧૨-૦

પચીસ સુંદર ચિત્રો સાથે આઠ સુંદર બાલવાર્તાનો સેટ જેમાં (૧) બીરબલની ચતુરાઈ (૨) આદલ ઈન્સાફ (૩) ત્રણ કિમીયાગરો (૪) મૂરખનો સરદાર (૫) અક્કલની કિંમત. સુંદર ત્રિરંગી બોક્સમાં આ સેટ મળશે.

(૫) ચરિત્ર રત્નો સેટ ૧ લો કિંમત રૂ. ૨-૧૨-૦

જેમાં ધાર્મિક ને ઐતિહાસિક બાલચારિત્રોનાં પાંચ પુસ્તકો આવશે. (૧) ચરિત્રરત્નો (૨) ચરિત્ર પારસ (૩) ચરિત્ર સુવાસ (૪) હસ્તિપાલ (૫) દાદાજીના ઉખાણાં રૂપેરી બેરંગી બોક્સમાં મળશે.

(૬) ચરિત્ર રત્નો સેટ ૨ જો કિંમત રૂ. ૨-૧૨-૦

સુંદર બેરંગી રૂપેરી બોક્સમાં નેતાઓના બાલચરિત્રો જેમાં (૧) પંડિત જવાહરલાલ નહેરૂ (૨) ગાંધી બાપુ (૩) સરદાર વલ્લભભાઈ પટેલ (૪) ગોપાલકૃષ્ણ ગોખલે (૫) લોકમાન્ય ટિલક.

(૭) રાણી ચંદ્રાવતીના પરાક્રમો કિંમત રૂ. ૧-૧૨-૦

શૌર્ય, સાહસ અને પરાક્રમોથી ભરપૂર પરાક્રમ કથા

દરેક પુસ્તકનું વી. પી. ખર્ચ ૭ થી આઠ આના જુદું સમજવું.

આફ્રિકાના ગ્રાહકો તરફથી છાપેલ કિંમતથી બમણાં શીલીંગ મળતાં રજીસ્ટર્ડ બુક પોસ્ટદ્વારા ઘેર બેઠાં પુસ્તકો મળશે.

ખલાસ થાય તે પહેલાં આજેજ મંગાવી લ્યો

## એન. એમ. ઠક્કરની કું.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

ગ્રામોફોનની રેકર્ડનો
રસિક ઈતિહાસ

# થાળી વાજાની થાળી

લેખક: શ્રી. શરદ વૈદ્ય

દિવાળી આવી ને બચુને નિશાળમાં રજા પડી. બચુ કલકત્તા ગયો. કલકત્તામાં બચુના કાકા રહે. કાકા ગ્રામોફોન કંપનીમાં કામ કરતા. કલકત્તા પાસે ડમડમ નામનું પરું છે. અહીં જ હિંદની એક સૌથી મોટી ગ્રામોફોન કંપનીનું કારખાનું છે. બચુના કાકા આ જ કારખાનામાં કામ કરતા.

બચુ એક દિવસ કારખાનું જોવા ગયો. તેને તો ત્યાં ખૂબ મજા પડી. ઠેકઠેકાણે મોટાં ભૂંગળાં ને મોટાંમોટાં ફોનોગ્રાફ. બચુ તો જોતો જાય ને હરખાતો જાય! અરે આ તો અજબની વાત!

કાકા બચુને એક મોટાં ભૂંગળા પાસે લઈ ગયા. મોટું ભૂંગળું ને ઉપર એક મોટી થાળી. થાળીને જોડેલી એક દાંડી ને દાંડીને મોઢે સોય. ઉપર એક બે ધ્વનીગ્રાહક યંત્રો (માઈક્રોફોન) પણ લટકે. કાકાએ તો બચુને ભૂંગળા પાસે જઈ બોલવા કહ્યું. "બોલો બચુ-ભાઈ વંદેમાતરમ્–ભારત માતાકી જય–જયહિંદ."

બચુભાઈ આનંદમાં આવી ગયા ને બોલ્યા, "જયહિંદ." ત્યાંથી કાકા બચુને બીજે દોરી ગયા. અહીં વળી તેવું જ યંત્ર. ફરી બચુભાઈ તો ભૂંગળા પાસે જઈ ઊભા. ને બોલવા જતાં હતા ત્યાં તો– ભૂંગળું જ બોલી ઊઠ્યું: "જયહિંદ." બચુ તો ડઘાઈ જ ગયો! અરે આ તો અજબ ગજબ. બચુના જ બોલ ભૂંગળું બોલતું હતું. આ યે જબરું ચોર લાગે છે અલ્યા મારો શબ્દ જ ચોરી લીધો! ને મારો અવાજ પણ.

> ગ્રામોફોન ઉપર રેકર્ડ તો તમે ઘણી વાર વગાડી હશે. વગાડી નહી હોય તો વાગતાં જોઈ તો હશે જ. અંગ્રેજીમાં જેને રેકર્ડ કહે છે તેને ગામડામાં 'થાળી' તરીકે ઓળખવામાં આવે છે અને સાક્ષરી ભાષામાં 'ધ્વનિમુદ્રિકા' કહેવામાં આવે છે. નાની સરખી એ ગોળ થાળીમાં કેવાં સુંદર ગીત-સંગીત છુપાયાં હોય છે? એની પાછળ જે કરામત છે તે અજબ છે. રેકર્ડ કેવી રીતે તૈયાર થાય છે તેની આ રસિક ને સુંદર વાત લખનારે શ્રી. શરદ વૈદ્ય 'રમકડું'ના વાંચકોને જાણીતા છે.

સાંજ પડી ને બચુ ઘેર ગયો. એને તો બસ આખો દિવસ એક જ વિચાર! આ ફોનોગ્રાફ ને ગ્રામોફોન તો ઠીક. પણ 'થાળી કેમ બનતી હશે? કોઈ કોઈ તો વળી એને ચૂડી કહે છે. ને મોટા માણસો તો ધ્વનિમુદ્રિકા પણ કહે છે! પણ હશે શું આ બધું?

બચુની નજર ફોનોગ્રાફ પર પડી. તેણે વાજું નીચે ઉતાર્યું. ચાવી આપી ને થાળી શરૂ થઈ. ગીત શરૂ થયું.

"મારે આંગણિયે આવજો રાજ–
મીઠાં મીઠાં મધ જેવાં
જાંબુડાની રાસ છે–
આવજો રાજ."

ગાયન વાગતું ગયું ને બચુએ તાળી પાડી નાચવા માંડ્યું. અને એકાએક અરે આ શું! બચુ રડી પડ્યો.

બચુને કંઈક કરડ્યું હતું. કાકી દોડી આવ્યાં. બચુને છાનો રાખી ચટાઈ ઉંચકી તો નીચે મોટો વીંછી. કાકી સમજી ગયાં. તે તો દવા લેવા અંદર દોડી

## ધ્વનિમુદ્રિકા – ચૂડી – થાળી – રેકર્ડ

ગયાં. કહેતાં ગયાં: "ગીતું ને આકડાનો રસ ચોપડીશ. મટી જશે હું જાઉં, રડતો નહિ."

પણ બચુભાઈની વેદના વધી પડી. તે તો માને જ શાનો! નાચવા માંડ્યું આમતેમ. ત્યાં તો વળી આફત. એ મોહનની રકાબીની પેટી જ પડી ગઈ નીચે. એક રકાબી તૂટી ગઈ. કાકી દોડી આવ્યાં. ફરી ને તેમણે એ જ રકાબીનો ટુકડો લઈ પાણીમાં પાણી ચોપડી દીધી. બચુની વેદના ઓછી થઈ ગઈ. બચુ હસી પડ્યો.

ધીમે ધીમે બચુને ઊંઘ આવી ગઈ. એને સ્વપ્નું આવ્યું. પેલી રકાબીની ઠીકરી સ્વપ્નામાં આવી. નાનકડી ઠીકરી જોતજોતામાં મોટી થાળી બની ને તેને હાથ, પગ, માથું ફૂટી નીકળ્યાં જાણે સિનેમા જોતા હોય તેમ બચુ જોઈ રહ્યો. થાળી તો મનુષ્યની જેમ હાથ કરીને બોલવા મંડી. જાણે ધ્વનિમાપક યંત્રમાં બોલતી ન હોય!

'બચુ, એ આપણા દેશમાં દર વર્ષે લાખોની સંખ્યામાં ગ્રામોફોનની-થાળી વાજાંની ચૂડીઓ ખપે છે. પરંતુ આપણે જ્યારે માગીએ ત્યારે ગીત સંભળાવતી એ થાળીઓ ગોળ બનતું હશે! કેમ બનતી હશે! એ ધંધો કેમ ચાલે છે એનો ખ્યાલ પણ નથી હોતો. સારાં સારાં ભણેલા માણસોને ખબર નથી તો પછી તને તો ક્યાંથી જ એ ખ્યાલ હોય!

જો, તારા ઘરમાં જે થાળીઓ છે તેના ઉપર એક કૂતરો બેઠો છે. ને વાજાંમાંથી આવતા શબ્દો ધ્યાનથી સાંભળી રહ્યો છે. કેવું સરસ ચિત્ર છે નહિ! એ જ થાળી ઉપર લખ્યું છે અંગ્રેજી "હિઝ માસ્ટર્સ વૉઇસ" એટલે માલિકનો અવાજ."

હિ. મા. વૉઇસ એ એક આમેરિકન કંપનીનું નામ છે. તેના ગ્રામોફોન જે કરેલું તું એનું આપો ને તે એનું જ છે. આજ કંપનીએ ભારતમાં પહેલી થાળી બનાવી.

ઈ. સ. ૧૯૦૮ માં કલકત્તામાં તે બની. તે પહેલાં ચિત્રની ચૂડી પર ગીત ઊતરી ધંધામાં માટે વિલાયત મોકલવી પડતી. ૧૯૨૯ ની સાલ સુધી કલકત્તાનાં બેલિયાઘાટા કારખાનામાં કામ ચાલ્યું. પછી દમદમમાં આધુનિક અસાધારણ મજબૂત કારખાનું અસ્તિત્વમાં આવ્યું.

આજકાલ દમદમનાં કારખાનામાં પાંચ લાખ થાળીઓ ઉતરે છે અને ૨૫૦૦ મજૂર કામ કરે છે. બીજા નોકરો લગભગ પાંચસો સુધી છે. એટલે કુલ બે હજાર કુટુંબનું પોષણ એ ધંધો કરી શકે છે.

હવે થાળી કેમ બને છે તે જો. ગાયક ચીજો ઉતારવામાં આવે છે તે ખંડને સ્ટુડિયો કે ધ્વનિલેખનગૃહ કહેવામાં આવે છે. આ ખંડ ખૂબ મોટો અને ચારે બાજુથી ધ્વનિ રોકે એવી દિવાલો હોય છે. અંદરનું ઉષ્ણતામાન ચોક્કસ સ્થિતિએ રહે એવી ખાસ ગોઠવણ રાખવામાં આવે છે અને અંદરનો અવાજ બહાર કે બહારનો અંદર ન જાય તે માટે ખૂબ સાવચેતી રાખવામાં આવે છે.

અંદર વળી જુદી જુદી જાતનાં અને આકારનાં ધ્વનિગ્રાહક અને ધ્વનિવર્ધક યંત્રો રાખવામાં આવે છે. અહીં નાનામાં નાનો અને હળવામાં હળવો અવાજ અને મોટામાં મોટો [illegible] નો અવાજ પણ નોંધી શકે એવાં યંત્રો હમેશ ઉપયોગમાં લેવામાં આવે છે.

પ્રથમ ગાયક, સિતારવાદક અને એન્જિનીયર એક બીજાની તાલીમ લે છે. બીજ બરાબર છે એમ લાગે ત્યારે પ્રથમ તે ચિત્રની ઉપર તો મીણના એન્જિનીયરની થાળી પર ઉતારી લે છે. આ કાચી થાળી વગાડી જુએ છે અને પછી અવાજને બરાબર ગાળવા માટે ગાયકો-વાદકો વગેરેની જગ્યા આઘીપાછી ફરી ગોઠવણ કરવામાં આવે છે. પછી પાછી થાળી ઉતરે છે. ફરી એ વગાડવામાં આવે છે અને ત્યાંના તજ્જ્ઞોને પસંદ પડે એવું કામ પૂરેપૂરું થયું કહેવાય નહિ તો બરાબર સંતોષ ન થાય ત્યાં સુધી ફરી ફરી પ્રયોગ કરવામાં આવે છે.

પછી પેલી ચિત્રની કે ગીતની મીણની એન્જિનીયરની થાળી પરથી મૂળ છાપ તૈયાર કરવામાં આવે છે. તેને માટે થાળી પર સોનાનું બારીક પડ [illegible] તેમાંથી [illegible] પ્રમાણમાં ચિત્રની [illegible] તૈયાર કરવામાં આવે છે. પછી તેનાં પર નિકલ ને ક્રોમ ધાતુ ચઢાવવામાં આવે છે. આ કામ ખૂબ જ નાજુક અને ચોકસાઈપૂર્વક કરવું પડે એવું હોય છે.

આ પરથી છાપ પડેલી બાજુમાં મૂળ ગીતની સંપૂર્ણ થાળી કે પ્રતિકૃતિ બને છે. [illegible] પર કેમ એ ઉપસેલી હોય છે. પરંતુ તેના પરથી સીધી જ [illegible] થાળી-ઉપર એ જ રેખાઓ [illegible] છે. પરંતુ [illegible] મોટી [illegible] પડે છે.

પહેલી છાપેલી નકલ પસંદ પડે એટલે એવી જ હજારો નકલો છપાવા માંડે છે. પરંતુ પહેલી છાપ આમ વાપરતાં બગડી જવાનો સંભવ રહે છે. તેથી પહેલી છાપ પરથી કેટલીક થાળીઓ છાપી બીજી પાકી છાપ બનાવવામાં આવે છે. આ પાકી છાપ પર ક્રોમિયમનું પાણી આપવામાં આવે છે. અને એની જાડાઇ તપાસવામાં આવે છે. ચોકકસ જાડાઇની છાપ જ કામમાં આવી શકે છે. નહિં તો એનું વજન વધી જાય અને થાળી બરાબર વાગે નહિ. એવું ઘણી વાર આપણાં ઘરમાં બને છે.

નવી થાળી કેટલીક વાર બરાબર વાગતી નથી તેનું કારણ એ જ . ક્રોમિયમના પાણીવાળી થાળી .નાં પાતળા પતરા પર ચોંટા- આવે છે. એ જ છાપ છેલ્લી ગણાય છે. એના પરથી યંત્રદ્વારા અનેક થાળીઓની બન્ને બાજુ ગાયન કે ભાષણ–વાદન વગેરે છાપવામાં આવે છે. અને થાળી બજારમાં આવે છે.

❀

બજારમાં વેચાતી થાળી, લાખ, કોલસાની ઝીણી ભૂકી, એક જાતની માટી અને કોપાલ નામનો પદાર્થ મિશ્ર કરીને બનાવવામાં આવે છે. આ બધી વસ્તુઓનાં મિશ્રણમાંથી જે ટુકડા બનાવવામાં આવે છે તેને બિસ્કિટ કહેવામાં આવે છે. એક બિસ્કિટમાંથી એક થાળી બને છે.

ઉપર–નીચે ઢાંકણાવાળી એક પેટીમાં બિસ્કીટનો મોટો ગોળો મૂકી પેટીને ગરમ કરવામાં આવે છે. એક યંત્રદ્વારા પેટીનાં ઢાંકણા પર ૬૦ ટનનો દાબ આપવામાં આવે છે. અને તે દરેક ઇંચ પર ૧૭૫૦ પૌંડ પ્રમાણે પડે છે. તેથી પેલું મિશ્રણ થાળીની પાંચમાં બરાબર સમપ્રમાણમાં પડે છે.

પછીથી પેટીનું ઢાંકણું ખોલી થાળી બહાર કાઢવામાં આવે છે ને કંગોરા સાફ કરી બીજાં એક યંત્ર પર લઇ જવામાં આવે છે. ત્યાં થાળીને બરાબર સાફ કરીને સુંદર કાગળની થેલીમાં અગર પૂઠાંના ખોખામાં બંધ કરી બજારમાં મોકલવામાં આવે છે ને ત્યાંથી તમારા ઘરમાં આવે છે. એક યંત્ર પરથી કલાકમાં લગભગ ૯૦ થાળીઓ ઉતરી શકે છે.

❀

હું પણ એક તો કહેવાનું ભૂલી જ ગઇ. પ્રથમ પ્રથમ જે થાળીઓ બનતી તે માત્ર મિણની હતી. તે પરથી સુધારો કરીને નવી થાળી બનાવનારનું નામ બર્લીનર હતું. બર્લીનરે નવી ઢબની થાળીઓ બનાવી તે લગભગ ૧૮૭૭ માં. તે પછી એમાં સુધારા થતા જ રહ્યા. છેવટે આજની થાળી, લીસી, ચળકતી, ગોળ અને ગમી જાય તેવી બની. જેમજેમ થાળીઓ સુધરી તેમતેમ થાળીવાજા પણ સુધાર્યાં. શરૂઆતનાં મોટાં ભૂંગળાં-વાળાં પર બચડા અને બેડોળ દેખાવનાં થાળીવાજાંની જગ્યાએ હવે તો સુંદર આકર્ષક પેટીઓ આવી ગઇ છે ને રેડિયોગ્રામ પણ આવ્યાં છે.

ધ્વનિમુદ્રિકાની શોધથી અનેક મોટા માણસોનાં અવાજનો સંગ્રહ કરી શકાયો છે. જેમ છબી પાડવાની શોધથી માણસનું મૂળ સ્વરૂપ જળવાઇ રહે છે તેમ આ શોધથી મૂળ માણસનો અવાજ જાળવી રાખી શકાય છે.

શરૂઆતમાં ફ્લોરેન્સ નાઇટીંગેલ, ગ્લેડસ્ટન વગેરેનો અવાજ આ રીતે નોંધવામાં આવ્યો હતો. આધુનિક જમાનામાં મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરૂ, સરદાર પટેલ વગેરેનાં ભાષણો એવી રીતે નોંધી લેવામાં આવ્યાં છે. એ કંઇ જેવો–તેવો લાભ ન કહેવાય. ઐતિહાસિક કાળમાં આવી શોધ થઇ હોત તો આપણે ભગવાન કૃષ્ણ ને રામ, શિવાજી ને અશોક, અકબર ને રણજિત એવા કેટલાયનાં અવાજને સાંભળી શક્યાં હોત!

આપણા દેશમાં બે મોટી ગ્રામોફોન કંપનીઓ છે. હિઝ માસ્ટર્સ વ્હોઇસ અને યંગ ઇંડિયા. બન્નેનાં સ્ટુડિયો મુંબઇમાં છે. હિ. મા. વો. નો ફિરોજશાહ મહેતા રોડ અને યંગ ઇંડિયાનો મેડોઝ સ્ટ્રીટ કોટમાં, તને જ્યારે ફાવે ત્યારે ત્યાં જઇ આવીશ તો ઘણું જોવા જાણવાનું મળશે.

❀

થાળીએ ધીમે ધીમે લહેરિયા લેવા માંડયાં. તે તો ગોળગોળ ફરતી ગઇ ને નાચતી ગઇ. બચુ જોઇ રહ્યો. ધીમેધીમે થાળીનાં હાથપગ નષ્ટ થઇ ગયાં ને તેમાંથી એક મોટો વીંછી આકાર લઇ રહ્યો. બચૂ છળી ઉઠયો. તેણે મોટેથી બુમ મારવાનો પ્રયત્ન કર્યો. ત્યાં તો વીંછીએ પૂંછડી ઉંચી કરીને તે બચુ તરફ દોડયો —ને બચુ જાગી ગયો. કાકી ગ્રામોફોન પાસે બેઠાં હતાં. વાજાં-માંથી અવાજ આવતો હતો.

"દિવાળી દિવાળી આવી–હસતી નાચતી ગાતી આવી દિવાળી દિવાળી આવી."

બચુ સાંભળી રહ્યો.

## વિદ્યાર્થીઓએ પસાર કરેલો આ 'ગુડલક' ઘોડો

Good Luck
A.G. BOOK MANUFACTURERS
BOMBAY 3

વાત આમ છે. વિદ્યાર્થીઓ પરીક્ષાથી પરવારી મેદાનમાં રમત પછીની વિશ્રાંતી લેતા હતા. ત્યાં સફળ થઇને વર્ગમાં જતાં એકસરસાઇઝ બુક ક્યાંથી ખરીદવી તેની વાત નીકળી. સહુ પોતપોતાના અનુભવો કહેવા મંડયા અને છેવટે નક્કી થયું કે એકસરસાઇઝ બુકો તો 'ગુડલક' માર્કાનીજ. આમ આ 'ગુડલક' ઘોડો સહુએ એકસરખો માન્ય કર્યો.

### નૂતન વર્ષાભિનંદન

અમારા માનવંતા ગ્રાહકોને અમે દિવાળીની શુભેચ્છા તથા નવા વરસનાં અભિનંદન પાઠવીએ છીએ

આપ પણ આપના બાળકો માટે આ માર્કાની વસ્તુઓ નોંધી રાખો

☆ એકસરસાઇઝ બુકો
☆ લેટર બુકો
☆ ફાડવાના બ્લોક

ઉપરાંત

☆ લેટરપેડ નોટબુકો
☆ ડુપ્લીકેટ બુક

તથા પેઢીને માટે જરૂરી ચોપડાઓ

સન રાઇટીંગ પેડ.
રાજારાણી રોયલ – અને ટેલીફોન નોટપેપર.
વિગેરે માટે મુલાકાત લ્યો

# એ. જ. બુકવાલા

પારસી ગલી, મુંબઈ ૩

ફોન : ૩૪૯૨૫
ગ્રામ : "Exercises"

# 'બેટા, આ વાત તેં મને આટલા દિવસો સુધી કેમ ન કહી ?

સુશીલા તેર વર્ષની હતી, છતાં ઘરનું બધું જ કામ સુશીલાને જ કરવું પડતું. સવારના વહેલી ઊઠીને તે રસોઇ કરતી, પછી નિશાળે જતી, સાંજે આવીને પોતાની નવી માના છોકરાને રમાડતી. તેને તે પોતાનો સગો ભાઈ જ માનતી. આમ છતાં, નવી મા સુશીલાને ખૂબ મારતી. જરા વાંકમાં આવી કે સુશીલા પર મારની ઝડી વરસતી. સુશીલા આ બધું મૂંગે મોંએ સહી લેતી. કદી પણ પોતાના પિતા પાસે નવી મા વિષે ફરિયાદ કરતી નહિ.

પણ હતી. આ ઢીંગલી સુશીલાને ખૂબ ગમતી. પોતાના જીવની જેમ સુશીલા આ ઢીંગલીને જાળવતી. રમતાં ને નિશાળે જતાં સુશીલા આ ઢીંગલીને પોતાની પાસે જ રાખતી.

તે દિવસે તે પોતાની નવી માના બાબાને રમાડતી બેઠી હતી ત્યારે બાબો પેલી ઢીંગલીને જોઇ ગયો. તેણે તે ઢીંગલી લેવાની હઠ લીધી. સુશીલાએ પોતાના દફતરમાંથી ભાતભાતનાં ચિત્રોવાળી ચોપડીઓ કાઢી અને બાબાને બતાવી. બાબાનું ધ્યાન ઢીંગલી પરથી

# ઢીં-ગ-લી

સાવકી મા વિષે તમે ઘણી વાતો વાંચી હશે, સાવકી માના ત્રાસની વાતો પણ ઘણી સાંભળી હશે. પણ સાવકી માનાં અંતરમાં પણ 'મા'નું દિલ હોય છે. તે એવા એકાદ પ્રસંગે જ પીગળે છે, જ્યારે તેને સાચી માનો પ્યાર જાણવા મળે છે. 'તોફાની બારકસો'ના લેખક શ્રી. યશવન્ત વ્યાસની આ વાર્તા તમને ગમશે જ ગમશે.

લેખક: શ્રી. યશવન્ત વ્યાસ

સુશીલાની ઉંમર કાંઇ મોટી ન હતી, તો પણ તે તેની ઉંમર કરતાં ઘણું કામ કરતી. આમ છતાં તેની નવી મા, સુશીલાની વિરુદ્ધ સુશીલાના પિતાના કાન ભંભેરતી. પણ સુશીલાના પિતા તેને કદી કાંઇ ન કહેતા. તેઓ જાણતા જ હતા કે ઘરનું બધું કામ સુશીલા કરતી હતી.

એક દિવસ સુશીલા તેની નવી માના પાંચેક વર્ષના બાળકને રમાડતી બેઠી હતી. પાસે તેનું દફતર પડયું હતું. દફતરમાં તેની ભણવાની ચોપડીઓ હતી. આ ચોપડીઓ સાથે ચિનાઇ માટીની સુંદર રંગીન ઢીંગલી

હટાવી લેવા પ્રયત્ન કર્યો, પણ બાબાએ તો હઠ લીધી.

સુશીલાએ ઢીંગલી છુપાવી દીધી. તેને તે બાબાને આપતાં તૂટી જવાનો ભય લાગતો હતો. બાબાને ઢીંગલી ન મળતાં તે ચીસો પાડી રડવા લાગ્યો. સુશીલાએ તેને છાનો રાખવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ બાબાએ તો રડવાનું ચાલુ જ રાખ્યું. તેના રડવાનો અવાજ સાંભળીને સુશીલાની સાવકી મા દોડી આવી. તેણે સુશીલાને બાબાના રડવાનું કારણ પૂછયું. સુશીલા કાંઇ બોલી નહિ.

બાબો રડતાં રડતાં બોલ્યો: "બા! ઢીંગલી... બા, બહેન....ઢીંગલી!" કાલી કાલી બોલીમાં બોલાયેલા બાબાના અર્ધા વાકયનો પૂરો અર્થ સાવકી મા સમજી ગઈ. તેણે સુશીલાને તતડાવી: "બોલ.... કયાં છે ઢીંગલી? આપતી કેમ નથી?" સુશીલા કાંઈ પણ બોલે તે પહેલાં તેની નવી માએ તેનો કાન પકડી આમળ્યો; અને ગાલ પર એક તમાચો ચોડી દીધો. સુશીલા ચૂપ રહી; અને બાબો વધુ ને વધુ ચીસો પાડતો રડવા લાગ્યો...."બા!.... ઢીંગલી....!"

સુશીલાએ પોતાનું દફતર બંધ કરવા માંડયું: બાબાને બતાવવા કાઢેલી ચિત્રોવાળી ચોપડીઓ તેમાં ગોઠવવા માંડી અને તેમાંથી પેલી ઢીંગલી. નવી માની નજરે ચઢી. તરત જ તેણે હાથ નાખી તે ઢીંગલી બહાર ખેંચી કાઢી.

સુશીલાના દિલને એક આંચકો લાગ્યો; તેણે તે સાવકી માના હાથમાંથી ઝૂંટવી લીધી અને તે લઈને નાઠી. સાવકી મા પાછળ દોડી; સુશીલાને તરત જ પકડી પાડી અને ઢીંગલી સુશીલાના હાથમાંથી ખૂંચવી લેવા જતાં જમીન પર પડી ગઈ અને ફૂટી ગઈ. તેના ટુકડેટુકડા થઈ ગયા. જમીન પર વેરાયેલા ટુકડા લઈને સુશીલાથી ડુસકું નાખી રડી પડાયું. તે જમીન પર બેસી ગઈ અને તૂટેલી ઢીંગલીના વેરાયેલા ટુકડાઓ એકઠા કરી પોતાના ખોળામાં ભરીને ઘરને એક ખૂણે બેસી ગઈ અને છાનું છાનું રડવા લાગી.

સાવકી મા પોતાના કામે વળગી. સુશીલા તો હજી સુધી ખૂણે બેસીને રડતી હતી. ચોધાર આંસુએ રડતી હતી. ઢીંગલીના ટુકડા સામે જોઈ જોઈને રડતી હતી. તેની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. આંસુથી ઢીંગલીના ટુકડા ભીંજાતા હતા. સુશીલાની સાવકી મા કામે તો લાગી, પણ તેનું ચિત્ત કામમાં પરોવાયું નહિ. તેના મનમાં વિચારો યોજાતા હતા: "સુશીલાએ શા માટે તૂટેલી ઢીંગલીના ટુકડા ખોળામાં ભરી લીધા? શા માટે તે સાચવી રાખ્યા? શા માટે ઢીંગલી તૂટી પડતાં જ રડી પડી?" આ બધા પ્રશ્નોથી તેની કુતૂહલવૃત્તિ જાગૃત થઈ અને બાબાને ઉપાડી લઈ, તે સુશીલા પાસે ગઈ. સુશીલા હજી પણ રડતી હતી. બે ગોઠણો વચ્ચે માથું ઘાલવી રડતી હતી.

સુશીલાની સાવકી માએ સુશીલાને હૈયા સરસી ચાંપી.

સાવકી મા તેની પાસે જઇ બેઠી. અને સુશીલાને ફોસલાવતી પટાવતી હોય, તેમ બોલી: 'શું થયું તને? હું તને બીજી ઢીંગલી લાવી આપીશ. મને વાત તો કર, કે ક્યાંથી તે ઢીંગલી લઇ આવી હતી? કોની હતી તે? શું બીજા કોઇની હતી?" સાવકી મા તો માત્ર સુશીલાના મનની વાત જ જાણવા માગતી હતી.

સુશીલા રડવાનું બંધ કરી, આંસુ લૂછતી બોલી: "એ ઢીંગલી તો મને મારી બાએ આપી હતી. મારી સાચી બાએ આપી હતી. મારી બા જ્યારે મરવા પડી હતી, ત્યારે મને તેમની પથારી પાસે બોલાવી અને તેમણે મને આ ઢીંગલી આપતાં કહ્યું હતું કે: "બેટા! સુશીલા, આ ઢીંગલી જ્યારે તું ખૂબજ નાની હતી, ત્યારે મેં તને રમવા માટે લાવી આપી હતી, પણ પછી તે મારે હાથે ક્યાંક મુકાઇ ગઇ કે તે મળી જ નહિ. આજે તે તને આપી જાઉં છુ. તે મારી યાદગીરી તરીકે સાચવજે અને એક વાત યાદ રાખજે કે મારા મરણ પછી તારી જે નવી મા આવશે તેને તું તારી સાચી મા જ ગણજે; અને તેની વિરૂધ્ધ કશી ક્રિયા ક તારા પિતાને કરતી-નહિ! જ્યારે જ્યારે આ ઢીંગલી રમવા લે, ત્યારે આ વાત યાદ રાખજે...."

"મારી સાચી માંના એ શબ્દો આજે પણ યાદ આવે છે...." વળી પાછી સુશીલા રડી પડી. તેને તેની સાચી માનું મુખ યાદ આવી ગયું. તે રડતાં રડતાં બોલી: "ત્યારથી આજ દિવસ સુધી આ ઢીંગલીને મેં જીવની જેમ સાચવી હતી. તમને મેં મારી સાચી મા જેવાં જ ગણ્યાં હતાં, પણ તમને મારા પર વિશ્વાસ ન હતો, એટલે તમે આં ઢીંગલી ઝૂંટવી લેવા માગતાં હતાં....ઓ બા! તમે આપેલી.... ઢીંગલી!...." સુશીલા ફરીથી રડી પડી.

સુશીલાનું દયામણું મોં જોઇ, તેનાથી ન રહેવાયું: "બેટા! સુશીલા... આજથી હું જ તારી સાચી મા બનીને રહીશ....મેં તને ખૂબ ત્રાસ આપ્યો છે. મને માફ કરજે.... બેટા!" સુશીલાની સાવકી મા એ આમ કહીને સુશીલાને હૈયા સરસી ચાંપી.

સુશીલા આટલું જ બોલી: "બા!"

તેની બા બોલી: "બેટા! આ વાત તેં મને આટલા દિવસો સુધી કેમ ન કહી?"

# મારી મેળે

[તરાણુ]

મારી મેળે મુજ આંખડી હું ખોલું, મારી મેળે;
મારી મેળે બધું સાંભળું ને બોલું, મારી મેળે:
ઉંઘાય મારી મેળે,
જગાય મારી મેળે,
મારી મેળે ખેલું, હસું ને નાચું, મારી મેળે,
મારી મેળે ગાઉં, રમું ને વાચું, મારી મેળે!
ચવાય મારી મેળે,
ચખાય મારી મેળે,
મારી મેળે મોટો હું થાઉં માડી! મારી મેળે,
મારી મેળે જાણું છબી મૂજ પાડી મારી મેળે:
ઉડાય મારી મેળે,
ચલાય. મારી મેળે,
મારી મેળે રંગો રૂપાળા ઝીલું, મારી મેળે,
મારી મેળે કો ફૂલ માફક ખીલું! મારી મેળે!

પતીલ

મુંબઈ ઓફીસઃ—દેવકરણ મેન્સન, પ્રિન્સેસ સ્ટ્રીટ.



જરા હસ્તુ મોઢું રાખજો
બાકીનું બધું અમો સંભાળી લઇશું

જુદાજુદા ત્રણ પોઝમાં
* તમારો
* તમારા બાબાનો
* દંપતીનો

ફક્ત રૂા. ૧૫/- ૮×૬ (ફુલસાઇઝ)

**નેશનલ ફોટો સ્ટુડીઓ**
(ગોલ્ડ મેડલીસ્ટ)
રાજમહાલ હોટેલ ઉપર. કાલબાદેવી
મુંબઇ. ૨

નૂતન વર્ષાભિનંદન



અમારા માનવંતા ગ્રાહકોને
નૂતન વર્ષાભિનંદન

તે પણ એક જમાનો હતો

જ્યારે માણસની આંખે આંખ વળતી હતી અને જુવાન માણસ પણ વૃદ્ધ બની જતો હતો, પણ હવે

# ચશ્મા

ની મદદ વડે માણસ પહેલાંની માફક જોઈ શકે છે.

## હાતીમ બ્રધર્સ

૩૦૨ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ ૩.

લંડન ક્વોલીફાઇડ આઇ સ્પેશીયાલીસ્ટ
ફ્રી આંખો તપાસી આપે છે

# આપના

## નાના બાબા માટે

ત્રણ વર્ષની વય થાય કે તુરત જ ઉત્કૃષ્ટ પોલીસી ઉતરાવી લ્યો.

વાર્ષિક હપ્તો. માત્ર રૂા. ૫૨

ભરવાથી તેના ૩૫ મા વરસે રૂા. ૨૦૦૦ તથા જમા થયેલ બોનસ. તેના ૧૯ મા વરસે રકમ જોઇતી હોય તો રૂા. ૧૦૧૬-૮-૦ મળશે.

o o o

તબીબી તપાસની બીલકુલ જરૂર નથી.

'વેસ્ટર્ન ઇન્ડીયા હાઉસ' સર ફીરોજશાહ મહેતા રોડ ઉપર મુંબઇના શાખાધિકારીની મુલાકાત લેવી. ફોન : ૨૬૯૦૫

સઘળી માહિતી આનંદથી પૂરી પાડવામાં આવશે.

## વેસ્ટર્ન ઇન્ડીયા વીમા કં. લિ.

સતારા

ચીચુકાકા
શિવ
ચીચુકાકાને નડેલો અકસ્માત આજનું રમકડું વાંચો
... અને કાકાને હોસ્પીટલમાં લઈ ગયા! બોર થઈ ગઈ કીકી, આપણે જવુંજ જોઈએ
તો ચાલોને ઝટ!
ચૂપ! દવાખાનામાં શાંતિ રાખો. કાકાની તબીયત સારી છે બધાં એક પછી એક અંદર દાખલ થાવ
આવો અહીંયાં છે
વોર્ડ ન ૩
કાકા શું થયું? વાત તો કરો! એક મહિનાથી ક્યાં ગાયબ થઈ ગયા'તા?
સાંભળો! હાથીની વખારમાં સૂતો હતો........ ....
ભાઈઓ' આ સાહસના કીસ્સાઓથી ઓરડ નીકળી છે, સમજ્યું? બોલો ઝટ!




કેવી મઝા, ભાઈ કેવી મઝા,
આ જીવતા - કુંગલા ડોલી રહ્યા
ચીચુકાકા, હું ખુશ છું તમને એક
તૂટેલો પલંગ ભેટ આપીશ
હવે ખટારો પહોંચાડી દો
એટલે બસ!
મારી નાખ્યા, મારી નાખ્યા મારા બેટાએ
આખો ખટારો ઉપાડ્યો લાગે છે, એને
ચલાવવાનું કહો
સુકીદે સુકીદે
મારો
ચીચુકાકા ખટારો ઉપાડાય નહીં!
ચલાવો,
હું પણ તમારી
સાથે બેસીશ
શાબાશ, ચીચુકાકા ઝડપ વધારો

માર્યા નાખ્યા, ખલાસ, છેલ્લી ઘડી હે ભગવાન !
ચીચુડાકા છે જરૂર અથડાશે
ધડડમાત!
કોઈ બચાવો, કોઈ બચાવો હું બત્તીના થાંભલે લટકી રહ્યો છું બચાવો દોડો મદદ મ...દ...દ
...ઓ દવાખાને
નહીં પહેલાં ફોટોગ્રાફરને બોલાવો, ફોટો પાડો અને રમકડુંમાં ફોટા સાથે સમાચાર મોકલો કે હું ઘાયલ થયો છું
કાકા, આ પલંગ કેવો લાગે છે ?
હરામખોર !!! મેં તને આવો પલંગ અપાવવાનું કહ્યું'તું ?
અને મેં ઉંદરને પૂંછડીથી પકડીને ફેંકી દીધો, અહીં મને ફેરાળી ચાલે છે
કાકા, લો આ રમકડું / વાંચો મોટાને આજ કરે છે અને સોટિયાઓને હસતા હોઈ

અમારા સ્નેહીઓ, શુભેચ્છકો,
ગ્રાહકો અને સર્વને
**નૂતન વર્ષાભિનંદન**

જુનું
તે
સોનું

નૂતન વર્ષે આપ
ખરીદી ક્યાંથી કરશો ?

## મેસર્સ પોપટલાલ ઘેલાભાઈ એન્ડ કું.

ના વિવિધ ડીપાર્ટમેન્ટો
આપની સેવામાં હાજર છે

**ડાઈંગ કલર્સ અને**
**કેમીકલ્સ**
માટે પુછો
૨૬૦, વડગાદી, મુંબઇ ૩
ટેલિફોન: ૭૨૭૯૦

**ઈમ્પોર્ટ એક્સપોર્ટ**
માટે પુછો—
૨૭–૨૯, પોપટવાડી, કાલબાદેવી,
મુંબઇ ૨
ટેલીફોન: ૨૪૧૮૯

દરેક પ્રકારના આર્ટ સિલ્ક, કાપડ, ફેન્સી
વિવિધ ડીઝાઇનો અને ક્વોલીટીમાં બનાવનારા
**નરેન્દ્ર સિલ્ક મિલ્સના ઉત્પાદન માટે પુછો**
કીશોર બીલ્ડીંગ, રેશમ બજાર, મુંબઈ ૨ ટે. નં. ૩૦૨૭૪

લેટેસ્ટ ફેશન અને ડીઝાઇનના
ફોરેન અને દેશી **રૂમાલ** માટે પુછો.
રવિન્દ્ર હાઉસ, કાલબાદેવી રોડ, મુંબઈ નં. ૨ ટે. નં. ૨૩૨૪૩

દરેક જાતના મદુરા, કાલીઘાટ, પુના વિગેરે
મશહુર બનાવટના હોઝીયરી માલનું ભરોસાદાર
અને ખાત્રીલાયક હોલસેલ મથક

## પોપટલાલ ઘેલાભાઇની કું.
૧૦૪, ચકલા સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ ટે. નં. ૭૨૬૬૮

# રતનબાઇની મુંઝવણ!

રતનબાઇ રતન મેન્શનના ૪ થે માળે રહે. તેમને એક દિવસ રસોઇ કરતાં કંઇ સુગંધ આવવા લાગી અને તે વીચારવા લાગ્યાં કે મારે ત્યાં તો આવી સુવાસ નથી. તો આવી કયાંથી? તપાસ કરતાં ખબર પડી કે નીચલા મજલે ધનકોરબહેન રસોઇ કરતાં હતાં અને ત્યાંથીજ આ સુવાસ પ્રસરતી હતી. રતનબાઇને આશ્ચર્ય નો થયુંજ કે રસોઇમાં આવી સુવાસ હોઇ શકે, પણ તેણે ધનકોરબહેનને તેનો-કીમીયો જાણવા પૂછપરછ કરી. ધનકોરબહેને જણાવ્યું કે તેઓ મુંબઇના પ્રખ્યાત **એમ. મોતીલાલ મસાલાવાલાને** ત્યાંથીજ ખંભાતિ સંભાર લાવે છે, અને તેથી તેમની રસોઇ, સ્વાદિષ્ટ, સુગંધી અને સાત્વીક બને છે. તેઓ આ ઉપરાંત રામની પાસે ત્યાંથીજ ચટણી, અથાણાં, પાપડ, મુરબ્બા, મસાલા, સેવ, વડી તથા ઘરોપયોગી વસ્તુઓ મંગાવે છે. કારણ ત્યાં વસ્તુઓ ચોકખી, વીણેલી તથા તાજી હોય છે. તથા ભાવ એકજ અને વ્યાજબી રહે છે. આ હકીકત જાણી રતનબાઇ પણ પોતાની રસોઇ સુધારવા, મસાલાનું લીસ્ટ કરીને નીચેની જગ્યાએ ખરીદી કરવા ઉપડયાં.

## એમ. મોતીલાલ મસાલાવાલા.

| | | |
|---|---|---|
| ભુલેશ્વર, | ગ્રાંટરોડ, | તારદેવ, |
| કબુતરખાના પાસે, | નોવેલ્ટી સીનેમા સામે, | સોનાવાલા બીલ્ડીંગ પાસે, |
| મુંબઇ ૨. | મુંબઇ ૭. | મુંબઇ ૭. |

હંમેશાં ચોકખી વસ્તુઓનોજ આગ્રહ રાખો.

# પંઢરીનાથ

અમારા ગ્રાહકોને
અમારી
દિવાળીની
શુભેચ્છા

## બ્રિલિયનટાઇન વાપરો

સ્થળ:— પંઢરીનાથ બ્રિલિયનટાઈન ડીપો
મુંબઇ ૨૮

સુરા, વારુણી—એટલે દારૂ. દારૂ જે પીએ છે તેનો વહેલો મોડો સર્વનાશ થાય છે. આ દારૂ પહેલવહેલો કોણે શોધી કાઢ્યો અને કોણે તેનો લોકોમાં ફેલાવો કર્યો તેની આ વાર્તા છે. તેની પહેલ કરનારો વનેચર નામનો માણસ હતો અને વરુણ નામનો સાધુ હતો. તેમના નામ પરથી દારૂ સુરા કે વારુણી નામે પ્રસિધ્ધ થયો. વાર્તાના લેખક શ્રી. નગીનદાસ પારેખ 'બુધ્ધિપ્રકાશ' માસિકના તંત્રી છે.

# વારુણી

-: લેખક :-

શ્રી. નગીનદાસ પારેખ

પ્રાચીન કાળમાં બ્રહ્મદત્ત નામે રાજા વારાણસીમાં રાજ્ય કરતો હતો. ત્યારે કાશીનો સુર નામે વનેચર એકવાર ઔષધિ લેવા હિમાલયમાં ગયો. ત્યાં તેણે એક મોટું વૃક્ષ જોયું. તેનું થડ, માણસ હાથ ઉંચા કરીને ઉભો રહે એટલે સુધી સીધું ઉંચું ગયું હતું અને પછી તેના ત્રણ ફાંટા પડી ગયા હતા.

એ ત્રણ ફાંટાની વચ્ચે દારૂની બરણી જેવડી એક બખોલ હતી. વરસાદ પડતો ત્યારે તે પાણીથી ભરાઇ જતી. એ ઝાડની ફરતે એક હરડેનું, એક આમળાનું અને એક પીપરનું, એમ ત્રણ ઝાડ આવેલાં હતાં. એનાં ફળ પાકતાં ત્યારે લોકો પાડવા આવતા અને થોડાં ફળ પેલી બખોલમાં પણ પડતાં.

એ ઝાડથી થોડે દૂર વગડાઉ ડાંગર ઉગી નીકળી હતી. સૂડા અને બીજાં પંખીઓ એ ડાંગરની કંટીઓ તોડી લાવતાં અને આ ઝાડ ઉપર બેસી ફોલીને ખાતાં.

આમ ઘણી ડાંગર અને ફોલેલા દાણા પણ પેલી બખોલમાં પડતા. પછી સૂર્યના તાપથી આથો ચડવાને લીધે એ પાણી લાલચોળ થઇ જતું. ઉનાળામાં પંખીનાં ટોળેટોળાં તરસ્યાં થઇને આવતાં, એ બખોલમાંથી થોડું પાણી પીતાં અને કેફ ચડતાં જમીન ઉપર ઢળી પડતાં. થોડીવાર ઉંઘ કાઢ્યા પછી પાછાં તાજાં થઇને કલ્લોલ કરતાં કરતાં ઉડી જતાં. વાંદરા વગેરે બીજાં પ્રાણીઓનું પણ એમ જ થતું.

પેલા વનેચરે આ જોયું. તેને વિચાર આવ્યો, "આ જો ઝેર હોત તો તો પશુપંખીઓ મરી જાત. પણ તેઓ તો થોડીવાર ઉંઘ કાઢીને તાજાં થઇને પાછાં ચાલ્યાં જાય છે, એટલે એ ઝેર તો નહિ જ હોય."

એમ વિચારી તેણે પણ એ લાલ પાણી પીધું. થોડી જ વારમાં તેને કેફ ચડ્યો અને તેને માંસ ખાવાનું મન થયું. તેણે એક તાપણું સળગાવ્યું અને ઝાડ નીચે પડેલાં મરઘાં, કબૂતરાં વગેરેને મારીને તેમનું માંસ તેમાં શેક્યું. પછી એક હાથે ચાળા કરતો જાય અને એક હાથે માંસ ખાતો જાય. આમ તેણે બેત્રણ દિવસ ત્યાં કાઢી નાંખ્યા.

અહીંથી થોડે જ દૂર વરુણ નામે એક સાધુ રહેતો હતો. આ વનેચર અવારનવાર તેની પાસે જતો હતો. એટલે તેને વિચાર આવ્યો કે સાધુમહારાજની સાથે બેસીને આ લાલ પાણી અને માંસ ઉડાવીએ તો ભારે મજા આવે.

તે તો થોડું શેકેલું માંસ અને વાંસની નળીમાં પેલું લાલ પાણી લઇને સાધુની પર્ણકુટીએ પહોંચ્યો, અને સાધુને કહેવા લાગ્યો: "મહારાજ, તમે આ પાણી નહિ ચાખ્યું હોય. જરા આમ આવો. આપણે ભેગા બેસી મોજ ઉડાવીએ."

બંને જણાએ સાથે બેસી પેલું પાણી પીધું અને માંસ ખાધું. આમ આ 'પાણીની શોધ કરનાર પહેલા માણસો આ સુર નામનો વનેચર અને વરુણ નામનો સાધુ હતા એટલે આ માણસોમાં એ પદાર્થ તેમના નામ ઉપરથી સુરા કે વારુણી નામે પ્રસિધ્ધ થયો.

એ બંનેએ વિચાર કર્યો કે આપણે આમ કરીએ અને પછી વાંસની મોટીમોટી નળીઓ બનાવી તેમાં દારૂ ભર્યો અને કાવડે ચડાવી તેઓ પાસેના શહેરમાં ગયા.

ત્યાંના રાજાને તેમણે સંદેશો કહાવ્યો કે દારૂના વેપારીઓ આવ્યા છે. રાજાએ તેમને તેડાવી મંગાવ્યા. તેમણે રાજા આગળ દારૂ ધર્યો. રાજાએ બે ત્રણ વાર પીધો એટલે તેને કેફ ચડ્યો. પણ બે ત્રણ દિવસ હતો એટલો દારૂ ખલાસ થઇ ગયો એટલે રાજાએ પૂછ્યું, "બીજો છે?"

"હા, મહારાજ,"

"ક્યાં છે?"

"હિમાલયમાં."

"તો જાઓ, લઈ આવો."

સુર અને વરુણ તો ઉપડયા અને ફરી પોતાની નળીઓ ભરી લાવ્યા. આમ બે ત્રણ વાર થયું એટલે તેમણે વિચાર કર્યો કે આપણે કેટલી વાર ધક્કા ખાઈશું? એના કરતાં દારૂ શી રીતે અને શાનો શાનો બને છે એ બરાબર જોઈ લઈએ.

તેમણે એમાં કઈ કઈ વસ્તુઓ પડે છે તે બરાબર જોઈ લીધું અને પછી ઝાડની છાલથી માંડીને બધી જ વસ્તુઓ લઈ તેઓ પાછા નગરમાં આવ્યા. ત્યાં તેમણે દારૂ બનાવ્યો. હવે દારૂ છૂટથી મળતો થયો એટલે રાજા ઉપરાંત શહેરના લોકો પણ તે પીવા લાગ્યા અને આળસુ થઈ ગયા. થોડા જ વખતમાં આખું શહેર ઉજ્જડ થઈ ગયું.

સુર અને વરુણ ત્યાંથી નીકળીને વારાણસી ગયા. ત્યાંના રાજાએ પણ તેમને પૈસા આપ્યા અને તેમણે ત્યાં પણ દારૂ બનાવવા માંડયો. થોડા જ વખતમાં એ શહેર પણ ઉજ્જડ થઈ ગયું એટલે તેઓ સાકેત ગયા, અને ત્યાંથી શ્રાવસ્તી ગયા

શ્રાવસ્તીમાં એ વખતે સર્વમિત્ર નામે રાજા રાજ્ય કરતો હતો. તેણે આ લોકો ઉપર મહેરબાની બતાવી અને પૂછ્યું કે, "તમારે શું જોઈએ છે. એટલે એમણે કહ્યું: "મહારાજ, હરડે, આમળાં, પીપર, દળેલા ચોખા અને પાંચસો બરણી, એટલું અમને આપો."

"રાજાએ તેમને આ બધી વસ્તુઓ આપી એટલે તેમણે પાંચસો યે બરણીમાં દારૂ અથાવા નાખ્યો અને તેને સાચવવા માટે દરેક બરણી સાથે એકએક બિલાડી બાંધી.

આથો ચડયો એટલે દારૂ તો ઉભરાઈને બરણીની બહાર આવવા લાગ્યો. બિલાડીઓ તે ચાટી ગઈ અને કેફ ચડતાં ત્યાં ને ત્યાં ઉંઘી ગઈ. એવામાં ત્યાં ઉંદર આવ્યા અને આ બિલાડીઓનાં નાક, કાન, મૂંછ અને પૂંછડી કાતરી ગયા.

રાજાના અધિકારીઓએ આ જોયું, અને તેમણે જઈને રાજાને વાત કરી કે દારૂ પીવાથી બિલાડીઓ બધી મરી ગઈ છે અને ઉંદરો આવીને તેમનાં નાક, કાન, મૂછ અને પૂછડી કાતરી ગયા છે.

આ સાંભળી રાજાને થયું કે આ લોકો દારૂ નહિ પણ ઝેર

તરત જ ઇન્દ્ર પોતાની હથેળીમાં દારૂની ભરેલી શિશી મૂકીને બ્રાહ્મણને વેશે રાજાની સામે આવી ઉભો

બનાવતા હશે. એટલે તેણે તરત જ એ બન્ને જણને ગરદન મારવાનો હુકમ ફરમાવ્યો. બન્ને જણે "દારૂ આપો, દારૂ આપો" કરતાં, પ્રાણ છોડયા.

એ પછી રાજાએ પેલી બરણીઓ ફોડી નાખવાનો હુકમ છોડયો, એટલે સિપાઈઓ ડંડા લઈને ઉપડયા પણ ત્યાં જઈને જુએ છે તો ઠેઠ ઉતરી જતાં પેલી બિલાડીઓ ખાસ્સી ગેલ કરતી હતી.

સિપાઈઓએ જઈને આ વાત રાજાને કહી, એટલે રાજાને વિચાર આવ્યો કે એ જો ઝેર હોત તો તો બિલાડીઓ મરી જ ગઈ હોત. આ જરૂર દારૂ જ હોવો જોઈએ. ચાલો ત્યારે, મહેફિલ જમાવીએ.

રાજાએ આખા શહેરમાં શણગાર કરાવ્યા અને મહેલના ચોગાનમાં મોટો મંડપ રચાવ્યો અને એ મંડપમાં રાજા પોતે સોનાના સિંહાસન ઉપર બેઠો છે. સેવકોએ તેને માથે સમુદ્રના ફીણ જેવું સફેદ છત્ર ધર્યું છે. બન્ને બાજુએ બે સેવકો તેને ચામર ઢોળે છે. તેના દરબારીઓ અને નગરજનોથી આખો મંડપ ભરાઈ ગયો છે. આ ભર્યા દરબારમાં રાજાએ દારૂ લાવવાનો હુકમ છોડયો.

બરાબર એ જ વખતે સ્વર્ગમાં ઇન્દ્રને થયું કે અત્યારે મર્ત્યલોકમાં શું ચાલે છે, જોઉં તો ખરો એમ કરી દેવે નીચે નજર કરીને જોયું તો સર્વમિત્ર રાજા ભરદરબારમાં દારૂ પીવાની તૈયારી કરતો હતો. ઇન્દ્રને થયું, "આ રાજા જો દારૂ પીશે તો આખો દેશ પાયમાલ થઈ જશે. મારે એને રોકવો જોઈએ."

તરત જ ઇન્દ્ર પોતાની હથેલીમાં દારૂથી ભરેલી સિરોહી મૂકીને બ્રાહ્મણને વેશે, રાજાની સામે અંતરિક્ષમાં આવીને ઉભો અને બોલ્યો, 'કોઈ આ સિરોહી લેશે, સિરોહી?"

રાજા સર્વમિત્રે એને અંતરિક્ષમાં ઉભેલો અને આ પ્રમાણે બોલતો જોઈ પૂછ્યું, "આપની મૂર્તિ અત્યંત તેજસ્વી છે, આપ અંતરિક્ષમાં ઉભા છો, એટલે કોઈ દેવ હોવા જોઈએ. તો હે બ્રાહ્મણ-વેશધરી, મને કહો કે આપ કોણ છો અને આ સિરોહીમાં શું છે, જે આપ વેચવા આવ્યા છો!"

ઇન્દ્રે કહ્યું, "સાંભળ. આ સિરોહીમાં નથી તેલ, નથી ઘી, નથી મધ. એમાં તો કહી પણ ન શકાય એટલા દુર્ગુણ ભર્યા છે. જે એ પીશે તે ભાન ભૂલીને ગટરમાં આળોટશે, ન ખાવાનું ખાશે, ન બોલવાનું બોલશે, અને ન કરવાનું કરશે. એનું જ પાન કરીને યાદવો સાગરને તટે માંહોમાંહે લડયા હતા અને એકબીજાને હાથે નાશ પામ્યા હતા. એનું જ પાન કરવાથી આવા અતુલ બળશાળી દાનવોનું પણ સ્વર્ગમાંથી પતન થયું હતું. તો પછી કોણ એ લેશે?"

આ સાંભળીને રાજાને દારૂથી થતાં વિનાશનું ભાન થયું અને તે બોલ્યો, "મને મારાં માબાપે કે ગુરૂએ પણ આવો બોધ નહોતો આપ્યો. તમે મને આ બોધ આપ્યો એ તમારી મોટી કૃપા થઈ. હું તમારો બોધ માથે ચઢાવું છું. અને પાંચ ગામો, સો દાસીઓ, સાતસો ગાયો અને ઉત્તમ અશ્વો જોડેલા દસ રથો આપને દાનમાં આપું છું."

આ સાંભળીને ઇન્દ્રે પોતનું સ્વરૂપ પ્રગટ કર્યું ને અંતરિક્ષમાં ઉભાં ઉભાં કહ્યું, "મારે એમાંના કશાની જરૂર નથી. એ બધું ભલે તારી પાસે જ રહેતું. હું તેત્રીસ કોટિ દેવોનો રાજા ઇન્દ્ર છું.

"તું તારાં ઘી, ભાત, દૂધ, માંસ, મધ અને રોટલીથી જ સંતોષ માનજે. મારા ઉપદેશને માથે ચડાવી નિર્મળ માર્ગે ચાલજે. અને સ્વર્ગનો અધિકારી થજે."

આવો ઉપદેશ આપી ઇન્દ્ર પાછો પોતાને સ્થાને ચાલ્યો ગયો. રાજાએ તે જ ઘડીએ પેલાં સુરાપાત્રો ફોડી નાખવાનો હુકમ ફરમાવ્યો અને ધર્મને માર્ગે રાજ્ય કરી, દાન વગેરે પુણ્ય કાર્યો કરી, અંતે તે સ્વર્ગનો અધિકારી થયો.

---

* કુંભજાતક ઉપરથી ટૂંકાવીને

# નૂતન વર્ષાભિનંદન!!

અમારા ગ્રાહકો અને મુંબઈની ચ્હા શોખીન પ્રજાને દિપોત્સવીના

## સાલ મુબારક

નીલગીરિના પ્રખ્યાત બગીચાઓની

## ઉત્તમ ખુશબોદાર સ્વાદિષ્ટ ચ્હા

તમારા મગજને તાઝગી અને સ્ફુર્તિ આપશે.

આપ ગમે તેવી કીંમતી ચ્હા વાપરતા હો, છતાં ફક્ત એકજ વખત અમારે ત્યાંથી લંડન કવોલીટી ફલેવરી ઓરેંજ પેકો મંગાવી જરૂર અજમાયશ કરશો તો આપને પૂરેપૂરા સંતોષની ખાત્રી થશે.

# ચેમ્પીઅન ટી માર્ટ

પ્રાર્થના સમાજ ટ્રામ જંકશન, મુંબઈ નં. ૪. ટે. નં. ૭૦૪૫૧

## દિવાળી મુબારક

## નવાં પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| રજની | ... | ... | ૧– ૪ |
| કપાલકુંડલા | ... | ... | ૧– ૦ |
| ચંદ્રશેખર | ... | ... | ૦–૧૨ |
| દેવી ચૌધરાણી | ... | ... | ૧– ૦ |
| આનંદમઠ | ... | ... | ૧– ૪ |
| વિષવૃક્ષ | ... | ... | ૧– ૪ |
| રાજસિંહ | ... | ... | ૧–૧૨ |
| દુર્ગેશનંદિની | ... | ... | ૧– ૮ |
| મૃણાલિની | ... | ... | ૧– ૦ |
| સીતારામ | ... | ... | ૧– ૪ |
| ઇંદિરા | ... | ... | ૧–૧૨ |
| ગોવિંદ | ... | ... | ૧–૧૪ |

— સૂચિપત્ર મંગાવો —

## રવાણી એન્ડ કંપની

બાણગંગા રોડ, મુંબઈ ૪.

# અચળ વિશ્વાસ

## પ્રભુ જબ દેગા, તબ છપ્પર ફાડકે દેગા, જબ છપ્પર ફાડકે દેગા, તબ લેગા

લેખક: શ્રી. હિતુભાઈ જોષી

"પ્રભુ દેગા, તબ લેગા."

"પ્રભુ તે કાંઈ ઘેર બેઠાં દેતો હશે? કાંઈ કામ કરીએ, મહેનત કરીએ, હાથપગ હલાવીએ. તો દે. એમ ને એમ ઘેર બેઠાં પ્રભુ દેશે?"

"ઘેર બેઠાં શું, ઘર ફાડીને નાખી જશે. પ્રભુ જબ દેગા, તબ છપ્પર ફાડકે દેગા, જબ છપ્પર ફાડકે દેગા, તબ લેગા."

એક હિન્દુસ્તાની સલાટ. આજ ચાર પાંચ દિવસથી ઘેર બેઠો છે. કામધંધો કંઈ કરતો નથી અને ઘરમાં ખાવા દાણો નથી. સલાટની સ્ત્રી સલાટને કંઈ કામધંધો કરવા અને મહેનત કરી એ પૈસા રળી લાવવા સમજાવે છે.

સલાટ તેને જવાબ આપે છે: "પ્રભુ દેગા, તબ લેગા. વો દેગા, તબ છપ્પર ફાડકે દેગા, તબ હમ લેગા."

જિંદગી આખી પથ્થર ફોડ્યા. કેટલીયે મૂર્તિઓ ઘડી, કેટલાંયે દેવદેવીઓ કંડાર્યાં, ભાતભાતની કોતરણી કરી, પણ એની એ જ હાલત. સાંજનું વાળુ કરીને સૂએ, પણ સવારનું ખાવાનું ન હોય અને સવારનું ખાવાનું હોય, તો સાંજનું ન હોય. આવી ગરીબી.

એક દિવસ એ પથ્થર ફોડી રહ્યો હતો, ત્યાં પથ્થરમાંથી એક કીડી નીકળી. કીડીના મોંમાં બાજરીનો દાણો.

> આ દુનિયામાં જેણે આપણને જન્મ આપ્યો છે, તે આપણને ખાવાનું પણ આપે છે. માત્ર જોઈએ તેનામાં અચળ વિશ્વાસ અને શ્રધ્ધા. સલાટે પથ્થર ફોડતાં તેમાંથી નીકળેલી કીડીના મોંમાં બાજરીનો દાણો જોયો અને પ્રભુ ઉપર તેનો વિશ્વાસ વધારે દૃઢ થયો. સલાટના અચળ વિશ્વાસની વાત લખનારા શ્રી. હિતુભાઈ જોષી શિક્ષક છે અને બાળકો માટે લખનારા જાણીતા લેખક છે.

સલાટનો હથોડો થંભી ગયો. માથામાં કંઈ કંઈ વિચારો આવી ગયા: "ઓહો! મારો વહાલો પ્રભુ! આ કાળમીંઢ પથ્થર પથ્થરની અંદર કીડીના મોંમાં બાજરીનો દાણો! પ્રભુ કીડીને પણ ખાવા આપે છે. મારો વહાલો, સારી દુનિયાને ચાવણું આપે છે. કીડીને કણ અને હાથીને હારો. નાહકની ચિન્તા કરી કરી જીવ બાળે તેને મૂર્ખ કહેવો કે અશ્રદ્ધાળુ! ભગવાન જો આ પથરામાંની કીડીને પણ ખાવાનું આપે છે, તો મને કેમ ભૂખ્યો રાખશે?"

સલાટે બીજે દિવસે હથિયાર મૂકી દીધાં. પ્રભુ ઉપર તેને અચળ વિશ્વાસ બેસી ગયો.

ઘરમાં ખાવાનું તો હતું જ નહિ. સલાટની સ્ત્રી તેને કામધંધો કરવા સમજાવે છે, પણ તે એક જ જવાબ આપે છે: "પ્રભુ દેગા, જરૂર દેગા." સલાટની સ્ત્રી કહે છે: "કાંઈ ઘરમાં આવીને પ્રભુ નહિ નાખી જાય."

"ઘરમાં આવીને તો શું, પણ દેવાનું હશે તો છાપરું ફાડીને નાખી જશે." સલાટ સામો ઉત્તર આપે છે.

હવે બન્યું એમ કે ઘરમાં જે કાંઈ ચીજ-ભાવ, જણસ હતી તે વેચીસાટીને દહાડા કાઢવા લાગ્યો. એમ કરતાં વેચવાસાટવા જેવું પણ કાંઈ રહ્યું નહિ. ત્યારે કડાકા થવા માંડ્યા. ચાર ચાર દિવસના કડાકા થયા, પણ સલાટનો વિશ્વાસ ડગતો નથી.

એમાં એક દિવસ એવું બન્યું, કે સલાટ ગામબહાર દિશાએ જવા ગયો છે. એક ભેખડની આડો દિશાએ જવા બેઠો છે. ચાર પાંચ દિવસના કડાકા થયેલા, એટલે પેટમાં મળતો સુકાય ગયેલો, એટલે ઝાડો ઊતરે નહિ. શરીરમાં અશક્તિ આવેલી. બેસી બેસીને થાક્યો, પણ ઝાડો ઊતર્યો નહિ. ભેખડ ઉપર એક ઝીપટાનો છોડ. તે છોડ ઝાલીને તે ઊભો થવા ગયો. જેવો છોડ ઝાલીને ઊભો થવા ગયો, કે છોડ ઉખડી પડયો. ભેખડમાંથી બે ચાર ઢગળાં માટીનાં પણ નીકળી પડયાં. ભેખડમાં બાકોરૂં પડી રહ્યું. બાકોરામાં જુએ, તો તાંબાનો એક મોટો ચરુ. તેનું મોઢું દેખાય. ચરુનાં કડાં દેખાય.

સલાટ તો નવાઇ પામ્યો. આ શું? તેણે હાથ નાખી ચરૂનું ઢાંકણું ઉઘાડયું અને અંદર જોયું: સોનામહોરોથી ભરેલો ચરૂ. સલાટ રાજી થયો: "મારે પ્રભુએ આપ્યું ખરૂં."

"પણ ના. મારે એ ચરૂ ન જોઇએ. ભલે આપ્યો." આવો વિચાર કરી તે ઘેર આવ્યો.

જાગીને જોયું તો છાપરૂં ફાટયું હતું અને તેમાંથી સોનામહોરોનો વરસાદ વરસતો હતો.

સલાટની સ્ત્રી બિચારી કહી કહીને થાકી હતી, એટલે તે કાંઇ બોલતી નહોતી. તો પણ ફરી આજે તેણે કહ્યું: "જુઓ, એમ પ્રભુ ન દે. કામ કરવા જાઓ હવે."

"સાંભળ, પ્રભુએ તો મોટો સોનામહોરનો દેગડો ભરીને આપ્યો; પણ મેં લીધો જ નહિ."

"રાખો, રાખો હવે. ખરી વાત કહો છો?"

"હા, હા, ખરી વાત. આ જ હું દિશાએ જવા લાગ્યો હતો ને, ત્યાં ભેખડમાં સોનામહોરો ભરેલો ચરૂ પડેલો છે. મેં નજરે જોયો. પણ લીધો નહિ."

"કઈ જગાએ?"

સલાટે તેને જગા બતાવી. બરાબર ઠેકાણું બતાવ્યું:

"ત્યારે હું જઇને લઇ આવું ? ભગવાન દેગડો ઉપાડી ઘરમાં નહિ નાખી જાય."

"અરે, ગાંડી! તારેય નથી જવું અને મારેય નથી જવું." એ તો છાપરું ફાડીને દે તો જ લેવું છે. નહિ તો આપણે એ ધન જોઇતું નથી. ભગવાને જો આપણને નશીબનું આપ્યું હશે, તો દેગડો ચાલીને ઘેર આવશે."

"તદ્દન ગાંડા છો. કોઇ બીજો લઇ જશે."

"ભલે લઇ જાય. જેના નશીબમાં હશે, તે એ લઇ જશે."

સલાટ અને સલાટની સ્ત્રી વચ્ચે થતી વાતચીત રસભરી હતી. અને આવી રસવાળી વાત પાડોશમાં જ રહેતા બે જણ સાંભળી રહ્યા હતા. તે હતા ચોર.

સોનામહોરના દેગડાની વાત સાંભળી પેલા લોકો તો હરખાઇ ગયા. ઠામ-ઠેકાણું તો તેમણે બરાબર સાંભળ્યું હતું. બીજા બે ચોરોને તેમણે વાત કરી. ચારે જણા સાંજના ત્યાં પહોંચ્યા. સલાટે જે ઠામઠેકાણું, નિશાની બતાવેલાં તે જગાએ આવી ભેખડમાં જોયું. ભેખડમાં ખાડો પડેલો જોયો અને અંદર ચરૂ પણ જોયો. ચોરો તો રાજીનારેડ થઇ ગયા.

ચારે ચોરોએ વિચાર કર્યો, જરા અંધારું થાય, એટલે ચરૂ કાઢી જઇએ. અંદર શું ભરેલું છે, તે જોવા તેઓ તલપાપડ થઇ રહ્યા હતા. એકે અંદર હાથ નાખી જોવા માંડ્યું, તો ટચ દઇને વીંછી ટચકાવ્યો. "અરરર" ચીસ નાખી તેણે હાથ કાઢી લીધો. ચોરોને તો પોતાના સાથીઓનો પણ વિશ્વાસ નહિ. બીજાએ હાથ નાખ્યો તો તેની પણ એ જ દશા. ત્રીજાએ હાથ નાખ્યો, તો તેને પણ વીંછીએ ફટકાવ્યો. પેલો ચોથો ચોર કહે, "આ તે શું વીંછીનો ભરેલો ચરૂ છે, કે આ બધા એક બીજાને છેતરવા આમ કરે છે! સોનામહોરો ભાળી મન કથળ્યાં છે, કે શું" એમ કરી એણે હાથ ન નાખતાં ઢાંકણું ઉઘાડીને જોયું. જુએ તો અંદર વીંછી ખદબદ.

બધા કહે, "મારો બેટો સલાટ! આપણને છેતર્યા. આપણને બનાવવા જ એણે આ બધી યુક્તિભરી બનાવટ કરી છે. સોનામહોરોનો ચરૂ હોય, તો મારો દીકરો,, એ મૂકે ખરો વીંછી ભરેલો આ ચરૂ ભાળીને જ એ મૂકી ગયેલો."

એક ચોર કહે, "પણ એ મારા બેટાની બનાવટ એને જ ભારે પડે એમ કરો. નક્કી વાત છે કે, એણે આપણી મશ્કરી જ કરી છે. નહિ તો સોનામહોરના ચરૂની વાત કોઇ બીજું સાંભળે એમ કોઇ કહે જ નહિ. આપણને સંભળાવવા જ એણે મોટેથી વાત કરેલી."

બીજો કહે: "આ વીંછી ભરેલો ચરૂ સાલાના એના જ ઘરમાં ઠાલવી આવો."

બધાએ નક્કી કર્યું, કે "એમ જ કરવું. આજ રાતે તેના છાપરા પર ચઢી તેના ઘરમાં જ બધા વીંછી નાખી આવવા એટલે એનેય ખબર પડે, કે. આપણી બનાવટ કરવી કેવી ભારે પડે છે! મારે બેટે બરાબર બનાવ્યા. પણ હવે એમ જ કરો, કે એ પણ દીકરો જાણતો જાય."

બરાબર અરધી રાત થઇ અને ચારે ચોર દેગડો ઉપાડી તેના ઘર પર ચઢ્યા. મોભારે ચઢી છાપરું ફાડ્યું અને દેગડો ઉંધો વાળ્યો.

સલાટ અને તેની સ્ત્રી તો ભર ઉંઘમાં સૂતાં હતાં. તેવામાં ખણુણુ કરતો ઢગલો થયો. ખણુણુ કરતી ખણેણાટી બોલી ને સલાટ જાગી ગયો.

"ઓહોહો! આ શું?" ઝાંખો ઝાંખો દીવો બળતો હતો. જુએ તો સોનામહોરોનો ઢગલો. છાપરું ફાટેલું અને ત્યાંથી સોનામહોરોનો વરસાદ પડતો હતો.

સલાટના હરખનો પાર રહ્યો નહિ. "મારા પ્રભુએ છપ્પર ફાડીને દીધું ખરું."

તેણે તેની સ્ત્રીને જગાડી. "ઉઠ, ઉઠ, જો તો ખરી, આ શું પડ્યું છે?"

સોનામહોરોનો ઢગલો જોઇને સ્ત્રી તો રાજીરાજી થઇ ગઇ. તેના આનંદનો કોઇ પાર રહ્યો નહિ. તે હરખાઇ જતી બોલી, "ક્યાંથી આ આવી?"

"જો તો ખરી! મેં તને નહોતું કહ્યું. આપણા નશીબમાં હશે, તો આપણને જ મળશે. એને દેવું હશે, તો છપ્પર ફાડીને દેશે! જો છાપરું ફાડીને દીધું કે નહિ!"

તેની સ્ત્રીના આનંદનો તો પાર જ ન રહ્યો.

# દીપાવલીની જ્યોત જ્વલંત રહો!



## અમારી સાલની શુભેચ્છા

અમારા માનવંતા ગ્રાહકો, સહાયકો, શુભેચ્છકો અને સ્નેહીમંડળને દિવાળી સુખમય નીવડે તથા નવા વરસમાં સાર્વત્રિક અભિવૃદ્ધિ થાય એજ શુભેચ્છા .... .... ....

આપને

નીચેના કોઈ પણ સ્થળે મુલાકાતથી ભરોસાપાત્ર મનપસંદ માલ મળશે.

મલબારી સુખડ, માચી, પેરીયા, સલી, ગાંઠ, ત્રાછો, ભૂકો, વેર, લોબાન, સુખડનું તેલ, માઈસોરની ખુશબુદાર અગરબત્તીઓ, અગર, અગરનું અત્તર, કેસર, સુખડનાં રમકડાં, કપૂર, ગુલાબજળ, લવિંગનું તેલ, શેસાનું તેલ તથા દરેક પ્રકારનાં ઋતુ ઋતુનાં અત્તરો જથ્થાબંધ તથા છૂટક મળશે.

# ઠા. ગોરધનદાસ ટોકરસી

# સુખડવાળા

હેડ ઓફીસ:
૧૦૬, ખાંડ બજાર,
મુંબઈ ૩
ટે. નં. ૨૭૯૪૯

બ્રાંચ
ચરનીરોડ, ટ્રામ જંકશન.
ગ્રાંટરોડ, મુંબઈ નં. ૭
ટે. નં. ૭૨૨૭૯

એપ્રિલના અંકમાં આ વિભાગમાં પત્રમૈત્રી ઇચ્છતા બાળકોના સરનામાં છાપવાની જાહેરાત કરી હતી. ત્યારપછી પ્રગટ કરવા માટે મળેલા સરનામાં આ અંકમાં પ્રગટ કરીએ છીએ. આ વિભાગમાં પ્રગટ કરવા માટે નામ મોકલનારે આટલી વિગતો અચૂક લખવી: પૂરેપૂરું નામ, ઉમ્મર, વર્ગ અભ્યાસ, આવડતી ભાષાઓ અને શોખ.

# પરસ્પર પરિચય કરાવી ભાઈચારો વધારતો વિભાગ

૧ જયરામભાઇ પટેલ, ઉ. વ. ૧૬. શોખ: ટિકિટસંગ્રહ. દાંલા ફળીઆ, પો. મટવાડ, વાયા જલાલપુર. જિ. સુરત.

૨ શિવજી પી. આશર, ઉ. વ. ૧૬, અભ્યાસ: અંગ્રેજી ધોરણ ૭. શોખ: ટિકિટસંગ્રહ, પત્રમિત્રતા, વાર્તા વાચન, પ્રવાસ. ૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઇ ૩.

૩ રમણિકલાલ રણછોડદાસ શાહ, ઉ. વ. ૧૭. શોખ: ટિકિટસંગ્રહ, ક્રિકેટ, વાચન. કંપાઉન્ડ પેલેસ રોડ, મટનચેરી (કોચીન).

૪ હંસરાજ કે. ઠક્કર, શોખ: ટિકિટસંગ્રહ. ક્રિકેટ, ફોટોગ્રાફી. ૪૭, ડિસોઝા સ્ટ્રીટ, ૧ લે માળે, મુંબઇ ૨.

૫ રસિકલાલ નંદલાલ સેજપાલ, અભ્યાસ: અંગ્રેજી ધો. ચોથું. ભાષા: ગુજરાતી-હિન્દી. શોખ: ટિકિટસંગ્રહ, ૧૨, ચંપાગલી, મુંબઇ ૨.

૬ રતનસિંહ ચાંપશી વૈદ, અભ્યાસ અં. ધો. પાંચમું, શોખ: ટિકિટસંગ્રહ, ભાષા: ગુજરાતી, હિન્દી, અંગ્રેજી. માણેક ભુવન, કચ્છ માંડવી.

૭ જયવન્ત વિદ્યાકાન્ત વૈદ્ય, ઉ. વ. ૯, અભ્યાસ: ગુજરાતી ધો. ૫ મું, શોખ: ટિકિટસંગ્રહ, બાગકામ, વાંચન, ભાષા: ગુજરાતી, હિંદી. ફોરશોર રોડ, ચર્ચગેટ રેકલેમેશન, મુંબઇ, ૧.

૮ હરિવદન મણિલાલ શાહ, ઉ વ. ૧૪, અભ્યાસ: ધો. ૮ મુ, શોખ: સિનેમા, ડ્રોઇંગ, રમવાનો, ગાવાનો, વાજું વગાડવાનો, વાંચવાનો, ભાષા: ગુજરાતી, હિંદી. મુખીની ખડકી, કઠલાલ.

૯ ઇસ્માઇલ એચ. મદ્રાસવાળા, ઉ. વ. ૧૬, અભ્યાસ: મેટ્રિક, શોખ: ટિકિટસંગ્રહ, સિક્કા, સિનેમા, સાહિત્ય, કલા, ચિત્રકામ, ફોટોગ્રાફી, વાંચન, તરવાનો. ભાષા: ગુજરાતી. એ, એમ. ગુલામઅલીની કું. નં. ૨૦, એરા બાલુ ચીટી સ્ટ્રીટ, પોસ્ટ બોક્સ નં. ૨૧૧ જી. ટી. મદ્રાસ.

૧૦ શારદા સોઢાની: ઉ. વ. ૧૩, અભ્યાસ: અંગ્રેજી, ધો. ૬ ઠું, શોખ: કલા, તરવાનો, પત્રમિત્ર ભાષા: અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, હિંદી, નારાયણ લેજ, પચગીની.

૧૧ હરખચંદ પી. ગાલા, ઉ. વ. ૧૨, અભ્યાસ: ગુજરાતી ધો. ૭ મું. શોખ: વાંચન, મુસાફરી, ચિત્રકળા, સિનેમા, ભાષા: હિન્દી, ગુજરાતી, કચ્છી, માધવજી ઠાકરશીની ચાલ, રૂમ નં. ૭, જાંબલી ગલી, બોરીવલી.

૧૨ કિરીટ હીરાલાલ શાહ, ઉ. વ. ૧૨, અભ્યાસ: ધો. ૮ મું, શોખ: સિગારેટના ખોખાનો સંગ્રહ, ક્રિકેટના ફોટાઓનો સંગ્રહ, ડિટેકટીવ પુસ્તકોનું વાંચન, સાહિત્ય, ફોટોગ્રાફી, મેચ-બોક્સની છાપો. ભાષાઓ: ગુજરાતી, અંગ્રેજી, હિંદી ૧૧, અશ્વિન સોસાયટી એલીસબ્રીજ,-અમદાવાદ, ૭.

૧૩ વિનોદચંદ્ર નરોત્તમદાસ શાહ, ઉ વ. ૧૬, અભ્યાસ: ધો. ૧૦ મું. શોખ: સાહિત્ય વાચન, રાજકારણ, દેશી રમતો, પર્યટન, ચિત્રસંગ્રહ, ભાષાઓ- ગુજરાતી, હિંદી, અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, ચિંચણ (જિ. થાણા).

૧૪ ચંપકલાલ પ્રાણલાલ મોદી, ઉ. વ. ૧૬, અભ્યાસ: મેટ્રિક, શોખ: ક્રિકેટ, સાહિત્ય, સિનેમા, પ્રવાસ, વાંચન, ટિકિટ સંગ્રહ, ચિત્ર સંગ્રહ, ભાષાઓ: ગુજરાતી, મરાઠી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી, ધી યુનાઇટેડ સ્કોટીશ ઇન્સ્યુરન્સ કું. લિ, આગ્રારોડ, ધુળીઆ (પશ્ચિમ ખાનદેશ).

૧૫ અનિલ ગમનલાલ તિજોરીવાળા, ઉ. વ. ૧૬, અભ્યાસ: અંગ્રેજી ધો. ૧૧ મું. શોખ: ક્રિકેટ, ટેબલ ટેનિસ, પ્રવાસ, વાચન. ભાષાઓ: ગુજરાતી હિન્દી, અંગ્રેજી. તુલસીદાસ મેન્શન, વી. પી રોડ, મુંબઇ, ૪.

# દિવાળી આવી!

નૂતન વર્ષના
આપ સહુને
અમારાં
અભિનંદનો

ઝીપગાડી



પેડલકાર

## બાળકો!

## આપે નૂતન વર્ષની શું ભેટ મેળવી?



ટ્યુબકાર

તમારા જેવાં નાનાં ભુલકાં માટે તો તમે પોતે ચલાવી શકો તેવી નાની પેડલ કાર તથા ટ્રાયસીકલ જ સારી. પેડલ મારો, અને ટીન ટીન કરતી ઘંટી વગાડતાં વગાડતાં ચલાવ્યે રાખો. જો જો, તમે સહેજ મોટા હો તો ઝીપગાડી અથવા બેબીકાર લો.. પેડલ મારો અને તમારી કાર દોડવા માંડશે.

# મપારા પારેખ એન્ડ કું.

ઘોડબંદર રોડ, સાંતાક્રુઝ, મુંબઇ ૨૩ ટેલિફોન: ૮૮૨૦૨-૮૯૨૮૨

સોલ એજન્ટસ: દારીલાલ આર. શાહ, સુતાર ચાલ, મુંબઇ ૨. ફોન: ૨૦૯૫૬

# મગદળ અને સિપાઇઓ

રજૂ કરનાર : શ્રી. રતિલાલ સાં. નાયક

**ની**નાં મગદળ ને નાના સિપાઇઓ વચ્ચે દરરોજ કજિયો થતો. બન્ને લાકડાનાં હતાં ને બીજાં રમકડાંની સાથે કબાટમાં જ રહેતાં.

સિપાઈઓનું કહેવું એમ હતું કે મગદળ તો લાકડાના ટુકડા જ માત્ર હતા ને તેથી તેમણે રમકડાં ભેગું રહેવું જોઈતું નહોતું. મગદળ કહેતાં કે સિપાઇઓ પણ બંદૂક હોવા છતાં ય લાકડાના ટુકડા જ હતા. ને જો તેમ છતાં તેઓ રહેવાને લાયક હતા તો પોતે પણ રહેવાને લાયક હતાં.

બીજાં રમકડાં તેમને રોજ લડતાં જોઇ કંટાળી ગયાં હતાં. એમાં ય સૈનિકો તો તેમને દીઠાય નહોતા ગમતા. કેમકે તેઓ ચોવીસે કલાક તેમની બહાદુરી ને હિંમતની જ વાતો કર્યા કરતા. મગદળ પ્રત્યે કોઇને ખાસ અણગમો નહોતો, કેમકે ભૂલથી કોઇ રમકડાંથી તેઓ પડી જાય તો પણ તેમના સારા સ્વભાવનો દાખલો દેતાં ને બોલી ન બગાડતાં. હા, માત્ર રાત્રે જ્યારે તેઓ સિપાઇઓ જોડે ચડસાચડસીમાં ઉતરતાં ત્યારે જ કંઇક અપ્રિય બનતાં.

'જુઓ, કસરતનાં પેલાં સાધનો અભરાઇ ઉપર પડયાં છે ત્યાં જ તમારે રહેવું જોઇતું હતું. અહીં તો અમે, ઢીંગલીઓ, રીંછ ને એવાં રમકડાં જ રહીએ છીએ. તમારે ન તો મોઢાં છે, ન તો હાથ છે, કે ન તો પગ છે. તમે 'બરાબર' રમકડાં નથી. માટે તમને કબાટમાં અમારા ભેગાં નહિ રહેવા દઇએ.'

મગદળોએ સૈનિકોની ઉપરવટ થવા પ્રયત્ન કર્યો, પણ ત્યાં તો સૈનિકોએ તેમના સામે બંદૂકો તાકી. મગદળોને બીક લાગી કે કદાચ તેઓ વીંધાઇ જશે. આથી તેમણે કબાટમાંથી ખસી જવું પસંદ કર્યું. ધીમેથી બધાં બહાર નીકળી ગયાં અને સામેની નીચી અભરાઇ ઉપર ગોઠવાઇ ગયાં. જો કે એમને આ વેળા ગુસ્સો તો ખૂબ ચઢયો હતો.

તે જ સાંજે શું બન્યું તે જોઇએ. રાત પડી ને માંજરી બિલાડી તે ખંડમાં દાખલ

જે રમકડાંથી તમે રમો છો તેમની વાતો 'રમકડું'ના દરેક અંકમાં નિયમિત આપવામાં આવે છે. માંજરી બિલાડીના પંજામાં અચાનક સપડાઇ ગયેલા રીંછને શેખીખોર સિપાઇઓ ન બચાવી શકયા, પણ મગદળોએ તેને છોડાવ્યું. બડાઈ મારતાં તો સૌ કોઇને આવડે. પણ વખત આવે તે પ્રમાણે કરી બતાવે ત્યારે જ તે બડાઈ સાચી. રમકડાંની વાતોના લેખક શ્રી. રતિલાલ સાં. નાયકનું તાજેતરમાં જ 'અલકમલકની વાતો' નામનું વાર્તાઓનું પુસ્તક પ્રગટ થયું છે.

**રમકડાંની વાતો**

થઇ. રમકડાં પ્રત્યે એને પૂણ આડવેર હતું. આજનો તેનો વિચાર રમકડાંને કંઇ ને કંઇ ડખલ કરવાનો હતો. પન્ના ને અનંત રમકડાં જોડે જ રમ્યાં કરતાં ને માંજરી સામે જોતાંય નહિ. એ દૂધ પીતાં હોય તો રમકડાંને ખોટું ખોટું પીવરાવતાં પણ માંજરી પૂંછડી પટપટાવતી પાસે જતી તો એમાંના જ એકાદ રમકડાંથી એને મારી કાઢવામાં આવતી. આથી માંજરીને આજે રમકડાંનું વેર લેવું હતું.

'તમને કમાટમાં અમારા ભેગા નહીં રહેવા દઈએ' સિપાઈઓએ મગદળને કહ્યું

તે કબાટની નજીક આવી. રમકડાં ફફડી ઊઠયાં: 'અચ્યા સૌ સાવધ રહેજો.' તેઓ બબડયાં.

કબાટ બંધ હતું એટલે સારૂં હતું. એના કાચમાંથી બિલાડીની બહારની હિલચાલ જોઇ શકાતી. પણ કમનસીબે લુગડાનું ભૂરૂં રીંછ પન્નાની નાની ખુરશી ઉપર બહાર જ રહી જવા પામ્યું હતું. માંજરીને જોતાં જ એ ધ્રૂજી ઊઠયું. તેણે ખુરશી ઉપરથી કૂદકો માર્યો ને કબાટ ભણી દોટ મૂકી.

પણ માંજરીએ એને જોઇ લીધું. એને ચીઢવવાનું એને મળી ગયું. માંજરીએ એક છલંગ મારીને તેને પકડી લીધું. રીંછ બિચારૂં મદદની બૂમ પાડતું પટકાઇ પડયું. રમકડાંએ ગભરાઇ જઇને એકબીજાના મોં સામે જોવા માંડયું. 'હવે રીંછને માંજરી કનેથી કોણ છોડાવશે?'

સસલાની તો તાકાત જ નહોતી. મોટો ઢીંગલોય તૈયાર ન હતો. એનાં લુગડાં ચૂંથાઇ જાય એ એને પસંદ નહોતું. ઊનનું પેટું પણ નાનું હતું એટલે લાચાર હતું. ચકલી બોલી, 'પણ કયાં ગયા પેલા બહાદુર ને હિંમતવાન સૈનિકો? રોજ બહાદુરીની વાતો કરે છે તો આજે જોઇએ એમની બહાદુરી.'

'હા, હા,' સંપાઇ મિત્રો! રીંછને બિલાડીના પંજામાંથી છોડાવો.' બધાં એકી અવાજે બોલી ઊઠયાં.

પણ અરે! તે સિપાઇઓ? તેમણે પેલી માંજરી સામે એક મીંટ માંડી ન માંડી ને તેના તેજને સહન ન થઇ શકતાં તેઓ ધ્રૂજી ઊઠયા. તેઓ એટલા બધા તો ડઘાઇ ગયા કે મોંમાંથી એકે શબ્દેય ન નીકળ્યો.

'બચાવો! બચાવો! માંજરીના નહોર આકરા લાગે છે. તે ખાઇ જાય તે પહેલાં બચાવો.' રીંછ બૂમો પાડી રહ્યું હતું.

રીંછને આમ બરાડતું જોઇ બધાં જ રમકડાં દુ:ખી દુ:ખી થઇ ગયાં. તેમણે સિપાઇઓને પકડી પકડીને કબાટની કિનારી સુધી

આગળ ધકેલવા માંડયા પણ તેઓ એક ઇંચ પણ ત્યાંથી વધારે આગળ વધે ત્યારે ને? તેઓ તો થરથર કંપ્યા જ કરે.

બિચારૂં રીંછ! કોઈજ નહિ બચાવે? ઊનનું નાનું બેટું છેવટે પોતે જ જઇને કંઇ મદદરૂપ થવા તૈયાર થતું હતું. ત્યાં જ તેની નજર અંબરાઇનાં મગદળ ઉપર પડી.

સૈનિકો ય જ્યારે પાછા હઠયા ત્યારે મગદળોમાં એકદમ જીવ આવ્યો. તેમનાથી રીંછની રિમામણી ને ચીસો સહન નહોતી થઇ શકતી. તેઓ બહાદુર ને દયાળુ હતાં. લડતાં કદાચ ઇજા થાય તો પણ તેની તેમને પડી ન હતી? પછડાવા માટે તો શું તેઓ નહોતાં ઘડાયાં? તેમણે નક્કી કર્યું કે જઇને રીંછને છોડાવવું.

દરેક મગદળે ચામડીના બબ્બે હાથ ઉગાડયા. અને પછી તો દરેકને તાળયે એકેક પગ પણ ઊગી નીકળ્યો. અને પછી નવેનવ મગદળ નાના હાથ ઉલાળતાં નીચે કૂદી પડયાં.

માંજરીને જોતાં જ રીંછ ધ્રુજી ઉઠયું

બિલાડી જ્યાં રીંછને પજવતી હતી ત્યાં જ તેઓ આવ્યાં અને માંજરીને ઘેરાઇ વળ્યાં. માંજરીએ નવાઇ પામી તેમના સામે જોયું અને પછી પંજો વીંઝી એક મગદળને પછાડી દીધું. પહેલાં તો એ ટચ દઇને હેઠું પડયું, પણ પછી તરત જ ઊભું થતાંકને માંજરીના નાકે અથડાયું. ઓહ! ત્યાંથી માંજરીને લોહી વહેવા માંડયું.

પછી તો બધાં જ મગદળ લડાઇમાં જોડાયાં. તડાતડ! ફડાફડ! માંજરીનું તો આવી જ બન્યું. કોઇ એને નાકે ચોંટે, કોઇ એની પૂંછડી ખેંચે, કોઇ એના નહોર પકડે અને પડે–આખડે તોય વગર ઇજા થયે બધાં પાછાં ઊભાં થઇ લડ્યા કરે.

પંજો ઊંચો કરી એણે આબોટવા માંડયું. બધાં મગદળ હેઠાં પડયાં ને જરા દબાયાં પણ ખરાં. માંજરી હવે આનંદમાં આવી. વચ્ચે માથું મારવાની મગદળોને સારી સજા મળી. પણ તેનો આ આનંદ પૂરો થાય એ પહેલાં તો મગદળ ઊભાં થઇ ગયાં ને પછી તો માંજરીના શરીર ઉપર ગમે તે ભાગ ઉપર ધડાધડ વાગવા મંડી પડયાં. પગ આવે તો પગ, પૂંછડી આવે તો પૂંછડી, ને માથું આવે તો માથું. તેઓ એટલાં બધાં હતાં કે ત્રણ ચારને માંજરી હેઠાં પાડી દે તો પણ બાકીનાં તેને સારી રીતે મેથીપાક ચખાડવા પૂરતાં હતાં.

આ મારામારીનો લાભ લઇ રીંછ છટક્યું તેને સાધારણ ઇજા પહોંચી હતી, પણ હજુ તે ભાનમાં હતું. તેણે કનાટ તરફ દોટ મૂકી રમકડાંએ એને અંદર લઇ લીધું ને ત્યાં એક ખૂણામાં બેસી તે શ્વાસ ખાવા લાગ્યું: 'ધન્ય છે બહાદુર મગદળોને! જુઓ! છે કોઇ એમના જેટલું હિંમતવાન? માંજરીથી સહેજ પણ બીવે છે? સિપાઇઓએ મને બચાવ્યું? વાતો તો મોટી મોટી કરતા!'

ઊનના બેટાએ કહ્યું, 'અરે! તેઓની તો ધ્રુજારી જ હજુ મટી નથી.'

સિપાઇઓ સાંભળી જ રહ્યા. તેમને પોતાની જાતની જ એટલી બધી શરમ આવતી હતી કે શબ્દે ય બોલી શકતા ન હતા. મોટા ઢીંગલાએ કનાટનું બારણું ઉઘાડી નાખ્યું જેથી બધાં જ રમકડાં બરાબર લડાઇ જોઇ શકે. સિપાઇઓને આ જોવું નહોતું ગમતું પણ છૂટકો ન હતો.

મગદળ તો મારવામાં જ મસ્તાન હતાં. રીંછ બચી ગયું હતું, પણ કંઇ વાંધો નહિ. મગદળ

તો બિલ્લીને એવો બોધપાઠ શીખવવા માગતાં હતાં કે આપજન્મારામાં ફરી કદી આ ઓરડામાં પણ ન આવે. માંજરી ચીસો પાડતી જાય ને મગદળ ધડાધડ એને અથડાતાં જાય. આખરે માંજરી થાકી. તેણે પૂંછડી દબાવી ને રસોડા ભણી દોટ મૂકી. પાછળ દોડયાં મગદળ—કૂદતાં, મારતાં, ને મલકાતાં. છેલ્લી એકેક યાદગાર લાત લગાવી એને જન્મારાની ખો ભુલાવી સૌ છાં ફર્યાં.

પણ હવે [illegible] તેમને [illegible]ઇ ઉપ[illegible] જ [illegible]રહેવા દેવા તૈયાર ન હતાં. સિપાઇઓ કરતાં તેઓ જરૂર બહાદુર ને ઉપયોગી હતાં. તેમને તો કબાટમાં સાથે જ રાખવાં જોઇએ.'

દીંગલો બોલ્યો, 'મગદળ! તમે અમારી સાથે જ રહો. તમે બહાદુર ને હિંમતવાન છો, ભલાં ને માયાળુ છો. સિપાઇઓ મામૂલી છે, ગરીબડા રીંછને બચાવવા બહાર પણ નીકળી શકયા નથી. માટે તેઓ હવે અભરાઇ ઉપર બહાર જ ઠંડીમાં ઠરશે. તમે આજથી કાયમ માટે અમારી સાથે રહી શકશો ને તમારાથી અમે ગૌરવ લઇશું.'

મગદળ કબાટમાં આવી ગયાં. અને સિપાઇઓની રમકડાંએ શી દશા કરી તે જાણો છો? બંદરભાઇએ બધાને એક હારમાં ઊભા રાખી લેફ્ટ-રાઇટ લેફ્ટ-રાઇટ કરાવી, હારબંધ પેલી અભરાઇ ઉપર ગોઠવી દીધા.

અને સવારે પન્ના અને અનંત આ ફેરફાર જોઇ કેવી નવાઇ પામ્યા તે તો વર્ણવી જ ન શકાય. 'આ સિપાઇઓને અહીં કોણે મૂકયા?'

'અને મગદળને પણ સિપાઇઓની જગ્યા કેવી રીતે મળી?'

પન્ના ને અનંતને કોઇએ રાતની વાત કહી હોત તો?

## ફૂલને

ઓ ફૂલ! મને કંઇ વાત કરો.
દૂર નભે જોઇ સૂરજને
શાને આંહી તમે પમરો?
ઓ ફૂલ! મને કંઇ વાત કરો.

✠

કોમળ જ્યારે ઇંદુ રેલે શીતળતાનો સ્નિગ્ધ ઝરો;
કેમ બીડીને પાંખ તમારી ભોંય ઉપર હે ફૂલ! ખરો?
ઓ ફૂલ! મને કંઇ વાત કરો.

✠

ડોલાવે આવી ડોલંતો ગુંજંતો મધુરો ભમરો;
ડંખ દિયે તે સહન કરીને સૌરભ જગે ભરો?
ઓ ફૂલ! મને કંઇ વાત કરો.

✠

દોસ્ત બની સંગાથે રમવા ચાહું; ત્યાં તો તમે સરો!
સદા ખીલેલાં હસતાં રહીને ગ્લાનિ ન મારી કેમ હરો?
ઓ ફૂલ! મને કંઇ વાત કરો.

સરોદ

અમારા ગ્રાહકોને
નવા વર્ષનાં
અભિનંદનો

ઓર્ડર
આપેથી
માલ ઘર
બેઠાં પહોંચતો
કરવામાં
આવશે

અમારે ત્યાં
રેશન સિવાયનું અનાજ,
ઘી, તેલ, ગોળ, ચા, સાબુ
તદ્દન કીફાયત ભાવે મળી શકશે.
આપની નોંધપોથીમાં
નીચેનું સરનામું નોંધી લ્યો

અનાજના જાણીતા વેપારી
શા. હીરજી ધનજી મોદી
ઠે. ૭૨, જુની હનુમાન ગલી, ધાબળીવાળાનો માળો, મુંબઈ–૨

રાઈઝીંગ સન માર્કાની
–દરેક જાતની
● શાહીઓ
● ગુંદર
● સફેદ પેસ્ટ તથા
● સીલીંગ વેકસ
માટે હમેશાં પુછપરછ કરો.
બહારગામના ઓર્ડરો ઉપર
પુરતું ધ્યાન આપવામાં
આવશે.
● ● ●
બનાવનાર:—
એન. એચ. ત્રિવેદી
બારભાઇ મોહલ્લા, કાપભાઇ બીલ્ડીંગ,
૨ જે માળે, મુંબઈ—૩

EAGLE
BRAND

બુદ્ધીશાળી–બાળક
ચંદુ–બા મને પણ મારા બાપુજી વાપરે છે તેવાં
"ઇગલ માર્કા"નાં જ બટન અપાવો ને?
બા–"ઇગલ માર્કા"ના જ બટનનો સેટ વાપરવાની હઠ
શા માટે પકડે છે?
ચંદુ–તે બટનનો સેટ સુંદર મજબુત ને ટકાઉ છે
તથા ભાવોમાં પણ દરેક સ્થિતિના માણસોને
પોસાય તેવાં છે. મારા બધા જ દોસ્તો
"ઇગલ માર્કા"નાં જ બટનો વાપરે છે. દરેક
સારા સ્ટોર્સ અને દુકાનોમાં મળે છે.
જથ્થાબંધ માટે પુછો.
ચીતલીઆ–બ્રધર્સ,
ભંગતવાડી ભુલેશ્વર, મુંબઈ ૨.

# ૨૦ વરસની ચાહની બક્ષિસવાળી એક જ દુકાન

કવૉલીટીની

**ચહા**

ખરીદવાનું સર્વશ્રેષ્ઠ સ્થળ :

**નૂતનવર્ષાભિનંદન**

અમારા ગ્રાહકો, શુભેચ્છકો, સ્નેહિઓને દિવાળીની શુભેચ્છા તથા નવા વરસનાં અભિનંદનો

## કલકત્તા ટી. એજન્સી

પ્રોપ્રાયટર : પી. એમ. ચોકસી

૧૮૬, નાનાનિવાસ, ભૂલેશ્વર, કુંભારટુકડા, મુંબઇ.

---

**નૂતન વર્ષનાં નવલા પ્રભાતે---નાગર ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ–**

## સહર્ષ રજૂ કરે છે

પહેલી જ વાર હિન્દમાં લાખોને ખર્ચે તૈયાર થતું– પહેલું જ **જંગલ ચિત્ર**

ભૂમિકા :
- ૦ બાબુરાવ પહેલવાન
- ૦ બીમલાકુમારી
- ૦ ઇન્દિરા
- ૦ હુબીબ સેરા
- ૦ કૃષ્ણકુમારી.

વાર્તા–સંવાદ : તાહીર લખનવી

સંગીત : ડી. સી. દત્તા

દિગ્દર્શન : મહમદહુસેન

મુંબઇ પ્રાંતનાં બુકીંગ માટે લખો: **નાગર ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સ** મુંબઇ—૪.

જન્માષ્ટમી બિલ્ડીંગ—૧૪૩ ખેતવાડી, મેઇન રોડ. Bhagvati Advt.

દિવાળીની શુભેચ્છા

અમારે ત્યાં

અમારા ગ્રાહકો, સ્નેહીઓ અને શુભેચ્છકોને સુખી દિવાળી તથા નવા વરસનાં અભિનંદનો

✻

આપની જરૂરિયાત માટે નીચેને સ્થળે લખો યા રૂબરૂ મળો :

દરેક જાતના ઊંચી ક્વોલીટીના પેપર જેવા કે પોલીસી પેપર, (૧૦૦% રેગ) આર્ટ પેપર, ફેન્સી કવર પેપર, સુપર કેલેન્ડર, પ્રીન્ટીંગ, બેન્ક પેપર તથા દરેક જાતના અને સાઇઝના કવર, સ્ટેશનરી વિગેરે કિફાયત ભાવે છુટક તથા જથાબંધ મળશે.

✻

દરેક જાતના પેપર બોર્ડઝ તથા સ્ટેશનરીના આયાત કરનારાઓ

# મનસુખલાલ સુખલાલની કાં.

(તારવાળા)

ઘોઘા સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ફોન : ૨૪૯૩૬

ગ્રામ : 'PADDY'

# આવાં છે કામગરાં ગ્રામબાળોનાં સેવાકાર્યો

# ગરવાં ગ્રામબાળ

લેખક: શ્રી. 'ગોપાલન'

શહેર અને ગામડું. બન્ને વચ્ચે જેમ મોટો તફાવત છે તેમ શહેરનાં બાળકો અને ગામડાંનાં બાળકો વચ્ચે પણ મોટો તફાવત છે. એ તફાવત તો આ લેખ વાંચતાંજ સમજાઇ જશે. ગામડાંનાં બાળકો જે જાતનું જીવન જીવે છે, તે જીવન સ્વાશ્રયી જીવન છે. બાળપણથી જ તેઓ અનેક પ્રકારના કામ કરે છે અને આપોઆપ તેમને શીખવાનું મળે છે. આ કામો તેમને માથાભાર કે કંટાળાજનક નથી લાગતાં, તે કરવામાં તેમને અખૂટ આનંદ મળે છે.

અને એ જ તો મઝાની વાત છે ને? જે કામ કરવામાં આનંદ ન મળે તે કામ સાચી રીતે થાય પણ ખરું? 'ગરવાં ગ્રામબાળો'નાં કામોનો આ આબેહૂબ અહેવાલ શહેરી બાળકોને આશ્ચર્ય પમાડશે અને ગામડાંના ભેરુઓને પોતાની વાત વાંચ્યાનો સંતોષ આપશે. તેના લેખક શ્રી. ગોપાળભાઇ પટેલ મુંબઇ રેડિયો મથકેથી રજૂ થતા બાળકોના કાર્યક્રમમાં અવારનવાર ભાગ લે છે.

'જગતનો તાત' ગણાતા ખેડૂને ઘર આખું વર્ષ કેટકેટલાં કામ હોય! એમાંના ઘણાં કામોમાં એનાં બાળુડાં પણ સાથ દેતાં હોય છે. તમે કહેશો, નાનકડાં ભૂલકાં માબાપને તે શી મદદ કરવાનાં હતાં! શહેરી બાળક પણ આવો જ સવાલ પૂછે; કેમકે એને તો 'કોઇકવાર' એની મા દૂધ આણવાનું સોંપે તો કહેશે કે: 'રામાને મોકલો, બા. મારે તો 'સેવા સમાજ'ના કાર્યક્રમમાં જવું છે.'

અહીં ગ્રામબાળને તો સવારથી સાંજ, નિશાળે જાય તે પહેલાં ને આવ્યા પછી, શિયાળે, ઉનાળે, કે ચોમાસે—હરવખતે તરેહતરેહનાં કામ બજાવવાનાં હોય. બધાંય કામ તે હોંશથી કરે. સોંપેલા કામ પર નન્નો ના સંભળાવે. એની ફરજો એને સજારૂપના લાગે, પણ મજાભરેલી લાગે.

અને સાચે જ, એ આનંદ ને મસ્તીભર્યાં કામની વાત તમે સાંભળશો તો કહેશો: 'ભગવાન, અમને ગામડે કાં જન્મ ના દીધો?' હા, પણ ત્યાં જન્મીને થોડા ખડતલ ને નિડર પણ થવું પડે ને સાપ, વીંછી, વાનર, શિયાળનાં સૌની સાથે ભાઇબંધી પણ રાખવી પડે હો! તમે શહેરીઓ, કોઇવાર ખૂણામાં કાનખજૂરાનું બચ્ચું નજરે ચડે, તો આખું ઘર ખળભળાવી મૂકો અને મ્યુનિસિપાલિટીને અરજી કરો! આટલી બધી (!) હિંમત હોય તો ગામડે ના આવતા, સમજ્યા કે?

⊕

આ રહી ને ગ્રામબાળનાં કામની રસભરી વાતો.

મૂશળધાર વર્ષા વરસી ને ખેતર ક્યારી ઉભરાઇ ગયાં. લાકડાના તરગૈયા પર બેસી બધાં ક્યારડાનું ધરૂ ઉખેડવા લાગ્યાં. બાકીની જમીનને સપાટ કરવા—"કાદવ કરવાનો" હતો.

એક સપાટ લાકડાને દોરડું બંધાયું ને તે પર નાનકો ભગુ લંગોટીભેર બેસી ગયો. ભગુભાઇ દોરડું પકડી બેઠા છે ને બાપા ખેંચતા જાય છે. ક્યારડામાં ડહોળા પાણીનાં મોજાં ખળભળી ઉઠ્યાં.

ક્યારડાના કાદવ પાણીમાં

પેલાં ઘર ઉખેડનારાં કહે: "ભગુડા જોજે, જળો ના વળગી જાય!" રાતી અળસિયા જેવી જળો ચામડીને ચોંટે તો ચામડીને તોડી જ દે. પણ ખડતલ ભગુ એનાથી ડરે એવો ખરો! ક્યારેક ચડતો ને ક્યારેક પાણીમાં પડતો ભગુ બાપને મદદ કરી રહ્યો

છે. પછી ધરૂની જુડી વહેંચવ'નું કામ પણ તેણે લઈ લીધું. ધરૂની ખાતરાળી, જમીનમાં કાળા વીંછી, કાનખજૂરા ને જીવડાં હોય તે ધરૂમાં બંધાઈ ગયાં હોય! ક્યારેક દેખાઈ આવે પણ તે તેને રસ્તે ને આપણુ આપણે રસ્તે!

થોડે દિવસે આવે ઘાસ કાપણી. આખા વાડામાં ઘાસધાસ કપાઈને પથરાયું હોય. ચારાવા માંડે એટલે ભીમો પટેલ ઘરોઘર છોકરાંઓને કહેવા નીકળે: 'અ દયા

જીવતો ઘાસનો પૂળો

ઓ, ઘાસ બાંધવા આવશો કે?' વહેલે મળસ્કે ઝાકળ-ભીંજ્યા ઘાસને બાંધવા (પૂળા બાંધવા) નાનકાંની ટોળી શોભાડો ગજવતી ઉપડી જાય ને ઘંટ વાગે એટલે ઘરભેગી. બેત્રણ કલાકમા તો આખો વાડો પૂળાથી ભરાઈ જાય—સો પૂળા (વીસ પંચક) બાંધતાં એક પૈસો મજૂરી મળે ક્યારેક અંધારે કોઈએ પૂળા ભેગો સાપ પણ વીંટાળી દીધો હોય. (ઝાકળની ઠંડીમાં સાપથી ભગાય નહિ એટલે.) પેલા લોકો ઘડીક બાદળ હેઠે બેઠા હોય ત્યાં પૂળો સળવળતો લાગે. 'એલા એ ભૂત' પૂળો ચાલે છે! કોઈની પાસે બત્તી તો હોય નહિ અજવાળાની રાહ જોતા તે કૌતુકને જોતા બેસી રહે પછી જુએ તો અંદર સાપ! લગાવો દંડા, બેડો પાર!

❁

કપાસ વીણવાનુ કામ ઘણું મજેનું. એને પણ ઘાસની જેમ, ઝાકળ ઊડી જાય તે પહેલાં વીણેલો સારો. હાથમાં રોટલો, રોટલા પર ચટણી ને માથે પાણી ભરેલી



ચાલી જાય રે વણઝાર

નાની કોરી દોસકી, (મટુકી) જેમાં ઉનાળે પાણી ઠંડુ બરફ જેવું હોય. (ગામડાનું એ રેફ્રિજરેટર!) તે લઈ સંગાથે છોકરાં લઈ સૌ નીસર્યાં હોય. રસ્તે રોટલો ચાવતાં ચાવતાં સૌ ખેતરે પહોંચે.

પછેડીની ખોઈ (ઝોળી) બાંધી કપાસ 'વીણવા માંડે. મોર, ઢેલ ને તેનાં બચ્ચાં ચારો ચરી રહ્યાં હોય તેવો દેખાવ લાગે. બપોરનો તાપ તપતાં સૌ સૌના કપાસના ગાંસડા બાંધી માથે મેલી ઘર તરફ ચાલવા માંડે—જાણે કોઈ વણજાર જતી હોય તેમ.

કપાસ સાથોસાથ જુવારની રાખણી પણ ચાલતી હોય. એમાં તો ખૂબ મજા. માળા પર બેસી ગોફણના ગોળા વીંઝયે રાખવાના ને 'હયા, હયા! કાબર! કાબર!' એવી બૂમો પાડયે જવાની. સખત ઠંડીમાં ગ્રામબાળો પોતપોતાને માળે આવે. થોડીક વાર બળતું કરી તાપે, કૂણાં કણસલાં એકાદ બે ભૂંજી નાખે ને ચકલાં ફોલવા આવે તે પહેલાં પોતે ફોલવાનું શરૂ કરી, માથે ચઢી સૂરજના ઉગ્યાની રાહ જોતાં રહે. કુદરતને ખોળે વસનારાંની આવી એક મસ્ત જિંદગી છે ને ચોક ખાવાની તે કંઈ મજા!

જુવારના ખેતરમાં

❁

ખેતરવાડી એ બાજુ સઈ ને જવાનું કામ પણ ખાસ કરીને ગ્રામબાળોનું જ. ગામમાં થઈને જતાં ઘણીવાર કૂતરાંની બીક હોય છે. અમુક કૂતરાં તો કરડવામાં પ્રખ્યાત જ હોય; તેવાથી સંભાળીને જવું પડે; નહિ તો ભાતું તેમનું જ થઈ જાય ને બાપા ખેતરે વાટ જોતા જ રહી જાય! આગળ ચાલતાં સીમમાં વાંદરાનાં ટોળાં નિર્ભય રીતે જમીન પર બેઠેલાં જોવા મળે. બરોબર રસ્તાથી થોડે જ છેટે સભા ભરી તે બેઠા હોય. કંઈ ઠરાવ પસાર કરતાં હોય તેમ. વડો વાનર દાંત કડકડ બોલાવતો આમતેમ જોઈ રહ્યો હોય. તેને જો જરીક દાંત કાઢી બતાવ્યા તો બોમ ધાય્યા! 'હૂપ' કરતોક ને થપ્પડ મારવા આપણી

ગમ કૂદી જ છે. હનુમાનનો એ અવતારી કહેવાય. એથી બધાએ શીખવી મૂક્યું કે વાનર જોતાં બોલી દેવું. 'જે હનુમાન બાપજી! સુખી રાખજો!' આટલા મંત્રથી બચી જવાય.

અને...પૂળા પર બેસી પાણીના પ્રવાહમાં દોડયા છો, કદી?...વાડીએ કોસ ફરે છે. થાળામાંથી ખળખળતાં પાણીની નીક (ઊભાળ)માં થઈને દોડી રહ્યાં છે. ઊભાળમાં માટી ભરાતાં છીછરો થઈ ગયો છે. જાતું બઈને આવેલા મંગુડાને બાપાએ શેલડીનાં પાનના પૂળા પર બેસાડયો ને તે પૂળો ઊભાળમાં ખેંચવા લાગ્યા. ઊંડો ઉભાળ બનતા પાણી જોસભેર વહેવા માંડયાં, મંગુને જોતાં પેલા મગરની પીઠ પર બેસીને જતા વાનરભાઈની જ યાદ આવે!

પાણીના ઊભાળમાં

❁

ઓ હો. જોઈ લ્યો, પેલું ગાડું જાય છે. અંદર ભર્યું છે ઉંચે સુધી ઘાસ. ઉપર એક છોકરો બેઠો છે. તમે કહેશો, એને આવતાં શું થયું, વજનમાં વજન ઉમેરે છે તે! પણ તેમ નથી. આ તો ગાડામાં 'ઉલાળું' હતું. એટલે કે ગાડાના પાછલા ભાગ તરફ વજન વધારે ભરાઈ ગયું હતું. તે સમતોલ કરવા મણુ-સવાએકના બચુભાઈને ગાડાને આગલે ભાગે (ઘાસના ગાડામાં) બેસાડી દીધા છે. 'દબાણું' હોત તો એને પાછલે ભાગે બેસવું પડત. છે ને મજા! બધાનું કામ થાય અને આપણને રાજા હાથીની અંબાડીમાં બેઠા હોય તેમ



ગાડાનું વજન સમતોલ કરવા કરી છે ઘાસ પર સવારી

જવાનું મળે, અને રસ્તે આવતી આંબા આંબલીની ડાળ પરથી કાચી કેરી કે આંબલી હાથ લંબાવી તોડી ખાવાની ગમ્મત પડે તે વધારાની.

❁

ગ્રામબાળનાં આવાં સીમનાં સાહસકામ દેખી આપણે હવે તેને ઘરે જઈએ.

આ રહ્યો તે પાવડી (નાનો પાવડો) થી કોરનું છાણ ખસેડી રહ્યો છે. કેવો કામમાં મસ્ત છે, બચારો! ત્યાંથી પરવારી, તે બળદભેંસને ગુવાર-કપાસનાં કૂંડાં મૂકશે ભેંસબાઈ કૂંડાં ભાંગી નાખે તે સાચવવા તે ગમાણના પાટ પર બેઠો છે ને સાથેસાથે આજના 'લેસન' માં આપેલી કવિતા મોઢે કરી રહ્યો છે. (ભેંસ આગળ ભાગવત!) આ ભેંસનું પાડિયું મરી ગયું છે. તેના વિના એ દૂધ ના દે. એટલે બચુડો રોજ માથે કામળો ઓઢી, પાડિયા જેમ 'ઓંઈ ઓંઈ' કરતો ભેંસનાં આંચળ ખેંચવા માંડે. ગાંડી ભેંસ જાણે કે મારું બચ્ચું જ ધાવી રહ્યું છે.



ભેંસનું બે પગું પાડિયું

તરત જ ડાહી થઈને દૂધ દહોવા દે. છે ને ગ્રામબાળની કરામત!... આ જ રીતે મારકણા બળદિયાને પણ એ કાબૂમાં લે છે. ખીલડે બાંધેલ બળદને છોડવા જાય ના કોઈ મોટેરાનું ગજું ના હોય ત્યાં એ નાનકડા ભાઈસાબ લહેરથી જઈને પંપાળતા, પીઠ થાબડતા ગળાની ઘંટડી વગાડે. કહે છે કે સેવાથી પ્રાણી વશ થાય તે આનું નામ.

❁

હવે ચાલો, ગ્રામબાળને દેખીએ તેના ઘરમાં. આ રહ્યો તે, દાદાની પગચંપી કરી રહ્યો છે. દાદા લાંબા થઈ ખાટલે પોઢયા છે ને તેમનો પૌત્ર તેમના અંગ પર આમથી તેમ ચાલતો પગ વતી ચંપી કરી રહ્યો છે. પગથી થાય તે પગચંપી!...પછી તેને કોઠીમાં ઉતરેલો જોશું. છાણમાટીની કોઠીમાં મોટેરાં ઉતરે તો ભાંગી જાય. ભાઈસાબ અંદર કૂદી પડયા

છે. અંધારું ઘોર! રહી સહી ડાંગર બકોરામાંથી બહાર કાઢી આપે છે.

દિવાળી આવતાં ઘરઘર લીંપણું ગૂંપણું ચાલે. તે માટે છાણમાટીના પલાળેલા ઢગલાને ખૂંદવાના હોય. "આવજો છોકરાંઓ ગાર ખૂંદવા" મંછામાડીની બૂમ પડે. એકેક પૂરી–અથિયું મળે એટલે સૌ દોડયાં જાય. ઘડી બે ઘડીમાં તો કાળીની ગાર માટી તૈયાર. એ રીતે પાપડ વણે ત્યાં સૂપડાં પરના પાપડ બહાર તડકે નાખવા જવા સૌ 'તલપાપડ' થઈ રહે. વણનારી વણતાં જાય ને ટાબરિયાં સૂપડાં ઉપાડતાં જાય. આ મહેનતમાં ગોળપાપડી (કાચો પાપડનો લોટ અને શેકેલા પાપડનું તેલવાળું મિશ્રણ) ને ગુળિયાં (ચટકો) ખાવા મળે હોં.

દિવાળીમાં નવી ડાંગર ઝુડાય. તેના પગળમાં બળદ ફેરવતી વેળા જોઈ લો, છોકરાંને ગલોટ ખાવાની મઝા! બળદને 'હે હૈ' કરતા જવું ને ફરતે ફરતા જવું.

દિવાળી ટાણે ભજીને આણે (તેડવા) જવાનું હોય. બે નાનકડા દોસ્તો નવાં કપડાં પહેરી નીકળી પડે. ભજીનું ગામ અજાણ્યું હોય. પાદરે દાખલ થતાં કૂતરાં ભસવા માંડે. કૂતરાંને અને છોકરાંને કોણ જાણે શાં વેર હશે કે જ્યાં દેખે ત્યાં તે છોકરાં પર ભસતાં જ હોય! સાચવીને રાખીને ભાભીને આંગણે જઈ પહોંચ્યા. ખાધુંપીધું ને બાળી સંઘાતે ચાલ્યા ઘર ભણી.

ગ્રામબાળનાં આવાં છે અદભુત સેવાકાર્યો. એનાં કામ તમને ગમતાં હોય ને તેવાં કરી જોવાની ઈચ્છા હોય તો ગામડે જરૂર આવજો.

# કોકિલ બ્હેની!

કોકિલ બ્હેની!
તું કયાં હશે?
ફૂલે ફાલ્યું ઉપવન,
ફૂલે ફાલ્યું ઉપવન,
કોકિલ બ્હેની!
તું કયાં હશે?
મ્હેકે પુષ્પોનું વન,
મ્હેકે પુષ્પોનું વન,
કોકિલ બ્હેની! તું કયાં હશે?
આંબલે ફોરે છે મ્હોર, વસંત રંગમાં,
ખીલે ખીલે વેલ્યોનાં તન;
કોકિલ બ્હેની! તું કયાં હશે?

સુરભિ સૌન્દર્ય સંગ, ખોટ તુજ સૂરની.
મીઠું મીઠું કરને કુજન;
કોકિલ બ્હેની! તું કયાં હશે?
ધરતી જો મૌન ભલે, ટહુકીને એક વાર,
ભરીભરી આલ્હાદે મન;
કોકિલ બ્હેની! તું કયાં હશે?

ધીરજલાલ પરીખ

● "લીપ્યું ને ગુંપ્યું મારૂં આંગણું રે!

● પગલીનો પાડનાર દે ને, રન્નાદે!"

એમ સ્ત્રી-હૃદય એક લાડીલા બાળકની માગણી કરે છે

અને

* ગુલાબના પુષ્પ જેવું બાળક અવતરી

* સૂના ઘરને કિલ્લોલથી ગજવી મૂકે છે.

ગુજરાતના કવિસમ્રાટ ન્હાનાલાલે

ગાયું છે કે:

'બાળક પ્રભુનાં પયગમ્બર છે'

તમારા ઘરને ગજવતા

આંગણું અજવાળતા

તમારા

✵ બાળકની ✵

એક માત્ર

ચિરંજીવ યાદ આપતી

તસ્વીર માટે

★ જનરલ ફોટો સ્ટુડીઓ ☆

બાળકો માટે દિલ રેડીને કામ આપે છે.

મસ્જિદ બંદર રોડ-વેસ્ટ (ગુરૂવારે બંધ)

INT. ADVT.

અમારા માનવંતા ગ્રાહકોને

## નૂતન વર્ષાભિનંદન

હમારે ત્યાં દરેક જાતનું વેલ્ડીંગ તેમજ કોઇપણ
મશીનરીના નવા પાર્ટસ બનાવવાનું કામ સંતોષ-
કારક તથા કિફાયત ભાવે કરી આપવામાં આવે છે.

એક વખત આપનું કામ આપી ખાત્રી કરો

## ઇન્ડસ્ટ્રીયલ વેલ્ડીંગ એન્ડ મીકેનીકલ વર્કસ

કુમટા સ્ટ્રીટ, ફ્રીઅર રોડ: ફોર્ટ, મુંબઇ ૧.

## નૂતન વર્ષાભિનંદન

અનંત યાતનાઓ ભરપુર વર્ષના અંત સાથે–વિક્રમ સંવત ૨૦૦૮ નું વર્ષ શાંતિ, સમૃધ્ધિ અને સુખમય નીવડે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

પ્રકાશીતઃ– ઈસ્ટર્ન લાઈટસ કું૦



☆

સ્ટવ, પેટ્રોમેક્ષ, ટોર્ચ બેટરીઝ વિ. ના હાયરેક્ટ ઈમ્પોર્ટર્સ તથા આગેવાન વ્યાપારી.

☆

૭૮, લોહાર ચાલ, મુંબઇ નં. ૨
ટેલીફોન: ૨૬૪૭૭ તાર "GREATLIGHT"

રેડ સ્ટાર

અમારી વિખ્યાત બનાવટો જેવી કે ફેસ પાવડર, હેર ઓઇલ, ગ્લીસરીન, એસન્સીસ, સોપ, વીગેરે માટે

અમારો ટ્રેડમાર્ક તપાસીને લ્યો

લખો: ધી રેડ સ્ટાર કેમીકલ વર્કસ

૬૭, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨
દરેક મોટાં શહેરો માટે સ્ટોકીસ્ટો જોઇએ છીએ.

# એક કલાકમાં શિરીષે નવું રમકડું તોડી નાખ્યું અને....



શિરીષનો આજે જન્મદિવસ હતો સવારમાં ઊઠતાંવેંત ગઈ રાતે તેના બાપુજીએ શિખવાડયા મુજબ તે તેની બાને અને બાપુજીને પગે લાગ્યો. આજે શિરીષને સાતમું વરસ બેઠું હતું. તે બાલમંદિરમાં જતો હતો, પણ આજે જન્મદિવસ હતો એટલે રજા પાડી હતી.

બા ને બાપુજીએ શિરીષને ગોદમાં લઈને રમાડયો. મૂંગા મૂંગા અનેક આશીર્વાદ આપ્યા અને પછી કેસરિયું દૂધ આપ્યું. દૂધ પીને શિરીષ રમવામાં પડયા તેના બાપુજી ઘરનો હિસાબ લખવા બેઠા. શિરીષની બા કાવેરીબેન પૂરણપોળી બનાવવામાં મશગૂલ બન્યાં...

રમતાં રમતાં શિરીષે તેના બાપુજીને પૂછયું: "બાપુજી! આજે તમે મારે માટે શું લાવશો?"

"તું કહે તે રમકડું લાવું... બોલ દીકરા, આજે તારો હુકમ થશે તે લાવી આપું."

"તો મારે માટે મોટર લાવજો... ચાવીવાળી હોં કે?"

"ભલે બેટા. ચાલ હવે આપણે નાહી લઈએ"

"પછી સરસ કપડાં પહેરવાનાં ખરું ને બાપુજી!"

"હા બેટા, સરસ કપડાં પહેરીને પછી મંદિરે દર્શન કરવા જઈશું, ત્યાં રસોઈ તૈયાર થઈ જશે એટલે આપણે જમવા બેસશું."

❋

નાહીધોઈને શિરીષ તેના બાપુજી સાથે દર્શન કરી આવ્યો. બધાં આનંદથી જમ્યાં. બપોરે શિરીષ ઊંઘી ગયો. તે ઠેઠ સાંજે ચાર વાગ્યે જાગ્યો. શિરીષના બાએ તેને હસીને ઉઠાડયો ને બોલ્યાં: "કેમ બેટા, આજે તો કંઈ બહુ ઊંઘ્યો! ચાલ, હવે મોઢું ધોઈ લે. હું તને ચા બનાવી આપું. પછી આપણે બજારમાં જઈએ."

ચા-પાણી પીને શિરીષ બહાર જવા તૈયાર થયો. તેનાં બા સાથે તે બજારમાં ગયો. બજારમાં તેની નજર તો જાતજાતનાં રમકડાં તરફ જ જતી હતી. તેણે બાને કહ્યું: "બા... બા... મારા બાપુજી આજે મને મોટર અપાવશે પણ તું શું અપાવશે?"

બા બોલ્યાં: "હું શું અપવું? એમ બેવડો ખર્ચો થાય નહિ. ચાલ સીધો..."

પણ શિરીષે તો કજિયો માંડયો. બજાર વચ્ચે આવાં સરસ કપડાં પહેર્યાં હતાં છતાં તે બેસી પડયો અને રડવા લાગ્યો...આથી શિરીષની બાને ગુસ્સો તો ચડયો, પણ આજે શિરીષનો જન્મદિવસ છે એટલે રોવું વઢે-એમ વિચારીને કાવેરીબેને તેને તેડી લીધો અને કૃષ્ણ ભગવાનની મુરલીવાળી માટીની મૂર્તિ અપાવી દીધી.

❋

શિરીષ રડવું ભૂલી ગયો ને હસવા લાગ્યો. તેના બાએ ખરીદી કરી લીધી અને બન્ને જણ ઘેર આવ્યાં. શિરીષ તો કાનુડાને લઈને આડોશપાડોશના તેના ભેરુડાને બતાવવા લાગ્યો. બધાએ તે રમકડું જોયું... હાથમાં લઈને જોયું...એમ કરતાં શિરીષના હાથમાંથી કાનુડો પડી ગયો ને તેના કટકા થઈ ગયા...

આ જોઈ શિરીષનાં બાને બહુ જ ગુસ્સો ચડયો. એક તો પોતે કશું ય અપાવવા માગતાં નહોતાં. તેમાં હઠ કરીને રમકડું લીધું ને કલાકમાં તો તેના ભાંગીને ભુક્કાય કરી નાખ્યા! રોતાં રોતાં તે બહાર વરંડામાં આવ્યાં અને શિરીષને કાન ઝાલી એક તમાચો ચોડી દીધો ... બીજો ધબ્બો માર્યો અને બોલ્યાં: "હરામી! મને ખાતરી જ હતી કે

બાળકોનાં સાચાં રમકડાં તેમનાં માબાપ છે અને બાળકો તેમનાં માબાપનાં જીવતાં રમકડાં છે. એવાં રમકડાંને ફુલાવાય નહીં. આવાં સાચાં અને જીવતાં રમકડાંની વાત લખનારા શ્રી. વેણીભાઈ પુરોહિત કવિ અને વાર્તાકાર છે.

હું એ રમકડું સાંજ સુધી ય સાજું નહિ રાખે..."

શિરીષ રડવા લાગ્યો. છોકરાં બધાં નાસી ગયાં એટલે શિરીષ બોલ્યો: "તેં તેં મને આવું ભાંગી જાય એવું માટીનું રમકડું શું કામ અપાવ્યું? એ તો ભાંગી જ જાય ને! બાપુજી તો મને મોટર અપાવશે. એને તો પછાડીએ તોય ના ભાંગે!"

શિરીષના આ જવાબથી કાવેરી-બેનને ખૂબ જ ક્રોધ વ્યાપી ગયો. "એમ!...એમ!...એમ કે?..." કહેતાં જાય ને શિરીષને તમાચા મારતાં જાય...

❋

શિરીષને સારી પેઠે માર પડ્યો. તે એકદમ રડવા લાગ્યો...આથી વળી વધુ ચિડાઈને કાવેરીબેને પાછો એક જોરથી તમાચો માર્યો ને બોલ્યાં: "વાયરી! તારી જીભ તો સવા ગજની છે! ચૂપ થાય છે કે નહિ?"

શિરીષ પણ રડતો રડતો ગુસ્સે થઈ ગયો ને બોલી ઊઠ્યો: "હું ચૂપ થા...હું ચૂપ નહિ થઉં... હું બાપુજીને કહી દઈશ કે બાએ મારા જનમદિવસે પણ મને માર્યો..."

ત્યાં તો આ ધાંધલ સાંભળીને પડોશી બહેનો દોડી આવી ને મામલો શાંત પાડ્યો. કાવેરીબેન બોલ્યાં: "અરે આ છોકરો તો એવો પાજી છે કે વાત જવા દો. એક કલાકમાં એક રમકડું તોડી નાખ્યું...તેના બાપુજી મોટર લાવીને આપશે એટલે તે ય તોડી નાખશે...એને શું?"

શિરીષ રડતો રડતો રોષમાં બોલ્યો: "હા હા...એ મોટર પણ તોડી નાખીશ...એ તો બીટકલી મોટર છે...તૂટી ય જાય...હું શું કરું...? તું જોજેને, હું મોટો થઈશ પછી સાચી મોટર લઈશ ને બાપુજીને ફરવા તેડી જઈશ... તને નહિ તેડી જાઉં..."

પાડોશણો તરફ જોઈને કાવેરી-બેન બોલ્યાં: "લ્યો, સાંભળો આ સાહેબજાદાની વાત! આનું તમે ઉપરાણું લેવાં આવ્યાં છો! કેવા તડાતડ જવાબ આપે છે!"

પાડોશનાં રમાબહેન બોલ્યાં: "હોય એ તો...બચ્ચું છે...પણ આપણાંથી આટલો ગુસ્સો ન કરાય..."

"બચ્ચું છે એમ? બચ્ચું છે!" એમ બોલતાં બોલતાં કાવેરીબેને પાછો શિરીષને સારી પેઠે માર્યો... જેમ માર પડતો જાય તેમ શિરીષ વધુ ને વધુ રડતો જાય... છેવટે રમાબહેન શિરીષને તેડીને પોતાને ઘેર લઈ ગયાં ત્યારે મામલો શાંત પડ્યો...એકાદ કલાક પછી ઉંઘતા શિરીષને તેડીને રમાબહેન કાવેરીબહેનના પલંગ પર તેને સુવડાવી ગયાં...

❋

રાતે આઠેક વાગ્યે શિરીષના બાપુ કંચનલાલ ઘેર આવ્યા. તેમણે જોયું તો શિરીષ ઉંઘી ગયો હતો. તે જરાક નિરાશ થયા કારણ કે શિરીષ માટે તે સરસ એક માળવાળી મોટરબસ—આરસલ મુંબઈની બસ જેવી જ—લાવ્યા હતા. તેમણે કાવેરીબહેનને પૂછ્યું: "કેમ શિરીષ આટલો વહેલો સૂઈ ગયો?"

કાવેરીબેન બોલ્યાં: "અરે એના જેવો તો તોફાની ને હઠીલો છોકરો મેં કોઈ જોયો નથી. મેં બજારમાંથી કૃષ્ણ ભગવાનની મૂર્તિ અપાવી દીધી પણ એક કલાકમાં તો તે તોડી નાખી ને પાછો કહે છે કે એ તો માટીની હતી તે તૂટી યે જાય..."

"પછી?"

"પછી શું? મેં જરા ટેપરાબાક ચખાડ્યો. બીજું શું?"

હજી એ કંઈ આગળ બોલે ત્યાં ઉંઘમાં ને ઉંઘમાં શિરીષ ડુસકાં ભરવા લાગ્યો. તે જોઈને કંચનલાલને ઘણું જ દુઃખ થયું. કપડાં ઉતાર્યાં વગર તે શિરીષની બાજુએ બેસી ગયા ને તેને માથે હાથ ફેરવવા લાગ્યા. એટલીવારમાં તો બેત્રણ વાર ઉંઘતા શિરીષે નીંદરમાં ને નીંદરમાં ડુસકાં ખાધાં...

❋

કંચનલાલ બોલ્યા: "બિચારાને બહુ માર્યો લાગે છે!"

"ન મારે તો શું એની પૂજા કરે?"

ખેદપૂર્વક ગુસ્સો દાબીને કંચન-લાલ બોલ્યા: "પણ આજનો દિવસ તો જવા દેવો હતો! રમકડાં અપાવતી વખતે આપણે એ સમજી જ રાખવાનું હોય છે કે તે મિનિટમાં તૂટી જવાનાં જ છે—તેનો આટલો બધો ઉત્પાત હોય નહિ."

કાવેરીબેન બોલ્યાં: "પણ તમે જોજો. સવારે આ મોટરને એક કલાકમાં તોડી ન નાખે તો મને કહેજો...પૈસા પાણીમાં..."

"કંઈ પૈસા પાણીમાં નથી જતા. રમકડાંથી રમતાં રમતાં બાળકો તેને તોડી નાખે એમાં જ એ રમકડાંની સાર્થકતા છે અને ખરચેલા પૈસા વસૂલ છે, સમજી?"

રોષમાં કાવેરીબેન બોલ્યાં: "ના, હું એવું કંઈ સમજતી નથી—મારી સમજમાં એ વાત ઉતરતી નથી."

પત્નીના રોષ પર ગુસ્સો ન કરતાં ટાઢાશથી હસીને કંચનલાલ બોલ્યા: “અરે ગાંડી, આ બાળકોનાં સાચાં ને જીવતાં રમકડાં તેનાં માબાપ જ છે અને એ બાળકો માબાપનાં રમકડાં છે—સાચાં ને જીવતાં... સમજી? માટીનાં, લોઢાનાં, લાકડાનાં એ બધાં તો નિર્જીવ રમકડાં છે...આજે બપોરના ફ્લિસે તેં અમસ્તો છોકરાને માર્યો...એક ચાર–છ આનાની ચીજ માટે...”

✿

કાવેરીબેનને હવે પોતાની ભૂલ સમજાઈ ગઈ. પુત્ર પ્રત્યેનું તેમનું વહાલ એવડા જોરથી ઉભરાયું. તે ઉભાં થયાં ને ઉંઘતા શિરીષને ખોળામાં લીધો. તેને કપાળે પ્રેમથી હાથ ફેરવવા લાગ્યાં. તેને કપાળે બચી ઓ કરી...

આથી શિરીષ જાગી ગયો ને તરત જ બોલ્યો: “આ! મારા બાપુજી આવ્યા?”

“હા દીકરા! અને મોટર પણ લાવ્યા છું!”

હવે શિરીષ જરા સુસ્તી ખંખેરીને ઉત્સાહમાં બેઠો થયો. બાપુજીના હાથમાંથી મોટર લીધી, જોઈ ને પછી બાપુજીને પાછી આપી દીધી.

કંચનલાલે પૂછ્યું: “કેમ બેટા? આ તારે માટે છે, લે...”

શિરીષ બોલ્યો: “ના બાપુજી, મારે હવે આ રમકડાંની મોટર નથી જોઈતી. હું મોટો થઈને સાચી મોટર લઈશ ને તમને ઓફિસે ફરવા લઈ જઈશ. બાને નહિ લઈ જાઉં...એ તો મને મારે છે.”

કાવેરીબેનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તે સ્મિત હસતાં બોલ્યાં: “પણ હવે તને નહિ મારું તો મને તેડી જઈશ ને?”

કાવેરીએ ઉમળકાથી શિરીષને તેડી લીધો.

“બાપુજી કહે તો હા પાડું.”

કંચનલાલ ને કાવેરીબેન બન્ને હસી પડ્યાં. કંચનલાલે કાવેરીબેનને કહ્યું: “જોયું? અત્યારે આપણે બન્ને જણાં આપણા શિરીષનાં જીવતાં રમકડાં છીએ કે નહિ? કેવો આનંદ આવે છે!”

“અને બાપુજી, હું તમારા બન્નેનું જીવતું રમકડું ખરો કે નહિ!”

કાવેરીબેને ઉમળકાથી શિરીષને તેડી લીધો અને બચી કરીને બોલ્યાં: “હા, બેટા! તું અમારું જીવતું રમકડું ને અમે તારાં જીવતાં રમકડાં...ચાલો હવે આપણે બધાં જમવા બેસીએ...”

# ચામડીના ચેપી દર્દો માટે

# કાતર છાપ
# સુખડ્યું તેલ

બનાવનારા **એચ. પંડિત એન્ડ કું.**

(૧) દવા બજાર, ત્રણ દરવાજા, અમદાવાદ. (૨) સેવકાની વાડી, રાયપુર, અમદાવાદ.

---

## 'બાબુલીન'

બા
ળ
કો
ની

**તંદુરસ્તી જાળવે છે.**

એક બાટલી ઘરમાં કાયમ માટે રાખો
અને તે દ્વારા બાળકોનું આરોગ્ય જાળવો
દરેક દવાવાળાને ત્યાં મળે છે.
છેલ્લા ૨૭ વર્ષોથી હોસ્પીટલોમાં વપરાય છે.

સોલ એજન્ટ: **બી. એ. એન્ડ બ્રધર્સ**

મુંબઈ-૨ ... ... કલકત્તા ... ... પટણા

---

## પ્રેસને

લગતા દરેક જાતના

## કાગળોના

જથ્થાબંધ વેપારી તથા
મીલના ઉપયોગી

**પેકીંગ પેપર**

માટે
મળો યા લખો

ટેલીફોન: ૨૬૩૭૫

## કાનજી લક્ષ્મીચંદ

સ્ટેશનર, પ્રીન્ટર અને જનરલ પેપર મરચંટ
૩૭-બી, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

# મહામંત્રી

"ઢમઢમ ઢમઢુમ ઢમઢુમ!"

ઢોલ ગગડયો ને સાથે ભેરના સૂર સંભળાતાં નગરચોકમાં લોક ભેગું થઈ ગયું.

"મગધપતિ મહારાજ બિંબિસારની જય!"

ઢંઢેરો પીટનારે મહારાજની જય બોલાવી ને લોકોએ તે ત્રણ ત્રણવાર ઝીલી લીધી.

પછી એણે સંદેશો સંભળાવ્યો.

"મગધપતિ મહારાજ બિંબિસારના આદેશ પ્રમાણે, મગધની સમગ્ર પ્રજાને, જાણ કરવામાં આવે છે કે, આપણા પાટનગરના પૂર્વ દરવાજા બહાર, પાંચ પીંપળીની ઉજ્જડ જગામાં એક અવાવરો સૂકો કૂવો છે. એ જળ વિનાના સૂકા કૂવામાં, મહામંત્રી-પદની મુદ્રિકા એટલે વીંટી, બિંબિસાર મહારાજે આજે નાંખી છે. જે કોઈ એ વીંટી કૂવાને કાંઠે ઉભા રહી હાથ વડે લેશે, તેને મગધના મહામંત્રીનું પદ આપવામાં આ...વ...શે એએએ! મગધપતિ મહારાજ બિંબિસારની જય!" અને ફરી પાછો જયઘોષ ગાજી રહ્યો.

મગધનરેશ બિંબિસારના રાજદરબારમાં મહામંત્રીનું સ્થાન ખાલી પડયું હતું. એ પદને યોગ્ય હોય એવું કોઈ મહારાજને ધ્યાનમાં આવતું નહોતું. મહામંત્રીનું પદ એ કંઈ જેવી તેવી વાત નહોતી.

આખા રાજ્યની વ્યવસ્થા અને પ્રજાના સંરક્ષણનો મુખ્ય આધાર એ મહામંત્રી પર જ રહેતો. પણ એવો કોઈ કુશળ ને ચતુર

**મગધનરેશ બિંબિસારના રાજદરબારમાં મહામંત્રીનું સ્થાન ખાલી પડયું હતું. એ પદને યોગ્ય વ્યક્તિ આપોઆપ મળી આવે તે માટે એમણે યુક્તિ કરી. જે કોઈ અવાવરૂ કૂવામાં ફેંકી દીધેલી વીંટી કૂવાને કાંઠે ઊભા રહી માત્ર હાથ લંબાવી કાઢી આપે તેને મહામંત્રીનું પદ આપવાનું જાહેર કર્યું. એ શરત કોણે અને કેવી રીતે પૂરી કરી તે વર્ણવતી આ ઇતિહાસકથાના લેખક 'રમકડું'ના વાંચકોને જાણીતા છે.**

લેખકઃ શ્રી. હસમુખલાલ પંડિત

માણસની ઘણી શોધ કરવા છતાં પણ કોઈ નજરમાં આવતું નહોતું. એટલે મહારાજ વિમાસણમાં પડી ગયા હતા. છેવટ વિચાર કરતાં

કરતાં એ પદને યોગ્ય વ્યક્તિ આપોઆપ મળી આવે એવી ચતુરાઈભરી યુક્તિ એમને સૂઝી આવી.

મહામંત્રીપદની મુદ્રિકા એમણે એક અવાવરા—સૂકા કૂવામાં નાંખીને ત્યાં ચોકી પહેરો મેલી દીધો ને આખા રાજ્યમાં ઉપર પ્રમાણે ઢંઢેરો પીટાવ્યો.

એ ઢંઢેરો સાંભળીને ભલભલા લોકો વિચારમાં પડી ગયા. આ તે કેવી કસોટી! ઊંડા કૂવાને તળીએ પડેલી વીંટી કૂવાના કાંઠે ઉભા રહી માત્ર હાથ વડે તે લેવાની હશે! આને કંઈ પરીક્ષા! કોઈકે કહ્યું: કેવળ અશકય તદ્દન અસંભવિત! નેવનાં પાણી તે વળી મોભે ચડતાં હશે!

વળી કોઈક બોલ્યું: મહારાજે પ્રજાની મશ્કરી તો નથી ઉડાવી ને!

ફરી કોઈ બીજાએ કહ્યું: મગધના બુધ્ધિશાળી જનોનું મહારાજે અપમાન કરવા ધાર્યું છે કે શું!

ત્યાં બહુ જ ધીમો સૂર સંભળાયો: મહારાજનું ખસી તો નથી ગયું ને!

સૌ હસવા લાગ્યા ને આવી આવી કંઈ કંઈ તર્ક વિતર્કની વાતો આખા રાજ્યમાં વહેતી થઈ ગઈ.

મહામંત્રી જનકને તો સ્વભાવે ચતુર હતા પણ કસોટી આકરી હતી ને! એમાં કેમ પાર

ઉતરવું ! કોઇને કંઇ રસ્તો જ સૂઝતો નહોતો.

અને એમ ને એમ દિવસો ને મહિનાઓ વીતવા લાગ્યા.

❁

"થોભી જાઓ ! કોણ છો !" કૂવા પાસે ધસી જતા કોઇ યુવકને અટકાવતાં ચોકીદારે કહ્યું.

"કેમ ?" યુવકે પ્રશ્ન કર્યો.

"આ કૂવામાં શું છે અને અમે અહિં રાતદિવસ શા માટે પહેરો ભરીએ છીએ તે જાણો છો કે ?"

– "બરાબર જાણું છું, અને એ જાણીને તો અહિં આવ્યો છું. કૂવાના મારે ઉંડાઇ જોવી છે."

નગર બહાર નિર્જન જગામાં કોઇ આવે કે જાય ! એકલા એકલા પહેરો ભરીને કંટાળેલા સૈનિકોને ઘણે દહાડે આવી ચઢેલા આ યુવક સાથે વાતે વળગવાનું મન થયું અને પૂછ્યું : "એ જોઇને શું કરશો ?"

"મગધના મહામંત્રી બની જવું છે શું ?" સેનાપતિએ આગળ આવતાં પ્રશ્ન કર્યો.

"બની પણ જાઉં !"

"વીંટી અધ્ધર ઉડીને હાથમાં આવી જાય એવું કંઇ જંતર મંતર જાણો છો કે શું ? અરે ભલા મનુસ ભલભલા બુધ્ધિશાળી માણસો વિચાર કરતા કરતા થાકી બેઠા છે. મહિનાઓ વીતી ગયા પણ આ તરફ આવવાની હજી સુધી કોઇએ હિંમત સરખી કરી નથી. એકાદ ચકલુંયે ફરક્યું નથી."

"ચકલું ભલે નહિ ફરક્યું હોય પણ હું તો આવ્યો છું ને ! જાઓ !" યુવકે નિર્ભયપણે હસીને કહ્યું, "મહારાજને સંદેશો આપો કે કૂવાને કાંઠે ઉભા રહીને નહિ પણ નિરાતે બેસીને હાથ વડે વીંટી લેનાર કોઇક આવ્યું છે ને આપની આજ્ઞા માગે છે."

"અરે નાદાન ! મૂછનો દોરો તો હજી તાજો ફૂટે છે. ખોટી હિંમત શા માટે કરે છે ! ભલભલાઓ થાકી બેઠા છે ત્યાં તારૂં તે શું ગજું ?"

"થાકે એ મગધના અબુધ"

"મગધને આમ છંછેડવું હવે રહેવા દે ! મગધનો સૈનિક સમય સમજીને પોતાનું અપમાન સહન કરી જશે પણ મગધના રાજવી, મગધની પ્રજા અને મગધની ભૂમિનું અપમાન કદી પણ સહન નહિ કરે !"

"ધન્ય ધન્ય ! એવી રાજભક્તિ તો ધન્યવાદને પાત્ર ગણાય."

"આ કંઇ મજાક કે વિનોદની વાત નથી. મગધના રાજવી સાથે કામ છે તે તો સમજે છે ને !"

"બરાબર સમજું છું અને તેથી જ કહું છું કે તમે તમારે મારો સંદેશો મહારાજને પહોંચાડી દો...પછી જે થવાનું હશે તે થશે."

અને છેવટ સેનાપતિએ એક સૈનિકને સંદેશો આપીને દરબારગઢ તરફ વિદાય કરી દીધો.

❁

સંદેશો મળતાં જ દરબારીઓ સાથે મહારાજ બિંબિસાર એ કૂવાવાળા સ્થળે આવી પહોંચ્યા. વાત ફેલાતાં નગરજનો પણ કુતુહલથી જોવાને ઉલટયાં. લોકની ત્યાં ઠઠ જામી ગઇ.

નમન કરીને યુવક મહારાજ સામે ઉભો રહ્યો. દૂર દૂરથી પગે ચાલીને આવતાં ધૂળથી ભરેલો એનો ચહેરો અને એવા જ ધૂળવાળાં એનાં વસ્ત્રો સામે સૌ જોઇ રહ્યા.

બધાને જ થયું કે આ ઉગતો યુવાન વીંટી લેવાની હિંમત કરે છે અને એ મહામંત્રી બનીને કરશે પણ શું ? મહારાજને પણ એવું આશ્ચર્ય તો થયું જ પણ તે સાથે એની આંખોમાં ઝબકી રહેલી બુધ્ધિશક્તિની ચમક એમની નજરે પડયા વિના રહી નહિ. એમણે પૂછ્યું "શરત પ્રમાણે મુદ્રિકા તું લઇ શકશે, એમ !"

"જી હા." ઉત્તરમાં નિશ્ચય ભર્યો હતો.

"ત્યારે કહે જોઉં, શી રીતે લઇશ !"

"મહારાજ !" એણે હસીને કહ્યું "કહી બતાવવાનો કંઇ અર્થ જ નથી. કરી બતાવવું એ જ મને વધારે ગમે છે.".

"એમ ! ત્યારે બતાવને ! વાર પણ શી છે !"

'મને થોડું સાધન જોઇશે."

"સાધન !" પેલા ચતુર કારભારી વચમાં જ એકદમ બોલી ઉઠ્યા "દોરડું બોરડું કે એવું કંઇ...!"

"એમ નહિ" મહારાજે એમને અટકાવતાં કહ્યું, "આમ ઉતાવળા થવાની શી જરૂર છે ! શું સાધન એ માગે છે તે જુઓ તો ખરા !"

"દોરડું કે એવું કશું જ નહિ." તરત જ શંકાનું સમાધાન કરતાં યુવકે કહ્યું: "મારે જોઇએ છે ગાયનું થોડું છાણ, ધગધગતો અગ્નિ ને પછી પુષ્કળ પાણી. એટલું તો મળશે ને !"

"કંઇ હોમ હવન કરવો છે કે શું !" કોઇક બોલ્યું "મહારાજ ! કંઇ મંત્રતંત્રનો પ્રયોગ તો નથી ને !"

મહારાજ કંઇ કહે તે પહેલાં જ યુવક બોલી ઉઠ્યો: "મંત્રતંત્ર હું

જાણતો નથી. શીખ્યો પણ નથી. આ તો માત્ર બુધ્ધિનો એક સાધારણ ખેલ છે."

સાધારણ ખેલ! મગધના મહાબુધ્ધિશાળી ગણાતા જનો જે માટે વિચાર કરી કરીને થાકી બેઠા હતા તેને આ ઉગતું છોકરું બુધ્ધિનો સાધારણ ખેલ કહે છે! સૌ આશ્ચર્ય પામી ગયા.

ત્યાં મહારાજે હસતાં કહ્યું: "બળશે. પાણી માટે તો નજીકમાં જ પાંચપાંચ કોસ કૂવા છે અને અગ્નિ ને છાણ લાવતાં તે શી વાર." અને મહારાજે આજ્ઞા કીધી.

છાણ આવી ગયું. અગ્નિ ભડભડવા લાગ્યો. પાણી માટે નીકો ખોદાવા લાગી.

યુવકે છાણ લઈને કૂવામાં નાખવા માંડ્યું છાણથી વીંટી ઢંકાઈ ગઈ એટલે ઉપર, ધગધગતો અગ્નિ નાખ્યો. ને કૂવામાં એ નજર માંડી રહ્યો.

થોડી વારે કૂવામાંથી ધુમાડો ધીમે ધીમે બહાર આવવા લાગ્યો. અને જ્યારે ઘણા ગોટા નીકળવા લાગ્યા એટલે એણે કોસ કૂવામાંથી પાણી ખેંચવાનું ચાલુ કરાવી દીધું ને નીકવાટે એ કૂવામાં વહેતું કીધું. ધીમે ધીમે કૂવો ભરાવા લાગ્યો.

પેલું છાણ અગ્નિથી સુકાઈને છાણું બની ગયું હતું તે પાણી ઉપર તરવા લાગ્યું. અને પાણી જ્યારે કાંઠા સુધી ભરાઈ ગયું ત્યારે એ છાણું ઉપર તરતું હતું. તરત જ યુવકે કૂવાના કાંઠા પર બેસી જઈને હાથ વડે એ છાણું લઈ લીધું. સૌ આતુર નજરે એની સામે જોઈ જ રહ્યા. આ તો છાણું હાથમાં આવ્યું પણ પેલી વીંટી ક્યાં!

ચિત્રકાર : શ્રી. દિલીપ [illegible]

તરત જ યુવકે એ છાણું ભાંગી નાખ્યું ને એમાં ચોંટી રહેલી વીંટી ઉખેડીને નમન સાથે મહારાજની સામે ધરી: "મહારાજ! આ જ મહામંત્રીપદની મુદ્રિકા ને?" અને એટલું કહીને હસતાં હસતાં એ વીંટી પોતાની આંગળી પર સજાવી દીધી.

દરબારીઓ અને ત્યાં ભેગાં મળેલાં પ્રજાજનો પણ સૌ સ્તબ્ધ બની ગયાં. આ ઉંમરનો જુવાન આટલો બધો ચતુર! અને એ વળી મગધનો મહામંત્રી!

"ધન્ય ધન્ય!" મહારાજના મુખમાંથી એકદમ આનંદના ઉદ્ગાર નીકળી પડ્યા: "જે ઘસા કૂવામાં



તરત જ યુવકે છાણું ભાંગી નાખ્યું અને એમાં ચોંટી રહેલી વીંટી ઉખેડીને નમન સાથે મહારાજ સામે ધરી.

વીંટી તરાવી શકે છે તે જ મારા રાજ્યને પણ તારશે." મહારાજના વચને દરબારીઓ કંઈક ઝાંખા પડતા લાગ્યા.

"અને ભાઈ! તારું નામ?" મહારાજે પૂછ્યું.

"મારું નામ અભયસિંહ."

"અને તારા માતાપિતાનાં...!"

"જી, મારી માતાનું નામ સુનંદા અને...!"

"સુનંદા?" સુનંદાનું નામ સાંભળતાં જ મહારાજ કંઈક ઉંડા વિચારમાં પડી ગયા. એમની દૃષ્ટિ ભૂતકાળમાં ઉતરી પડી અને કહ્યું, "સુનંદા?' એ શ્રાવસ્તીના શ્રેષ્ઠીની પુત્રી તો નહિ?"

"જી હા. એ જ મારી માતા."

"ઓહોહોહો! ત્યારે તો તું સુનંદાનો-મારો જ પુત્ર! મારો જ કુળદીપક! મગધનો ભાવિ રાજવી!" મહારાજ બિંબિસાર એકદમ આનંદમાં આવી ગયા અને હર્ષાવેશમાં પુત્રને ભેટી પડયા.

દેશાટનમાં મહારાજ બિંબિસારે સુનંદા નામની સ્વરૂપવાન કન્યા સાથે લગ્ન કર્યું હતું અને તેનાથી થયેલો પુત્ર તે જ આ અભયસિંહ હતો.

પ્રજાજનોમાં આશ્ચર્ય સાથે આનંદ ફેલાઈ ગયો. મહામંત્રી—રાજકુંવરને માનપૂર્વક રાજદરબારમાં લઈ જવા માટે તૈયારીઓ થવા લાગી

પેલા સૈનિકો ને સેનાપતિ તો આ બધું જોઈને આભા જ બની ગયા. ચિંતામાં પણ પડી ગયા. રાજકુમારને સાધારણ વટેમાર્ગુ સમજીને અપમાનજનક લાગે એવી વાતો થોડીક પહેલાં એમની સાથે કરી હતી તે! એ રાજકુંવર એકલા પડતાં તક સાધીને એ બધા એમની પાસે આવ્યા.

"મહારાજ! આપને ઓળખ્યા નહિ તેથી અવિવેક થયો. ક્ષમા કરજો."

"એવી ચિંતા ન કરશો, સેનાપતિ!" રાજકુંવરે હસતાં કહ્યું. "ક્ષમા શાની? ઉલટું તમારા સૌનો રાજાપ્રજા માટેનો પ્રેમ અને મગધની ભૂમિ માટેનો ગર્વ જોઈને તો હું ઘણો રાજી થયો છું. અને તે માટે તમને સૌને ધન્યવાદ અર્પું છું."

અને તે પછી તો એ જ વીર સૈનિકોની સહાયથી રાજકુંવર અભયસિંહે મગધને મહાકીર્તિવંતું સામ્રાજ્ય બનાવ્યું.

# ધનરાજ મીલ્સ લી.

લોઅર પરેલ, મુંબઈ (હિંદ)
મેનેજીંગ એજન્ટો:

## રામગોપાળ ગણપતરાય એન્ડ સન્સ લી.

**અમારી શુભેચ્છા**

અમારી સંસ્થાના શેર હોલ્ડરો, પ્રતિનિધિઓ અને ખરીદ કરતી જનતાને અમારી દિવાળીની શુભેચ્છા તથા નવા વરસનાં અભિનંદનો

રંગીન સુતરાઉ પીસગુડઝ
૩૫" થી ૪૩" પનો

કોરી શર્ટીંગ ૩૯ ૧/૨" થી ૪૩" ૯૧૫૪એ

| | | | |
|---|---|---|---|
| | | | ૯૧૫૫ |
| કોરી | શર્ટીંગ | ૩૫" | ૯૧૫૬ |
| કોરી | ડ્રીલ | ૨૯" | ૧૦૧ |
| કોરી | શર્ટીંગ | ૭૨" | ૭૨૪૦ |

માગણી કરવાથી સેમ્પલો
પુરા પાડવામાં આવશે

પુછપરછ ઉપર
પૂરતું ધ્યાન
આપવામાં આવશે

# સંદીપ નિબંધ-હરીફાઇનું પરિણામ

ચિ. સંદીપ

જેની બીજી વર્ષગાંઠ પ્રસંગે આ નિબંધ હરીફાઇ તેમના પિતાશ્રી કનૈયાલાલ ભણસાળી (પાલણપુર) તરફથી યોજવામાં આવી હતી.

ચિ. સંદીપ કનૈયાલાલ ભણસાળી (પાલણપુર)ની બીજી વર્ષગાંઠ પ્રસંગે 'રમકડું' ના ઓગષ્ટના અંકમાં એક નિબંધ હરીફાઇ આપવામાં આવી હતી. આ હરીફાઇ માટે કુલ ૫૫૦ નિબંધો મળ્યા હતા. આ ૫૫૦ નિબંધોમાં વિષયવાર નિબંધો નીચેની સંખ્યામાં મળ્યા હતા. ૨૫૯—મુશળધાર પરસાદ, ૧૪૩– હું ભારતનો વડો પ્રધાન હોઉં તો, ૭૦–મારો પ્રિય શોખ, ૪૩–મારે મન મારો દેશ, ૩૬– ઉતાવળે આંબા ન પાકે.

સંખ્યાબંધ બાળકોએ આ હરીફાઇમાં ઉત્સાહથી ભાગ લીધો છે તે જોતાં જાહેર કરેલાં ઇનામો ઉપરાંત વધારાનાં રૂા. ૨૫ નાં ઇનામો આપ્યાં છે. ઇનામ જીતનાર બાલમિત્રોને અને ભાગ લેનાર બાલમિત્રોને અમે અભિનંદન આપીએ છીએ.

પરીક્ષક સમિતિ

## પહેલાં ત્રણ ઇનામો નીચેના બાલમિત્રોને મળે છે

| | નામ | ઉ. વ. | ગામ | રૂા. |
|---|---|---|---|---|
| ૧ | કિશોરકુમાર પરમાનંદ પારેખ | ૧૪ | ચિંચણ | ૧૧ |
| ૨ | કપિલરાય અનંતરાય ભટ્ટ | ૧૫ | ભાવનગર | ૫ |
| ૩ | હંસાબહેન શિવલાલ ખખ્ખર | ૧૫ | ભાવનગર | ૨ |

## નીચેનાં બાલમિત્રોને રૂ. ૧ નું ઇનામ મળે છે.

### ૩૧ પ્રોત્સાહન ઇનામો

| | નામ | ઉ. વ. | ગામ |
|---|---|---|---|
| ૪ | ઉત્તમલાલ ઇચ્છાલાલ રાણા | ૧૫ | ચલા (વાપી) |
| ૫ | તનુ રામદાસ સંપટ | ૧૪ | માટુંગા |
| ૬ | તરલાબહેન વસંતરાય વકીલ | ૧૬ | મુંબઇ |
| ૭ | દીપક રાજમલભાઇ કોઠારી | ૬ | મુંબઇ |
| ૮ | અજિતકુમાર રતિલાલ દલાલ | ૧૦ | |
| ૯ | કનકસિંહ જમનાદાસ સીંધાણી | ૧૩ | કાંદીવલી |
| ૧૦ | સુંદરલાલ માણેકલાલ પરીખ | ૧૭ | ચીખલી |
| ૧૧ | શાંતિલાલ કેશરીમલ માધાણી | ૧૫ | પાંથાવાડા |
| ૧૨ | અજિતકુમાર મણિલાલ દેસાઇ | ૧૫ | સુરત |
| ૧૩ | માઉં જવાહરલાલ છગનલાલ | ૧૫ | મુંબઇ |
| ૧૪ | શામજી ડુંગરશી ઠક્કર | ૧૫ | અંજાર |
| ૧૫ | પ્રતા દિલસુખરાય રીંડાણી | ૧૦ | શાન્તાક્રુઝ |
| ૧૬ | મંજુલા મંગળદાસ શાહ | ... | કપડવંજ |
| ૧૭ | પ્રતાપચંદ લક્ષ્મીચંદ શાહ | ૧૪ | પાંથાવાડા |
| ૧૮ | સત્યેન્દ્ર રતિલાલ દલાલ | ૧૪ | અમદાવાદ |
| ૧૯ | મંજુના દાવુદ બાંગી | ૧૩ | રંગૂન |
| ૨૦ | અકબરઅલી મહમદઅલી લોખંડવાલા | ૧૫ | મુંબઇ, ૯ |
| ૨૧ | નારાયણ કાલિદાસ રાઠોડ | ૧૪ | મુંબઇ, ૨૬ |
| ૨૨ | રશ્મિકાન્ત ધીરજલાલ વકીલ | ૧૩ | પાલનપુર |
| ૨૩ | નારણજી રતાજી સોલંકી | ૧૪ | ડીસા |
| ૨૪ | કુમારી નિવેદિતા ચંદ્રસુખરામ શુક્લ | ૧૨ | સુરત |
| ૨૫ | શારદાકુમારી જયંતીલાલ પરીખ | ૧૬ | ભાવનગર |
| ૨૬ | ભૂપેન્દ્ર પરમાનંદદાસ નાગોરી | ૧૫ | અમદાવાદ |
| ૨૭ | રાજેન્દ્રબાબુ ખંડુભાઇ દેસાઇ | ૧૪ | વાપી |
| ૨૮ | વેણીલાલ રાયશંકર જોષી | ૧૫ | રાજકોટ |
| ૨૯ | જયશંકર મોહનલાલ જોષી | | પૂના–૨ |
| ૩૦ | અશોકકુમાર ગજેન્દ્રરાય દેસાઇ | ૧૫ | ગણદેવી |
| ૩૧ | રવીન્દ્ર ગમનલાલ પ્રેસવાળા | ૧૩ | મુંબઇ, ૨ |
| ૩૨ | રમેશચંદ્ર અંબાલાલ શાહ | ૧૬ | અમદાવાદ |
| ૩૩ | નરેન્દ્ર હીરાલાલ શાહ | ૧૫ | અમદાવાદ |
| ૩૪ | મગનલાલ કાલિદાસ | | નવા ડીસા |

રમૂજનો રાજા

# ચાર્લી

હુતો હુતીને સાથે રહેવું હતું એટલે સાસુ-સસરાને જાત્રાએ મોકલ્યા. નણંદીને પરણાવી દીધી અને દિયરને ઘરમાંથી કાઢયો... ... ... તો યે એ સુખી ન થઇ શાથી ?

અમારા માનવંતા શુભેચ્છકો, પ્રેક્ષકો અને સૌને નવા વરસના

## સાલ મુબારક

તમારા દિવાળીના તહેવારો હાસ્યથી તરબોળ બનાવવા

રંગતભરી, દરેકને જોવી પડે તેવી પ્રેરક કુટુંબ

## કથા

લઈને આવે છે

# અકેલી

સાથે છે

રાગીણી, નીના

બીબો, માયાદેવી

અને બીજા

સંગીત :

ગુલામ હૈદર

આજે જ સહકુટુંબ જોવા પધારો

# ઓલ્ફ્રેડ ટોકીઝ

કોરનર ગ્રાન્ટરોડ

રોજ ૪ ખેલ

૨, ૪ાા, ૭, અને ૧૦

# ગુરુદેવ! ક્ષમા કરો!

કર્ણને બનવું હતું મોટા બાણાવળી, પણ તેને એ વિદ્યા કોણ શીખવે? એ તો સારથિપુત્ર હતો. આખરે જાત છુપાવીને ભગવાન પરશુરામ પાસે એ વિદ્યા શીખ્યો, પણ અભ્યાસને અંતે એક પ્રસંગે પરશુરામ જાણી ગયા કે કર્ણે તેમને પોતાની ખરી જાત છુપાવીને છેતર્યા છે. તેમણે કર્ણને શાપ આપ્યો કે, તારું મૃત્યુ આવશે ત્યારે રણભૂમિ ઉપર તારો રથ પૃથ્વીમાં ઊંડો ઉતરી જશે. દુઃખી હૃદયે તે પાછો ફર્યો. મહાભારતના આ પ્રસંગને નાનકડી વાર્તારૂપે લખનાર શ્રી. રતુભાઇ શેઠનું 'વાણિયાની વાતો' નામનું બાળવાર્તાઓનું પુસ્તક તાજેતરમાં જ પ્રગટ થયું છે.

લેખક: શ્રી. રતુભાઈ શેઠ

સવારનો પહોર છે. સૂર્યનો પ્રકાશ પણ હજુ પૂરો પ્રકર્યો નથી ત્યાં નાનકડો કર્ણ ઊઠીને ચાલવા લાગ્યો. માતાની નજર પડી. તરત જ તેણે બૂમ પાડી.

"બેટા કર્ણ, અત્યારમાં ક્યાં ચાલ્યો?"

પણ કર્ણ તો જવાબ આપ્યા વગર ચાલ્યો જ જાય છે.

"કર્ણ, જરા ઉભો તો રહે, જવાબ કેમ નથી આપતો", કહેતાંક માતાએ દોડીને કર્ણને પકડ્યો.

"ક્યાં જતો હતો બેટા!"

ધીરેથી કર્ણએ કહ્યું "મા, તને કહું?"

"હા, કહેવું જ જોઇએ ને? માતાને કહ્યા વગર કે આજ્ઞા લીધા વગર ક્યાંય જવાય?"

"મા, પણ હું તને કહીશ તો તું મને નહીં જવા દે." કર્ણની આંખોમાં આશા હતી.

"પણ તારે ક્યાં જવું છે?" અધિરાઇથી માતાએ પૂછ્યું.

"વિદ્યા શીખવા, ધનુર્વિદ્યા શીખવા" કર્ણએ કહ્યું.

"વિદ્યા શીખવા?" માતાએ આશ્ચર્યથી પૂછ્યું.

"હા, મા." કર્ણએ કહ્યું, અને દૂર દૂર નજર નાખતો બોલ્યો. "મારે બાણ મારતાં શીખવું છે, દોડતા હરણને મારવાં છે, ઉડતા પક્ષીને પાડવાં છે, તરતા માછલાને વીંધવા છે. મા, તું મને જવા દે. મને ન રોક. મારે પેલા અર્જુનને બાણની પરીક્ષામાં હરાવવો છે. મા, મારે તારું નામ દીપાવવું છે."

"ગુરૂ દ્રોણાચાર્ય પાસે જાય છે?"

નહીં મા. તેમની પાસે તો ગયો હતો પણ તેમણે કહ્યું. "હું અર્જુનનો ગુરૂ છું. તને નહીં શીખવું."

"તો પછી તેના સિવાય બીજું કોણ શીખવશે? તેમના જેટલી વિદ્યા બીજું કોઇ નથી જાણતું."

"જાણે છે. તેમના કરતાં પણ વધુ વિદ્યા જાણે છે."

"કોણ બેટા!"

"ભગવાન પરશુરામ"

માતા પર જાણે વીજળી પડી. "હે!!! ભગવાન પરશુરામ? હાય મા, ત્યાં તે જવાય? પરશુરામ એટલે તો ક્ષત્રિયોનો કાળ. પરશુ વીંઝીને પૃથ્વી જીતનાર. ના, બેટા એ તો બ્રાહ્મણ સિવાય કોઇને વિદ્યા ન શીખવે, અને આપણે રહ્યાં રથ હાંકનાર સારથિ. સારથિના પુત્રને તે એ વળી કોઇ દિ વિદ્યા શીખવે?"

"મા, તું મને માત્ર આજ્ઞા આપ. બીજું બધું હું જોઇ લઇશ." કર્ણની આંખોમાં આશા ચમકતી હતી.

"ના, બેટા."

"મા."

"બેટા! મૃત્યુના મુખમાં જવાની હું તને કેમ રજા આપું?"

"નહીં મા. તું હા કહીશ તોય જઇશ અને ના કહીશ તો પણ જઇશ. માત્ર તું મને જવાની આજ્ઞા આપ, મારે બીજું કંઇ નથી જોઇતું. મા કહે, જાઉં ને!"

"નહીં બેટા! પરશુરામ તને એમની ઝૂંપડી પાસે પણ ઉભો નહીં રહેવા દે. તને જોતાં જ તરા પર પ્રહાર કરી, તને મારી નાખશે. ના ના બેટા, તને નહીં જવા દઉં" કહીને માતાએ બાળકને છાતીસરસો ચાંપ્યો.

"મા" કર્ણે કહ્યું: "તને એમ નથી થતું કે તારો પુત્ર બહાદુર બને, બાણ મારવામાં નિપૂણ થાય, પેલા અભિમાની અર્જુનને હરાવે. હેં મા, તને એમ નથી થતું કે તે લડાઇમાં જીત મેળવે, શત્રુઓને હરાવે, તેમના હૃદયને કંપાવે...!"

"એવું કંઇ માતા ન ઇચ્છે બેટા!"

"તો, મા મને જવા દે, જાઉં ને! મા જાઉં છું હો...કહીને જવાબની રાહ જોયા વિના કર્ણ દોડી ગયો. માતા બુમ મારતી જ રહી: "બેટા કર્ણ અરે! ક્યાં દોડ્યો, જરા ઉભો રહે."

પણ આઘેથી જ અવાજ આવ્યો "ના, મા. હવે તો શીખીને જ આવીશ, અને ત્યારેજ તને મોં બતાવીશ."

દોડી જતા પુત્રને માતા જોઇ રહી. આંખોથી દુર થતા સુધી તે ત્યાંજ ઉભી રહી. તેનો શ્વાસ પણ અધ્ધર જ રહ્યો.

❁

દોડતા કર્ણને પાછું વાળીને જોવાની ફુરસદ નહોતી. ઝાડ-ઝાંખરા કે નદીનાળાં તેને હંફાવી શકે તેમ નહોતા. તે સીધો જ પરશુરામની ઝૂંપડી પાસે અટક્યો.

પ્રચંડમૂર્તિ પરશુરામને તે જોઇ જ રહ્યો. તેની વિશાળ ભૂજાઓ, અતૂલ બળ અને લાલઘૂમ આંખો તેને આગળ જતાં રોકતી હતી. અચાનક પરશુરામની નજર તેના પર પડી. અને તે બોલ્યા.

"અરે! ત્યાં કોણ ઉભું છે? કોણ છે ત્યાં? ગભરાતા કર્ણએ કહ્યું "મ...હા...રા...જ."

"નજીક આવ કોણ છે તું! ક્યાંથી આવે છે!"

"હું...હું....

"ગભરા નહીં બાળક, બોલ તું કોણ છે? નજીક જતાં પરશુરામે પૂછ્યું.

"હું...હું એક બ્રાહ્મણ પુત્ર છું. 'કર્ણ' જૂઠું બોલ્યો.

"ઓહ! બ્રાહ્મણપુત્ર...આવ બેટા, આવ, ચાલ મારી ઝૂંપડીમાં," પરશુરામની આંખો ચમકવા લાગી. કર્ણને તે ઝૂંપડીમાં લઇ ગયા.

દાખલ થતાં જ કર્ણએ કહ્યું, "પ્રણામ મહારાજ,"

"પ્રણામ. અહીં કેમ આવ્યો છે બેટા?"

"આપની પાસે..."

"મારી પાસે?"

"હા પ્રભુ."

"કેમ?"

"વિદ્યા શીખવા."

"વિદ્યા શીખવા?" પરશુરામે આશ્ચર્યથી પુછ્યું.

"હા પ્રભુ. વિદ્યા શીખવા. મારે વિદ્યા શીખવી છે."

પરશુરામની આંખો વધુ ચમકવા લાગી. કોઇ નવું જ સ્વપ્ન જોતાં હોય તેમ બોલ્યા. "ભલે. જરૂર શીખવીશ બેટા! તને જરૂર શીખવીશ. હું પણ તારા જેવા તેજસ્વી શિષ્યની શોધમાં હતો. તું આનંદથી અહીં રહેજે. હું તને મારી ગુપ્તમાં ગુપ્ત વિદ્યા શીખવીશ."

❁

અને પછી તો કર્ણ ઘણીય વિદ્યા શીખે છે. પરશુરામ તેને એક પછી એક અજોડ અને અદ્વિતીય એવી ગુપ્તમાં ગુપ્ત વિદ્યાઓ શીખવી રહ્યા છે. અભ્યાસ પણ પૂરો થવા આવ્યો છે. કર્ણ જવાની તૈયારીમાં પડ્યો છે. ત્યાં પરશુરામ તેને બોલાવે છે, તેમના અવાજમાં દુઃખ છે, દિલમાં વેદના છે.

"બેટા! કર્ણ આવ. અહીં આવ."

કર્ણ નજીક આવે છે.

'બેટા! મારી સામે તો જો. કાલે સવારે તો તું જવાનો. તને વિદાય આપતાં મને કેટલું દુઃખ થાય?"

'કેમ ન થાય ગુરૂદેવ! આપે મને પુત્રની જેમ રાખ્યો છે. મને બધીય વિદ્યા શીખવી છે. પ્રભુ! તેનો બદલો હું ક્યારે વાળી શકીશ?"

"એવું ન બોલ કર્ણ. એવું ન બોલીશ. હું બ્રાહ્મણ છું મારાથી બદલાની આશા ન રખાય કર્ણ..."

"જી, ગુરૂદેવ."

"કંઇ નહીં."

"કહોને બાપુ, કેમ અટકી ગયા?"

"ના...ના..."

"કહો ગુરૂદેવ. જે કહેવું હોય તે ખુશીથી કહો. હું તમારો પુત્ર જ છું ને!"

"સાંભળી શકીશ!"

"હા. ગુરૂદેવ."

"હા. ગુરૂદેવ."

"ગભરાઇશ નહીં ને!"

"નહીં પ્રભુ."

"તો સાંભળ. જો તું મારો ખરો શિષ્ય હો, મારી વિદ્યાનો અધિકારી હો તો પૃથ્વી પર ક્ષત્રિયોનું નામનિશાન કાઢી નાખજે. ક્ષત્રિયોનો વિનાશ કરજે. ક્ષત્રિયોનો કાળ બનજે.

"ગુ...રૂ...દેવ..." કર્ણનો અવાજ ફાટી ગયો.

"ઓહ! થરથરે છે? કંપે છે? ગભરાય છે, બેટા! આજ

હું ગુરૂદેવ નથી. ક્ષત્રિયોનો કાળ છું. જો...આ જો મારી પરશુ જોઈ? આ પરશુથી મેં એકવીશ વાર પૃથ્વીને ક્ષત્રિય વગરની કરી નાખી છે. એકવીશ વાર..."

"તો પણ ક્ષત્રિયો તો રહ્યા જ." ગભરાતા ગભરાતા કર્ણે કહ્યું. "એ જ મને દુઃખ થાય છે. એકવીશ એકવીશવાર ક્ષત્રિયોના કુળનો નાશ કર્યો છતાં તેઓ રહ્યા જ."

"તો પછી એ આજ્ઞા મને શા માટે?"

"બેટા! તું માનવીને નથી ઓળખતો. પરશુ મેં ટીંગાડી દીધી એટલે મારો ક્રોધ શમી ગયો એમ તું માને છે, પણ નહીં. એમ હોત તો હું તને મારી રહસ્યવિદ્યા આપત જ નહીં."

સાંભળી કર્ણ થરથરી ઉઠ્યો. બીતાંબીતાં તેણે પૂછ્યું "હું ક્ષત્રિય હોત તો આપ મને વિદ્યા ન આપત?"

"નહીં. શુધ્ધ બ્રાહ્મણપુત્ર સિવાય બીજા કોઈને નહીં. બીજો આવે તો બાળીને

પ્રભુ ક્ષમા! ક્ષમા કરો! ગુરૂદેવ! આપને આમ ન ઘટે!

ભસ્મ કરી નાખું. ચપટીમાં ચોળી નાખું અને... અને...અરે! પણ તું નીચું શા માટે જુવે છે? તું મારા અધૂરાં વેર પૂરા કર."

"ગુરૂદેવ...તમે ખૂબ તપી ગયા છો. જરા શાંત થાવ."

"તું નહોતો આવ્યો ત્યારે હું શાંત જ હતો."

"જરા સ્વસ્થ થાવ ગુરૂદેવ-"

"સ્વસ્થ! સ્વસ્થ તો કાલે થવાનો જ છું ને!

❁

એ વખતે બપોરનો સૂર્ય તપતો હતો. ગરમીથી કંટાળી ભગવાન પરશુરામ કર્ણના ખોળામાં જટા પ્રસારી આરામ લેવા સૂવે છે. ત્યાં અચાનક મોટો ભ્રમર કોણ જાણે ક્યાંથી આવ્યો. ગુરૂદેવના નાક પર બેસવા લાગ્યો. કર્ણએ તેને દૂર કરવા ઘણા પ્રયત્ન કર્યા પણ ભ્રમર દૂર ન થયો. અને કર્ણના સાથળ પર કરડ્યો. લોહી નીકળ્યું. લોહીની ભિનાશથી ભગવાન પરશુરામ જાગી ઉઠ્યા.

"અરે! બેટા કર્ણ! આ શું? આ લોહી ક્યાંથી! આ તારા પગે શું થયું?"

"કંઇ નથી થયું ગુરૂદેવ."

"તો પછી આ લોહી ક્યાંથી?"

"આપ સૂઇ ગયા પછી અહીં એક ભ્રમર આવ્યો હતો."

"પછી."

"તે ભ્રમર મને સાથળમાં કરડ્યો."

"તેં ઉડાડી કેમ ન મૂક્યો?"

"ઘણો પ્રયત્ન કર્યો છતાં ન ઉડ્યો. આપની નિંદ્રામાં ભંગ થાય તેથી હું એમ ને એમ બેસી રહ્યો.

"એમ ને એમ બેસી રહ્યો?"

"હા, ગુરૂદેવ."

"કર્ણ...બ્રાહ્મણ કદી એમ ને એમ ન બેસી રહે સાચું બોલ, તું કોણ છે?"

"મહારાજ! આમ કેમ પૂછો છો? હું આપનો શિષ્ય..."

"પણ તારી જાતિ કઇ?"

"બ્રા...બ્રા...બ્રાહ્મણ."

"નહીં તું બ્રાહ્મણ નથી. સાચું બોલ. જલ્દી કહી દે. નહીં તો હમણાં જ બાળીને ભસ્મ કરી નાખીશ. બોલ...જલ્દી બોલ..."

"ગુરૂદેવ..."

"જલ્દી બોલી દે. નહીંતર..."

"મહારાજ હું સારથિપુત્ર કર્ણ છું."

"કોણ સારથિપુત્ર! કર્ણ? ધિક્કાર છે તને. તેં મારી બ્રહ્મવિદ્યા અભડાવી. તેં મને છેતર્યો, હું બ્રાહ્મણપુત્ર છું એમ કહેતાં તારી જીભ તૂટી કેમ ન પડી?"

"મહારાજ! મારો એ અપરાધ ક્ષમા કરો. અર્જુનને હરાવવો હતો એટલે ક્યાંથી હું આપની પાસે આવ્યો. આપની કૃપા કદી નહીં ભૂલું.

"અને હું પણ કેટલો મૂર્ખ કે મેં તને બ્રાહ્મણપુત્ર માની લીધો."

"મને ક્ષમા કરો ગુરૂદેવ! મારી ભૂલ થઇ, મને ક્ષમા કરો."

"કર્ણ તું સાચું કહે છે. ક્ષમા આપવી એ બ્રાહ્મણનો ધર્મ છે. પણ મને દુઃખ એક જ વાતનું થાય છે કે મને યોગ્ય શિષ્ય ન મળ્યો"

"પ્રભુ! મને આજ્ઞા આપો. હું આજે જ જાઉં છું."

કર્ણ તું ન આવ્યો હોત તો હું તપશ્ચર્યામાં કેટલો આગળ વધી ગયો હોત?"

"પ્રભુ! મને કોઇ રીતે ક્ષમા ન કરી શકો?"

"ક્ષમા તો છે જ તને."

"તો આપ મને આશીર્વાદ આપો એટલે હું જાઉં."

પરશુરામનો અવાજ ભારે થઇ ગયો. આંખો સ્થિર બની ગઇ. નિરાશ થતા અવાજે ધીરેથી કહ્યું. "કર્ણ, તું જઇ શકે છે. શાપ માન કે આશિર્વાદ માન. પણ મારા અંતરના ઊંડાણમાંથી એક જ અવાજ આવે છે અને તે એ કે મારી આપેલી વિદ્યા તું અંત સમયે ભૂલી જઇશ."

"પ્રભુ! ક્ષમા! ક્ષમા કરો ગુરૂદેવ! આપને આમ ન ઘટે."

દૂર ક્ષિતિજમાં દૃષ્ટિ નાખતાં પરશુરામે કહ્યું, "કર્ણ સાંભળ, તારું મૃત્યુ આવશે ત્યારે રણભૂમિ ઉપર તારો રથ પૃથ્વીમાં ઉંડો ઊંડો ઊતરશે...અને...અને..."

"પ્રભુ! બસ કરો! હવે કૃપા કરો ગુરૂદેવ."

"જા. સુખેથી તારે ઘરે જા. મારું દિલ આજે હળવું થાય છે."

"આવું, રજા લઉં છું. પ્રભુ! આ બાળકનો અપરાધ ક્ષમા કરજો."

"જા બેટા! ખુશીથી જા."

ભગવાન પરશુરામની ચરણરજ લઇ કર્ણ નીચું જોતો જોતો ઘર તરફ જવા નીકળ્યો.

દેખાયો ત્યાંસુધી પરશુરામ તેને જોઇ જ રહ્યા અને દેખાતો બંધ થયો ત્યારે તેમણે ઊંડો નિશ્વાસ મૂક્યો.

# બોમ્બે સ્વદેશી સ્ટોર્સ

માનવંતા ગ્રાહકોને

## નૂતન વર્ષાભિનંદન

પાઠવે છે

# ૪૫

વર્ષથી સેવા અર્પતી

એક અને અજોડ સંસ્થા

# ધી બોમ્બે સ્વદેશી

## કો-ઓપરેટીવ સ્ટોર્સ કું. લીમીટેડ

સર ફીરોજશાહ મહેતા રોડ

કોટ, મુંબઇ ૧

ફોન : ૨૦૪૪૩

શાખા (૧)
મહાત્મા ગાંધી રોડ
પૂના

શાખા (૨)
જેમ્સ સ્ટ્રીટ
સિકંદ્રાબાદ

તમારી દેશપરદેશની હવાઇ-દરિયાઇ-રેલવે મુસાફરીની ટિકિટો કશા પણ વધુ ચાર્જ વગર અમારે ત્યાંથી મેસર્સ લી એન્ડ મ્યુરહેડ (ઇંડીયા) લિમિટેડની શાખા મારફત મેળવો.

ઉતાવળી મુસાફરી માટે

# દિનબંધુના ગેરંટીડ તૈયાર કપડાં

જેવા કે—

| | | | |
|---|---|---|---|
| o હાફ શર્ટ | o હાફ પેન્ટ | o જવાહર જેકેટ | o જોખમી બંડી |
| o ફુલ શર્ટ | o ફુલ પેન્ટ | o જવાહર ઝભ્ભા | o પાયજામા |
| o બુસ શર્ટ | o બાબા પેન્ટ | o જવાહર સુરવાલ | o કોટ |
| o બનીયન | o અંડરવેર | o ગરમ જેકેટ | o બાબા બુસ સુટ |
| o બ્લાઉઝ | o ફ્રોક | o ઘાઘરી પોલકા | o પેટી કોટ (ચણીયો) |
| o બાબા સુટ | o ગલેચી | o ઝભલા | o પેટી કોટ (રંગીન) |

વિશિષ્ટતાઓ: ✲ પાકી સીલાઈ છે, ✲ પાકો દોરો વાપરેલ છે
✲ ડબલ સીલાઈ છે ✲ પદ્ધતિસરની કટ છે

નોટ :— ખાસ ઓર્ડર લેવા બંધોબસ્ત. આરે છે

વેચાણ કેન્દ્રો

દિનબંધુ કલોથ સ્ટોર્સ, ૩૦૭ કાલબાદેવી રોડ, સ્વદેશી મારકેટ સામે, મુંબઈ–૨

સ્વસ્તિક સ્ટોર્સ, ૯૨ ભૂલેશ્વર રોડ, કબુતરખાના પાસે, લક્ષ્મીનારાયણ મંદીર ચાલ, મુંબઈ ૨

નોટ :— કાલબાદેવીવાળા સ્ટોરના મકાનનું સમારકામ થતું હોવાથી હાલ તેમાં વેચાણ બંધ છે.

# અમદાવાદમાં

● સ્વચ્છ નિવાસ
● શુદ્ધ આહાર

અને

આધુનિક સગવડો માટે

શ્રી

# જય વિજય હિંદુ લૉજ

[ તદ્દન નવી મેનેજમેન્ટ ]

રીડ રોડ, સ્ટેશન નજીક, અમદાવાદ–૨

દરરોજ કપડાં ધોવા માટે ફક્ત

"રોલીફ સાબુ"

એક વખત વાપરી ખાતરી કરો

* પુરો સંતોષકારક બદલો મળે છે *
* બારસોપ, ચીપ્સ અને બીજી દરેક સાઇઝમાં સાબુ હંમેશાં મળે છે *

# રીલીફ સોપ એન્ડ કેમીકલ વર્કસ

હેમિંગ્ટન રોડ નોર્થ,
નાયર હોસ્પીટલ બાજુમાં, મુંબઈ–૮

ધોવાનો સાબુ ઘેરબેઠાં પહોંચતો કરવામાં આવે છે. આજે જ લખો:

# નૂતન જોડકણાં

પંખીઓમાંથી થોડાંક પર નવીજ ભાત પાડતાં આ જોડકણાં લખ્યાં છે, જાણીતા લેખક શ્રી. રમણલાલ સોનીએ. બાળકો માટે એમણે એટલાં બધાં પુસ્તકો લખ્યાં છે કે અહીં ગણાવતાં પાર ન આવે. જોડકણાંઓ, કવિતાઓ અને વાર્તાઓ—બધા પ્રકાર પણ તેમણે હાથ અજમાવ્યો છે અને સફળતા પણ મેળવી છે. આ જોડકણાં વાંચીને એમની કલમના કસબની તમને ખાતરી થશે.

લેખક: શ્રી. રમણલાલ પી. સોની

ચકલો

એક હતો ચકલો,
એનું નામ ટકલો!
ટકલાને માથે ટાલ,
ચકલાના લાલ ગાલ!
ટાલ ઉપર ચોટી,
અહો, કેવી મોટી!

કૂકડો

એક હતો કૂકડો,
રહે શર દફડો!

ગધેડાના માથે બેસી
કાનમાં બોલે કૂક!
ગધેડાભાઈ લાતો મારે
મોંથી કાઢે થૂંક!

કાગડો

એક હતો કાગડો,
ખરેખરો નાગડો!

ન મળે લાજ
ન મળે શરમ,

ન કશી વાતનો
સમજે મરમ!

ઘરે ઘરે જાય,
મારે ફડાકા,

કાકા કાકા કહી
મારે તડાકા!

પોપટ

એક હતો પોપટ,
આખો દિવસ
બેઠો બેઠો
રોજ રમે ચોપટ!
મેના કહે: નહાવા ઊઠો,
પોપટ કહે: ના!
મેના કહે: ખાવા ઊઠો,
પોપટ કહે: ના!



હોલો

એક હતો હોલો,
વાંદરાની પૂંછડીનો
એ કરે ઝોલો!

મનમાં એ બોલે:
પપૂડો મારો ગોલો!

બગલો

એક હતો બગલો,
પહેરે ડગલો!
ડગલામાં છરી,
છુપાવેલી ખરી!
હાથી પર બેસે,
ગામમાં પેસે,
લોકો કહે: વાહ!
બગલાજી, વાહ!

સમડી

એક હતી સમડી,
તૂટે ચમડી
પણ ન છૂટે દમડી!
ન ઊઠે નહાવા,
ન ઊઠે ખાવા,
ન મીંચે આંખ,
ન ખોલે પાંખ!
બેઠી બેઠી ઠરી જાય,
રૂપિયા ઉપર મરી જાય!

કબુતર

એક હતું કબૂતર,
એ કાંતે સૂતર!
પછી તાર ગણે,
એની ખાદી વણે!
ખાદીની ટોપી
ને ખાદીની શાલ,
ઓઢીને કબૂતર
જાયે નિશાળ!

કોયલ

એક હતી કોયલ.
એ પહેરે વૉયલ!
ઘડિયાળ બાંધે ડોક
એ સહુને ટોક—
વખત થયો, કામે જાઓ!
વખત થયો, ઊંઘી જાઓ!
હું ઘડિયાળવાળી કોયલ,
હું પહેરું વૉયલ!



મેના

એક હતી મેના,
રાણીની સેના
મેનાથી ડરે,
સલામો કરે!
રાણી કહે ખાસ,
મેનાને શાબાશ!

# જીવતા મગરને પકડનાર જવાંમર્દોની કથા



# મગર નાથણાં

લેખક:
શ્રી. હર્ષદરાય પંડયા

જીવતા મગરને નાથવાનું કામ કાંઇ જેવા તેવાનું નહીં. મર્દ માણસો જ આવા કામ કરી શકે. એની ખાત્રી કરાવતો આ પ્રસંગ સાચો છે તેટલો જ રોમાંચક છે. લેખક ભરૂચ જીલ્લાના ગામડાંઓમાં લોકોપયોગી કામો કરતાં એક મૂગા સેવક છે.

**ભ**ગવાન કૃષ્ણે, કાલીનાગને નાથ્યાની વાત તમે સાંભળી હશે. ખેડૂતો બળદને નાથે છે એ પણ તમે જાણતા હશો. મદારીઓ રીંછને અને રબારીઓ ઉંટને નાથે છે એ બધું તમે જોયું હશે. પણ મગર જેવા પાણીમાં રહેનાર અને જીવતા જીવે હાથ નહિ ચઢનારા પ્રાણીને કોઇએ નાથ્યું હોય એવું તમે સાંભળ્યું છે?

છતાં આ વાત જરા પણ જૂઠી નથી. જીવતા મગરને ઘરઆંગણે નાથનારા મગરના માથાના માણસો પણ એક જમાનામાં આ દેશમાં હતા, તેની આ પ્રસંગકથા છે.

⊛

ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના કિનારે ભાલોદ નામનું ગામ છે. આ ગામની જ આશરે અડધા સૈકા પહેલાંની આ વાત છે. આજે પણ એ મગરને નાથનાર મહારથીઓની ત્રીજી–ચોથી પેઢી હયાત છે.

જવાર સાચવવાની એ મોસમ હતી. નદી કિનારાની કાછીઓમાં દૂધે ભરેલી જવાર હીલોળા લઇ રહી હતી. ઢોર અને પંખીઓથી તેને સાચવવા કાછીઓમાં માળા અને માંડવા પડી ગયા હતા

મળસ્કું થતું અને ખેતરને શેઢે પોંક પાડવાની અંગેઠીઓ (ધૂણીઓ) સળગી જતી; અને તેનો પ્રકાશ દૂર–દૂરના આકાશમાં પડતાં, કવખતે સૂરજ ઉગ્યાનો ભાસ કરાવતો હતો. એ ધુણીઓમાં રોજની પાંચ શેર જવાર જેટલાં કણસાં ઝુડાઇ જતાં. અને એ ગરમાગરમ પોંક જનાવરો ઉઠીને સવે થાય તે પહેલાં તો તૈયાર થઇ જતો.

ડૂંડાં ભાંગતાં રહેલી જવારની ચીમડી (જવારનું ઘાસ કે સાંઠા) બળદને નંખાતી અને એ મળસ્કાના પોંકનું ખાણું માણસને અને ચીમડીનું ખાણું બળદને મેથીની ગરજ સારતું. અને જવારની–પોંકની મોસમ વીતે તે દરમ્યાનમાં રોજનો તાજો પોંક અને તાજી ચીમડી ખાઇને મરદ અને બળદ બંને તાજા–માજા બની જતા.



આમ ખેતરનો માલિક ચાદરની ઝોળીમાં પોંક નાખી ગોફણ લઇ જાનવરો પહેલાં તૈયાર થઇ જતો. ને બપોર સુધી પોંક ખાતો જતો અને જનાવરો હાંકતો.

બપોર થતા એટલે જનાવરો પણ તાપથી બચવા ઝાડ-ઝાડોને આશરે જતાં, તે વખતે જનાવરના આ સાચવનારા કાઠીઓથી થોડે જ છેટે આવેલી નદીએ ઢોર પાવા અને નહાઇને ટાઢા પડવા માટે જતા. અને તેથી બપોર ચઢતાં તો નદી કિનારાની એ નિર્જન જગ્યા આજુબાજુની કાઠીઓવાળાના સમૂહનાં નાનકડા માનવમેળાથી ગાજતી બની જતી.

(૭)

આવા એક બપોરે જ્યારે સૂર્યના તાપથી ધરતી ધખધખી રહી હતી તેવે વખતે એ કાઠીઓની જનાવરો સાચવનારાઓનો સમૂહ નહાવા તથા ઢોર પાવા નદી કિનારે ભેગો મળ્યો હતો. કોઇ ઢોરને પાણી પાતું હતું, તો કોઇ ઢોરને નવડાવતું હતું, તો કોઇ જાતે નહાતું હતું. એવામાં એક જણ જંગલ જવા ગયો. નદીના કિનારા પર પાણીના મોખરો જોઇને જ વાંઝલો નામે વનસ્પતિનું, માણસ ઢંકાઇ જાય તેવું જૂથ ઉગેલું હતું. તેને ઓથે પેલા ભાઇ બાજરૂ માટે ગયા. પણ તે જેવા વાંઝલાના જૂથ પાસે જાય ત્યાં તો એ જાળામાં તેણે કોઇ સળવળાટ થતો જોયો.

જરા કાળજીપૂર્વક નજર માંડી તો તેને જણાયું કે જાળામાં ઠંડક જોઇને બેઠેલો મગર માણસનો પગરવ સાંભળીને સળવળી રહ્યો હતો. પણ મગરની ઇચ્છા એ ઠંડક છોડવાની નહોતી. તેથી તે માણસનો પગરવ સાંભળીને સળવળ્યો ખરો. પણ માણસ પાસે નથી આવતો એવું જણાતાં પાછો સહેજ દબાઇને ચંપી ગયો. પેલો માણસ તો ઝડપથી બાજરૂ પરવારી બધા નહાતા હતા ત્યાં પહોંચ્યો. તેણે બધાને નજીકના જાળામાં મગર હોવાની વાત કરી, અને એ મકાયતા મર્દોને મસ્તીનું સાધન મળી ગયું.

એકે કહ્યું, "અલ્યા ચાલો એને ઘેરીએ." બીજો કહે, "અલ્યા એક સાળો ઉપાડી લાવો તો એને ઢાંકીને ગમ-

પૂંછડું છૂટ્યું કે તરત જ એક સાથે બધા મગર પરથી ઉતરી પડ્યા.

# રમકડાં તો થાણા પ્લાસ્ટીકનાંજ

TPI





આ ઉપરાંત બીજી ઘણી વસ્તુઓ બનાવવામાં આવે છે.

વધુ પુછપરછ માટે મળો યા લખો :

## થાણા પ્લાસ્ટીક એન્ડ ઇન્ડસ્ટ્રીઝ

ક્રેશન્ટ ચેમ્બર્સ, ટેમરીન્ડ લેન, કોટ, મુંબઈ—૧

ફેક્ટરી........થાણા

# મધુપ્રમેહ
# સાત દિવસમાં
# મટે છે

પેશાબની સાથે સાકર જાય તેને મધુપ્રમેહ (Diabetes) કહે છે તે એટલું ભયંકર દર્દ છે કે તેનો ભોગ બનેલો દરદી દીવસે દીવસે મૃત્યુ સમીપ આવતો જાય છે, તેથી ડોકટરોએ તેના ઇલાજ માટે ઇન્સ્યુલીન ઇન્જેકશન શોધી કાઢ્યું છે પણ તે લેવાથી આ દર્દ તદ્દન મટી જતું નથી. ઇન્જેકશનની અસર રહે છે ત્યાં સુધી જ ફક્ત સાકર થોડો વખત અદ્રશ્ય થાય છે. અતિશય ભૂખ અને તરસ લાગવી, પેશાબની સાથે સાકરનું જવું અને ખરજવું વગેરે આ દર્દના મુખ્ય ચિહ્નો છે. 'વીનસ' ચાર્મની અદ્ભુત દવા એ આધુનિક વિજ્ઞાનનો એવો જાદુઇ ઇલાજ છે કે તે વાપરી હજારો દર્દીઓ મૃત્યુના મુખમાંથી બચી ગયા છે. તે વાપરવાથી બીજા કે ત્રીજા દીવસથી જ પેશાબની સાથે અતિશય સાકરનું જવું અને વારંવાર પેશાબ થવો ઓછો થઇ જાય છે અને ત્રણ ચાર દિવસે દર્દ અર્ધાથી ઉપરાંત મટી ગયું જણાય છે. તે લેતી વખતે ખોરાક બાબતમાં કંઇપણ અંકુશ નથી. અને કોઇપણ ઇન્જેકશન લેવાની જરૂર નથી. અંગ્રેજી, ઉર્દૂ અથવા હિન્દીમાં વિગતવાર મફત લિટરેચર માટે લખો: ૫૦ ટીકડીની બાટલીની કિંમત રૂા. ૬-૧૨-૦ પેકીંગ અને ટપાલખર્ચ મફત.

**વીનસ રીસર્ચ લેબોરેટરી**
પોસ્ટ બોકસ નં. ૫૮૭, કલકત્તા (R. K.)

ઘેર ઘેર હોંશથી
વાપરતા

## જર્મ્સ કટર

દરાજ, ખસ, ખુજલી, ખરજવું

વિગેરે એવા ચામડીના સર્વ રોગો ઉપર અકસીર

—કપડાને ડાઘ પડતા નથી—

## 'કવીન્સ'
## મેલેરીયા મીક્ષ્ચર

સર્વ પ્રકારના મેલેરીયા તાવ ઉપર અકસીર

## 'કવીન્સ' બામ

માથાનો દુખાવો, શરદી, સંધીવા તથા શારીરિક દુખાવા ઉપર અતિ ગુણકારી

બનાવનાર:
કવીન્સ કેમીસ્ટસ, મુંબઇ.

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ:
ભોગીલાલ પ્રેમચંદની કું. દવાવાળા
૨૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨. ફોન-૨૪૬૮૭

રાશીએ. તે ફરી આ બાજુ જ ન આવે." પછી તો ન જ કોની હોય? સંપ અને સાહસમાં તેઓ પાછા પડે તેવા જ નહોતા, તરત જ બધા તૈયાર, એક બે જણ દોડયાં તે જ્વારનો માળો તોડી લાવ્યા. ચૂપકીદીથી સરઘસ મગરને દબાવવા ચાલ્યું. મગર આરામથી ઠંડક શોધી બેઠો હતો. દૂરથી બધાએ મગરની ચોક્કસ જગ્યા જોઇ જાણી લીધી.

ખૂબ ધીમેથી બીલ્લીપગે સહુ નજીક ગયા, અને સાથે આણેલો માળાનો તરાપો એકદમ મગરની પીઠ પર નાખી દીધો. મગર આ અણધાર્યા હુમલાથી ગભરાયો. તે નાસવા માંડે તે પહેલાં તો બધા જ એક સામટા મગર પર નાખેલા માળા પર ચઢી ઉભા. મગર દબાયો એણે માળા નીચેથી છટકવા ખૂબ ધમપછાડા માર્યા. પણ કંઇ વળ્યું નહિ

પૂંછડીથી ઝપાટા લગાવવા માંડયો તો એક જણે સાથે આણેલી ગાશથી એની પૂછડી કચકચાવીને વાંઝલના જાળા સાથે બાંધી દીધી. એક જણ ટોળામાંથી બોલ્યો, 'અલ્યા કોઇની સાંકળનું કડું કાપી લાવો.' તરતજ સાંકળનું કડું કાપી આવ્યું. અને એ કડાના કાપેલા એક છેડાને મગરના નાકમાં ખોસી, નાક કોચીને વાળીની માફક પરોવી દીધું. હવે મગર પૂરેપૂરો નચાઇ ગયો.

બધાને થયું હવે શું? એકમતે નિર્ણય થયો કે– "હવે એને છોડી દો. ફરી આ બાજુ હવે નહિ ભળે. અલ્યા દલસુખ! પૂંછડાની રસી છોડી લે તો." ટોળામાં આગેવાન જેવા લાગતા એક પુરુષે કહ્યું અને તરત જ પુછડું છૂટું થઇ ગયું. પૂછડું છૂટ્યું કે તરત બધા એક સાથે જ મગર પરથી ઉતરી પડયા અને શરીર પરથી વજન હલકું થતાં જ મગરે છલંગ લઇને પાણીમા ઝંપલાવી દીધું.

---

# આહિર રાણી

દૂર દૂરના ગામથી આવે,
આ હિ ર રા ણી શે'ર,

☆ ☆☆

ચૌટે ચકલે ટહૂકા કરતી ફરતી ઘેરે ઘેર;
"ખડી જેવું છે દૂધ, લેજો ચાર આનાનું શેર,
"આપ્યું એક આને પાશેર"

☆ ☆☆

રાતના બીજા પ્હોરે કાઢે ગાય ભેંસની શેડ,
ગાયોનું ને ભેંસોનું દૂધ, કરતી ભેળસેળ;
શહેરમાં એ બનાવતી સત્તરના છકોતેર.

ગાયતણું દૂધ પીનારાને ગાયનું કહીને આપે,
ભેંસનણું દૂધ લેનારાને ભેંસનું કહીને આપે;
સવારનાં આછા અજવાળે ચલાવતી અંધેર.

આટલું કરતી તો પણ જાણે બાકી રે'તું મેર,
ભેળસેળ દૂધમાં ભેળવતી પાણી ઘેરે ઘેર;
હસતી રમતી દઇ દેતી કે વધતું નાં પાશેર.

ધમધમ્ કરતી ભોળા જનને લુંટીને વહી જાય,
કંઇ જુવાનિયા, કંઇ બૂઢાઓ એ જોતા રહી જાય;
નાં લોકો સૌ સમજે, એ શું વર્તાવી ગઇ કેર.

દૂર દૂરનાં ગામથી આવે,
આ હિ ર રા ણી શે'ર.

મહેન્દ્ર વ્યાસ

**દિવાળી**ના દિવસમાં ઘરઘર દીવા થાય

ફટાકડા તો ફડફડ ફુટે બાળક બહુ હરખાય!

તમારા એ હર્ષને છલકાવી દે તેવી → "બુધ્ધદેવ"ની

# મીઠાઇઓ

તમારા મિત્રોને નૂતન વર્ષે ભેટ આપવા માટે મીઠાઇના ફેન્સી બોક્સ તૈયાર મળશે... ... ...

બાળકો! મીઠાઈ માટે હમેશાં યાદ રાખો

# બુદ્ધદેવ મીઠાઇવાલા

ગોળદેવળ પાસે, મુંબઇ ૪.

"ગ્લેનાઉન" લોકપ્રીય

## "ગ્લુકોઝ"

બીસ્કીટ

નાના તથા મોટા માણસો માટે પ્રોટીન,ખોરાક ઉપરાંત ખાવામાં બહુજ લહેજતદાર છે.

દીવાળીના તહેવારો અને બીજા ખાસ પ્રસંગો ઉપર સ્નેહીજનને ખરેખર ભેટ આપવા લાયક છે.

**ધી ગ્લેનાઉન બીસ્કીટ કું.**

ફોન નં. ૪૨૨૭૭ — કોનાટ રોડ, વીક્ટોરીઆ ગાર્ડનની બાજુમાં — મુંબઇ નં. ૨૭.

## મનુને મીઠાઇ મોંઘી પડી ગઇ!

મનુ અને કનુ બંનેને મીઠાઇ બહુ ભાવતી. મનુ ખાંડ ગોળવાળી ચીજો બહુ ખાતો. પરિણામે તે માંદો પડયો. યાદશક્તિ ઘટી ગઇ. પરિક્ષામાં નાપાસ થયો.

કનુએ માત્ર હિમાચલનું કાશ્મીરી મધ પસંદ કર્યું અને તે પેટ ભરીને આ મધ ખાતો. એથી તેની શક્તિ અને બુધ્ધિ વધી અને પરીક્ષામાં પહેલે નંબરે પાસ થઇ ઇનામ જીતી ગયો.

હિમાચલ આયુર્વેદાશ્રમનું ૧૦૦ ટકા શુધ્ધ અને ગેરીન્ટીવાળું સર્વોત્તમ કાશ્મીરી મધ તમારાં બાળકોને છૂટથી ખવરાવો અને પછી તેના ચમત્કારિક ફાયદા જુઓ. મુંબઇમાં મોમ્બે કોઓપરેટીવ સ્વદેશી સ્ટોર, એસ. બધર્સ દવાવાળા, ૨૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, કલકત્તા ફેન્સી સ્ટોર, જૈન મંદિર પાસે, ભૂલેશ્વર, ઇસ્ટર્ન સ્ટોર વગેરે.

**હિમાચલ આયુર્વેદાશ્રમ**

મુંબઇ કેન્દ્ર ઓફીસ, મુંબઇ

# અડવાનો વેશ

લેખકઃ શ્રી. જયંતિ દલાલ

તમે કદી ભવાઇ જોઈ છે? ભવાઇનું નામ તમે સાંભળ્યું હશે પણ તમે તે ભાગ્યે જ જોઈ હશે. કારણ કે આજે તો ભવાઈ જોવાય મળતી નથી. તેમાં એક છંદઝૂલણાનો વેશ આવતો અને તેના પ્રથમ હિસ્સા તરીકે એમાં અડવાની વાત આવતી. 'અડવાનાં પરાક્રમો' તો તમે વાંચ્યા હશે કે સાંભળ્યા હશે. અહીં અડવાની એક જાણીતી વાતને રેડિયોને લાયક બનાવવાનો યત્ન, નાટકો લખવામાં એક્કા શ્રી. જયંત દલાલે કર્યો છે.

---

નાયક :

પરથમ પહેલા સમરીએ, દેવ સૂંઢાળા
લખ લાભનો દાતાર, દેવતા વિઘ્ન હરે—
તા થૈઇ તા થૈઇ

[ભૂંગળ વાગે છે]

આવે છે રે આવે છે અડવાની સવારી આવે છે.

[ભૂંગળ વાગે છે]

તા થૈઇ તા થૈઇ

શું વેશ છે! એ...ને માથે લાલ ચટક પાઘડી, ગાગર જેવડી ફાંદને ઢાંકતો ખેસનો છેડો. અલ્યા લાગે છે આને ડાકનો નેડો. શેનો હશે 'લ્યા! સવારે પગ નીચે કીડી ચગદાઇ હશે? ના ના તો તો આને આટલું ન લાગે. પણ જો કોઠીમાંથી લોટ-ખાઇને મઇ હોય તો નુકસાનથી એને શોક લાગે એ સાચું. પણ આ તો. આ આતી પહોંચ્યો.

અડવો : સાલું આ તે કાંઇ ગામ છે! ભલભલા શહેર જોયા. ઓતરાદા દેખ્યા ને દખણાદા ય દેખ્યા. પૂરવમાં ય જોયા અને પચ્છમમાં ય જોયા. પણ, મારું

આવે છે રે આવે છે અડવાની સવારી આવે છે

બેઠું આ ગામનો જોયો ન જોયો. અમે કહ્યું: સહુને જુવાર. દેવને જુવાર, રાજાને જુવાર અને ગામની ધાંચણને ય જુવાર.

**નાયક:** જુવાર, શેઠ જુવાર. પછી ગામે શું કીધું?

**વાણિયો:** જુવાર તમને જુવાર અને તમારા બાપને ય જુવાર. ગામ કે'છે: ક્યારે આવ્યા? કેટલું રહેશો?

**નાયક:** તો તો તમને કોક તમારી જાતવાળો ભેટ્યો હશે! પણ શેઠ, તમે આવ્યા ક્યાંથી?

**વાણિયો:** મારું બેઠું, બધા ય આજ પૂછે છે. જાણે કોઇ જાણતું જ નથી! અરે અમારો તો મોટો સંઘ નીકળ્યો'તો. જાતરા કરવા.

**નાયક:** પછી?

**વાણિયો:** પછી? પછીની તે શું વાત કહું? અમારા ગુરુએ અમને કહ્યું છે કે, આપણી વાત બીજાને ન કરીએ.

**નાયક:** તો તો શેઠ તમે બહુ ચતુર લાગો છો.

**વાણિયો:** તે હોયએ રતો. ડાહીમાના છીએ, ડાહીમાના.

**નાયક:** શેઠ તમારું નામ?

**વાણિયો:** અલ્યા તારે મારા નામનું શું કામ? વેશવાળ કરવું છે?

**નાયક:** શેઠ આ ગામમાં તો બધી દેખતી છોકરીઓ છે.

**વાણિયો:** અલ્યા તો તો સારું. પણ મારાં નામ તો દસ પંદર છે એમાંથી તને કયું કહું?

**નાયક:** દસ પંદર નામ! બાપ રે, તો તો શેઠ તમે લોકમાં બહુ જાણીતા હશો. કોણે કોણે પાડ્યાં તમારાં દસ પંદર નામ!

**વાણિયો:** અલ્યા એક તો પાડ્યું મારી ફૂઇએ. બીજું પાડ્યું મારી બાએ. ત્રીજું પાડ્યું મારી માશીએ. પછી પાડ્યું મામીએ.

**નાયક:** મામીએ? વાહ, પછી!

**વાણિયો:** પછી? પછી તો પાડ્યું અમારાં ઘરવાળાંએ.

**નાયક:** તે તમે ઘરવાળા છો? પણ મને તો તમારી માએ પાડેલું નામ કહો.

**વાણિયો:** ઠીકરી પારેખ.

**નાયક:** ઠીકરી પારેખ? એ તે કેવું નામ!

**વાણિયો:** એ જ છે ને ખૂબી ત્યારે. અલ્યા કોક મોતી પારખે, તો કોક હીરા પારખે અને કોક સોનું. અમારા જમાનામાં રૂપીઆ પારખનાર પણ હતા. પણ હવે તો બધું ધકેલ મ ધકેલ છે. પણ લે તું જ કહે: તેં કોઇ ઠીકરી પારેખ જોયો છે?

**નાયક:** ના, શેઠ.

**વાણિયો:** તો એ જ ખૂબી છે ને! આ ઠીકરી જોઇને કહી દઉં કે આ તો ઘડાની અને આ તો ટોયકાની. આ કલેડાની અને આ તો નળીઆની.

**નાયક:** તે તમને ઇંટની ઠીકરીનીય ખબર પડે કે?

**વાણિયો:** હોવે. ઇંટનીય ખબર પડે અને ભીંતનીય ખબર પડે. એ વિના મારી માએ ઠીકરી પારેખ નામ પાડ્યું હશે!

**નાયક:** વારું. પણ તમારી માશીએ તમારું શું નામ પાડેલું?

**વાણિયો:** નાપલો.

**નાયક:** નાપલો? એટલે શું? આ પેલા દરજી કપડાં સીવતાં માપ લે છે એવું?

**વાણિયો:** મને ખાતરીજ હતી કે તને નહીં ખબર પડે. લે તું કોઇ દા'ડો વેપાર કરે છે!

**નાયક:** વેપાર? કાળું બજાર?

**વાણિયો:** લે વેવલી થા મા. વેપાર કરતો હોય એ જાણે કે બજાર તો એક જ છે. આ જેની હાંડી ચીકણી ન થાય એવા પેટબળ્યા કહ્યા કરે—કાળું ને ધોળું.

**નાયક:** પણ આ નાપલો એટલે શું?

**વાણિયો:** નાપલો એટલે લે એનું દે નહીં એ. આ લીઆ ઉસકા દીઆ તો પીછું વેપાર કાયકા કીઆ?

**નાયક:** એમ ત્યારે. તમે લો એનું દો નહીં, એવા?

**વાણિયો:** હોવે. અમે તો ડાહીમાના દીકરા. ખબર છે અમને ગળથૂથીમાં શું પાય તે?

**નાયક:** શું?

**વાણિયો:** એ બોટુકલાનો ગોળ અને દાંડાઇનું મધ.

**નાયક:** એટલે ખરા ગોળનું પાણી ય તમને ન પાય?

**વાણિયો:** તું તો ભાઇ બોરનું ઉંટ પણ જાણતો નથી. અને પાછો તું કહે છે તું મોટો કલાકાર. અલ્યા બોટુકલો ગોળ નહીં આ તો ખોટું બોલવાની વિદ્યા. અગડં બગડં, સટ્ટ સટ્ટ.

**નાયક:** વાહ, નાપલા ભાઇ, વાહ. ધન્ય છો તમે અને ધન્ય છે તમારું નામ પાડનારી માશી. (સ્વગત) આ માશી ય પછી નાશીને ગઇ હશે કાશી! (પ્ર) વારું, પછી આપની મામીએ શું નામ પાડ્યું?

**વાણિયો:** મારી મામીએ!

**નાયક:** તો કોઇ મારી માગીએ?

**વાણિયો:** મારી મામીએ નામ પાડ્યુ, મૂરખો.

**નાયક:** મૂરખો? તમારા જેવા અક્કલવાળાનું નામ પાડ્યું મૂરખો!

**વાણિયો:** એ તો થયું એમ કે નાનો ગણીને મને એમણે એક કાગળ આપ્યો.

**નાયક:** તે તમારામાં મામી ભાણેજને એમ કાગળ આપે?

**વાણિયો:** હા એ. પણ આ કાગળ તો બીજા કોકને મારે આપી આવવો એવું મામીએ કહ્યું

**નાયક:** બીજા કા કે? કોણ?

**વાણિયો:** તું ય ગામ કાજી છે ને? તારે જાણીને કામ શું? મેં તો જઇને મામાને જ કાગળ આપ્યો. પછી મામા અને મામી વચ્ચે ઝામી અને...

**નાયક:** એટલે મામીએ તમારું નામ પાડ્યું મૂરખો!

**વાણિયો:** ખરે.

**નાયક:** પણ આ બધામાં હું ખરું તો ભૂલી ગયો. તમારી ફૂઇએ તમારું નામ શું પાડ્યું હતું?

**વાણિયો:** ભાઇ મારાં ફૂઇમા બહુ ચતુર. મારા બાપા કહેતા હતા કે જો ફૂઇમાને મૂકો હોત તો મારે. એમને કાશ કહેવા પડત. એમણે મારું નામ પાડ્યું અડવો.

**નાયક:** અડવો? બડવો તો છે જ.

**વાણિયો:** અલ્યા બડવો એટલે શું?

**નાયક:** એ તો શેઠ અમારામાં બહુ રૂપાળો છોકરો હોય ને એને બડવો કહે.

**વાણિયો:** સે તો તો હું અડવો ય ખરો અને બડવો ય ખરો.

**નાયક:** પણ અડવો એટલે શું?

**વાણિયો:** આ જેને કાંઇ ન આવડે અને જેની પાસે કાંઇ ન હોય એને અડવો કહે

**નાયક:** પણ તમને કાંઇ ન આવડે?

**વાણિયો:** એ તો હું સમજ્યો નહીં. આ કોઇની મને નજર ન લાગેને માટે મારું નામ પાડ્યું અડવો.

**નાયક:** વારું તે. અડવા શેઠ પછી શું થયું?

**વાણિયો:** પછી? અમે મોટા થયા એટલે રળવાની વાત આવી.

**નાયક:** તમારે વળી રળવાનું કેવું? કોઠીઓ ભરી હશે.

**વાણિયો:** તો એમાં અમારે શું! રળીશું નહીં તો પછી વાણિયાનો અવતાર નાહકનો લીધો?

આપણુ બંદા તો એક પગ ખેતરમાં અને બીજો પગ બહાર રાખી ત્યાં જ બેસી પડયા.

**નાયક:** તો જાણે તને પસંદગી કરી હશે?

**વાણિયો:** હું એમ વાત ન ખા. મા કહે કે મારે તો અડવા તને ક્યાંય મોકલવો નથી.

**નાયક:** મા તો એમના દીકરી પારેખને ઓળખેને!

વાણિયો: મેં કહ્યું મા એમ કેમ? તો કહે તારામાં વેતા નથી. મને તો ઝાળ લાગી ગઈ. મા જેવી મા આમ બોલે?

નાયક: નહીં તો શું કરે?

વાણિયો: મેં તો કહ્યું હું જવાનો. ખૂબ કહ્યું એટલે એણે માન્યું અને મને સુખડું કરી આપ્યું. ફઈએ પાંચ રૂપીઆ બંધાવ્યા. અને ગામની ભાગોળ લગી વળાવવા આવ્યાં.

નાયક: ત્યારે તો ગામની ભાગોળે મોટી સભા મળી હશે? અને કુશળ રહેજો અને કાગળ-પત્તર લખજો, અને શરીર જાળવજો અને કોઈ વાતની ફિકર કરશો નહીં અને એવું બધું ય ખૂબ કહેવાયું હશે.

વાણિયો: હારતો કહેવાયરતો. પણ આ બધા ઉપરાન્ત પણ બે શિખામણ તો હીરા જેવી આપી.

નાયક: તે કઈ?

વાણિયો: કહે ભા અડવા અલ્યા રાત પડે ત્યાં વાસો રહી જજે. સહુ કોઈનો વિનય કરજે.

નાયક: વાણિયાના છોકરાને આવી શિખામણ? આ તો ભારે નવાઈ.

વાણિયો: અને બંદા ચાલ્યા: ચાલ્યા ચાલ્યા ચાલ્યા તે બસ ચાલ્યા જ ચાલ્યા.

નાયક: બસ ચાલ્યા જ?

વાણિયો: ત્યારે શું? ન જોવું જમણી બાજુ કે ન જોવું ડાબી બાજુ. ન જોવું ઉંચે કે ન જોવું નીચે. બસ ચાલ્યા જ ચાલ્યા. અને સૂરજ ભગવાન અમારી સાથે ચાલ્યા. તે તો પછી થાકીને પેલા ડુંગર પછવાડે ભરાઈ ગયા.

નાયક: ત્યારે તમે એમને હરાવી દીધા.

વાણિયો: અને જ્યાં અમે ખેતરના ખોડીબારામાં પગ મેલ્યો સહુ ત્યાં તો દિન આથમ્યો ડફ. હવે મને તો કહ્યું હતું કે રાત પડે ત્યાં વાસો રહેજે. તો આપણે બંદા તો એક પગ ખેતરમાં અને બીજો પગ બહાર એમ ત્યાં જ બેસી પડ્યા.

નાયક: વાહ શેઠ વાહ. તમારા જેવા શિખામણનું પાલન કરનારા તો હજુ લગી મેં જોયા નથી.

વાણિયો: એ જ ખૂબી છે ને! આ પહોર રાત થઈ હશે ત્યાં મારવાડી માથે ઘીના ઘાડવા લઈને આવ્યાં.

મારવાડી: કુણ હે આ ખેતરમેં?

વાણિયો: મેં કહ્યું: અડવા શેઠ.

મારવાડી: ખસ, મારગ દે.

વાણિયો: શેના ખસે? શેઠ છીએ, શાહુકાર છીએ. અમે રાત થઈને શું કયાં ભાગે છે!

મારવાડી: મું ભાગું હું કામ? અઠે બો ખરો!

વાણિયો: બો હોય તો વાણિયો બેસે ખરો? જાઓ રાતવાસો કરવો હોય તો ખેતરની જારમાં બેસો.

મારવાડી: ભગવાન ત્યારો ભલો કરે. આ ઘાડવા મેં ઘી ભર્યો હે. તો બો બોહોતો આગા દેયો.

વાણિયો: આગા દેયો! નવરા બેઠા હોઈશું ને? આ બીજો પહોર થયો ને પાછું કો'ક આવ્યું. અને

કે' હઠ રે હઠ. મેં કહ્યું: અહીંથી ઉઠે તારો બાપ. માથામાં મગજ ઘાલ્યા છે તે વાણિયાના છોકરાને આમ કહે છે! કોણ છે તું? તો પેલો કહે:

સોની: સોની મહાજન, શેઠ.

વાણિયો: તો કો'ક ઝાડ ખોળીને ઉપર ચડી જા. સવારે સથવારે જઈશું. જોખમ હશે તો એકથી બે ભલા. આ જ્યાં મધરાત થઈ ત્યાં...

નાયક: ત્યાં શું થયું?

વાણિયો: આ બુકાનું બાંધેલા ચાર જણ આવ્યા. પૂછે: કુણ સેલ્યા? મેં કહ્યું જરા કાંઈ બોલતાંય આવડે છે કે નહીં? શેઠ છીએ અને રાતવાસો કરવા રહ્યા છીએ.

નાયક: પછી?

વાણિયો: પછી પેલા કે લ્યા આ તો અકાલું લાગે છે. મારો હાળાને ને લૂંટી લ્યો. તે ચારે જણે એક એક અડબોથ મારી. મેં કહ્યું: મારો છો કેમ! તમે મને શું લૂંટતા હતા? કહી મેં તો પેલા રોકડા રૂપીઆ પાંચ હતા તે તેમને હવાલે કરી દીધા. પણ પેલા કહે: 'લ્યા! આ તો ડાહી, માના દીકરા. પાંચસો સંત. ડવા પાંચ જતા કરે. એમાંના. અને પાછી લાત મારી પૂછે: હવે કશું છે કે લ્યા તારી પાસે! મેં કહ્યું હા. તો કે' શું છે! તો મેં કહ્યું સુખડી છે. પૂરી પાંચ શેર. તો કે' લાવ પૂરા ચાર દા'ડાના નકોરડા છે. અને એ તો પોટલી ખોલીને બેઠા ખાવા.

નાયક: એમને તો ત્યારે ભયો ભયો થઈ ગયું. રોકડા રૂપીઆ અને ઉપરથી સુખડી.

વાણિયો: અરે તમે સાંભળો તો ખરા, સુખડી ખાતાં પેલા કોળી કે' સુખડી છે તો વાણિયાના ઘરની જ. મેં પૂછ્યું: કેમ? તો કે' ઘી નાખતા ય જીવ ચાલ્યો નહીં તેમ. તો મેં પૂછ્યું: તમને સુખડી લૂખી લાગી? તો કે' અમદાવાદના લાકડાથી લાડવા જેવી લૂખી. તો મેં કહ્યું: તમારે સુખડીને ચોપડી કરવી હોય તો પેલા બજારમાં મારવાડીઓ ઘીના કુપ્પા લઈને બેઠા છે.

નાયક: ખરી કરી આવા શેઠ તમે!

વાણિયો: હું શું કરું? ઘેરથી નીકળતાં જે શિખામણ આપી હતી તેનો જ મેં તો અમલ કર્યો. કહ્યું'તું મા'એ કે અડઅપટ કોકના કામમાં આવજે!

નાયક: પછી?

વાણિયો: પેલા તો ઉઠીને આરસાડીને, બે ધપ્પા મારી ઘીનો કુપ્પો લઈ આવ્યા. પછી કે' અસ્યા આ વાણિયો કંઈક આપણને ફસાવશે હોં. એ તો પહોંચેલી બુટ્ટી હોય. જો જે લ્યા, પેલા પાંચ રૂપીઆ ય કાંક પતરાનાં ચકરડાં ન હોય. મેં કહ્યું તમને અણપતી જ છે? વાણિયાનો છોકરો તે કોઈ દા'ડો હશે માલ લીધા વિના દેશાવર જતો હશે? અને તમને પતરાનાં ચકેડાં લાગતાં હોય તો પેલા ઝાડ પર સોની બેઠો છે તેની પાસે પરખાવી લો. તો પેલા કહેઃ ક્યાં છે ઝાડ પર? મેં કહ્યું: સોની માજન.

નાયક: વાહ શેઠ વાહ. ખરી કરી તમે. પછી?

વાણિયો: કોળીઓ તો ઉપડ્યા ને પેલા સોનીને પછાડ્યો નીચે. અને બિચારાને મારી મારીને અધદાલો કાઢી નાખ્યો. ત્યારે એની પાસેનું સોનું મળ્યું. કહો હવે તમે જ કહો: માર શું કામ ખાઈએ? અમે તો માર ન ખાઈએ. જિંદા હોયગા નર તો ફીર બસાયગા ઘર.

નાયક: તમે શેઠ જરૂર ઘર વસાવશો. એમાં મીનમેખ ન સમજો.

વાણિયો: એમાં ફેર પડતો હશે? અમે તો ડાહી માના દીકરા.

નાયક: આમ આ અડવા શેઠનો વેશ તો ઘણો લાંબો છે. એમના પરાક્રમ પણ અપરંપાર છે. તે જો અમારા ચતુર સુજ્ઞ જોનારાને ગમ્યાં હશે તો બીજી કોક રાતે આવીને એમની બાકીની વાત કરીશું. અત્યારે તો રામ રામ.

## ❁ માલતીને માર્ગ બતાવો ❁



માલતીને વચ્ચે આવેલા તેની બહેનપણીના ઘેર જવું છે. પણ તેને ખબર નથી કે તેનો માર્ગ જરા ભુલભુલામણીવાળો છે. તમે જરા તેને માર્ગ બતાવશો તો ઉપકાર થશે. પણ જો જો હોં, તેને માર્ગ બતાવવા જતાં ક્યાંક તમે અટવાઈ ન પડતા. ચાલો ત્યારે, પ્રયત્ન કરો.

[મનહરલાલ શાહ ચિત્રકાર:]

# શાલીમાર

## કેસ્ટ્રોલક્સ

હેઅર ઓઇલ વીટામીન 'એફ' યુકત

## ફેઇસ પાઉડર

Shalimar

સુવિખ્યાત **શાલીમારનાં** કેન્થ્રોડીન હેર ઓઇલ, લવેંડર, ઓલીયંટાઇન સેન્ટ વિગેરે બીજી બનાવટો

સ્ટોકીસ્ટો તેમજ એજન્ટો ઉદાર શરતોથી નીમવાના છે
દેશના દરેક ભાગમાં પગારદાર સેલ્સમેન જોઇએ છે

સંચાલકો: એલન એન્ડ હરબર્ટ લી૦ ૧૧૭, હોર્નબી રોડ, મુંબઇ

આપની સઘળી ધંધા અંગેની પૂછપરછ નીચેના સરનામે કરો:

હિન્દ સોપ એન્ડ વેજીટેબલ લી૦ પો. બો. ૧૪૮૫. મુંબઇ

# કોણ કહે હું નાનો છું?

તમારા મનમાં ઘણી વાર તુક્કા જાગતા હશે. ટોપીની હોડી બનાવીને સાત સમુંદર પાર કરવાના કે પતંગની પૂંછડીએ બાઝી આકાશે જઈ પહોંચવાના કે ભૂગોળનાં પાનાં ફાડી બલૂન બનાવી દિલ્હી પહોંચવાના. તમારા મનના આવા તુક્કાઓને ગૌરવભરી રીતે કવિએ આ કવિતામાં રજૂ કર્યા છે. શ્રી. બાલમુકુન્દ દવે નવજીવન કાર્યાલયમાં કામ કરે છે. એમની આ કવિતા તમને જરૂર ગમશે.

કોણ કહે હું નાનો છું?
નાનો છું પણ રઇનો દાણો,
તમે મને શું કમ જાણો?

ટોપીની હું કરી હોડલી,
છોડી મૂકું પવન ઘોડલી:
સીસાપેનનાં કરી હલેસાં,
રૂમાલના ફરકાવું શઢ:
સાત સમંદર કરી પાર હું,
જીતી લઉં લંકાનો ગઢ:
પરણી લાવું પરી કુમારી,
ને રૂપેરી પાંખોવાળી!

કોણ કહે હું નાનો છું?
નાનો છું પણ રઇનો દાણો,
તમે મને શું કમ જાણો?

પતંગની પૂંછડીએ બાઝી,
પહોંચી જઉં આકાશે ઠેઠ:
ગગન ગાદલે ખાઉં ગુલાંટો,
કરી મૂકું હું દોટમદોટ.
સારાં સારાં ગોતી ગોતી,
વીણુ લઉં તારાનાં મોતી;
ગજવાં ભરી ભરી લાવું હેઠ,
ને આપું બહેનીને ભેટ.

કોણ કહે હું નાનો છું?
નાનો છું પણ રઇનો દાણો,
તમે મને શું કમ જાણો?

કોણ કહે હું નાનો છું?
નાનો છું પણ રઇનો દાણો,
તમે મને શું કમ જાણો?

ભૂગોળનાં પાનાં ફાડીને,
બલૂન બનાવું અફલાતૂન:
આંખ મીંચતાં ઊડવા લાગે,
દિલ્હીને મારગ ગુન ગુન!
ઉતારૂં અસવારી મારી!
લાલ કિલ્લાની કોઇ અટારી;
એવો મારો દોરદમામ!
ફરકતા આકાશે ગરવા,
તિરંગાને ભરૂં સલામ!

બાલમુકુન્દ દવે

સ્થાપના ૧૯૧૪

ઇલેક્ટ્રી ઢબની મશીનરીથી
કપડા ધોવામાં તથા
રંગવામાં આવે છે.

**ફ્રેન્ચ ક્લીનીંગ એન્ડ ડાઇંગ કંપની**

૬૫, ગ્રાઉટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

અરજન્ટ કપડા
માત્ર
૨
કલાકમાં

રાજા, રાણી અને કુંવરની તમે ઘણી વાર્તાઓ વાંચો છો. એવી જ આ એક વાર્તા છે. રાજાને બધી વાતે સુખ છે, પણ ટચૂકડો-બચુકડો કુંવર નથી. એ દુઃખ પણ ટળે છે. પણ ત્યારે અણમાનીતી રાણી અદેખાઈથી કુંવરનો દાટ વાળે છે. જે સોનાનો હાર પહેરવાથી કુંવરનું મોત થાય છે તે પાછો મેળવવામાં આવે છે અને કુંવર જીવતો થાય છે અને પછી લીલાલહેર થાય છે. એકી બેઠકે વાંચી નાખો તેવી આ રસિક વાર્તાના લેખક શ્રી. સુરેશ જોષી વડોદરા કોલેજના અધ્યાપક છે.

લેખક: શ્રી. સુરેશ હ. જોષી

ઘણાં વરસો પહેલાંની વાત છે. સો વરસ? હજાર વરસ? દસ હજાર વરસ? ના, ઘણાં વરસો પહેલાંની વાત છે. એક હતા રાજા. એ રાજાનો મહેલ કેવો? આરસપહાણનો ચણેલો એ રાજાનો મહેલ અમાસની અંધારી રાતે જુઓ તો લાગે કે જાણે બીજો ચન્દ્ર ઉગ્યો છે. મહેલમાં પોપટમેના ટહુકયા કરે. મોર કળા કરે, સરોવરમાં હંસો તર્યા કરે. એવો એ રાજાનો મહેલ.

રાજાને બધી વાતનું સુખ. સોનાના થાળમાં સોનલવરણું અન્ન આરોગે, રૂપાના પ્યાલામાં રૂપલાવરણું દૂધ પીએ, સોનાની ખાટ પર સૂઇને રાજા સોનલવરણાં સ્વપ્નો જુએ. રાજાને ઘરે હીરા, માણેક, મોતી, પન્ના, પરવાળા – જરઝવેરાતની ખોટ નહીં. એ બધાનો એવો તો પ્રકાશ પડે કે દાસદાસીઓ બિચારાં એનાથી સુકાઈ જાય, હેરાન હેરાન થઇ જાય!

હવે એ રાજાને બે રાણી; એક માનીતી ને બીજી અણમાનીતી. બન્ને રાણીના શરીરે લેપ કરવાને માટે ચન્દન ઘસતાં ઘસતાં મહેલની દસ હજાર દાસીના હાથ થાકી જાય, બન્ને રાણીનાં ઘરેણાં રોજના દસ હજાર સોનીઓ દિવસ રાત ઘડે તોય પૂરાં ન થાય! રાજાની હાથીશાળામાં હાથી, ઘોડાસરમાં ઘોડા, લશ્કરનો ય પાર નહીં. રાજાના મહેલમાં ખણખણ ઝણઝણ અવાજ થયા જ કરે.

⊙

આ બધું છતાં રાજાને બિચારાને જરાય સુખ નહીં. રાજાના મહેલમાં ટચૂકડો, બચુકડો. ખોળે લઇને રમાડયા જ કરીએ એવો દીકરો નહીં જેને રાજા ચાંદો કહીને બોલાવે, માણેક કહીને બોલાવે ને જેના લપલપ ગુલાબી ગાલને ચૂમે એવો એકે દીકરો નહીં. જૂઈની કળીના જેવો, સાગરના ફીણના જેવો ગોરો ગોરો રાજ. કુંવર જ મહેલમાં નહીં.

રાજમહેલમાં એક સરસ મજાનો ઘોડો. એ ઘોડો નહીં પણ જાણે ઉડે એનું નામ મયૂરપંખી. એ એક દિવસ એના દોસ્ત ગજમોતીને કહે: "ગજમોતીભાઇ, સોનાવરણો રાજાનો એક કુંવર હોત તો કેવું સારું! તો તો હું એને માથે પર બેસાડીને સાત સમુદ્ર પાર કરી ગયો હોત; ને ત્યાં રહેતી સોનાવરણી રાજકુમારીનું હરણ કરીને બન્નેને પળમાં અહીં લઇ આવ્યો હોત પછી બન્નેના ધામધૂમથી લગન થયાં હોત, ઢોલ તાસાં વગ્યાં હોત, બધે જયજયકાર થઇ ગયો હોત તો કેવી મજા પડત!"

ગજમોતી હાથી મયૂરપંખી ઘોડાને કહે: "અરે ભાઇ, રાજમહેલના હીરામોતી, પન્નામાણેક બાઇ

'લે ભિક્ષુક, ભિક્ષા લે.'

ખાઈને મારા તો દાંત ખવાઇ ગયા. મારી તો પીઠ ચળ આવે છે કે ક્યારે રાજકુંવરને મારા પર બેસાડું. સોનાવરણો રાજકુમાર હોતને તો એને મારી પીઠ પર બેસાડીને જંગલમાં હરણનો શિકાર કરવા લઇ ગયો હોત."

રાજાના બાગમાં ફૂલ જ ફૂલ. પવનમાં ઝૂલે ને તડકામાં રમે. સોનાવરણો એક કુંવર હોત તો એના ગળામાં એ ફૂલોની માળા કેવી શોભી ઉઠત! પણ રાજાને ઘરે ટબૂકડો બચુકડો, આંખની કીકી જેવો દીકરો નહીં. આથી રાજાને સુખ નહીં, રાણીને સુખ નહીં, મંત્રીને સુખ નહીં, કોટવાળને સુખ નહીં, હવાલદારને સુખ નહીં, પંખો નાંખનારને સુખ નહીં. તો ય રાજાના દિવસો સુખેદુઃખે વીત્યે જાય છે.

❁

એક દિવસની વાત છે. બપોરનો વખત છે. બધું સમસામ છે. મહેલની દેવડીએ સંત્રી પહેરો ભરે છે. એની ખુલ્લી તલવાર ઝગારા ઝળક થાય છે. એવામાં એક ભિક્ષુક આવ્યો ને ભીખ માગવા લાગ્યો.

માનીતી રાણી ને અણમાનીતી રાણી એ વખતે હિંડોળા પર ઝૂલતી ઝૂલતી વાતો કરતી હતી. ભિક્ષુકનો અવાજ સાંભળીને અણમાનીતી રાણી તો જેમ બેઠી હતી તેમ જ બેસી રહી, પણ માનીતી રાણી તરત જ ઉઠી ને સોનાના થાળમાં એક મૂઠી સોનું, અનાજ, દર્ભ, સવાશેર ચોખા અને એક કાચું કેળું મૂકીને એણે દાસીને બોલાવી: 'દાસી, ઓ દાસી.'

દાસી કહે: "શું કહો છો, મહારાણી?"

રાણી કહે: "દરવાજા આગળ એક ભિક્ષુક ઉભો છે. આ સોનાના થાળમાંની વસ્તુઓ એને આપી આવ."

દાસી કહે: "વારુ, હું આ ચાલી. ભિક્ષુક, ઓ ભિક્ષુક......"

ભિક્ષુકે પૂછ્યું: "કોણ છે રે તું?"

દાસીએ કહ્યું: "હું છું રાજદરબારની દાસી."

ભિક્ષુકે કહ્યું: "શું કહ્યું? રાજાની માસી?"

દાસી હસતાં હસતાં કહે: "માસી નહીં, દાસી. મારું નામ બકુલાવલિકા."

ભિક્ષુકે કહ્યું: "ઓ હો, બકુલાવલિકા, તું દાસી છે, ખરું ને?"

દાસીએ કહ્યું: "હા હા, હું દાસી છું, અમારાં રાણીજીએ સોનાના થાળમાં એક મૂઠી સોનું તને ભિક્ષામાં આપ્યું છે. તેં જિંદગીમાં કોઇ દિવસ સોનું દીઠું છે ખરું કે?"

ભિક્ષુક કહે: "દાસી, મારે આ ભિક્ષા નહીં જોઇએ."

દાસી કહે: "તો શું તારે પવન ખાઇને જીવવું છે? સોનું જોઇને તો લાકડાનું પૂતળું ય મોઢું ફાડીને જોઇ રહે. રાણીમાએ એક મૂઠી સોનું તને આપ્યું છે, એ ય તને ન ગમ્યું?"

ભિક્ષુક કહે: "અરે દાસી, તું તે શું જાણે! હું ભીખ માગીને ખાનારો નથી. હું તો ઘરેઘરે માતાના દર્શન કરતો ફરું છું. એ મા આખા જગતમાં રહેલી છે. ગાયો ભલેને જુદાજુદા રંગની હોય, પણ દૂધ તો ધોળું જ હોવાનું. આપણે બધાં એક જ માનાં સન્તાન. એ મા જાતે આવીને ભિક્ષા આપે તો જ હું તો લઉં, નહીં તો નહીં લઉં."

દાસી કહે: "વારુ ત્યારે, હું રાણીજીને જઇને કહું છું...અરે રાણીમા, પેલો ભિક્ષુક તો ભિક્ષા લેતો નથી."

રાણી કહે: "તો તો દાસી, બહુ ખરાબ થયું! ભિક્ષુક જો આપણે બારણેથી ખાલી હાથે પાછો ફરશે તો એના શાપે રાજમહેલ આખો બળીને ખાખ થઈ જશે."

દાસી કહે: "રાણીમા, એ ભિક્ષુક તો કહેતો હતો કે..."

રાણી કહે: "શું કહેતો હતો?"

દાસી કહે: "એ તો કહેતો હતો કે હું કાંઈ ભીખ પર જીવનારો માણસ નથી. મારે તો માનાં દર્શન કરવાં છે. રાણીમા જાતે ભિક્ષા આપે તો જ હું તો લઉં."

રાણીએ કહ્યું: "તો લાવ, થાળ મને આપ. હું જાતે જઈને ભિક્ષા આપી આવું. મોટો દરવાજો ખોલી નાંખ, પડદો ઉંચો લઈ લે ઓહો, પેલો ભિક્ષુક ઉભો છે. ભિક્ષુક, લે, ભિક્ષા લે."

ભિક્ષુક કહે: "રાણીમા, મેં જોઈ લીધું છે. તમને દીકરો નથી. તમારી ભિક્ષા હું નહીં લઉં. વાડીની શોભા નારિયેળનું ઝાડ, ઘરની શોભા ઓસરી, ઝાડની શોભા ફળફૂલ, નદીની શોભા હોડી, આકાશની શોભા હસતા રમતા ચન્દ્ર તારા ને સ્ત્રીની શોભા ખોળે ખેલતું બાળક. મહારાણી, એ બાળક મોટું થઈને ઘડપણમાં માબાપને પાળે પોષે, મરતી વખતે મોંમાં એક ઘૂંટડો પાણી મૂકે. તમારે ખોળે બાળક રમતું નથી. તમારી ભિક્ષા હું નહીં લઉં."

રાણી કહે: "ભાઈ ભિક્ષુક, તું શું જાણે! તારા શબ્દો તો બાણની જેમ હૈયું વીંધી ગયા!" આમ કહીને રાણી તો ડૂસકે ને ડૂસકે રડવા લાગી. આ જોઈને ભિક્ષુકને દયા આવી. એણે એની ઝોળીની અંદરથી એક દવા કાઢી ને કહ્યું: "જુઓ મહારાણી, આ દવા હું તમને આપું છું. દાડમના ફુલની પાંખડીના રસમાં ભેળવીને તમે પીજો. તમારે ઘરે એક સોનાવરણો કુંવર અવતરશે."

૭

આમ કહીને ફકીર તો પળવારમાં અલોપ થઈ ગયો.

દિવસ પછી દિવસ વીતે છે રાજમહેલમાં શંખ ઘંટા વાગે છે, સાંજ વેળાએ મણિ માણેકના દીવા ઝગઝગે છે. એક દિવસ રાજા રાજદરબારમાં બેઠા છે. વઝીર, નાઝિર, ભાઈસાહેબ, હવાલદાર સુબેદાર, કોટવાલ, જમાદાર દરબારમાં બેઠા છે. એવામાં રાજમહેલની દાસી દોડતી દોડતી આવી. દોડતાં દોડતાં પડી જાય છે ને ઉભી થાય છે, ઉભી થાય છે ને દોડે છે, દોડે છે ને પડે છે, પડે છે ને ઉભી થાય છે...રાજા આગળ આવીને એ બોલી: "મહારાજ, ખબર, ખબર......"

"શાના ખબર, શાના ખબર!"

રાજા કહે: શાના ખબર? મન્ત્રી કહે: શાના ખબર? કોટવાળ કહે: શાના ખબર? હવલદાર કહે: શાના ખબર? આખી રાજસભા પૂછી ઉઠી: શાના ખબર? બધા જ ખબર સાંભળવા ઇચ્છે, પણ સાંભળવા જેટલી ધીરજ કોઈની નહીં.. ત્યાં રાજાએ કહ્યું: "જરા શાન્ત થાઓ..." મન્ત્રી કહે: "અરે ઓ, ચૂપ થાઓ." કોટવાળ કહે: "ચૂપ થએ" ત્યારે રાજસભા શાન્ત થઇ. રાજાએ કહ્યું: "દાસી, જલદી જલદી કહી દે, શા ખબર છે?"

ઘરડી દાસી હાંફની હાંફની માત્ર કહે છે: "મહારાજ, ખબર-ખબર."

ત્યારે રાજા બોલ્યા: "અરે દાસી, તું જલદી જલદી બોલી દે, ઘડીનો ય વિલમ્બ કર્યો છે ને તો આ તરવારથી ડોકું ઉડાડી દઇશ."

એટલે ઘરડી દાસી હાથ જોડીને બોલી: "મહારાજ, આપને ત્યાં કુંવર અવતર્યા." રાજા બોલી ઉઠ્યા: "દાસી, ઓ દાસી, આ તેં શું કહ્યું મને? અહીં આવ, અહીં આવ. લે, આ ગજમોતીનો હાર તારા ગળામાં પહેરાવી દઉં."

ગજમોતીનો હાર પહેરીને દાસી તો કંઇ નાચે તે નાચે! ઠમક દઇને નાચે ને એના પગનાં ઝાંઝર ઝણુક દઇને ઝણુકે. રાજા તો દોડયા કુંવરનું મોઢું જોવા. રાજમહેલના દાસદાસીઓ બધાં રાજકુંવરને જોવા ઉલટયા. સાત માણેક રાજકુંવરના મુખ આગળ ધરીને રાજાએ રાજકુંવરનું મોઢું જોયું. રાજકુંવરને હાથે ચન્દ્ર, પગે ચન્દ્ર, મુખે ચન્દ્ર...

દિવસ પછી દિવસ વીતે છે. રાજા રાજદરબારમાં બેઠા છે. એવામાં રણવાસમાંથી પેલી જ દાસી દોડતી દોડતી આવીને કહે છે: "મહારાજ, ખબર, ખબર."

રાજા કહે: "અરે દાસી, શી ખબર?"

દાસી કહે: "મહારાજ, આપનો કુંવર આજે હસે છે."

રાજા કહે: "દાસી, અહીં આવ, અહીં આવ, લે તને આ ત્રણ માણેક બક્ષિસ આપું."

ત્રણ માણેક લઇને ઘરડી દાસી તો નાચતી નાચતી જતી રહી.

(૪)

આમ ને આમ દિવસો વીતે છે. રાજકુંવર હવે બાર વરસનો થયો છે. જાણે અજવાળી આઠમનો ચાંદો. એના મુખ પરનું હાસ્ય જોઇને ચાંદો સૂરજ લજવાય છે. ચાંદો સૂરજને કહે: સૂરજભાઇ, આણે તો મારે મોઢે રાખ ફેરવી દીધી! રાજકુંવરનું નામ પાડયું છે અભિજાત. દોસ્તની સાથે અભિજાત હવે રમે છે ને આનન્દ કરે છે.

રાજકુમારની પાસે ખુબ પાળેલાં કબૂતર છે. રાજકુમારને કબૂતર ખૂબ ગમે છે. કોટવાળનો છોકરો રાજકુમારનો ભાઇબંધ છે. બન્ને દોસ્તો કબૂતરને જાતજાતના સાજ સજાવે છે. એઓ કબૂતરને પકડીને એની ધોળી ધોળી પાંખ પર જાતજાતનાં ચિત્રો આંકે છે. કોઇની પાંખ ઉપર ચન્દ્ર ચીતરે, તો કોઇની પાંખ પર ફૂલ. એના નખનેય રંગી દે. ચન્દ્રના ચિતરામણવાળું કબૂતર ઉડે ત્યારે બહુ સરસ લાગે. એને જોઇને અભિજાત એના દોસ્ત રૂપકુમારની સાથે આનન્દથી નાચી ઉઠે.

રાજાને બે રાણી. એક માનીતી ને બીજી અણમાનીતી. માનીતીને દીકરો અવતર્યો. તેથી અણમાનીતી અદેખાઇથી બળીબળીને રાખ થઇ જાય છે. બે દિવસ પાછી માનીતીનો છોકરો રાજા થશે ને માનીતી થશે રાજમાતા. ને હું? હું તો થઇશ દાસી. એક જ વાર જો એ છોકરો હાથમાં આવે ને તો...

આ બાજુ શું થયું તે જાણો છો? એક દિવસ અભિજાતનું એક કબૂતર અણમાનીતી રાણીના ઓરડાના ઉમરા આગળ આવીને બેઠું. એ બેઠું કે તરત જ રાણીએ એને ઉંચકી લઇને સાડીના પાલવમાં લપેટીને સંતાડી દીધું. અભિજાત કબૂતરને શોધતો શોધતો અણમાનીતી રાણીને આંગણે જઇ ચડયો. એણે કહ્યું: "મા ઓ મા."

રાણી બોલી: "કોણ, મારો કાનુડો આવ્યો કે શું? આવ મારા સોનાવરણા ચન્દ્ર, આવ બેટા, અહીં આવ"

રાજકુંવર કહે: "મા, ઓ મા!"

રાણીએ કહ્યું: "શું છે દીકરા?"

રાજકુંવર કહે: "મારું કબૂતર ઉડતું ઉડતું અહીં આવ્યું છે!"

રાણી કહે: "એમ! મેં તો જોયું નથી."

રાજકુંવર કહે: "મા, જૂઠું કેમ બોલો છો! તમારે ઘરે મારું કબૂતર આવ્યું છે. જુઓને, અહીં એનું પીછું પણ પડયું છે."

રાણીએ કહ્યું: "એ તો પવનથી ઉડીને આવ્યું હશે."

રાજકુંવર કહે: "ના, પવને ઉડીને આવ્યું નથી. તમે જરૂર મારા કબૂતરને પકડી રાખ્યું છે."

રાણીએ પૂછયું: "અભિજાત, તારે ખરેખર તારું કબૂતર જોઇએ છે?"

રાજકુંવરે કહ્યું: "હા, મારે ખરેખર મારું કબૂતર જોઇએ જ છે."

રાણીએ કહ્યું: "તો તારું મરણ શી રીતે થાય તે તારી માને પૂછી આવીને મને કહે."

રાજકુંવરે કહ્યું: "મા, એ જાણ્યાથી તમને શો લાભ?"

રાણીએ કહ્યું: "દીકરા, તું તો મીણનું પૂતળું. તાપ તડકામાં ફરતો ફરે. તું કયારે ઓગળી જાય, બળી જાય તેનું શું કહેવાય? મારો જીવ તારી ચિન્તાથી સદા ઉંચો રહે. કોઇકવાર પડી આખડીને તું જાન ગુમાવી દે તો? હું આંખે તેલ આંજીને તારે માટે આંસુ સાર્યા કરું."

અણમાનીતી રાણી કુંવરને ફોસલાવે છે

રાજકુંવર કહે: "તો હું શું કરું?"

રાણીએ કહ્યું: "તારી માની પાસે જઈને જાણી લાવ."

રાજકુંવરે કહ્યું: "વારુ, તો હું જાઉં છું. હમણાં દોટ કાઢીને પૂછી આવું છું. વાહ, મા તો ફૂલવાડીમાં જ બેઠી છે ને! મા, ઓ મા!"

માએ કહ્યું: "કોણ? દીકરો અભિજાત?"

રાજકુંવરે કહ્યું: "મા, એક વાત–"

માએ કહ્યું: "શી વાત?"

રાજકુંવર કહે: "મા, મારું મરણ શી રીતે થશે તે કહેને."

માએ કહ્યું: "જા રે જા મારા લાડીલા, એનું તારે શું કામ?"

રાજકુંવરે જીદ પકડી: "ના મા, તારે કહેવું જ પડશે."

મા કહે: "નહીં કહું."

રાજકુંવર કહે: "ના, તારે કહેવું જ પડશે."

મા કહે: "ના, હું નહીં કહું."

રાજકુંવર કહે: "ખરેખર નહીં જ કહે? તો હું ખાઈશ નહીં, પીશ નહીં, સૂઈશ નહીં, બોલીશ નહીં, ચાલીશ નહીં, હું કશું જ કરીશ નહીં."

મા કહે: "દીકરા અભિજાત!"

રાજકુંવર કહે: "ના, હું તારી સાથે નહીં બોલું."

મા કહે: "મારો સોના જેવો દીકરો, લે કહું છું, સાંભળ."

રાજકુંવર કહે: "ના, તું પહેલાં કહે તો જ બોલું."

મા કહે: "આપણી તળાવડીમાં એક મોટી માછલી છે, એ માછલીના પેટમાં એક સોનાનો હાર છે એ હાર કાઢીને જો કોઈ પહેરે તો તારું મોત થાય."

રૂપકુમાર અભિજાતને સજીવન થયેલો જોઈને આનંદથી ભેટી પડયો.

રાજકુંવર કહે: "તો હું જાઉં."

મા કહે: "અભિજાત, ઉભો રહે, કહું તે તો સાંભળ."

રાજકુંવર કહે: "ના મા, મારે બહુ કામ છે." આમ કહીને એણે દોટ મૂકીને પહોંચી ગયો અણમાનીતી રાણી પાસે.

રાજકુંવર કહે: "મા, આપણા તળાવમાં એક મોટી માછલી છે. એના પેટમાં એક સોનાનો હાર છે. એ હાર જો કોઈ ગળામાં પહેરે તો મારું મરણ થાય."

રાણી કહે: "દીકરા અભિજાત! મારી બધી ચિન્તા આજે ટળી."

રાજકુંવર કહે: "મા, શી રીતે?"

રાણી કહે: "આપણા તળાવમાં પાણી ખૂબ ઊંડા છે. એમાં ઉતરી ને કોઈ મોટી માછલી પકડી શકવાનું નથી."

રાજકુંવર કહે: "મા, મારું કબૂતર?"

રાણી કહે: "ગાંડા રે ગાંડા, હજુ તો કબૂતરને ભૂલ્યો નહીં! એને તો મેં મારા સાડીના પાલવમાં સંતાડી રાખ્યું હતું. લે, લઈ જા."

રાજકુંવરને તો કબૂતર પાછું મળ્યું એટલે ખૂબ આનન્દ થયો કબૂતરને આખે શરીરે એણે ચૂમી ભરી ને એ તો કૂદતો ને નાચતો ત્યાંથી ચાલ્યો ગયો.

❀

આ બાજુ અદેખાઈથી બળેલી અણમાનીતી રાણીએ શું કર્યું તે ખબર છે? એણે વિચાર્યું કે રાજકુંવરને મારવા માટે તળાવમાંની પેલી મોટી માછલી પકડવી જ જોઈએ.

રાણીએ પથારીની નીચે કચકડું મૂક્યું ને પછી માંદી પડી હોય તેમ પથારીમાં સૂઈ રહી. એ પથારીમાં પડખું બદલે કે તરત કડક અવાજ થાય. દાસીઓ આ જોઈને મૂંઝણમાં પડી. દાસીઓએ પૂછ્યું: "રાણીમા, તમને શું થયું છે?"

અણમાનીતી રાણી દુ:ખથી બહુ પીડાતી હોય તેમ અટકતી અટકતી બોલી: "મારો તાવ હાડ સુધી

ઉતરી ગયો છે. મારાં હાડકાં કડક કડક બોલે છે. હવે હું બચવાની નથી. તમે જઈને મહારાજાને ખબર આપો.

મહારાજને કાને ખબર પહોંચી એટલે મહારાજ તો બિચારા હાંફળા ફાંફળા દોડતા દોડતા આવ્યા. મહારાજને મોઢેથી શબ્દ નીકળે તે પહેલાં તો રાજવૈદ્ય હાજર. કાંઈ કેટલાંય મૂળિયાં ને કાંઈ કેટલી ભસ્મ! ભૃંગરાજ, મહાભૃંગરાજ તેલ, ગાયનું તેલ, ગાયનું ઘી, બકરીનું ઘી, કોકમનું ઘી–કાંઈ કેટલીય દવા વૈદરાજે અજમાવી જોઈ. પણ રાણીનાં હાડકાં તો એક સરખો અવાજ કર્યા જ કરે: કડક કડક રાણી પથારીમાં પડખાં બદલે ને રડે. આ જોઈને બધાં કહે: આ તો ભાઈ ભૂતપ્રેતનો મામલો લાગે છે.

રાજા કહે: બોલાવો રામશંકર ઓઝાને.

રામશંકર ઓઝા આવ્યા. ઓઝા મન્ત્ર ભણે ને પાણી છાંટે. પણ ઓઝાનુંય કશું ચાલ્યું નહીં. એણે ડાકણનો મન્ત્ર ભણી જોયો. તોય કશું વળ્યું નહીં. ત્યારે મહારાજને પાસે બેલાવીને અણમાનીતી રાણીએ કહ્યું: "મહારાજ, આ બધા મન્ત્રતન્ત્રથી મારો રોગ જવાનો નથી. મારો રોગ કાંઈ જેવો તેવો થોડો જ છે!" "આમ કહીને એણે તો પથારીમાં તરફડવા માંડયું ને કડક કડક અવાજ થવા લાગ્યો. રાજાએ બહુ ચિન્તાતુર થઈને પૂછયું: "તો તારો રોગ શી રીતે મટે?"

રાણીએ કહ્યું: "આપણા તળાવમાં એક મોટી માછલી છે. એ માછલી રાંધીને જો કોઈ મને ખવડાવે તો મારો રોગ મટે."

રાજાએ કહ્યું: "ઓહો, એ તે શી મોટી વાત છે!" રાજાનો હુકમ થતાં જ વાર ભીમા માછીએ એના દીકરા ભાણજીને ભેગા કર્યા ને આખા તળાવમાં જાળ નાંખી.

આ બાજુ રાજકુંવર એના દોસ્ત સાથે રમતો હતો. ત્યાં કોટવાળના છોકરાએ આવીને કહ્યું: "અભિજાત, આપણા તળાવમાં ભીમા માછીએ મોટી જાળ નાંખી છે. એ તળાવમાંની મોટી માછલીને પકડે છે. ચાલો, આપણે જોવા જઈએ."

⊙

આ સાંભળીને રાજકુંવરને માથે તો જાણે આકાશ તૂટી પડયું. રાજકુંવર અણમાનીતી રાણીની બધી ચાલબાજી સમજી ગયો. એણે કોટવાળના છોકરાને બધું સમજાવીને કહ્યું: "ભાઈ રૂપકુમાર, સાવકી મા એ માછલીનું પેટ ચીરીને સોનાનો હાર ગળામાં પહેરશે કે તરત મારું મરણ થશે."

રૂપકુમાર કહે: "ભાઈ અભિજાત, તું ચિન્તા કરીશ નહીં. હું હમણાં ને હમણાં જઈને તારી સાવકી માના હાથમાંથી સોનાનો હાર ઝૂંટવી લાવું છું."

રાજકુંવરે કહ્યું: "ભાઈ રૂપકુમાર, તું એવું કાંઈ કરીશ નહીં. તું હાર ઝૂંટવી લેવા જશે તો એ હારને તોડીને ફેંકી દેશે, ને હાર તૂટયા પછી મારી જીવવાની આશા જ નહીં રહે. હું મરી જાઉં પછી બની શકે તો ચાલાકીથી હાર પડાવી લઈને મને જીવતો કરજે."

રાજકુંવર ને રૂપકુમાર આમ વાતો કરતા હતા ત્યાં એક દોસ્તે આવીને ખબર આપ્યા: "ભાઈ અભિજાત, ભીમા માછીએ મોટી માછલીને જાળમાં ફસાવી દીધી." આ સાંભળીને રાજકુંવરનું આખું શરીર ધ્રુજવા લાગ્યું. એ બધું સમજી ગયો. એ રૂપકુમારને વળગી પડીને કહેવા લાગ્યો: "ભાઈ રૂપકુમાર, તમે મને વિદાય આપો. હું મરી જાઉં તેનું તો મને કશું દુઃખ નથી પણ મારી મા બિચારી રડીરડીને રસ્તે રસ્તે રઝળતી ફરશે. મારે જો એક નાનો ભાઈ હોત ને તો મા મારું દુઃખ ભૂલી શકી હોત. મારે મોઢે 'મા' શબ્દ સાંભળવાને એ જ્યારે વ્યાકુળ થઈ ઉઠે ત્યારે તમે લોકો એને 'મા' કહીને બોલાવજો."

રૂપકુમાર કહે: "તને મરણના હાથમાં સોંપી દઈને અમે હવે શી રીતે રમત રમી શકીશું? જ્યાં જ્યાં આપણે સાથે રમતા હતા ત્યાં ત્યાં તારા વિના એકલા હવે શી રીતે જવાશે?"

રાજકુમાર કહે: 'તને છેલ્લી વાર જોઈ લઉં છું. હવે આપણી રમત પણ પૂરી થઈ. હું જાણું છું કે તું મારા વિના હવે રમવાનો નથી."

બન્ને જણ આવી વાત કરતા હતા ત્યાં એક બાઈબંધે આવીને ખબર આપ્યા: "ભીમા માછીએ મોટી માછલી રાણીને આપી દીધી." આ સાંભળીને રાજકુંવર બેભાન થઈને ધરણી પર ઢળી પડયો. રાજકુંવરની સોનાવરણી કાયા ઘડીમાં તાંબા જેવી લાલ થઈ જાય છે તો ઘડીમાં સાવ કાળી પડી જાય છે. રૂપકુમાર એનું માથું પોતાના ખોળામાં લઈને

રાજકુંવર બેભાન થઈને ધરણી પર ઢળી પડયો

## દિવાળીની શુભેચ્છા

અમારા માનવંતા ગ્રાહકો, સ્નેહીઓ અને ઉપનગરની જનતાને અમારી દિવાળીની શુભેચ્છા તથા નવા વરસનાં અભિનંદનો

## વીલેપારલેનું

મશહુર

# મીઠાઇ મથક

જ્યાં

મધમધતી શુધ્ધ ઘીની મીઠાઇઓ તથા ફરમાસુ ફરસાણની વિવિધ વાનગીઓ મેળવી શકશો. એક જ વખત માલ ખરીદી ખાત્રી કરો

# સુરતી સ્વીટ માર્ટ

૧૦, મોંઘીબાઇ રોડ, વીલેપારલે [પૂર્વ] મ્યુ. માર્કેટ પાસે



ગ્રાહકો, મિત્રો અને શુભેચ્છકોને

નૂતન વર્ષાભિનંદન



આંખની સંભાળભરી તપાસ તેમજ કાળજીભરી માવજત માટે વૈજ્ઞાનીક આયોજનપૂર્વક ચશમા બનાવનાર

**એમ. મી.** ઓપ્ટીકલ કું

૨૯ ૩૧ રામવાડી કાલબાદેવી રોડ, મુબઈ-૨

Lion



## દિવાળીની શુભેચ્છા

અમારા અસંખ્ય પોલીસી હોલ્ડરો, પ્રતિનિધિઓ, શુભેચ્છકોને આ દિવાળીના શુભ પ્રસંગે મુબારકબાદી આપીએ છીએ. અને નવું વર્ષ સુખ, શાંતિ અને આબાદીભર્યું નિવડે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

**દિવાળીના શુભ પ્રસંગે અમારી વિમા પોલીસી લઇ, આપના બાળકના ભવિષ્યની ચિંતામાંથી મુકત થાઓ.**

લખો અથવા મળો:—

## ધી ગ્રેટ શોશીયલ લાઈફ એન્ડ જનરલ એસ્યોરન્સ લી.

ગ્રેટ શોશીયલ બીલડીંગ

સર પી. એમ. મહેતા રોડ, કોટ, મુંબઇ ૧

ગરમીનો કટ્ટો શત્રુ!!! **એક વણમાગ્યો અભિપ્રાય**

# 'ચરક'નો ગુલકંદ

## [પ્રવાલયુક્ત]

* તાજા ગુલાબ, ખડી સાકર, એલચી વિગેરે શુદ્ધ ઔષધિઓથી બને છે, વળી એક રતલ 'ગુલકંદ'માં એક તોલો ખાસ પ્રવાલ ભષ્મ (ચંદ્રપુરી) મેળવવામાં આવે છે એ 'ચરક'ના 'ગુલકંદ'ની ખાસ વિશિષ્ટતા છે.

"...પંખો, એરકન્ડીશન્ડ રૂમ, અને શરબતોએ મને શાંતી ન આપી પરંતુ 'ચરકભંડાર'ના પ્રવાલયુક્ત 'ગુલકંદ' સેવ થી હાલની અસહ્ય ગરમીમાં પણ મેં શીયાળા જેવી શાંતી અનુભવી. હું દરેક કુટુંબોને આવી ગરમીમાં 'ચરક'ના પ્રવાલયુક્ત 'ગુલકંદ'નું સેવન કરવા ભલામણ કરું છું...

તા૦ ૬–૧૦–૫૧ (સહી) — — —

(મુંબઇના એક પ્રતિષ્ઠીત શહેરીના પત્રમાંથી)

**મગજની ગરમી, કબજીયાત, હરસ, લોહી વિકાર, ખસ, ખુજલી, અનિદ્રા શરીરનો દાહ, અને આંતરડાની ગરમી દૂર કરી શરીરને રાહત અને ઠંડક આપે છે**

નિષ્ણાત વૈદરાજની મફત સલાહ માટે નીચેના સ્થળે પધારો:

૧. ચરક ભંડાર ૪૯ હ્યુજીસ રોડ, ચોપાટી, મુંબઇ.
૨. નવનિધાન ભૂવન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૭.
૩. રીલીફ રોડ, પાદશાહ પોળ સામે, અમદાવાદ.
૪. સારસપુર, શૃંગાર શેરીના નાકે, અમદાવાદ.
૫. દેના બેન્ક બાજુમાં, ટાવર રોડ, નવસારી.
૬. જરીવાલા બીલ્ડીંગ, કોટસફીલ રોડ, સુરત.

**ચરક ભંડાર**

૪૯, હ્યુજીસ રોડ, મુંબઇ–૭.

શાખાઓ : નવસારી, સુરત, અમદાવાદ

–: મુંબઇ તથા પરાંના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :–

મેસર્સ આર. એમ. શાહની કં.

૧૩૫, મસજીદ બંદર રોડ મુંબઇ. ૩

બે આનાના સ્ટાંપ સાથે, દર્દની તમામ વિગત વૈદરાજ 'ચરક ભંડાર' મુંબઇ નં. ૭ ઉપર મોકલી **ઘરબેઠાં મફત સલાહ મેળવો**

રડવા લાગ્યો. એવામાં એક ભાઈબંધે આવીને ખબર આપ્યા કે રાણીએ મોટી માછલીનું પેટ ચીરીને સોનાનો હાર બહાર કાઢ્યો છે. રાજકુંવર તો બિચારો તરફડવા લાગ્યો. મરતી વેળાએ એ બિચારો એની માનું મોઢું ય ન જોઈ શક્યો!

(૬)

અભિજાતની માને ખબર પડી એટલે એ તો બિચારી હાંફળીફાંફળી દોડતી આવી. રાજકુંવરને ખોળામાં લીધો. રાજકુંવર આંખો ખોલીને એની માની સામે જોતો હતો ત્યાં કોઈએ આવીને ખબર આપ્યા: "અણમાનીતી રાણીએ હસતાં હસતાં સોનાનો હાર ગળામાં પહેરી લીધો છે." આ પૂરું સાંભળ્યું ત્યાં રાજકુંવરનું પ્રાણપંખેરું ઉડી ગયું. એની કાયા ધરણી પર ઢળી પડી, રાજારાણી એને વળગી પડીને ખૂબ રડવા લાગ્યા. એ સાંભળીને ઝાડે પાંદડાં ખેરવ્યાં, આકાશના જાણે ટૂકડે ટૂકડા થઈ ગયા, પંખીઓ ટહૂકતા બંધ થઈ ગયાં, નદી વહેતી થંભી ગઈ, પવન થંભી ગયો. રાણી બોલીઉઠી: "દીકરા એક વાર તો મને 'મા' કહીને બોલાવ!" પણ હવે કોણ બોલે? માનાં આંસુ રોક્યાં રોકાય નહીં. એ બિચારી કહે: "કયે જનમે મેં ફૂલની કળી તોડીને કચડી નાંખી ને મારો કળી જેવો દીકરો આજે ખોઈ બેઠી!"

અણમાનીતી રાણીએ નાના કુંવરને હાર પહેરાવ્યો.

રૂપકુમારે રાજારાણીને કહ્યું: "મારા મિત્ર અભિજાતની કાયાને હું બાળવા દેવાનો નથી. ગાઢ વનમાં એક જૂનું મંદિર છે. હું ત્યાં લઈ જઈને એને સાચવી રાખીશ. આખી જિંદગી ત્યાં પહેરો ભરીશ. કોઈક દિવસ કોઈ એને સજીવન કરનાર આવી ચઢે તો!"

રાજારાણી રૂપકુમારની વાત સાથે સંમત થયા. રાજકુંવરની કાયાના પર ચંદનનો લેપ કર્યો, ફૂલ ચઢાવ્યાં, માળા પહેરાવી ને જૂનાં મંદિરમાં સોનાના પલંગ પર એને સુવડાવ્યો. રડતાં રડતાં રાજારાણી રાજધાનીમાં પાછાં ફર્યાં.

રાજકુંવરને સોનાના પલંગ પર સુવડાવીને રૂપકુમાર પહેરો ભરે છે. રાતે રાજકુંવર પાસે ખાવાનું પણ મૂકી રાખે છે. પણ ખાવાનું એમનું એમ પડ્યું રહે છે. રૂપકુમારને એમ છે કે જો રાજકુંવર એકાએક સજીવન થઈને ઊઠે તો શું ખાય? એટલા માટે એ ખવાનું મૂકી રાખે, પણ રાજકુંવર ઊઠે તો ને!

(૭)

પણ એક દિવસ રૂપકુંવર મંદીરનું બારણું ઉઘાડીને સવારે જુએ છે તો ખાવાનું રહ્યું નથી. એના તો આશ્ચર્યનો પાર રહ્યો નહીં. એ તો વિચારે ચઢી ગયો કે આ થયું શું? વાત એમ હતી કે અણમાનીતી રાણી દરરોજ રાતે ગળામાંથી હાર ઉતારી લેતી. આથી રાજકુંવર દર રાતે સજીવન થતો. પણ આજુબાજુ કોઈને જોતો નહીં. તે રાતે એણે માથા આગળ ખાવાનું મૂકેલું જોયું એટલે એ ખાઈ ગયો. પણ સવારે રાણીએ હાર પાછો પહેરી લીધો એટલે એ પાછો મૂઈ ગયો. પણ રૂપકુમાર બિચારો શું જાણે! રૂપકુંવરે નિશ્ચય કર્યો કે રાતે છુપાઈને જોવું કે ખાવાનું કોણ ખાઈ જાય છે. રાત પડી ને જ્યાં રાણીએ હાર ઉતાર્યો કે તરત જ રાજકુંવર આળસ મરડીને પથારીમાં બેઠો થયો ને પથારી પાસે મૂકેલું ખાવાનું ખાવા લાગ્યો. રાજકુંવરને સજીવન થયેલો જોઈને રૂપકુમારથી રહેવાયું નહીં. એ તો એને જઈને ભેટી પડ્યો. બન્ને મિત્રોએ ખૂબખૂબ વાતો કરી. રાજકુંવરે રાજારાણીના ખબર પૂછ્યા. એમનું દુઃખ જાણીને એ ખૂબ રડ્યો. પણ શું થાય? સવાર પડી ને બન્ને મિત્રો છૂટા પડ્યા. આમ દર રાતે બન્ને મળે ને સવારે છૂટા પડે.

(૮)

હવે એક બીજી નવાઈની વાત બની. પાસેના રાજમાં રાજાને ત્યાં કુંવરી અવતરી. કુંવરી જાણે

જુદુંજ રૂપ. પણ જોષીએ એની કુંડળી માંડીને કહ્યું કેઃ જો તમે એને કોઇ મરેલા રાજકુમાર સાથે નહીં પરણાવો તો આ કુંવરી સોળ વરસની વયે મરી જશે. રાજારાણી બિચારાં ચિન્તામાં પડયાં. કુંવરી તો મોટી થતી ગઇ. દહાડે નહીં વધે એટલી રાતે ને રાતે નહીં વધે એટલી દિવસે. એ તો સોળે કળાએ ખીલી ઉઠી. રૂપરૂપનો અંબારજ જોઇ લ્યો. પણ પંદરમું વરસ પૂરું થવા આવ્યું એટલે રાજા મરેલા રાજકુમારની શોધમાં નીકળ્યા. કેટલેય સ્થળે ફર્યાં પણ મરેલો રાજકુમાર તે કયાં મળે! ફરતા ફરતા એક દિવસ એ જૂના મંદિર આગળ આવી ચઢયા. ત્યાં રૂપકુંવર પહેરો ભરે.

રાજાએ પૂછયું: "અહીં કોણ છે?"

રૂપકુંવર કહેઃ "મારો મિત્ર, રાજકુંવર અભિજાત."

રાજાએ પૂછયું: "એ બહાર કેમ નથી આવતો?"

રૂપકુંવર કહેઃ "એ તો મરી ગયો છે. એ શી રીત બહાર આવે?"

રાજા કહેઃ "હું તો મરેલા રાજકુંવરનીજ શોધમાં છું. મારે એની સાથે મારી રાજકુંવરી પરણાવવી છે."

તેજ દિવસે રાજકુંવર ને રાજકુંવરીનાં લગ્ન લેવાણાં. રાજકુંવરીને ત્યાં મૂકીને રાજારાણી તો જતાં રહ્યાં. તે રાતે રાજકુંવર જાગ્યો ત્યારે ત્રણે જણા ખૂબ રાજી થયાં. આમ ને આમ વરસો વીતવા લાગ્યાં. રાજકુંવરીને બે કુંવર પણ અવતર્યા.

એક દિવસ રાજકુંવરી કહેઃ "આજે તો હું રાજદરબારમાં જઇને અણમાનીતી રાણી પાસે હાર લઇ આવું છું."

રાજકુંવર કહેઃ "શી રીતે?"

રાજકુંવરી કહેઃ "એ હમણાં નહીં કહું." આમ કહીને એ તો એક કુંવરને સાથે લઇને ગઇ રાજદરબારમાં. ત્યાં રણવાસમાં જઇને કહ્યું કે મારે રાણીજીને નાચ બતાવવો છે. દાસી એને લઇ ગઇ અણમાનીતી રાણી પસે. એની આગળ એણે નાચ કર્યો. એવો તો સરસ નાચ કર્યો કે રાણી ખુશ ખુશ થઇ ગઇ. એણે કહ્યું: "તને શું બક્ષિસમાં આપું?" રાજકુંવરીએ કહ્યું: "સો સોનામહોર," રાણીએ ખુશ થઇને સો સોનામહોર આપી દીધી. રાજકુંવરી એ લઇને જતી હતી ત્યાં કુંવરે રડવા માંડ્યું. રાણીએ પૂછયું: "તારો દીકરો કેમ રડે છે?"

કુંવરી કહેઃ "એ તો અમથી હઠ પકડી બેઠો છે."

રાણી કહેઃ "શાની હઠ?"

કુંવરી કહેઃ "તમે ચિન્તા ન કરશો, એ તો ઠેકાણે આવી જશે." પણ નાનો કુંવર કાંઇ માને થોડો જ! એ તો જમીન પર આળોટીને રડવા જ મંડી પડયો. એને પહેલેથી કુંવરીએ આબાદ શીખવી રાખ્યું હતું ને!

રાણીએ એને ખોળામાં લીધો ને પૂછયું: "બેટા, શું જોઇએ છે તારે?"

કુંવર કહેઃ "મારે તો તમારો સોનાનો હાર જોઇએ."

એટલે કુંવરીએ કહ્યું: "અરે, એ તો નાદાન છે. એનું સાંભળશો નહીં." પણ કુંવર કાંઇ માને થોડો જ!

કુંવરીએ કહ્યું: "આજનો દિવસ આપો રાણીમા, કાલે પાછો આપી જઇશ."

૭

રાણીએ વિચાર્યું કે છોને લઇ જતી. રાજકુંવર તો કયારનોય મરી ગયો છે, ને કાલે તો પાછો લાવશે જ ને! એણે કહ્યું: "ભલે." રાણીએ હાર કાઢીને આપ્યો કે તરત જ રાજકુંવર સજીવન થયો. પછી તો રાજકુંવરી, રૂપકુમાર ને રાજકુંવર ખૂબ ખૂબ ખુશ થઇ ગયાં. વાજતેગાજતે બધા રાજમહેલમાં ગયાં. અભિજાતને જોઇને અણમાનીતી રાણી તો ડઘાઇ જ ગઇ. પણ હવે એનું શું ચાલે?

રાજકુંવરે રાજારાણીને જઇને પ્રણામ કર્યાં. રાણી તો કેમે કરી માને જ નહીં ને! એણે તો બિચારીએ રાજકુંવર ગયો તે દિવસની આંખો જ બંધ કરી દીધી હતી. એ રોજ સ્વપ્નોમાં રાજકુંવરને જોતી ને એની સાથે વાતો કરતી. આથી એને આંખો ખોલવી જ ગમતી નહોતી. એટલામાં રાજકુંવરની આંખમાંથી આંસુ ખર્યું ને રાણીના કપાળ ઉપર પડ્યું. ત્યારે રાણીને લાગ્યું કે ખરેખર રાજકુંવર સજીવ થઇને આવ્યો છે. એ તો ગાંડી થઇને અભિજાતને ચુમીઓ ભરવા લાગી. રાજમાં બધે જયજયકાર થઇ ગયો. ઉત્સવ ઉજવાયો, મીઠાઇઓ વહેંચાઇ ને આખી પ્રજા ખુશખુશ થઇ ગઇ. રાજાએ અભિજાતનો રાજ્યાભિષેક કર્યો. દેવતાઓએ આકાશમાંથી ફૂલ વરસાવ્યાં. બધે લીલાલહેર થઇ ગઇ.*

---

* જસિમઉદ્દીનની વાર્તાને આધારે

બાળપણમાં—

મોટાભાઈએ
નાનાભાઈને
લાડકોડમાં
ઉછેર્યો,
તેના સઘળા
મનોરથો
પુરા કર્યા...
પણ
મોટા થઈને
નાનાભાઈએ
તેનો કેવો
બદલો આપ્યો?...

, ગુજરાતી
ભાષામાં

સંવાદ: જ્યોતિન્દ્ર દવે
ધનસુખલાલ મહેતા

મુંબઈમાં,
તુરતમાં જ **આ વે છે**

બુકીંગ માટે:
ચિત્રદૂત ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર્સ
૭૪, ચર્નીરોડ, મુંબઈ ૪
[નિકીલ પ્રકાશન]



## નૂતન વર્ષાભિનંદન

ગુજરાતી ભાઈઓને ખુશખબર

ન મું મ ને જ મે ળે

ચર્નીરોડ, પ્રાર્થનાસમાજ, સેન્ડહર્સ્ટ રોડ, વિઠ્ઠલભાઈ પટેલ રોડ અને સી. પી. ટેન્ક સુધી વસતા ગુજરાતી ભાઈઓને શુધ્ધ ઘીની મીઠાઈઓ, ફુલવા તથા ફરસાણની જરૂરિયાતો પૂરી પાડી સંતોષે એવું સર્વોત્તમ નમુનેદાર મીઠાઈઘર:

✻ વિ ન ચી સ્ટો ર્ ✻

**ગીરગામ સ્વીટમીટ માર્ટ**

સંચાલક: કેશીભાઈ ડી. સ્વામિનારાયણ
૨૧૭-૧૯, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, (સરસ્વતી સદન)
મુંબઈ ૪ ટેલિફોન નં. ૨૨૨૯૯



ક્વોલીટી પ્રમાણે કીંમત લેવાય છે.

**C.J. & SONS**

**સી. જે. એન્ડ સન્સ**
(૧) પ્રાર્થના સમાજ ટ્રામ જંકશન પાસે
(૨) ભુલેશ્વર કુંભાર ટુકડા સામે મુંબઈ નં. ૪

"તમારું નામ શું?" બળદનું પૂંછડું આમળતાં ગોવિંદે પૂછ્યું.

"હુસેનમિયાં."

❁

હુસેન ડભોઈમાં ટાંગો ફેરવતો હતો. પરંતુ એનો રોજગાર બરોબર ચાલતો નહિ. એટલે બીજે કામધંધાની શોધમાં નીકળ્યો હતો. રસુલમિયાં કંઈ ધંધો બતાવે એ આશાએ તે મળવા આવ્યો હતો. પરંતુ રસુલમિયાં ધંધો બતાવે તે પહેલાં જ હુસેનને ધંધો જડી ગયો. એમણે રસુલમિયાંને બધી વાત કરી. એમણે પણ હા પાડી.

હુસેનમિયાંએ તો મનોરિયામાં ધંધો શરૂ કરી દીધો. ડભોઈમાં એમની ઘોડાગાડી બરોબર ચાલતી નહિ. ઘોડો જ સારો ન હતો, એટલે બીજાની હરીફાઈમાં શું ધૂળ ચાલે? પરંતુ કસલથી મનોરિયા સુધી તો એકે ઘોડાગાડી ન હતી. એટલે હુસેનમિયાંનું તો આ રસ્તે કામ જ થઈ ગયું.

ગોવિંદના તો હવે સાવ પાટિયાં બેસી ગયાં. સરસ ઘોડાગાડીમાં બેસવાનું મૂકીને હવે વળી ગાડામાં ઠચક ઠચક કરતાં કોને જવાનું મન થાય? એટલે જે ત્રણચાર માણસો કસલ સ્ટેશને મનોરિયે જવા ઊતરતા તે ઘોડાગાડી જ પસંદ કરતા. કો'ક દહાડો વળી વધારે બેસનારા હોય ત્યારે ગોવિંદના ગાડામાં બે ત્રણ જણ બેસતા અને તેય મોઢું ચઢાવીને.

આમ ધંધામાં કસ ન રહ્યો એટલે ગોવિંદે તો ગાડું બંધ કરી દીધું.

❁

હુસેનમિયાં પુરસદના વખતમાં પાનબીડીનો ધંધો પણ કરતા હતા. તેમાં થોડુંક કમાતા. ઘોડાગાડીની પણ સારી આવક હતી. એટલે હુસેનમિયાંને તો ઠીક ફાવી ગયું; એમણે તો ગાડીને

## એવું કૈં થાય

હાં રે! મને એવું કૈં થાય:
આજ મને એવું કૈં થાય:
હો માવડી! એવું કૈં થાય:
જાણે કે બાપુજીના જેવું થવાય:
હાં રે! મને૦

કસરત કરું ને થાય સુંદર શરીર;
જીવનમાં જોમ ભરી બનવું સુધીર.
જાણે કે શૂરવીર સિપાઈ થવાય:
હાં રે! મને૦

અહિંસાની ભાવના શી શીખું વિશાળ;
દીપાવું નામ હું તો ભારતનો બાળ.
જાણે કે સાચ તણા સાથી થવાય:
હાં રે મને૦

સેવાના ભણવા છે મોંઘેરા મંત્ર;
ભણી ભણાવવું છે માનવતા–તંત્ર.
જાણે કે દુઃખી તણા બેલી થવાય:
હાં રે! મને૦

કાંતી કાંતીને કાઢું તકલીના તાર;
સમજાવું તાર તણો સૌને હું સાર.
જાણે કે લોક તણા સેવક થવાય.
હાં રે! મને૦

ટૂંકી શી પોતડીથી ઢાંકું મુજ અંગ;
ઘૂમું ઉમંગથી હું પીડિતની સંગ.
જાણે કે દેશ તણા દીપક થવાય:
હાં રે! મને૦

મૂળજીભાઈ પી. શાહ

પણ રંગાવી અને ટટ્ટુને પણ ચંદી ખાઈને ચરબી ચઢવા લાગી.

આશરે દોઢ–બે વર્ષ હુસેનમિયાંનું ઠીક ચાલ્યું. પરંતુ હવે એમને એવી ચિંતા પેઠી કે ખાવાનું યે ના ભાવે !

મથુરદાસ શેઠે વેસલપુરથી નવાપુર સુધી મોટર ભાડે ફેરવવા માટે પરવાનગી માગી હતી તે આવી ગઈ હતી. એ સાંભળીને તો હુસેનમિયાંના પેટમાં ઊનું પાણી રેડાયું.

વેસલપુરથી નવાપુર જતાં વચ્ચે જ કિસલ અને મનોરિયું આવતા હોવાથી કિસલ સ્ટેશને ઉતરનાર મોટરમાં જ મનોરિયે જવાનું પસંદ કરે. એ વળી ઘોડાગાડીમાં કોણ ધીમેધીમે જાય.

મોટર ચાલુ થઈ ગઈ. હુસેનમિયાંની ઘોડાગાડીનો કોઈ ભાવ પણ પૂછતું નહિ. મોટરનો સમય પણ ગાડીના સમયને બિલકુલ અનુકુળ હતો—અનુકુળ રાખવામાં જ આવ્યો હતો. હુસેનમિયાંનો ઘોડો પાછો ટટ્ટૂ બની ગયો—બિચારો !

❁

એક વર્ષમાં તો હુસેનમિયાં તોબા પોકારી ગયા. એમને થયું હું વળી આ ગામમાં ક્યાં આવ્યો ? એમની પાનબીડીની દુકાન ચાલતી પણ એમાંથી ગુજરાન જોગું પણ મળતું નહિ.

પણ એવામાં ખબર આવી કે મથુરદાસની મોટર બંધ થાય છે. શેઠ આ ધંધાથી કંટાળી ગયા છે. પેટ્રોલની તંગી હતી. રસ્તો મોટર માટે સારો ન હતો. મોટર હાંકનારા પૈસા ખાઈ જતા હતા. મોટરના ધંધામાં ખોટ આવતી હતી. મોટર બંધ થઈ ગઈ.

હુસેનમિયાં તો રાજી થઈ ગયા. એ તો વહેલા વહેલા ગયા ગોવિંદને ત્યાં. જતાંવેંત જ કહ્યું: "ગોવિંદ! મોટર બંધ હો ગઈ હય. ચલ આપણ દોનો ફીર ધંધા શરૂ કર દે?"

સાચે જ હુસેનમિયાંએ મરવાને બહાને જીવતું પોતાનું ટટ્ટુ જેમતેમ કરી કાઢી નાખ્યું. ગાડી પણ વેચી મારી. થોડા પૈસા ઉછીના લાવી બળદની જોડ અને બળદગાડી લઈ આવ્યા. ગોવિંદે પણ પોતાનું ગાડું અને બળદ ફરી શણગાર્યાં.

હુસેનમિયાંને હવે ઘોડાગાડી ફેરવવી ન હતી. પારકાનો રોટલો ઝૂંટવી પોતાના પેટનો ખાડો પૂરવો ન હતો.

ગોવિંદ અને હુસેન બન્ને એક જ સટની બળદગાડી લઈને કિસલથી મનોરિયાનો ફેરો કરવા લાગ્યા. બન્ને જિગરજાન દોસ્ત બની ગયા. જે મળે તે વહેંચીને ખાતા. મનોરિયા વધતું જતું હોવાથી સારા પ્રમાણમાં મુસાફરોની સંખ્યા પણ હવે તો થવા લાગી. બન્ને આનંદથી ગુજરાન ચલાવવા લાગ્યા.

હજુ યે ગોવિંદ અને હુસેનના ગાડાની ટોકરીઓનો મીઠો રણકાર મનોરિયા અને કિસલ વચ્ચેના સુના રસ્તા ઉપર પથરાઈ રહે છે.

આ રહ્યો ૧૪૬ મા પાના ઉપર આપેલા ચિત્રકોયડાનો ઉકેલ






ટે. નં. ૭૨૫૯૯

શ્રી

# મહાકાળી હિન્દુ હોટલ

નળબજાર----ત્રણ બત્તી

**અમારા**

માનવંતા ગ્રાહકોને અમારા હાર્દિક

**નૂતનવર્ષાભિનંદન**

પાઠવીએ છીએ

## રેડીઓ અને રમકડું

સારો રેડીઓ પણ રમકડાંની ગરજ સારે છે. રેડીઓનું સંગીત બાળકોને આનંદ આપે છે

તમો પણ તમારા બાળકો માટે એક રેડીઓ વસાવો અને તે પણ

# મુલાર્ડનોજ

## રેડીઓ ખરીદો—

કારણ-અને વધુ વિગત માટે

લખો અગર મળો:

**સ્ટાન્ડર્ડ રેડીઓ કુંપની**

૨૧, ન્યુ ક્વીન્સ રોડ, મુંબઈ નં૦ ૪

ફોન: ૩૦૯૯૨૧, તાર: "STANRADCO"

# વીર વિક્રમની અવન્તી નગરી

## ઉજ્જૈન

પ્રાચીન સ્થળો જોવાથી ખૂબ નવું નવું જાણવાનું છે. ભારતની ભવ્યતા જોઈ શકાય છે. ઇતિહાસ અને ભૂગોળના પાઠ સરળતાપૂર્વક શીખી શકાય છે. વીર વિક્રમની અવન્તીનગરી, જે હાલ ઉજ્જૈન નામે ઓળખાય છે તેની પ્રવાસકથા લખનાર શ્રી. ઉમિયાશંકર ઠાકર 'રમકડું'ના વાંચકોના પ્રિય અને જાણીતા લેખક છે.

લેખક : શ્રી. ઉમિયાશંકર ઠાકર

પરદુઃખભંજન અને વીર વિક્રમ રાજાની નગરી ઉજ્જૈન જવાનો અમારો વિચાર થયો. અમે તા. ૨૩-૫-૫૧ ને રોજ બુધવારે આણંદથી વડોદરા ગયા. લગભગ ૧૨-૧૨॥ વાગ્યે રાત્રે ત્યાં ફ્રન્ટીઅર મેઇલ આવ્યો. ગોધરા, દાહોદ થઈને અમે સવારે ૭ વાગ્યે રતલામ પહોંચ્યા. ત્યાંથી ૮-૯॥ વાગ્યે ગાડી બદલીને નાગદા થઈને લગભગ ૧૦॥ વાગ્યે ઉજ્જૈન પહોંચ્યા.

રાજા વિક્રમાદિત્યની તો ખૂબ વાતો વાંચી હતી. એની જાહોજલાલીનો પાર ન હતો. એને ઉજ્જૈન તો હમણાં કહેવાય છે; પણ એનું ખરું નામ અવન્તિકા નગરી.

☆

હું તો ત્યાં મસ્તીમાં ફરતા ને સૂંઢો હલાવતા હાથીઓને જોવાની ઇચ્છા રાખતો હતો; પણ ત્યાં એવા હાથીઓ ન હતા. હણહણતા ઘોડા ને શૂરા ઘોડેસવારો પણ ત્યાં અમે ન જોયા. ત્યાં અમે માત્ર ઘોડાગાડીઓ જોઈ! શીળીના રસ્તાઓ અને શણગારેલાં મકાનોને બદલે પથ્થરના રસ્તા ને વીસમી સદીનાં મકાનો જોયાં. ૨૦૦૭ વર્ષ ઉપરની આ નગરી એ પરાક્રમી રાજા વિક્રમાદિત્યની યાદ તાજી કરાવે છે.

માળવાનો આ પ્રદેશ છે. ગ્વાલિયરના રાજાના તાબાનો આ પ્રદેશ છે. જૂનું શહેર છે. જૂના દરવાજાઓથી એ શોભે છે. ઢાળ-ટેકરા ઉપર આખું ય શહેર વસેલું છે. અવન્તિકાનાં જોવાલાયક સ્થાનો જોવાને માટે અમે ઘોડાગાડી કરી લીધી.

☆

આ સ્થાનમાં ગુરુ દત્તાત્રયનું જૂનું મંદિર છે. જગ્યા વિશાળ છે. કોઈ પણ બ્રાહ્મણને પંક્તિભેદ સિવાય ત્યાં ભોજન આપવામાં આવે છે. હવાખાવા જવાને માટેનું આ સ્થાન સગવડવાળું છે.

☆

આ સંસ્થા આગળ એક સુંદર ઘાટ બાંધેલો છે. પગથિયાં ઊતર્યાં ને ઓવારો આવ્યો. નાનકડી કન્યા આછેરી ઓઢણી ઓઢીને ધીમી ગતિએ ચાલતી હોય એવી અમને એ ક્ષીપ્રા નદી લાગી. સ્વચ્છ જળ. બપોરનો વખત અને અમે એ રેતીના તટ ઉપર મંદ મંદ વહેતી ક્ષીપ્રામાં સ્નાન કરવાને ઊતર્યા. નદીનાં જળમાં ડૂબકી મારતાં જ અમારા ત્રિવિધ તાપ શમી ગયા. અમે એમાં ખૂબ ડૂબકીઓ મારી. નદીમાં ઊભા રહીને સંધ્યા કરી ને સૂર્યનારાયણને અર્ઘ્ય આપ્યો. નદીનું પાણી મીઠું હતું. નદી કોને ન ગમે?

નદી ઉપર રામઘાટ અને ગંગાઘાટ આવેલા છે. પથ્થરના તે બાંધેલા છે. નહાવા-ધોવાની સગવડ ત્યાં સારી છે.

કોટેશ્વર મહાદેવનું સ્થાન પણ જોવાલાયક છે. હરસિદ્ધમાતાના ચારે ય હાથ રાજા વિક્રમના ઉપર હતા. એવું કહેવાય છે. એ હરસિદ્ધિ-માતાનું મંદિર ભવ્ય છે. એ મંદિરમાં સૌથી ઉપર અન્નપૂર્ણા-માતાની, તેની નીચે હરસિદ્ધિ માતાની અને છેવટે નીચે મહા-કાલિની એમ ત્રણ મૂર્તિઓ છે.

☆

મંદિરના ઘુમ્મટમાં અનંતનાં વિવિધ રૂપો સુંદર રીતે ચીતરેલાં છે. કૃષ્ણના બધા અવતારોને બીજા ગણીને તેનાં શક્તિનાં રૂપો પણ સુંદર રીતે ત્યાં ચીતરેલાં છે. મંદિરની બે બાજુએ દીપમાળાઓ ગોઠવેલી છે.

પછી એક બીજું મંદિર. કોઈ બાવા મંગુપતિની મૂર્તિ બેસાડી છે. તેને ચાર હાથ છે. લગભગ ૨૨ થી ૨૫ ફૂટની ઉંચાઈની એ મૂર્તિ ખાસ જોવા-લાયક છે. પાછી જ પંચમુખ હનુમાનની સિંદૂરની મૂર્તિ છે. તે એક નવીન બાબત છે.

ઉજ્જૈનમાં સૌથી વધારે પ્રખ્યાત અને પ્રભાવનું સ્થાન હોય તો તે શ્રી મહાકાળેશ્વરનું મંદિર છે. ભારતભરમાં ૧૨ જ્યોતિર્લિંગ મુખ્ય છે. શ્રી મહાકાળેશ્વર પણ તેમાંના એક છે. ભગવાન સદાશિવ શંકર અહીં બિરાજે છે. સોમનાથ પાટણમાં જેમ 'જય સોમનાથ'ની ગર્જનાઓ ગાજતી, તેમ અહીં 'જય મહાકાળેશ્વર'ના નામની જયગર્જનાઓ થતી અને નવું ચેતન મળતું. અમે એ સ્થાનમાં ગયા. શરૂઆતમાં વિશાળ ચોગાન આવ્યું. ત્યાં પાણીનો કુંડ છે. આજુબાજુ ધર્મશાળા જેવા ઓસારા છે. કુંડમાં હાથ-પગ ધોયા. તાંબાના કળશમાં જળ લીધું અમે આગળ ચાલ્યા. બિલીપત્ર-પ વગેરે લીધાં. ને એ ઉંચે વેલી ઓસરીમાં ગણપતિ, વંતી વગેરેની મૂર્તિઓને ન કર્યાં.

☆

આ જગ્યાએ બધે આરસપહાણ ડેલો છે. આગળ જતાં એક નું બારણું આવ્યું. અમે અંદર ર્યા અને આગળ ચાલ્યા. વળી જું બારણું આવ્યું. છેવટે શ્રી હાકાળેશ્વરનું ગર્ભદ્વાર આવ્યું. મે પોઠિયાનું સ્થાન પણ હતું આ બધી જગ્યાએ સફેદ લાદી ડેલી છે. સ્થાન નીચાણમાં છે. ધર્મીઓના હુમલાઓથી બચ ને માટે જ આવાં સાંકડાં અને બારણાંવાળાં સ્થાનોની યોજના વામાં આવી હશે એમ લાગે છે.

શ્રી મહાકાળેશ્વરનું સ્થાન પણ આરસથી જ જડેલું છે. મોટી ચાંદી-પતરાંવાળી જળાધારી ઉપર શ્રી મહાકાળેશ્વરના લિંગની સ્થાપના કરેલી છે. લિંગ લગભગ ૩ ફુટ ઉંચું છે. લગભગ રા ફૂટનો એનો ઘેરાવો છે. કાળો પથ્થર એમાં વપરાયેલો છે. આખીય જળાધારીને ચાંદીથી જડેલી છે. જળાધારીની ચારેય બાજુ પીત્તળનો સુંદર કઠેરો છે. મધ્યમાં ઉપર તાંબાનાં વાસણો લટકાવેલાં છે. તેમાંથી સતત પાણીની ધારાઓ વહ્યા કરે છે ને શ્રી મહાકાળેશ્વર ભગવાન ઉપર અખંડ અભિષેક થયાં કરે છે.

આ ખંડમાં પાર્વતી, ગણપતિ વગેરેની મૂર્તિઓ છે. દીપક અખંડિત રીતે ત્યાં પ્રકટ રહે છે.

શ્રી મહાકાળેશ્વરનું અમે ભાવપૂર્વક પુજન કરીને પછી સ્તુતિ પણ કરી, ભારતવર્ષનું દુખ-દારિદ્રય ભગવાન મહાકાળેશ્વર લઈ લે અને સુખ-સંપત્તિથી સમૃદ્ધ બનાવે એવી પ્રાર્થના પણ કરી

☆

અહીંઆ અમે એક નવી જ બાબત જોઈ. આ સ્થાનની ઉપર ૐકારેશ્વર ભગવાનની સ્થાપના કરેલી છે આ સ્થાનની શરૂઆતમાં નાનું બાકોરું રાખેલું છે. તેના ઉપર જાળી છે. સાંજના ૩ વાગ્યે સૂર્યનારાયણનો પ્રકાશ આ જાળી દ્વારા શ્રી મહાકાળેશ્વર ઉપર પડે છે ને વાતાવરણ સુંદર લાગે છે. કેવું રમ્ય આ સ્થળ છે?

આ જગ્યાએ આરંગઝેબ બાદશાહે ચઢાઈ કરેલી તે ધર્માંધ લોકોએ મૂર્તિઓને તોડેલી પાસે પીપળો છે તેની સામેના મોટા ઓસારામાં એ બધી ખંડિત મૂર્તિઓના અવશેષો મૂકેલા છે. કેવી કેવી સુંદર મૂર્તિઓને બેડોળ બનાવી દીધી છે! કોઈનાં નાક તો કોઈના કાન તોડી નાખ્યા છે. કોઈના હાથ તો કોઈના પગ તોડ્યા છે. કોઈનાં ઘરેણું તો કોઈનાં વળી બીજાં અંગો તોડી નાખ્યાં છે! મૂર્તિઓ જોતાં આપણી અજોડ શિલ્પકળાનો ખ્યાલ આવ્યા સિવાય રહેતો નથી.

આ બધું જોતાં જોતાં હૈયું ભર્યું. આંખડી ભીની થઈ ને કાળચક્રની ગતિનો કોઈ પાર પામી શકે તેમ નથી તેવું અનુભવ્યું.

પછી અમે નાસ્તો કર્યો પાસેના નળનું પાણી પીધું ને અમે આગળ ચાલી નીકળ્યા.

☆

ગાડીમાં બેઠાં બેઠાં અમે એક નવીન સ્થાન પણ જોયું. વિક્રમાદિત્યની યાદગીરી રાખવાને માટે આપણી સરકારે હમણાં ત્યાં એક સ્થાનની યોજના કરી છે. તે સ્થાનનો શિલારોપણ વિધિ રાષ્ટ્રપ્રમુખ શ્રી રાજેન્દ્રબાબુએ કર્યો હતો તે સ્થાન જોયું.

આ ઉપરાંત સિધ્ધવડ, ભર્તૃહરિની ગુફા વગેરે પણ જોવા જેવાં છે. ગુફા અહીંથી ચારેક માઈલ ઉપર આવેલી છે.

કાલકાદેવીનો મહેલ જોવાલાયક છે. એ મહેલમાં ક્ષીપ્રા નદી નવ જગ્યાએ વહેતી વહેતી જાય છે. કેટલું સુંદર એ દૃશ્ય! કેવું આનંદદાયક એ સ્થળ!

ખરેખર, આવાં પ્રાચીન સ્થળો જોવાથી ખૂબ ખૂબ નવું જાણવાનું મળે છે. જૂની સ્મૃતિઓ તાજી થાય છે. ભારતની ભવ્યતા પણ જોઈ શકાય છે ને અંતઃકરણમાં નવી પ્રેરણાને સ્થાન મળે છે. ઇતિહાસ અને ભુગોળના પાઠ સરળતાપૂર્વક શીખી શકાય છે.

બોલો અવન્તી નગરીનો જય! રાજા વિક્રમાદિત્યનો જય!! શ્રી મહાકાળેશ્વરનો જય!!!

અમારા ગ્રાહકો, શુભેચ્છકો અને સ્નેહીઓને
અમારી દિવાળીની શુભેચ્છા તથા

## નૂતન વર્ષાભિનંદન

નાની મોટી દરેક સાઈઝમાં બારે
માસ તાજી તાવણીનું મળે છે.

અનેક દેશાવરોમાં લોકપ્રિયતા
સાથે જબ્બર ખપત ધરાવે છે.

કલકત્તા બ્રાન્ચ

રતિલાલ જાદવજી
૧૩, પોર્ટુગીઝ ચર્ચસ્ટ્રીટ
ટે. નં. B.B. ૬૯૭૨
કલકત્તા

અમદાવાદ બ્રાન્ચ

મણિચંદ્ર નરેન્દ્ર-
કુમારની કું.
રીલીફરોડ, ટંકીયાકુવા
ટે. નં. ૩૪૨૨
અમદાવાદ

ટે. નં. ૨૩૩૩૧

ટે. નં. ૨૩૩૩૧

# મથુરાદાસ જાદવજીની કું.

૨૪૪, કાલબાદેવી રોડ
મુંબઈ નં. ૨

## નૂતન વર્ષાભિનંદન

**વધુ. પૌસ્ટીક અને લ્હેજતદાર!**

**પોસ્ટમેન બ્રાન્ડ**
રીફાઈન્ડ
**શીંગતેલ**

- આખા પ્રોસેસ દરમ્યાન હાથનો સ્પર્શ લાગતો નથી.
- રીફાઈન્ડ કરેલ હોવાથી લાંબા સમય ટકી શકે છે—ખોરાશ લાગતી નથી—વાસ વગરનું છે.
- ખાંસી કે ઉધરસથી મુક્ત રાખે છે.
- ભોજનને પૌષ્ટીક અને લ્હેજતદાર બનાવે છે.

**અહમદ મીલ્સ**
ભેંડી-મુંબઈ ૯ ફોન: ૧૯૭૭

## સાલ મુબારક

આપને
નવા વર્ષની
હાર્દિક
શુભેચ્છાઓ
પાઠવીએ છીએ

## પવિત્ર
## ફરાળી ચીજો

ઉપવાસના વ્રતમાં ઉપયોગી
આખી તેમજ પીસેલી પવિત્ર

**ફરાળી ચીજો**

છૂટક તેમજ જથાબંધ, ખરીદવા
સદા યાદ રાખો

કચ્છીભાઈઓનું કાબુલી ચણા
તથા સેકેલા સીંગદાણા મેળવવાનું
માનીતું મથક

**ઠો. માધવજી ત્રીકમજી**
વ્યાપારી અને કમીશન એજન્ટ
નળબજાર, પોલીસ ચોકી સામે,
મુંબઈ ૪

● કબુતર માટે ચણાના ભાવ
પાલીનો રૂ. ૧/

# ટં-ક-શા-ળ

☆ ☆ ☆ લેખક: શ્રી. દુષ્યન્ત દેસાઇ ☆ ☆ ☆

નાના નટુ પાસે થોડાક રોકડા પૈસા એકઠા થયા હતા. તે તો આ પૈસા આખો દિવસ પોતાની સાથે જ રાખે. ઘડીક પણ વેગળા ન મૂકે. આ જોઇ તેને બાપાજીએ કહ્યું: નટુ, પૈસા આ રીતે તો ખોવાઇ જશે. લાવ મને આપી દે. હું ઊંચા મૂકી દઉં તારે વાપરવા હોય ત્યારે મારી પાસેથી માગી લેજે.

પણ નાના નટુને આ વાત ગમી નહીં. તે તો નીચું મોં રાખી બેસી રહ્યો. તેના બાપાજી હતા પ્રેમાળ. તેમણે જોયું કે નટુ નારાજ થઇ ગયો છે, ત્યારે બોલ્યા: નટુ, તને ખબર છે કે આ પૈસા કેવી રીતે બને છે? ક્યાં બને છે?

નટુને વાતમાં રસ પડ્યો. તરત જ તે બોલ્યો: પૈસા ટંકશાળમાં બને છે. પણ કેવી રીતે બને છે તેની મને ખબર નથી, તમે જાણતા હો તો કહો.

બાપાજી: પણ એક શરતે. તું તારા પૈસા આમ આખો દિવસ સાથે લઇને રખડે નહીં તો.

નટુ: ભલે હું મારા ટેબલના ખાનામાં મૂકી દઇશ.

પૈસા તમે વાપરો છો. પણ તે કેવી રીતે બને છે તે તમે જાણો છો? જે જગ્યાએ પૈસા બને છે તે જગ્યાને ટંકશાળ કહે છે. ટંકશાળની વાત લખી મોકલનાર શ્રી. દુષ્યન્ત દેસાઇ 'ગુજરાતી' અઠવાડિકના તંત્રી વિભાગમાં છે.

❀

નટુ માની ગયો એટલે બાપાજીને આનંદ થયો. તેમણે ઉત્સાહથી વાત કહેવા માંડી: "પહેલાં સિક્કાઓ બનાવવામાં સોનાની ધાતુ વપરાતી. પણ આવી કિંમતી ધાતુનો ખોટો ઉપયોગ થવાથી અને વધારે પ્રમાણમાં વપરાવાથી સરકારે તેનો ઉપયોગ બંધ કર્યો. અને ચાંદી, નીકલ, તાંબુ વગેરે ધાતુનો ઉપયોગ શરૂ કર્યો. અને હવે તો કાગળનો પણ ઉપયોગ થાય છે તો સિક્કા બનાવવા માટે સૌથી પહેલાં ધાતુની જરૂર પડે એટલે આ ધાતુઓ ખાણમાંથી કાઢવામાં આવે છે. ધાતુ જેવી રૂપમાં નીકળે છે તેવી ને તેવી ન ચાલે. તેને સાફ કરીને ચોકખી બનાવવી પડે. એટલે ખાણમાંથી કાઢ્યા પછી તેને 'રોલિંગ મિલ્સ'માં લઇ જવામાં આવે છે. ચાંદી જેવી ધાતુની પછી પાટો બનાવવામાં આવે છે. આ પાટો ટંકશાળમાં લઇ જવામાં આવે છે અને તેમાં બીજી ધાતુઓ ઉમેરવામાં આવે છે."

"બીજી ધાતુઓ શા માટે ભેળવતા હશે! શું આ રૂપિયો એકલી ચાંદીનો નથી?"

"ના રે ના. ચાંદી કે સોનું બન્ને ધાતુઓ સિક્કા બનાવવા માટે પોચી પડે છે. એટલા માટે આમ બીજી ધાતુઓનો ભેળ કર્યા સિવાય છૂટકો નથી. ત્યારબાદ યંત્રમાં મૂકીને તેના જોઇએ તેવા કદના ટુકડા કરવામાં આવે છે. પછી તેના પર 'છાપ' છાપવા માટે વળી બીજા યંત્ર પર મોકલવામાં આવે છે. વળી ત્રીજી જાતના યંત્ર પર તેની ધાર કાંગરી બનાવવામાં આવે છે.

"એટલે સિક્કો તૈયાર એમ ને?"

"ના પછી ચોથા યંત્ર પર તે જાય છે. આ યંત્ર પર દરેક સિક્કાનું વજન કરવામાં આવે છે. જો નક્કી કરેલા વજન કરતાં ઓછુંવત્તું વજન થાય તો, યંત્ર તેને ફેંકી દે છે અને એવા સિક્કાઓ ફરી પાછા નવો જન્મ લેવા પીગળાવવાના યંત્રો પર જાય છે. દરેક સિક્કાની પરીક્ષા ખૂબ સંભાળથી કરવામાં આવે છે. કારણ કે ધાતુ અને

તેની સાથે ભળતી બીજી કાચી વસ્તુઓ દુનિયાના જુદાજુદા ભાગમાંથી આવે છે. તેની એક જ સિક્કાની જુદીજુદી જાતો ન થાય તે જોવું જરૂરી હોય છે.

સોનાના સિક્કા પહેલાં ઈંગ્લાંડમાં ચાલતા. તે વખતે ૧૮ કેરેટ ગોલ્ડ વપરાતુ અને દર હજાર ભાગમાં ૭૨૫ ભાગ ચાંદી વપરાતી. પણ આજે સોનાનું ચલણ બંધ થઇ ગયું છે. અને ચાંદીમાં બીજી હલકી ધાતુઓ પુષ્કળ વાપરવામાં આવે છે. અને આજે તો કાગળનું જ ચલણ પુષ્કળ છે. રૂપિયાની પણ નોટો છે. અને જાપાનીઝ સરકારે તો મલાયા દેશ માટે પૈસા પૈસાની (સેંટ) નોટો બનાવી હતી. નોટ બનાવતી વખતે તેને માટે ખાસ કાગળ પસંદ કરવામાં આવે છે. તેના અમુક જ કદના ટુકડા બનાવવામાં આવે છે. જો તું કેશ નોટ અજવાળામાં ધરશે તો તેમાં તને એક છાપ દેખાશે. એવી છાપને 'વૉટર-માર્ક' કહેવામાં આવે છે. કાગળનો એટલો ભાગ બાકીના ભાગ કરતાં જરાક પાતળો બનાવવામાં આવે છે. એવી ડિઝાઇન બનાવવાથી બનાવટી નોટોથી ખરી નોટોને રક્ષણ મળે છે. પછી એ કાગળોને ખાસ છાપવાના યંત્રોમાં છાપવામાં આવે છે. પછી તેના પર નંબર પાડીને બંડલ બાંધીને બેંક તરફ રવાના કરાય છે. અને પછી બેંક અને બીજે ફરતી ફરતી આપણા હાથમાં આવે છે."

❁

એટલામાં નટુનો મિત્ર ગટુ આવી ચડ્યો. તેને પણ આ વાતમાં રસ પડવા માંડ્યો પણ વાત લગભગ પૂરી થવા આવી હતી. એટલે બાપાજીએ કહ્યું: જુઓ, આવતા શનિવારે હું તમને ટંકશાળ જોવા લઇ જઇશ. તમે બન્ને તૈયાર રહેજો. ત્યાં તમને નજરોનજર સિક્કો કેવી રીતે બને છે તે જાણવા મળશે.

"તો તો ખૂબ જ મઝા પડશે" કહી બન્ને મિત્રો રમવા ચાલ્યા ગયા.

## ચોવીસ કલાક સુધી સતત વાંચનાર એ કિશોર કોણ હતો?

ઘણા વખત પહેલાંની વાત છે. પરીક્ષા નજીક આવી રહી હતી. એક વિદ્યાર્થીને થતું હતું ભૂમિતિ તો વાંચવાની રહી ગઇ. હવે શું કરવું? એ ય પાછી અંગ્રેજી ભાષામાં! પિતાજીને ખબર પડે તો? નાપાસ થવાય તો આબરૂ જાય! હવે શું કરવું?

વિદ્યાર્થી પોતાના વાંચવાના ઓરડામાં ગયો. અંદરથી બારણાંને સાંકળ ચડાવી દીધી અને પછી ચોપડી હાથમાં લઇ બેઠો વાંચવા.

એક કલાક, બે કલાક, પાંચ કલાક નહિ; આખા ચોવીસ કલાક સુધી તેણે એકધારી રીતે વાંચ્યા કર્યું. એક જ બેઠકે ચોવીસ કલાક સુધી વાંચ્યું. જાણે કોઇ મોટો તપસી તપ તપવા બેઠો.

એક રાતમાં વિદ્યાર્થીએ ભૂમિતિના ચારે ય ખંડ પૂરા કરી નાખ્યા.



ને પછી આવી પરીક્ષા! આખી રાતનો ઉજાગરો હતો. એક જ પલોંઠીએ બેસીને અંગ અકડાઇ ગયાં હતાં. પણ ભૂમિતિ પૂરી કર્યાનો વિદ્યાર્થીને અંતરે ઉમંગ હતો. એ ઉમંગમાં તેને થાક બિલકુલ વરતાયો જ નહિ. પરીક્ષા હોંશથી આપી દીધી.

નક્કી સમયે પરીક્ષાનું પરિણામ આવ્યું. પેલો વિદ્યાર્થી પહેલે નંબરે પાસ થઇ ગયો.

તમને ખબર પડી, એ કોણ?

એ કિશોર આગળ જતાં વિશ્વવિખ્યાત સ્વામી વિવેકાનંદ તરીકે ઓળખાયો. માત્ર ૩૯ વરસનાં જીવનમાં અમર કીર્તિ પામવાનું સૌભાગ્ય બીજા કોઇને પ્રાપ્ત થયું જાણ્યું નથી.




ઉજાણી કરીએ ત્યારે વાનગીમાં ઘણી બધી વસ્તુઓ ભેગી થાય. એવી જ - વિવિધ વાનગીની ઉજાણી તમે અહીં મોજથી માણી શકશો. આપણી આ ગિજુભાની તમને કેવી લાગે છે તે જરૂર જણાવજો.

## "ઝીબ"

◆ ઇરાનમાં 'ઝીબ' શબ્દનો અર્થ 'સરસ' એવો થાય છે. એ શબ્દ માત્ર બાદશાહો જ વાપરી શકતા, અને તેઓ પણ ભાગ્યે જ તે વાપરતા; કેમકે એ શબ્દનો બદલો તેમને ધનની મોટી રકમથી ચૂકવવો પડતો.

એક વેળા નૌશિરવાં બાદશાહે એક ઘરડા માણસને ખૂબ મહેનત કરી સફરજનનું ઝાડ વાવતો જોયો. તેણે પૂછ્યું, 'અરે! તું તો ખૂબ ઘરડો ને કમજોર છે. તું ભાગ્યે જ તારા વાવેલા ઝાડનાં ફળ ખાવાની ઇચ્છા રાખી શકે. તો પછી તું કેમ આ ઝાડ વાવી રહ્યો છે?'

પેલા ઘરડા માણસે સલામ કરી જવાબ દીધો, 'નામદાર! મેં બીજાનાં વાવેલાં ઝાડનાં ફળ ખાધાં છે તો મારા વાવેલા ઝાડનાં ફળ બીજા ખાય એમાં શું ખોટું છે? મારી એ ફરજ નહીં?'

બાદશાહથી બોલી જવાયું, 'ઝીબ.'

પેલો ઘરડો માણસ આ શબ્દના ઉપયોગની પાછળના ઇનામને સમજતો હતો એટલે હોંશથી બોલી ઉઠયો, 'જોયું નામદાર? હું તો ધારતો હતો કે મારા વાવેલા ઝાડનાં ફળ બીજાઓને જ મળશે પણ આ ઝાડ એટલું બધું ભલું નીવડયું કે એણે એનું ફળ મને જીવતેજીવત જ આપની આ કૃપાદ્વારા આપી દીધું–હજુ તો એ પૂરું વવાયું પણ નથી.'

બાદશાહ ફરીથી બોલી ઉઠયો. 'ઝીબ!'

અને પછી એણે મનમાં જ નિશ્ચય કર્યો, 'જો હું અહીં આ ઘરડા માણસ જોડે વધારે વાર વાતોએ ચડીશ તો કદાચ મારે મારું રાજ્ય જ આ દીં દાનમાં દઇ દેવું પડશે.'

## નોકરની ભૂલ

◆ એક તલાટી આભડછેટમાં બહુ માનતા હતા. એક વેળા તેમને એક ગામે જમીનનો લાગો ઉઘરાવવા જવું પડ્યું. સાથે સરકારી નોકર તો હતો જ. પેલા ગામે જઇ રસોઇ તો એમણે જાતે જ પકાવી. પછી નોકરને કહ્યું, "જા કયાંકથી બે પતરાળાં લઇ આવ."

ગામ કાયદાબાજ હતું ને કોઇ મફત પતરાળાં આપે તેમ ન હતું. આથી કંટાળીને નોકરે એક ઘર આગળ જમણવારનાં એંઠાં પતરાળાં પડેલાં જોતાં તેમાંથી બે ઉપાડી

## 'રમકડું'ની હોડી



નાનો નટુ 'રમકડું'ની હોડી હંકારતો હંકારતો સહેલગાહે નીકળ્યો છે હોડીમાં ર–મ–ક–ડું અક્ષરો છૂપાયા છે તે શોધી કાઢો ત્યારે ખરા!
[દિલિપ બક્ષી ચિત્રકાર:]

લીધાં ને રસ્તામાં પાણીથી મોઢને તલાટી પાસે લઇ આવ્યો. ઠંડીના દિવસો હતા. રાતની વેળા હતી. પેલાં પતરાળાંમાં હજુ યે જમણવારનું ઘી ચોંટેલું હતું, પણ નોકરને એ દેખાયું નહોતું.

જેવી તલાટીએ ખાવાની ગરમ ગરમ ચીજો એ પતરાળા ઉપર મૂકી તેવું જ પેલું ઠરી ગયેલું ઘી પીગળીને વહેવા લાગ્યું. નોકરને બોલાવીને પૂછ્યું, "પતરાળામાં ઘી ક્યાંથી આવ્યું?"

નોકરને સાચી વાત કહી દેવી પડી. તલાટી ખૂબ ગુસ્સે થયા. કહેવા લાગ્યા: "તેં મારું ભોજન અભડાવી નાખ્યું. આ ભોજન હવે મારા કામનું નથી." પછી ઉઠીને બહાર આવ્યા અને ભૂખ્યા જ સૂઇ ગયા.

નોકરે દાબીને, એ બધી રસોઇ ખાઇ લીધી ને પછી સુખની નીંદર લીધી.

## માખી ઊંધી પણ

## કેમ ચાલી શકે છે?

◆ તમે જોયું હશે કે માખી ઊંધી પણ ચાલી શકે છે. એની પીઠ નીચે હોય અને પગ છતને અડક્યા હોય અને છતાં એ પડી ગયા વિના ચાલી શકે છે. કદાચ તમે એ રીતે પીઠ નીચે ને પગ ઉંચા રાખી કોઇ વસ્તુ ઉપર ચાલવા પ્રયત્ન કરશો તો તરત ધરતીમાતાને 'વંદે માતરમ્' કરી બેસશો. ત્યારે માખીને કેમ એમ નથી થતું?

એનું કારણ એ છે કે માખીના પગ વચ્ચેથી પોલા હોય છે અને દરેક પગના છેડે એક નાની ગાદી જેવું હોય છે, જ્યારે માખી કોઇ વસ્તુ ઉપર પગ રાખે છે ત્યારે એના ભારથી એના પગના પોલાણમાં રહેલી હવા દબાઇને નીકળી જાય છે. આ રીતે હવાના નીકળી જવાથી એના પગ જે તે વસ્તુની સાથે બહારની હવાના દબાણને લીધે ચીટકી જાય છે. અને તેથી તે ઊંધી હોવા છતાં યે સહેલાઇથી ચાલી શકે છે.

## બાળકો ક્યારે વધે છે?

◆ ડોક્ટરનું કહેવું છે કે બાળકો જ્યારે સૂઇ જાય છે ત્યારે તેમનું

નાનો નટુ વિચાર કરે છે કે આ 'બંબો' આગ ઠારી શકે ખરો?

શરીર વધે છે. જે બાળકો જેટલું વધારે સૂઇ રહેશે તેટલા તે વધારે તંદુરસ્ત રહેશે. બાળકો જેમ જેમ મોટાં થતાં જાય છે તેમ તેમ તેમની ઉંઘ ને શરીરનું વધવું ઘટતાં જાય છે.

## શાર્ક માછલીની પૂજા

◆ ન્યુ ગિનીના દરિયાકાંઠાની જંગલી જાતોમાં શાર્ક માછલીઓની પૂજા કરવાનો રિવાજ ચાલતો આવ્યો છે. દરિયાકાંઠા ઉપર આ જંગલીઓનાં જેટલાં ગામ છે તે દરેક ગામને પોતાની શાર્ક માછલી હોય છે કે જે ગામની નજીક કોઇ દરિયાઇ ગુફામાં વસતી હોય છે. દરેક ગામના લોકો પોતાની શાર્ક માછલીની પૂજા કરે છે ને તેને ભોજન પણ આપે છે. જો ગામમાં કોઇ માણસનું મૃત્યુ થઇ જાય છે તો તેને દરિયામાં ફેંકી દેવામાં આવે છે. ગામલોકોને વિશ્વાસ હોય છે કે શાર્ક માછલી મડદાને ઉંડાણમાં લઇ જઇને દાટી દે છે. તેઓ એમ પણ માને છે કે મડદાને દાટી દઇને એના આત્માને તે પોતાની પાસે રાખી લે છે.

શાર્ક માછલી પોતાની પૂજા કરનાર ગામવાસીઓ સાથે ખૂબ હળીમળી જાય છે. તેઓ જ્યારે દરિયામાં નાહવા ઉતરે છે ત્યારે તો તે તેમની સાથે રમે પણ છે પરંતુ કદી કોઇ પરદેશી આદમી પાણીમાં એના અધિકારની જગ્યામાં આવી ચડે છે તો તે તરત તેને પકડીને મારી નાખે છે. એ જ રીતે ગામવાસીઓની હોડીઓની એ કશી જ છેડછાડ નથી કરતી, પરંતુ કોઇ પરાઇ હોડી એના અધિકારની જગ્યામાં આવી જાય તો એને ઉંધી વાળી નાંખી એની અંદરના માણસોને પૂરા કર્યા વિના એ રહેતી નથી.

## કજીયાખોર કીડીઓ

◆ ઓસ્ટ્રેલિયામાં 'બુલડોગ એન્ટ' નામે ઓળખાતી એક એવી જાતની કીડીઓ થાય છે કે જે ખૂબ કજિયાખોર હોય છે. જો કોઇ એવી એક કીડીના બે ટુકડા કરી નાંખે તો એ બે ટુકડા પણ પાછા સામસામે લડવા લાગી જાય છે.

# ઓમ્બે પ્રિન્ટીંગ ઇન્ક મેન્યુ. કંપની

અસલ
દોલતરામ કાશીરામની કું.

"વંદેમાતરમ્" જન્મકાળથી તે આજ પર્યંત આ કંપનીની શાહી વડે જ છપાઈ પ્રકાશિત થઈ રહ્યું છે. ઉપરાંત હિંદ આઝાદ થયું તે પૂર્વે વર્ષો થયાં આજ લગી 'જન્મભૂમિ', 'જામે જમશેદ', 'નવાકાળ' તેમજ બૃહદ્ ગુજરાત, મધ્યપ્રાંત વિગેરે પ્રાંતોના લોકના લાડીલાં આગેવાન વર્તમાનપત્રો તેમજ કેટલીક પ્રાંતિક સરકારોએ, પણ સરકારી છાપકામ માટે આ શાહીને અપનાવી છે. આથી તેની જાત અને ભાવથી શાહીએ એના વાપરનારને સદાયે સંતોષ્યા છે.

તમારાં છાપખાનાઓ, ઓફિસો અને પેઢીઓ માટે જોઈતી શાહી • ડુપ્લીકેટર ઈન્કસ • રાઈટીંગ ઇન્કસ • દેશી હિસાબના ચોપડાઓ લખવામાં વપરાતી કાળી શાહી • સ્ટેમ્પીંગ ઈન્કસ • સેફ માર્કીંગ ઈન્ક • રબર સ્ટેમ્પની શાહી • સ્ટ્રોંગ મ્યુસીલેજ [ગુંદર] વિગેરે અમે મોટા જથ્થામાં બનાવીએ છીએ.

સંસ્થાના પ્રણેતા

શ્રી. ઇશ્વરલાલ દીનાનાથ મહેતા

હિંદની જુદી જુદી પ્રાંતિક સરકારો, રેલ્વે કંપનીઓ, વેપારી મંડળો, છાપખાનાઓ, મોટી ઓફિસો, પેઢીઓ વિગેરેને અમે કોન્ટ્રાક્ટથી અમે તેઓને માલ પૂરો પાડીએ છીએ. અમારી બનાવટો ક્વોલીટીમાં તથા ભાવમાં બિનહરીફ છે.

**શાહી** છાપવાની શાહી અનવરત આ સર્વપ્રથમ સુપ્રસિદ્ધ સંસ્થાની શાહી મે દમામ ખ્યાત જાણીતાં વર્તમાનપત્રો ઉપયોગમાં લઈ રહ્યાં છે.

વિશેષ માહિતી માટે મળો:

## ઇશ્વરલાલ દીનાનાથ મહેતા

૨૬૨, ખાન એસ્ટેટ—હોર્નબી રોડ મુંબઈ નં. ૨

ટેલીફોન: ૨૫૩૧૧

ટેલીગ્રામ્સ: "વિક્રમરવિ"